
સામે તીર સાજન વસે



ભવાની શંકર





હર્ષ પ્રકાશન
ફુવારા સામે, ગાંધી રોડ,
અમદાવાદ-૧

VISIT…

LANZAROTE
Caliente.COM

Same Teer Sajan Vase, A novel in Gujarati by Bhavani Shankar Published by Harsh Prakashan, Opp. Fuvara : Gandhi Rood, Ahmedabad-380 001 Price : Rs. 33-00



આવૃત્તિ : પહેલી : ૧૯૮૮

કિંમત : ૩૩-૦૦

પ્રકાશક :

હર્ષદકુમાર ગોવિંદલાલ પટેલ
હર્ષ પ્રકાશન
ગાંધી રોડ, ફુવારા સામે,
અમદાવાદ-૩૮૦ ૦૦૧



મુદ્રક :

રાજુભાઈ સી. શાહ
કેનીમેક પ્રિન્ટસ,
મામુનાયકની પોળ,
અમદાવાદ-૩૮૦૦૦૧

પરમપૂજ્ય
શ્રી. શાંતિલાલ હિરાલાલ ઝવેરી
તથા
શ્રી. ચંદ્રાબહેન શાંતિલાલ ઝવેરી
ને
સાદર અર્પણ



લેખકની કૃતિઓ

નવલકથા



પ્રીત થયા પહેલાં

ઝરમર શ્રાવણ

સૂરજ ઊગ્યો સમણાંને દેશ

સિંદૂરી સમણાના લીલા ડંખ

સામે તીર સાજન વસે

અભિનય (તુરતમાં)



પ્રેરક નિબંધિકાઓ

ક્ષણનો સાદ (હવે પછી)



વાર્તા અને તેમાંયે નવલકથા લખવાનું મેં કેમ અને ક્યારે શરૂ કર્યું તેનો વિચાર કરું છું ત્યારે નિયતિમાં શ્રદ્ધા બંધાઈ જાય છે. નહીંતર, તરુણ અવસ્થામાં, જેમ સૌને થાય છે તેમ, મને પણ વાર્તા લખવાના કોડ જાગ્યા હતા; થોડીક વાર્તાઓ (અલબત્ત, ટૂંકી) લખી પણ નાખી હતી અને તે વિવિધ સામયિકોમાં પ્રગટ પણ થઈ હતી. પણ પછી લખવાનું સાવ છૂટી ગયું. લગભગ આપોઆપ-અને મેં માની લીધું કે, માત્ર ઊભરો હતો; હવે બેસી ગયો. બાકી એ પેંગડામાં પગ ઘાલવાનું આપણું કામ નથી.

પરંતુ ત્યાર પછી સત્તર–અઢાર વર્ષ પછી મારા પરમમિત્ર અને ગુજરાતના અગ્રણી નવલકથાકાર શ્રી. મોહમ્મદ માંકડે મારો પીછો પકડયો. વારંવાર સખત દબાણ કરતા રહ્યા કે તમે લખો. હવે તો નવલકથા જ લખો. મારો પહેલો પ્રતિભાવ હેબતાઈ જવાનો હતો. પણ આખરે એક નવલકથા લખવાનું શરૂ કર્યું, પૂરી પણ કરી અને એ પહેલી નવલકથા ‘પ્રીત થયા પહેલાં’ જ્યારે ‘સ્ત્રી’ સાપ્તાહિકમાં ધારાવાહી રૂપે પ્રગટ થઈ ત્યારે એટલી પ્રશંસા મળી કે આત્મશ્રદ્ધા જામી ગઈ.

ત્યારથી નવલકથાઓ લખાતી રહી છે. પણ તેમાંયે વસ્તુ–વિષય અંગે મારી પસંદગી આગવી રહી છે. એવાં પાત્રો મને કદી આકર્ષી નથી શક્યાં જે કંઈક કંઈક અસાધારણ પરાક્રમ કરી બતાવતાં હોય; કોઈ પ્રચંડ ઘટના, કોઈ બુદ્ધિને ગોળગોળ ફેરવતું રહસ્ય, કોઈ ભયાનક અપરાધ ને કાવતરાં કે વિદેશની ધરતીનાં ઉપરચોટિયાં વર્ણનો જેવી બાબતો મને આકર્ષી નથી શકી કારણ, માનવીના જીવનમાં એવું ક્વચિત જ બનતું હોય છે. રોજબરોજની તેની જિંદગી તો જુદી જ સમસ્યાઓ અને ઉલઝનો વચ્ચે જીવાતી હોય છે.

તેથી જ આ કથા કોઈ મહાન નરનારીઓની કથા નથી. જેમને સૌ સલામ કરતા હોય. એવા પદદલિતોની પણ આ કથા નથી જે સ્વાભાવિક રીતે જ સૌની હમદર્દી મેળવી લેતા હોય. સમાજના ઘૂઘવતા મહેરામણ વચ્ચે એક એવો વિશાળ વર્ગ જીવે છે જે સામાન્ય વર્ગ તરીકે ઓળખાય છે. એ અદના માનવીઓ રોજ નાનકડાં સપનાં લઈને જાગે છે, નાની નાની કશ્મકશમાં જીવે છે, ક્યારેક નાનકડી જીત તો ક્યારેક નાનકડી હાર પામે છે; નાનાશા સુખથી તે ઝૂમી ઊઠે છે, નાનકડા દુઃખથી આંસુ સારે છે. એવા માનવીઓની વેદનાઓ ને મનોરથોની ઝીણી નકશીએ મને હંમેશાં આકર્ષ્યો છે. તેમના પ્રેમ અને પ્રેમની પીડામાં ઝણઝણતું સંગીત દિલચસ્પ લાગ્યું છે.

લખવાની વાતમાં 'આળસુ' કહી શકાય તેવો હું રહ્યો છું. જ્યારે દબાણ કે માગણી થાય ત્યારે જ લખવા બેઠો છું. આ કથા પણ એમ જ લખાયેલી છે. 'સ્ત્રી' સાપ્તાહિકના હજારો વાચકોને તે સંતર્પી શકી છે તેનો હૈયે આનંદ છે.

'સ્ત્રી'માં ધારાવાહી રૂપે પ્રગટ કરીને આ કથાને હજારો વાચકો સુધી પહોંચાડવા બદલ 'સંદેશ'ના તંત્રી આદરણીય મુરબ્બી શ્રી. ચીમનભાઈ પટેલ તથા શ્રી. લીલાબહેન પટેલનો હું આભારી છું. તેના પ્રકરણે પ્રકરણે જિજ્ઞાસા અને પ્રશંસાપૂર્ણ પત્રો લખનાર અસંખ્ય વાચકોનો ઋણી છું. અને આ કથાને સુંદર સજાવટ સહિત પુસ્તક રૂપે આપના હાથમાં મૂકવા બદલ મારા પ્રકાશક શ્રી. હર્ષદકુમાર પટેલનો પણ આભારી છું.

૧૬૮/૨૦૧૦; સૂર્ય એપાર્ટમેન્ટ્સ
સોલા રોડ, નારણપુરા,
અમદાવાદ.

—ભવાની શંકર

સામે તીર સાજન વસે

ભવાની શંકર

□

We will not speak of years tonight —
for what have years to bring
But larger floods of love and light
And sweeter songs to sing?

– Oliver Wendell Holmes (Sr.)

□

[૧]

શહેરભરની ઑફિસોમાં સાંજ પડી ગઈ તે પછી પણ કલાક વીતી ગયો હતો. આકાશમાં દિવસને આંગણે સાંજનો પાલવ ફરફરવા લાગ્યો હતો. ઝીણી ધૂળની જેમ ઊડી ઊડીને અજવાળું જાણે કો'ક અગોચર ખૂણે ગાયબ થઈ રહ્યું હતું. દીવા ઝગમગી ઊઠ્યા'તા.

પૂર્વીને તેની ખબર જ નહોતી. સમય તો સતત વહેતી રહેનારી ચીજ છે, ને અત્યાર સુધી તે વહેતો જ રહ્યો છે તેનું ભાન જ તેને નહોતું. કોઈ ચીજનું ભાન તેને નહોતું, એક ચીજ સિવાય – હવે ગમે તે ઘડીએ શ્યામ ઑફિસમાં ધસી આવશે, હવાની નિરંકુશ લહેરની જેમ. અને તેનીયે પહેલાં ધસી આવશે તેના સવાલો : 'કામ બધું જ પૂરું ?...ફર્સ્ટ'કલાસ ? '......

કેટલાક માણસો અનાજ નહિ, કામ ખાઈને જીવનારા હોય છે. શ્યામ તેમાંનો એક હતો. તેનું પહેલું કામ, કામ માગવાનું અને બીજું કામ વધારે કામ સોંપવાનું હોતું. પૂર્વી બરાબર જાણતી હતી કે, શ્યામ સાથે કામ કરનારે શ્યામ જેવા જ કામખાઉ બનવું પડે–છૂટકો જ નહિ.

ને એટલે જ તે, બદનને ભાંગી નાખતા થાકનીય પરવા કર્યા વિના, શ્યામની ઍરકન્ડિશન ઑફિસમાં કામ કરી રહી હતી.

હવે ગમે તે ઘડી શ્યામ આવી પહોંચવાની ઘડી હોઈ શકે છે. ને તે આવે ત્યારે જો તેના ચહેરા પરથી ગુલાબી ગુલાબી ઉત્સાહ ટપકતો હશે તો પૂર્વી સમજી જશે કે આજનાં બધાં કામ પાર પડી ગયાં છે – એકદમ ફર્સ્ટ'કલાસ! અને જો પગલાં ધીમાં ધીમાં

પડતાં હશે, હોઠ બિડાયેલા ચૂપચાપ હશે, થાક અને કંટાળાનો બોજ પગલાંમાં જ વરતાઈ આવતો હશે ને આવીને સીધો જ ખુરશીમાં બેસી જશે તો પૂર્વીએ સમજી જવાનું કે આજનું એકાદ કામ પાર પડી શક્યું નથી અથવા તો ઊંધું વળ્યું છે.

બેએક મહિનામાં પૂર્વીએ તેને સારી રીતે પિછાણી લીધો હતો. સો કામ સામટાં કરી નાખવાનો થાક પણ તેને વરતાય તેમ નહોતો, શરત એ કે સો એ સો કામ પાર પડી જવાં જોઈએ – ફર્સ્ટ ક્લાસ! તો વળી ક્યારેક એકાદ કામ પાછળ ખર્ચેલો શ્રમ પણ તેને લોથપોથ કરી દઈ શકતો હતો, કારણ એ કે એ કામ તેના કાબૂ બહાર નીકળી ગયું હોય, બગડી ગયું હોય.

ખેર! તેનો મૂડ ગમે તેવો હોય – રંગીન કે ગમગીન, પણ પૂર્વીએ તો તેનું બધું જ કામ પૂરું કરી નાખવું પડે – એકદમ ફર્સ્ટ-ક્લાસ! ને એ માટે તેણે બધું જ ભૂલી જવું જોઈએ – મૂડ, થાક, સમય, ખુદ પોતાની જાત પણ!

અને પૂર્વી એ કરી શકતી. એક વાર ધ્યાન લગાવ્યું કે પળમાં ખુદનેય ભૂલી જનાર માણસો હોય છે. પૂર્વી એવી હતી.

અમેરિકા – વિકાસ અને વૈભવના કાયમી રહેણાક જેવી ભૂમિ. એ ભૂમિ પર ફેસ્ટિવલ ઑફ ઇન્ડિયા દ્વારા હિન્દુસ્તાની કલાની મનોહર રંગોળીઓ પુરાવાની હતી. તેમાં લાખોનું ખર્ચ થાય તેની એટલી ચિંતા નહોતી જેટલી તેમાં રજૂ થનાર કલાકારો અને કાર્યક્રમોની ગુંજાશ અંગે હતી. કદાચ, પહેલી જ વાર એક જબરદસ્ત તક સાંપડી હતી કલાના પ્રખર આરાધકોને; કદાચ, પહેલી જ વાર, જગતના ચોક વચ્ચે આટલા ગંજાવર પાયા પર ભારતીય કલાનું પ્રદર્શન થઈ રહ્યું હતું. કદાચ, પહેલી જ વાર, ભારતીય કલાજગતના અનેક તેજસ્વી સિતારાઓ એકી સાથે દુનિયાની નજરે નિરખાવાના હતા.

અને એટલે જ તેમાં ક્યાંય નાની અમથીયે કચાશ ન રહી જાય, નબળાઈ ન દેખાઈ જાય તેની ચિંતા કરવાની હતી – સૌએ.

એટલે જ શ્યામ દિવસ ને રાત સતત ઘૂમતો રહેતો હતો, દોડતો રહેતો હતો, જંગલમાં ભમતા ધૂની શિકારીની જેમ. એટલે જ તેનો મૂડ પારા જેટલો પલાયનશીલ બની રહેતો. નાના સરખા એકાદ કામનું બગડવું તેના મિજાજને ખાટો–ખાટો કરી નાખતું. એક ઘડીયે ચેનની રહેતી નહિ. રણમોરચે ધણેણી ઊડતી બંદૂકોની ગોળીઓની જેમ તેના હુકમો છૂટવા લાગતા. એ બધા પૂર્વીએ સાંભળવા પડતા, પાર પાડવા પડતા.

વિદેશી ધરતી પર શુદ્ધ ભારતીય કલાનો ધ્વજ આભઊંચો ઉડાડવાની પ્રબળ મહત્ત્વાકાંક્ષા હતી – સૌને. અને તેમાં નૃત્ય, નાટ્ય અને સંગીતના સમગ્ર વિભાગનું સંયોજન – સંકલન કરવાની તોતીંગ જવાબદારી શ્યામના શીરે નંખાઈ હતી. કારણ, ભારતીય કલાજગત અને ફિલ્મજગતમાં પણ, આંગળીના વેઢે ગણાય એટલા જે જિનિયસ હતા તેમાં મોખરે હતો એક શ્યામ, અને બીજા હેમંત દેસાઈ – સૂરોનો અજેય સમ્રાટ. સંગીતના ગગનમાં એ નામ સૂરજની જેમ ઝળહળતું હતું. તે પણ શ્યામના ખભે ખભો અડાડીને ઊભા રહેવાના હતા. ફેસ્ટિવલની મહાકાય જવાબદારીનો બોજ તેની સાથે જ વહેવાના હતા.

બન્ને પોતપોતાની રીતે મહાન હતા. બન્ને બરાબર જાણતા હતા કે, તેમની સજાગતા ભારતીય કલાની આબરૂ પર અનેક ચાંદ લગાવી શકતી હતી. તેમની એકાદ પણ ચૂક તેના પર પાણી પણ ફેરવી શકતી હતી. ને એટલે જ બન્ને સજાગ હતા, પોતપોતાની રીતે.

શ્યામની સેક્રેટરી તરીકે પૂર્વીએ કામ શરૂ કર્યું તે દિવસે તેના પિતાએ તેને કહ્યું હતું :

'કામથી તારે ગભરાવાનું નથી, પૂર્વી. પણ આ બધા કલા-

કારો છે. એ બધા જ એવા હોય છે – પળે પળે તમને જુદા લાગે. તેનું કારણ તેમનો જુદા જ પ્રકારનો મિજાજ હોય છે – કલાકારનો મિજાજ. શ્યામ પણ એવો જ છે. જો કે તે બદમિજાજ તો નથી જ, છતાં યાદ તો રાખવાનું કે કલાક્ષેત્રના બધા જીવો લગભગ સરખા જ મિજાજી હોય છે !'

પૂર્વીએ દલીલ કરી હતી : 'એ ખરું. પણ આમાં શ્યામ પોતે કંઈ કલાકાર નથી. આ ફેસ્ટિવલમાં તો તેમનો રોલ કલાકાર કરતાં દિગ્દર્શક કે મૅનેજર જેવો વિશેષ છે. કલાકારો, કાર્યક્રમો અને રજૂઆતનું સંકલન કરવું અને છેક અંત સુધીનું બધું સાંગોપાંગ સફળ બની રહે તેની જવાબદારી ઉઠાવવી. એ કામમાં તો કલા કરતાં વ્યવસ્થા અને દિગ્દર્શનનું કૌશલ્ય વધારે જરૂરી ગણાય, નહિ ?'

'એ તો છે જ,' પિતાએ કહ્યું હતું 'પણ તેનો અર્થ એ જ થાય કે તેની પાસે કલાપારખુ દૃષ્ટિ ઉપરાંત વ્યાપારી કુનેહ પણ સરખે હિસ્સે હોવી જોઈએ. ને શ્યામ પાસે તે બન્ને છે. કલાકારોને શોધવા, નાણવા અને ઘડવા માટે તે કલાકાર પણ છે, અને નાનામાં નાના કલાકારથી માંડીને હેમંત દેસાઈ જેવા વિરાટ માનવી સાથે કામ પાડવા માટે કુનેહબાજ દિગ્દર્શક પણ તે છે.'

'શ્યામ અને હેમંત દેસાઈ. બબ્બે વજ્ર એકસાથે દોડવાના હતા. સાથે સાથે દોડે ત્યાં સુધી તો બહુ સારું, પણ સામસામે ઘસાઈ પડે તો ?'......પૂર્વીના મનમાં એક વિચિત્ર કલ્પના સળવળી, 'તો કેવા ગજબના તણખા ઝરે ?'......

ઘડીભર શેહ લાગી જાય એવી કલ્પના હતી એ. પણ શ્યામની સેક્રેટરી બનવાના તેના નિર્ણયમાં તેથી કંઈ ફેર પડી શક્યો નહોતો.

થોડાક જ દિવસ તેણે કામ કર્યું, પૂરા લગાવથી કામ કર્યું અને શ્યામની ચકોર નજરે તેનું પાણી પારખી લીધું. આવી જ એક

મોડી સાંજ હતી. સહી થઈ ગયેલા કાગળો પાછા લઈ જવા તે શ્યામના ટેબલે ગઈ કે તરત જ શ્યામે તેનું મોહક જાદુભર્યું સ્મિત કર્યું હતું.

'પૂર્વી,' તેણે કહ્યું હતું, 'ખરેખર, એ તું જ છે !'

કંઈક વિસ્મય, કંઈક પ્રશ્નભરી નજરે પૂર્વી તેની સામે જોઈ રહી હતી, અને તે આગળ બોલ્યો હતો :

'જેના વિના મારે એક દિવસ પણ ન ચાલે એ તું જ છે ! તારાં શિક્ષણિયાં સર્ટિફિકેટ ભલે ગમે તેટલાં હોય અથવા એક પણ ન હોય, તારા સ્વભાવની ઋજુતા અને કાર્યદક્ષતા અજબ છે. ખરેખર એક સાચા દિલની પ્રાર્થનાનો તું જવાબ છે !'

પૂર્વીનું સમગ્ર મન ત્યારે ઝણઝણી ઊઠ્યું હતું. અને પોતાના નિર્ણય પર એક વધારે ગાંઠ તેણે વાળી હતી : 'બસ. ગમે તે થાય, કામ કરતાં કરતાં તનના ભલે ટુકડા થઈ જાય; શ્યામની સેક્રેટરી મટી જવાનું પોતે સ્વપ્નેય નહિ વિચારે !'

પ્રશંસાની આવી મઘમઘતી ફૂલમાળા કોઈએ કદી તેના કંઠે આરોપી નહોતી. આટલાં વર્ષોમાં આવા અમિયલ બોલ કોઈએ કદી કહ્યા નહોતા. કોઈએ આડકતરુંય એવું સૂચવ્યું નહોતું કે તેનામાંય કંઈક છે—એવું કંઈક જે કોઈકને ખૂબ ગમી જાય, સ્પર્શી જાય, આકર્ષી લે. ઊલટું, ઘરમાં તો (ખાસ કરીને માતા પાસે) જગતનાં તમામ શ્રેષ્ઠતાવાચક વિશેષણો માત્ર પ્રેમા માટે જ અનામત રખાતાં હતાં.

હા, પ્રેમા. તેની જોડિયા બહેન. રૂપની ઝગહગતી જ્યોત જેવી, સરોવર પર તરવરતી જળની ચંચળ લહેર જેવી, કુદરતની અનેક ઉદાર બક્ષિસો પામેલી પ્રેમા એક નજરમાં જ કોઈનેય બાંધી લેવા સમર્થ હતી. ને તેની માતાને તેનો ભારોભાર ગર્વ હતો.

પણ ભાગ્યની અમીનજર, એમ તો, પૂર્વી પર પણ પડેલી હતી. આંખને ઠારે એવી શીતળ સુંદરતા, અજબ મધુરપભર્યો અવાજ અને તે ઉપરાંત ઋજુ હૃદય, હૃદયની નિષ્ઠા અને તમન્ના

જેવી મોંઘી બક્ષિસો તેને પણ મળેલી હતી.....છતાં પોતે પોતે હતી, ને પ્રેમા પ્રેમા હતી.

* * *

ઑફિસની બહાર પગલાંનો અવાજ થયો, પછી બારણામાં સંભળાયો અને સ્ફૂર્તિભર્યાં ડગલાં ભરતો શ્યામ અંદર આવ્યો. પૂર્વીએ જોઈ લીધું, તેના ચહેરા પર આનંદ અને સંતોષ લહેરાતા હતા.

સરસ સ્મિત કરતો તે પૂર્વીના ટેબલ પાસે આવ્યો. કાગળોથી ઢાંસેલું એક મોટું પરબીડિયું ટેબલ પર ફેંકતાં કહ્યું, 'તારા માટે ખોરાક, એન્જલ! ખબર તો છે ને કે, મારી જેમ મારી સેક્રેટરીનો ખોરાક પણ કામ જ હોઈ શકે? ખાઈ લેજે, ખાઈ શકે તેટલી ઝડપથી!'

અને ફરી પેલું આગવું મોહક સ્મિત કરતો પોતાની ખુરશીમાં જઈને બેસી ગયો.

બીજે દિવસે તેણે ઑફિસમાં પગ મૂક્યો ત્યારે એ બધા જ કાગળો–સંપૂર્ણ તૈયાર–તેના ટેબલ પર પડેલા હતા. કાગળો પર તેણે એક સંતોષભરી દૃષ્ટિ ફેરવી અને પૂર્વી સામે મોં મરકાવ્યું. તેની આંખોમાં જબ્બર પ્રશંસા મરકી રહી હતી.

પૂર્વીના હોઠ સંકોચભર્યું મરક્યા, નજર ઢળી ગઈ:

ખુરશીમાં સહેજ વધારે ઢળતાં શ્યામે નજર પૂર્વી પર ઠેરવી અને કહ્યું, 'એક વાત મને સમજાતી નથી, પૂર્વી,' સહેજ અટકીને તે આગળ બોલ્યો, 'કે તું અહીં નહોતી ત્યારે આ બધું હું શી રીતે સંભાળી શકતો હતો? વાજબીપણાની હદ છોડીનેય હું કામના જે ઢગ ખડકતો રહું છું તે કોણ કરતું હતું?' સહેજ થોભીને જરા ટટ્ટાર બેસતાં તે બોલ્યો, 'ખરેખર, તું અજબ જીવ છે, પૂર્વી. મને પ્રત્યક્ષ રૂપે તો તું એવું ક્યારેય નહિ કહે કે, દરેક ચીજને એક હદ હોય છે, મિસ્ટર શ્યામ. માણસની કામ કરવાની શક્તિનેય એક મર્યાદા હોય છે. અને

એટલું સમજવા માટે કંઈ ઝાઝી બુદ્ધિની જરૂર નથી પડતી!'

આંખો વકાસીને પૂર્વી તે સાંભળી રહી, તેને જોઈ રહી. અને અર્ધી એક ક્ષણ પૂર્વી સામે જોઈ રહીને શ્યામ જોરથી હસી પડ્યો. પૂર્વીના મુખ પર પણ હળવું હળવું સ્મિત રમી ગયું. તેણે કહ્યું:

'મારે તો એમ કહેવાનું છે કે જ્યાં સુધી કામ પડ્યું હોય ત્યાં સુધી કરવું તો પડે જ ને?'

પળ બે પળ શ્યામની આંખો તેના પર પ્રશંસા ઢોળતી રહી. એક સરસ સ્મિત કરતાં તે બોલ્યો, 'ક્યારેક મને લાગે છે પૂર્વી, કે આ પહાડ જેવડું કામ માથે લઈ લીધા પછી હું બહુ ગભરાયો હોઈશ. ને ગભરાટના માર્યા ભગવાનને મેં પ્રાર્થના કરી નાખી હશે કે, મને મદદ કરે. અને એ પ્રાર્થનાને ભગવાને જાણે દેહ આપી દીધો – તને મોકલી દીધી!'

નીચી નજર ઢાળીને પૂર્વી તે સાંભળી રહી. શરીરનાં તમામ રુંવાડાં સામટાં ઝણઝણી ઊઠ્યાં'તાં. અંદર છાતીમાં એક રતુમડો ઊભરો અદ્ધર ચડી રહ્યો હતો; ચહેરા પર ફેલાઈ રહ્યો હતો. મનમાં એક ઉમળકો ઊઠ્યો: 'અત્યારે જ જો કામનો મોટો ગંજ ખડકી દેવામાં આવે, તો રાતભર તે કામ કરતી રહે – જરાય થાકે નહિ!'

આજ સુધીમાં પડેલી બધી જ તકલીફો, બધાં જ કષ્ટો ભુલાઈ ગયાં. કામને ખાતર છોડી દીધેલા ભોજનના ટંક ભુલાઈ ગયાં. એકધારા ટેલિફોનના જવાબો આપી આપીને દુખેલાં લમણાં ભુલાઈ ગયાં. બબ્બે કલાકની લાંબી રખડપટ્ટીથી જમણા પગમાં ઉપડેલી વેદના પણ ભુલાઈ ગઈ.

ઘડીભર તે એ પણ ભૂલી ગઈ કે, તેને આટલો સુંદર દેહ આપ્યા પછી કુદરતે એક નાનકડી નિષ્ઠુરતાય કરી લીધી હતી. ભલે સહેજ જ, પણ જમણા પગને ખોડંગાતો કરી નાખીને લોઢાની ભૂંડી મેખ મારી દીધી હતી. એ એક નાનીશી ખોડ તેને સદાય

સતાવતી રહી હતી. હતાશ કરતી રહી હતી, નાહિંમત બનાવતી રહી હતી. એ એક ખામીને બાદ કરો, તો શું નહોતું તેનામાં ? પણ ઓહ ! એ જમણો પગ......

પણ અત્યારની આ આહ્‌લાદક પળે, એ બધું ભૂલીને, હર્ષભરી આંખે તે શ્યામ સામે જોઈ રહી.

શ્યામના મુખ પર, ઘણા ઘણા દિવસો પછી, અત્યારે આહ્‌લાદભરી હળવાશ દેખાતી હતી. હળવાશભર્યા અવાજે તે બોલ્યો, 'આજે પણ તારે મોડે સુધી રોકાવું પડ્યું, નહિ ?' અને જાણે એકાએક વિચાર આવ્યો હોય તેમ બોલ્યો, "એમ કર. કાલે બે કલાક મોડી આવજે – બરાબર ?'

પૂર્વાને મનમાં હસવું આવ્યું. તેનું કહ્યું માનીને જો તે બે કલાક મોડી ઑફિસમાં આવે તો પછી ખલાસ ! કામનો ગંજ તેની છાતી પર જ ચડી બેસે, ઉકલે જ નહિ......ને શ્યામ તો આવતાંની સાથે જ એનો એ જ સવાલ પૂછવાનો : 'ફિનીશ્ડ એવરીથીંગ ? ફર્સ્ટ ક્લાસ ?'

'કેમ ?' શ્યામ ફરી બોલ્યો, 'એ બરાબર નથી લાગતું ?' અને પછી હસીને ઉમેર્યું, 'તેનાથી તને ખાસ ફાયદો થાય તેમ નથી, ખરું ને ?'

'ફાયદો તો ઠીક,' પૂર્વી બોલી. અવાજમાં લાગણી હતી, 'એવા ફાયદાની મને ઇચ્છા પણ નથી.' અને સહેજ અટકીને ઉમેર્યું, 'પણ તમે જે સદ્‌ભાવ બતાવ્યો તેથી મને આનંદ જરૂર થયો !'

'એવા સદ્‌ભાવના મારે ક્યાં પૈસા ખર્ચવાના હોય છે ?' કહીને તે મોટેથી હસી પડ્યો, 'મારી માતા પણ મારા વિષે એવું જ કહે છે —'

'માતાનો પ્રેમ ગમે તે રૂપે વ્યક્ત થઈ શકે – ઠપકા રૂપે પણ !' પૂર્વી બોલી અને હસી પડી.

મોં મરકાવીને શ્યામ થોડી વાર તેની સામે જોઈ રહ્યો. પછી હાથ લંબાવીને ટેબલ પર પડેલી લાકડાની એક સુંદર મૂર્તિ હાથમાં લીધી, અને બોલ્યો, 'સાચું કહું તો તું આના જેવી છે–બિલકુલ આના જેવી જ !'

પૂર્વી તે અત્યંત સુંદર, અત્યંત કલાત્મક મૂર્તિ સામે પળ વાર જોઈ રહી. પછી બોલી, 'એ–એ શું છે ? ઘણી વાર તમને પૂછવાનું મન થાય છે. શાની મૂર્તિ છે એ ?'

'બહુ જૂની છે, પણ ખરેખર સુંદર છે, નહિ ? મને એ ખૂબ પસંદ પડી ગઈ, એટલે જ લઈ આવ્યો છું.' મમતાભરી નજરે મૂર્તિની સામે જોતાં તેણે તેને ચારે તરફ ફેરવી, 'કેટલી સુંદર છે ! પણ ખંડિત થયેલી છે બિચારી.....શી ઈઝ માય ઇમ્પર્ફેક્ટ એન્જલ !'

'ઈમ–ઇમ્પર્ફેક્ટ ?' અણધાર્યો ધ્રાસકો પડ્યો હોય તેમ પૂર્વી બોલી ઊઠી, 'શા માટે ?'

'કારણ કે તે ઈમ્પર્ફેક્ટ છે – બીજું શું ?' સહેજ નવાઈ પામતો શ્યામ બોલ્યો, 'કોઈ બેવકૂફના હાથમાંથી પડી ગઈ હશે પથ્થર પર ! એક પાંખ સહેજ તૂટી ગઈ છે. જોકે ટુકડો પાછો ખૂબીપૂર્વક સાંધી દીધેલો છે, પણ તેમ છતાં તે ખંડિત તો ગણાય જ; સંપૂર્ણ તો ન જ ગણાય ને ?'

થોડી વાર તેણે તે મનોહર કલાકૃતિને ગોળ ગોળ ફેરવીને જોયા કરી, અને ટેબલ પર પાછી મૂકતાં કહ્યું, 'કોઈક વાર મને થાય છે કે, આને બદલે કોઈક અખંડિત ચીજ લાવીને અહીં રાખું–કોઈક સંપૂર્ણ અને સુંદર કલાકૃતિ—'

'ના, ના ! એવું ન કરશો !' પૂર્વીથી એકાએક જરા મોટેથી બોલાઈ ગયું, 'એવું, ન કરશો, પ્લીઝ !'

ચમકી ગયો હોય તેમ શ્યામ તેની સામે જોઈ રહ્યો. આવા અવાજે, આટલા આગ્રહભેર તેની સેક્રેટરી તેને ઠપકા જેવું કંઈક

કહે તેનું આશ્ચર્ય જાણે આંખોમાં સમાતું નહોતું. બેએક ક્ષણ એમ જોઈ રહીને તે બોલ્યો :

'અરે! પણ શા માટે?' એકબે વાર આંખો પલકારીને આછું સ્મિત કરતાં તેણે પૂછ્યું, 'તને એવું લાગે છે કે આ મૂર્તિ કાઢી નાખવાથી કંઈ અપશુકન થશે? કંઈક દુર્ભાગ્ય ઊતરી આવશે? એવા વહેમમાં તું માને છે?'

'હા–ના, ના!' એકાએક જાણે પૂર્વી મૂંઝાઈ ગઈ, ભાવવિવશ થઈ ગઈ, 'આમાં—આમાં વહેમની કંઈ વાત નથી. પણ કોઈક ચીજ પર દુર્ભાગ્ય ઊતરી આવે તેથી તેને અણગમતી કરી દેવી એ ન્યાય નથી....'

'ગુડ ગૉડ!' શ્યામ બોલી ઊઠ્યો, 'અજબ ખ્યાલ છે તારો, એકદમ નવીન! એકદમ સ્પર્શી જાય તેવો! અને એ બાબત પર તું બહુ લાગણીશીલ હો'—

'ના, રે ના' જલદી સ્વસ્થ થઈ જતાં પૂર્વીએ કહ્યું, 'હું તો ખાલી જ એ કહી રહી હતી, અમસ્તી જ!'

પણ, તેને લાગ્યું, તે ખૂબ ગૂંચવાઈ ગઈ હતી. જલદી જલદી તે પોતાના ટેબલ તરફ પાછી ફરી. તેના પગ અચાનક ઢીલા પડી ગયા.

શ્યામ તેને જતી જોઈ રહ્યો. સ્થિર નજરે જોઈ રહ્યો. અને એકાએક બોલી ઊઠ્યો, 'અરે, આ શું? પગે કંઈ વાગ્યું છે? તું આમ લંગડાતી'—

'હું—હું લંગડાઉં જ છું,' હિંમતભરી પાછળ ફરતાં પૂર્વી બોલી, 'જનમથી જ!'

પળ બે પળ તે શ્યામ સામે જોઈ રહી. કંઈક ગળા નીચે ઉતાર્યું, અને પૂછ્યું: 'તમારા ધ્યાનમાં એ આવ્યું જ નથી?'

બેચાર ક્ષણ શ્યામ ચૂપ રહ્યો. પછી ધીમા અવાજે બોલ્યો, 'આઈ એમ સૉરી!......તને તેથી કંઈ મુશ્કેલી તો પડતી

નથી ને? કામકાજમાં કંઈ તકલીફ—'

'ના રે, ના. મને તો એ યાદ પણ આવતું નથી.' પૂર્વી બોલી – જૂઠું.

'તો સારું,' શ્યામ બોલ્યો અને પછી ચૂપ થઈ ગયો. પૂર્વી અમથી અમથી મનમાં ઓઝપાઈ રહી; કેવું બેધડક જૂઠું બોલી ગઈ તે? તેની એ ખોડ તેને યાદ પણ નથી આવતી? ખરેખર?...

એ ખોડ તેને ખરેખર યાદ આવતી ન હોત, મનને આટલું સતાવતી ન હોત, જો તેની બહેન પ્રેમા પતંગિયા જેવા તરવરાટ અને ચપળતાથી ભરીભરી ન હોત; જો તેના પ્રત્યેક અંગના ઘાટ અને માપ આટલાં ભૂલ વગરનાં ન હોત, જો તેના રૂપમાં આટલી આંજી નાખતી......

પણ પ્રેમા એવી જ હતી, અને એટલે જ પૂર્વીના બહારથી શાંત દેખાતા આવરણની નીચે હતાશા અને વિદ્રોહની ઝાળ ભડભડતી રહેતી હતી. દૂરથી જોનારને તેની શી ખબર પડે? તેમને તો દેખાતી હતી એક સરળ, સાલસ, આત્મસંતુષ્ટ યુવતી. જેના હૃદય જેવા આકારના ચહેરા પર રૂપનાં આભલાં ઝગમગતાં હતાં ને આંખોમાં આભના તારા.

છતાં જોનાર જો પ્રેમા સામે એક વાર જોઈ લે તો પછી નજર હટાવવી મુશ્કેલ હતી. પૂર્વી જેવા જ ચહેરા પર આંખોમાં જાણે વીજળી ઝબૂકતી હતી; અંગઅંગમાં જાણે વીજળીનો તીખો પ્રવાહ દોડતો હતો—જોનારને જાણે ખેંચી લેતો હતો......વસ્ત્રોની છટા તો વળી સાવ નિરાળી હતી.

એ એક જ ભેદ હતો બેય બહેનો વચ્ચે, પણ બહુ જબ્બર ભેદ. પૂર્વી પોતાના પગની કમનસીબ ખોડ વિષે એટલી સંવેદનશીલ હતી કે લોકોની નજરે ન ચડવા સભાન પ્રયાસ કરતી; ને પ્રેમા લોકોની નજરને પોતાના જ તરફ ખેંચી રાખવા સદાય સભાન પ્રયાસ કરતી રહેતી.

[૨]

બન્ને બહેનો વચ્ચે બહાર જેટલું સામ્ય હતું, ભીતર એટલું જ અંતર હતું. અને પૂર્વીના દિલમાં તેનો સતત જાગતો ઉકળાટ હતો, પણ તેમ છતાં બન્ને વચ્ચે કદી, ક્યાંય કોઈ સ્પર્ધાને અવકાશ રહેતો નહોતો.

કારણ કદાચ, એ હતું કે પ્રેમા તદ્દન સાફ સાફ માનતી હતી કે પોતે સ્પર્ધાથી જ પર છે, આસપાસની એકેએક યુવાન, સુંદર સ્ત્રીથી તદ્દન અલગ. કોઈની બરોબરી કરવાનો તેને કદી સવાલ જ નહોતો. તેની સભાન ગરિમા અને આત્મવિશ્વાસ, સ્વાભાવિક રીતે જ, પૂર્વી સાથેની સ્પર્ધાને ટાળી દેતો. પ્રેમાને મન પોતાની મંઝીલ જ જુદી હતી, પૂર્વી કરતાં તદ્દન નિરાળી. તેની દિશા આગળની દિશા હતી તેની ગતિ શિખર ભણીની હતી. તેનું સ્થાન હરેક ચિત્રમાં કેન્દ્રનું સ્થાન હતું. પરિસ્થિતિ ગમે તે હોય, સર્વોચ્ચતા તેનું લક્ષ્ય હતું.

ને એવો જ વ્યવહાર ઘરમાંય તેને મળી પણ રહેતો હતો. અલબત્ત, પિતા તરફથી નહિ. પિતા તો સાલસ, પ્રેમાળ ડૉક્ટર હતા. પક્ષપાત માતાને હતો—બહુ મોટો પક્ષપાત. યૌવનના પૂરા એક દાયકા સુધી તે સ્ટેજ અને પરદાની સામ્રાજ્ઞી બની રહી હતી. પોતાના અસાધારણ રૂપ અને અભિનયની અજોડ કલાથી સર્વોચ્ચતાના સિંહાસને બેસી ચૂકી હતી. હજારો લોકો માટે રોજ રાતનું સમણું બની ચૂકી હતી.

ભલે લગ્ન પછી આખું ક્ષેત્ર જ તેણે છોડી દીધું હતું, માત્ર ગૃહિણી જ બની રહી હતી; છતાં પ્રેમા સામે જોતાં પોતાનો આંજી નાખતો, ચમકભર્યો ભૂતકાળ જાણે મનમાં સજીવન થઈ

ઊઠતો; દિલમાં સદાય સળવળતા રહેલ ઓરતા જાણે પ્રેમામાં મૂર્તિમંત થવાનાં એંધાણ દેખાતાં.

એટલે પ્રેમાને ઢગલેઢગલા સગવડ મળી રહેતી હતી. નૃત્ય અને સંગીતની જે ઊંચામાં ઊંચી તાલીમ શહેરમાં ઉપલબ્ધ હતી તે પ્રેમાને ઉપલબ્ધ બની હતી.

અને પૂર્વીને ?

પૂર્વીને સંગીતની શાસ્ત્રીય તાલીમ પણ પરાણે મળી હતી. એ પણ એક વખતના તેની શાળાના સંગીતશિક્ષકે તેની માતા પર બેહદ દબાણ કર્યું ત્યારે !

પૂર્વીની માતાને તેણે કહ્યું હતું : 'મિસિસ નાયક, પૂર્વી પાસે અસાધારણ બક્ષિસ છે. ઘણું નિપજી શકે તેમ છે તેમાંથી. તેની પાસે અપવાદરૂપ અવાજ છે. આટલું સાફ અને આટલું મધુર ગળું શોધવું હોય તો અર્ધું હિંદુસ્તાન ફેંદવું પડે. મારું કહ્યું માનો, અને તેને સંગીતની તાલીમ અપાવો. તાલીમનો ઓપ ચડશે એટલે તેના અવાજનું સોનું એવું ચળકી ઊઠશે, એવું ચળકી ઊઠશે ......'

અને પછી વાત પર આખરી ભાર મૂકતાં તેણે કહ્યું હતું : "તેને તાલીમ અપાવો બહેન, ભવિષ્યમાં તમે મને યાદ કરશો !"

જોકે બીજી કોઈ માતા પર થઈ હોત તેટલી એ વાતની અસર પૂર્વીની માતા પર થઈ નહોતી. સંગીત અને અભિનયના ક્ષેત્રે જેણે સામ્રાજ્ઞી તરીકે આણ વર્તાવેલી હતી એવી પોતે એ બાબતમાં વધારે જાણે કે શાળાનો એક સામાન્ય સંગીતશિક્ષક ? ઉપરાંત પાછું પૂર્વીનું લંગડાપણું ! તેને માટે એવી કોઈ કારકિર્દીનો અવકાશ તેમાં જ ખતમ થઈ જતો હતો !

છતાં તે ચોખ્ખી ના તો કહી શકી નહોતી. 'ખેર ! તેને તમન્ના હોય તો ભલે લેતી તાલીમ—જેવી લેવી હોય તેવી. તેનું મન તો રાજી રહેશે !' માતાએ વિચાર્યું હતું.

ત્યારથી પૂર્વીએ પૂરા લગાવથી તાલીમ લેવા માંડી હતી. લોકો પાસે ઘણુંઘણું હોય છે. પ્રેમા પાસે પણ હતું, પણ પોતાની પાસે તો માત્ર અવાજ હતો; અવાજ જ તેની એક માત્ર મૂડી હતી, એક માત્ર આશા હતી.

છેલ્લે છેલ્લે તે નોકરી કરતી થઈ ત્યારથી તાલીમ માટે સમય કાઢવામાં તેને ખૂબ મુશ્કેલી પડતી હતી. પણ નોકરી, એક રીતે તેને મદદરૂપ પણ થતી હતી – પોતાની તાલીમનું ખર્ચ હવે તે પોતે જ ભોગવી શકે તેમ હતી.

દરમ્યાન પ્રેમા ઘણી દિશાઓમાં આગળ નીકળી ગઈ હતી. કલાત્મક શક્તિ ઉપરાંત આંજી દેતી વાક્છટા, અને માનવીના ધ્યાનમાં બરાબર ઊતરી જવાતી ભરપૂર આવડત પણ તેનામાં હતી. નૃત્યકલામાં તેની ઊંચી સિદ્ધિએ ઘણી તકો તેની હથેળીમાં લાવી મૂકી હતી. કદરદાનીનાં નવાં નવાં ક્ષેત્રો એક પછી એક ખૂલવા લાગ્યાં હતાં. નૃત્ય–સ્પર્ધાઓ, નાટકો, સાંસ્કૃતિક કાર્યક્રમો અને હવે તો ટેલિવિઝન સુધી તેનો સિક્કો ચાલવા લાગ્યો હતો. સફળતાઓ જાણે દોડી દોડીને સામે આવતી હતી, ને તેના નશામાં તે મસ્ત રહેતી હતી.

છતાં તેની બાજનજર કોઈક વધારે મોટી ફાળ ભરવા, કોઈક વધારે મોટી તક શોધવા સતત ફરતી રહેતી હતી. એવી એક તક તેને પૂર્વીની નોકરીમાં દેખાઈ હતી, અને ત્યાં નજર સ્થિર થઈ ગઈ હતી. ફેસ્ટિવલ ઑફ ઇન્ડિયા; એક પ્રચંડ ઘટના. શ્યામ સેહગલ તેનો સર્વેસર્વા સૂત્રધાર અને શ્યામની સેક્રેટરી પૂર્વી – પોતાની જ બહેન ! પ્રેમાની મહત્ત્વાકાંક્ષા તરફડી ઊઠી'તી.

સાંજે મોડી પૂર્વી ઘેર આવી ત્યારે પ્રેમા ખુશ દેખાતી હતી. ટીવી પર નવી જ શરૂ થઈ રહેલી એક સિરીયલનું શૂટીંગ તેણે આજે જ પૂરું કર્યું હતું. તેનો સારો એવો પુરસ્કાર મળવાનો હતો, પણ તેથીય વધારે ખુશી એ વાતની હતી કે સિરીયલના દિગ્દર્શકે તેનાં મોંફાટ વખાણ કર્યાં હતાં, ખાતરી આપી હતી કે

જેવી એ સિરીયલ શરૂ થશે કે બીજા બધા જ કાર્યક્રમો બિલકુલ મહત્ત્વ જ ગુમાવી બેસશે – કોઈ શંકા નહોતી તેમાં !

પૂર્વીને જોઈને ખિલખિલ હસી પડતાં પ્રેમા બોલી ઊઠી, 'અરે ! પૂર્વી, આવી ગઈ તું ! ક્યાં ઊપડી ગઈ'તી આટલી મોડે સુધી ! શ્યામ સાથે કોઈ પાર્ટીમાં ? હેં ?'

'ઓ, શટઅપ, પ્રેમા !' સામે હસીને પૂર્વીએ કહ્યું, 'ઑફિસમાં કામ જ એટલું હોય છે કે મોડે સુધી રોકાયા વિના ચાલે નહિ. પાર્ટી–બાર્ટી માટે તો શ્યામનેય ફુરસદ મળતી નથી અને મળતી હોય તો પણ એવા સંબંધ મારે તેની સાથે નથી !'

'તો કેવા સંબંધ છે તારે ?' મોં પર મસ્તીખોર સ્મિત રમાડતાં પ્રેમાએ પૂછ્યું.

'માત્ર બૉસ અને સેક્રેટરીના !'

'વેલ, વેલ !' પ્રેમા હજી મસ્તીમાં હતી, 'એ સંબંધો પણ કંઈ ખોટા ન કહેવાય ! ખાસ્સા સ્થિતિસ્થાપક ગણાય એ સંબંધો ! ખાસ કરીને શ્યામ સેહગલ જેવો બૉસ –'

પણ પૂર્વીના ચહેરા પર થોડીક તીખાશ તરી આવેલી જોતાં તેણે વાક્ય અધૂરું છોડી દીધું, અને તેની વધારે નજીક જતાં બોલી; 'લોકો કહે છે કે બૉસ તરીકે શ્યામ જબરો ટાસ્કમાસ્ટર છે, જાલિમ માણસ ! સાચું ?'

'કોણ કહે છે એવું ?' પૂર્વી બોલી ઊઠી, 'એ જાલિમ માણસ છે એવું કહે છે કોણ ?' તેના અવાજમાં, તેનીયે જાણ બહાર થોડીક તીખાશ ભળી ગઈ. કારણ કદાચ એ હોય કે બરાબર એ પળે જ તેની નજર સામે શ્યામનું પેલું સંમોહક સ્મિત તરવરી રહ્યું હતું, તેની અકળ છતાં ગમી જાય તેવી આંખો તરવરી રહી હતી.

'નથી ?' પ્રેમા સાવધાનીપૂર્વક બોલી. જોકે તેની આંખો હજી મસ્તીખોર હતી અને તેથી જ પૂર્વી અકળાઈ ઊઠતી હતી.

ગંભીરતાનો ડોળ કરતાં પ્રેમાએ કહ્યું, 'ખેર ! તો પછી મેં ખોટી વાતો સાંભળી હશે !'

'તેની બાબતમાં તું કંઈ જાણુતી જ નથી, પ્રેમા,' પૂર્વીએ કહ્યું. સામાન્ય રીતે સુંવાળો રહેતો તેનો અવાજ જરાક બરછટ થઈ ગયો, 'લોકો તો ગમે તેના વિષે ગમે તેવી મૂર્ખતાભરી વાતો કરતા હોય છે. એ સાંભળવી જ શા માટે જોઈએ ?'

'પણ છતાં…પેલી ધૂમાડા અને અગ્નિની કહેવત તો તેં સાંભળી છે ને ?' પ્રેમાએ હસીને કહ્યું, 'પણ એ વાત જ જવા દે. શ્યામ જાલિમ માણસ હોય કે ન હોય, મારે એ વાત સાથે ક્યાં કંઈ સંબંધ છે ? મને તો રસ છે એક જ બાબતમાં કે ફેસ્ટિવલ ઑફ ઇન્ડિયામાં તો તે જ કર્તાહર્તા છે – સંપૂર્ણપણે. ખરું ને ?'

'એ તો છે જ !' પૂર્વીએ શાંત અવાજે કહ્યું, 'જો કે દરેક વખતે તેણે હેમંત દેસાઈનો અભિપ્રાય પણ લેવાનો જ હોય છે. છતાં એકંદર, તેનો નિર્ણય આખરી ગણાય.'

'સરસ !' સહેજ ટટ્ટાર બેસતાં પ્રેમાએ કહ્યું, 'હું પણ એમ જ ધારતી હતી. હવે તારે મારું એક કામ કરી આપવાનું છે.' સહેજ થોભીને વધારે ભારપૂર્વક તેણે ઉમેર્યું, 'તારે શ્યામ સાથે મારો પરિચય કરાવી આપવાનો છે.'

'તારો પરિચય ? શ્યામ સાથે ? શા માટે ?'

'કારણ કે ફેસ્ટિવલમાં મારે પણ એકાદ તક મેળવવી છે – કોઈક સુંદર તક !'

'શું કહ્યું ? ફેસ્ટિવલમાં તારે તક જોઈએ છે ? ફેસ્ટિવલ ઑફ ઇન્ડિયામાં ?!' જાણે પગ પાસે જ બોંબ ફૂટ્યો હોય એમ ચોંકી જતાં પૂર્વી બોલી ઊઠી, 'તને કંઈ ભાન છે ? ઊંચામાં ઊંચા કલાકારોનેય આ ફેસ્ટિવલમાં પસંદગી પામવાની ખાતરી નથી. મોટા ધૂરંધરોય રહી જાય તેમ છે. આ દેશમાં તો ઠીક,

વિદેશમાં ય જેનાં નામ ગાજે છે એવા કલાકરો લાઈનમાં ઊભા છે ને તેમાં તારે તક જોઈએ છે ?'

બોલતાં બોલતાં તે સહેજ થોભી. પળવાર ચૂપ રહી, કંઈક વિચારતી હોય તેમ, અને પછી બોલી, 'તારામાં ઘણી શક્તિ છે એ હું કબૂલ કરું છું, પ્રેમા. પણ આ ફેસ્ટિવલ તો…તેમાં પસંદગીનાં ધોરણો ઘણાં ઊંચાં છે.'

'એ ધોરણો મારી ગુંજાશ કરતાં ઘણાં ઊંચાં છે એમ જ કહેવા માગે છે ને તું ?' પ્રેમાએ કહ્યું અને હસી, 'મારા વિષે તને આટલી બધી ખાતરી છે ?' ફરી તે હસી અને કહ્યું, 'તારી ખાતરીની વાત હમણાં એક બાજુ રાખીએ. પણ મેં આ બાબતમાં પાકો નિરધાર કરી લીધો છે. મારે જે જોઈએ તે મેળવીને જ હું રહું છું–ચોક્કસ !'

થોડી વાર પૂર્વીના મુખ સામે જોઈ રહેતાં તેણે કહ્યું, 'ફેસ્ટિવલ દરમ્યાન કેટલાંક એવાં નાટકો અને કાર્યક્રમો રજૂ થવાનાં છે જેમાં શુદ્ધ ભારતીય નૃત્ય અને સંગીતને સંપૂર્ણ મોકળાશ મળી રહે તેમ છે. એવા કોઈ નાટકમાં મારે પાત્ર જોઈએ છે. બસ, એ મળી જાય એટલે હું બતાવી આપીશ કે—'

'પણ તું—તને આ ફેસ્ટિવલની ગંભીરતા હજી પૂરી સમજાઈ લાગતી નથી, પ્રેમા. સંગીતની જે ઉચ્ચ કક્ષા તે માટે અનિવાર્ય છે ત્યાં સુધી તું હજી પહોંચી નથી. શાસ્ત્રીય રાગોના ખરા ઊંડાણની હજી તને ખબર નથી……

'કોણ કહે છે — તું ?' રણકતા અવાજે પ્રેમા બોલી ઊઠી, 'તું એવું જ માનતી હશે કે સંગીતની જે ઊંચી સાધના તેં કરી છે તે મેં કરી નથી, ખરું ને ?' સહેજ અટકીને તેણે ધીમેથી કહ્યું, 'હું પણ એવી જ તાલીમ લઈ રહી છું—તને શી ખબર ?'

'હેં ! ક્યારથી ?' પૂર્વીને ખરેખર એ ખબર નહોતી. અચંબાભેર તેણે કહ્યું, 'મને ખબર પણ ન પડવા દીધી ?'

'કોઈનેય ખબર પડવા દીધી નથી,' ગર્વભર્યું હસતાં પ્રેમાએ કહ્યું, 'લોકોને છક્ક કરી દેવાનું મને ગમે છે. લોકોને આશ્ચર્યનો અણધાર્યો આંચકો તમે આપી શકો, તો વધારે આંજી શકો છો, વધારે મોટી પ્રશંસા તેમના મોંએથી કઢાવી શકો છો... તને ખબર નથી, પણ જ્યારથી આ ફેસ્ટિવલની તૈયારીઓના અહેવાલ છાપામાં આવવા માંડ્યા ત્યારથી જ મેં તો મારું નામ લખી નાખેલું છે! અને તેમાં હું સફળ થવાની જ છું, બસ, એક પાત્ર મળી જાય...'

આશ્ચર્યભેર પૂર્વી તેની સામે જોઈ રહી. પ્રેમાનો આ પ્રબળ આશાવાદ આખરે કઈ બુનિયાદ પર ઊભો હતો ? પોતે બરાબર જાણતી હતી કે, ગાયિકા તરીકે પ્રેમાનો અવાજ ઝાઝો ભાર ખમી શકે તેમ નહોતો. હા, નૃત્ય–અભિનય–સંગીત–કોઈપણ ક્ષેત્રમાં વ્યવસાયી ધોરણે ચાલી શકે તેવી તે જરૂર હતી–સારી રીતે ચાલી શકે. પણ આ ફેસ્ટિવલ તો......

'કેમ સાવ ચૂપ છે ?' પ્રેમાએ હળવાશના રણકામાં પૂછ્યું, 'અદેખાઈ તો નથી આવતી ને ?'

'અદેખાઈ ? તારી ?' જરા મોટા અવાજે પૂર્વીએ પૂછ્યું, 'તારી અદેખાઈ મને શા માટે આવે ?'

'તારો અવાજ અને તાલીમ બન્ને મારા કરતાં ચડિયાતાં છે એ મને ખબર છે,' કહીને પ્રેમા સહેજ થોભી અને પછી ધીમા, લાગણીભીના અવાજે બોલી, 'પૂર્વી, મારે એક તક જોઈએ છે–માત્ર તક જ. તક અપાવવામાં તને વાંધો તો નથીને ?'

'ના રે, ના. મને શા માટે વાંધો હોય ?' એક મોટો શ્વાસ મૂકતાં પૂર્વીએ કહ્યું. તેને સમજાતું નહોતું કે તેને શું થઈ રહ્યું હતું. પણ કંઈક થઈ રહ્યું હતું મનમાં. કોઈક ખૂબ કીમતી ચીજ જાણે ભયમાં મુકાઈ રહી હતી, અને તેને બચાવી લેવા મન જાણે ઉપરતળે થઈ રહ્યું હતું. એવું કેમ થતું હતું ? શી ખબર !

તેણે કહ્યું, 'હકીકત એ છે પ્રેમા, કે તું ધારે છે એવી કોઈ વગ, મારો એવો કોઈ પ્રભાવ શ્યામ સામે નથી. ફેસ્ટિવલની સમગ્ર તૈયારીમાં મારું એવું કોઈ વજન જ નથી. હું તો માત્ર—'

'તું નકામી ગભરાય છે, પૂર્વી,' પ્રેમા વચ્ચે બોલી ઊઠી, 'હું એમ નથી કહેતી કે, ગમે તેમ કરીને તું મને પાત્ર અપાવી દે. તારે માત્ર એટલું જ ગોઠવી આપવાનું છે કે, શ્યામ એક વાર મને ગાતી સાંભળે--તારી ભલામણથી આવેલી તારી બહેન તરીકે ધ્યાનમાં રાખીને મને સાંભળે.'

થોડી વાર પૂર્વીના ચહેરા સામે જોઈ રહીને તે આગળ બોલી, 'તને મન સેક્રેટરી તરીકે તો તું ખૂબ મહત્ત્વની હશે જ. તેમાં મને જરાયે શંકા નથી...ને એટલે તારી એકાદ ભલામણ તેણે માનવી પડે એ સમજાય તેવું છે!'

પણ પૂર્વીને, કોણ જાણે કેમ, એથી ઊલટું લાગી રહ્યું હતું. તેની ભલામણ માનવાની વાત તો દૂર રહી, સાંભળીને ઊલટો તે છંછેડાઈ ન જાય તોય ભગવાનનો પાડ. તેની ભલામણને તે સગાં-વહાલાંને ઘૂસાડવાની ગુસ્તાખી ગણી લે તો ?

પણ એ બધું પ્રેમાને ગળે ઊતરે તે શક્ય નહોતું. અચકાતાં, અચકાતાં તેણે સંમતિ આપી--મોકો જોઈને તે શ્યામ પાસે પ્રેમાની વાત મૂકશે, મૂકવા કોશિશ કરશે.

એ વાત મૂકવા જેવો મોકો મળવાની પૂર્વીની ધારણા સાચી ન પડી. બીજે દિવસે શ્યામ ઑફિસમાં આવ્યો ત્યારથી જ તેનો મિજાજ સખત બગડેલો દેખાઈ આવતો હતો. થોડી વાર પછી પૂર્વીને તેનું કારણ જાણવા મળ્યું. ફેસ્ટિવલ માટે જે નામી કલાકારો–નૃત્યકારો–ગાયકોને લીસ્ટ પર મૂકવામાં આવ્યા હતા, તેમનો ખર્ચ શ્યામની તમામ ગણતરી ખોટી પાડી દે તેટલો ઊંચો જવા લાગ્યો હતો. તેમની માગણીઓ સરકારને ગેરવાજબી અને અતિ ઊંચી લાગી રહી હતી. અને તે નીચી લાવવા માટેનું દબાણ

શ્યામ પર થઈ રહ્યું હતું.

પરિણામે તેનો મિજાજ ફાટફાટ થઈ રહ્યો હતો.

પૂર્વીને કહેતો હોય તેમ તે બોલી ઊઠયો, 'તોબા છે આ સરકાર અને તેના અમલદારો! કશી ગતાગમ પડે નહિ ને નાહક ડહાપણ ડહોળ્યા કરે છે! નિવડેલા કલાકારો શું મફતમાં મળી જવાના તેમને? હું કયાંથી લાવું એવી રીત?'

'તો પછી એવું ન થઈ શકે,' ધીમેથી પૂર્વીએ કહ્યું, 'ગૌણ પાત્રો અને સહાયક કલાકારોની બાબતમાં પસંદગીનાં ધોરણોમાં થોડી બાંધછોડ—'

પણ વાકય અધૂરું મૂકીને તે અટકી ગઈ. શ્યામના ચહેરા પર અનેક ભાવો સડસડાટ આવીને પસાર થઈ ગયા. પૂર્વીને તેની બીક લાગી–અમથી અમથી.

પણ શ્યામ ફરી ફરીને આંખો પલકારતો તેની સામે તાકી રહ્યો. દરેક પલકારે તેની આંખોમાંથી જાણે અકળામણ ખરતી હતી. બેએક પળ એમ જોઈ રહીને તેણે કહ્યું:

'તું કંઈ કહેતી હતી?'

'હું એમ કહેતી હતી,' સાવધાનીપૂર્વક પૂર્વીએ કહ્યું, 'કે નાટકો–કાર્યક્રમો માટેના કલાકારો તમે નક્કી કરી નાખ્યા છે? બધા જ?'

'હા, લગભગ બધા જ. પણ તું એ શા માટે જાણવા માગે છે?'

'હું કંઈક સૂચન કરવા માગતી હતી.' હોઠ પર જીભ ફેરવતાં પૂર્વીએ કહ્યું, 'કરી શકું?'

'એ સૂચન તારા પોતાના માટે નથીને?' કંઈક વિચિત્ર લાગે તેમ તેની સામે જોઈ રહેતાં શ્યામે કહ્યું, 'અભિનેત્રી કે ગાયિકા કરતાં મારે એફિશિયન્ટ સેક્રેટરીની વધારે જરૂર છે!'

'ના, ના. એવું નથી. આ મારી વાત જ નથી. એવું તો

હું સપને પણ ન વિચારું!' અચકાતી હોય તેમ સહેજ અટકી જતાં તેણે કહ્યું, 'હું જાણું છું કે અભિનેત્રીએ તો સ્ટેજ પર બહુ કલાત્મક હલનચલન કરવાનું હોય, જ્યારે હું તો...'

'બસ, બસ!' શ્યામ બોલી ઊઠયો, 'વાતવાતમાં બહુ ટચી બની જવાની જરૂર નથી.' અને સહેજ થોભીને આગળ બોલ્યો, 'લાગણીવેડા સહન કરવાની સ્થિતિમાં અત્યારે હું બિલકુલ નથી!'

પૂર્વીનું મોં લાલચોળ થઈ ગયું. વગર વાંકે એના મોં પર જાણે કોઈએ તમાચો ઝીંકી દીધો. પ્રયાસપૂર્વક તે બોલી, 'હું તો માત્ર એટલું જ કહેવા માગતી હતી—'

'ઓલ રાઈટ, ઓલ રાઈટ, ઈટ્સ ઓકે નાઉ!' ઝડપથી તેની તરફ ફરતાં શ્યામે કહ્યું, 'તું કોનું નામ સૂચવવા માગતી હતી?' અવાજ એકાએક ઠંડો પડી ગયો હતો.

એ અણધાર્યા પલટાથી પૂર્વી જરા ડઘાઈ ગઈ, સહેજ ધ્રૂજી ગઈ. મગજ એવું ધૂંધળું થઈ ગયું કે પ્રેમાની વાત થોડીક સિફતપૂર્વક મૂકવા જેવી સ્થિતિ જ ન રહી. ધીમા અવાજે તે બોલી, 'મારી બહેન–એક સારી કલાકાર છે, ઠીક ઠીક સારી. તેની ઇચ્છા છે કે ...અને મારી પણ ઇચ્છા છે કે તમે એક વાર તેનો અવાજ સાંભળો.' અને સહેજ અટકી જતાં ઉમેર્યું, 'આ વાત કહીને હું તમને કંટાળો આપી રહી હોઉં તો—'

'કંટાળો તું મને નથી આપતી,' શ્યામ બોલ્યો. પૂર્વીએ તેના મોં સામે જોયું. ત્યાં કંટાળો ખરેખર નહોતો. અવાજમાં હવે અકળામણ નહોતી. તે આગળ બોલ્યો, 'અને વાતવાતમાં આમ દયામણી બની જવાનું, ને માફી માગવાનું તું બંધ ન કરી શકે?'

આછું સ્મિત કરતાં તેણે વળી કહ્યું, 'તું એક નાનકડી માગણી પણ એવી રીતે નથી કરી શકતી કે જેથી હું વાઘ જેવો ભયાનક ન લાગું?'

'આઈ એમ સારી!' પૂર્વીએ કહ્યું અને પહોળી આંખે તેની સામે જોઈ રહી.

'નો–આઈ એમ સૉરી! મારે તારા પર આટલું તતડી ઊઠવું નહોતું જોઈતું...પણ આજનો દિવસ જ સાવ અપશુકનિયાળ નીવડ્યો છે. અત્યારના પહોરમાં જ પાંચ–છ બાબતો ખરાબે ચડી ગઈ! એવી એવી સમસ્યાઓ ઊભી થઈ ગઈ કે મગજ પર મારો કાબૂ જ ન રહ્યો.'

થોડી વાર ચૂપ રહીને તેણે કહ્યું, 'બટ ફરગેટ ઈટ!...હવે કહે, શું નામ છે તારી બહેનનું?'

'પ્રેમા,' પૂર્વી બોલી, પણ તેને લાગ્યું જાણે તેની જીભ થોથવાઈ જતી હતી, 'એ મારી જોડિયા બહેન છે.'

'તું હમણાં તેનો પત્તો લગાડી શકે? તેને કહેવરાવી શકે કે પાંચ વાગે તે સ્ટુડિયોમાં આવી જાય? બીજી બે છોકરીઓને પણ ત્યાં બોલાવી છે–તારી બહેન પણ ભલેને આવે!...પણ બરાબર સમજી લેજે, હું કંઈ જ વચન આપતો નથી. છતાં–' તેનો ચહેરો અજબ ત્વરાથી બદલાઈ ગયો. ચહેરા પર પેલું મસ્ત, મોહક સ્મિત ઊગી નીકળ્યું, 'છતાં સેક્રેટરી તરીકે જેવી તું નીવડી છે એવી જ મોંઘામૂલી તારી બહેન કલાકાર તરીકે નીવડશે તો...તો પછી પેલી બન્નેને તે મેદાન મુકાવી શકશે!'

'થેંક્સ!' વળતું સ્મિત કરતાં પૂર્વીએ કહ્યું, 'અને મારી બહેન હજી કોઈ નીવડેલી કલાકાર ન ગણાય, હં! શક્તિ તેનામાં છે, છતાં—'

'નેવર માઈન્ડ,' શ્યામે કહ્યું, 'એ પોતે જો એવું માનતી હોય કે આવા આંતરરાષ્ટ્રીય તખ્તા પર ઊભા રહેવા જેટલું કૌવત તેનામાં છે, તો એ કૌવત આજે તેણે બતાવવું પણ પડશે ને!'

સહેજ થોભીને હળવાશભર્યું સ્મિત કરતાં તેણે કહ્યું, 'નાટક હોય, નૃત્ય હોય કે સંગીતનો કાર્યક્રમ હોય, બધા કલાકારો

એકસરખા ટોચના હોઈ જ શકે નહિ. હોવા જરૂરી પણ નથી જો કે કોઈ સામાન્ય કલાકાર તેમાં ચાલી શકે નહિ, પણ...ખેર! તું તેને સંદેશો તો આપી દે.'

વળી જતાં જતાં ઉમેર્યું, 'સાંજે પાંચ વાગે. સ્ટુડિયોમાં' અને ઑફિસની બહાર નીકળી ગયો.

બે, ત્રણ, ચાર પળ પૂર્વી ઊભી રહી, માત્ર ઊભી જ રહી. પછી ટેલિફોન પાસે ગઈ. મનમાં તેને ખુશી થવી જોઈએ. ખૂબ ખુશી થવી જોઈએ કે પ્રેમાને જોઈતી તક અપાવવામાં તે સફળ થઈ હતી.

પણ તે ખુશ નહોતી–સાચે જ.

તેને કંઈક ડર લાગી રહ્યો હતો–કારણ વગરનો. ડર તો લાગે જ ને? પોતે પ્રેમાની આટઆટલી પ્રશંસા કરી હોય, ભાર દઈને ભલામણ કરી હોય, ને પછી પ્રેમા સાવ ઊણી ઊતરે તો? તો શ્યામ તો તેની હાંસી જ ઉડાવે ને? અરે, ગમે તેમ બોલીયે નાખે! સ્વભાવ કેવો છે એનો!

પણ ખરેખર એ જ ડર હતો મનમાં? પ્રેમા નિષ્ફળ જવાનો જ ડર લાગતો હતો તેને? કે, કે તે સફળ થાય તેનો ડર લાગતો હતો?

હાસ્તો, વળી! પ્રેમા નિષ્ફળ જાય તેનો જ તો? પછી બધુંય ન ગુમાવી બેસે તે?

હજી જરા વધારે વિચારી જો. મનની અંદર જોઈ જો–ધ્યાનથી. ડર એનો જ લાગે છે ને કે ચપળ, ચબરાક, સિફતભરી પ્રેમા જો શ્યામ પર પ્રભાવ પાડી જશે તો?

[૩]

સવારે પગ પછાડતો ઓફિસમાંથી નીકળી ગયેલો શ્યામ બપોરે ફરી ઓફિસમાં આવ્યો. પણ પૂર્વીના મનને ઊંચું કરી દે તેવું હવે કંઈ બનવાનું નહોતું. ઊલટો, સવારની સરખામણીએ તે ખુશમિજાજ દેખાતો હતો–ઘણો ખુશમિજાજ.

આવતાં જ તેણે તે દિવસના કામ વિષે આનંદભેર પ્રશ્નો પૂછ્યા, હસીને વાતો કરી અને વાતવાતમાં એ પણ કહી દીધું કે આવતા મહિને તેઓ અમેરિકાની ધરતી પર હશે.

પૂર્વીને તે સાંભળીને આશ્ચર્ય થયું, ફેસ્ટિવલના દિવસો તો હજી ખાસ્સા દૂર હતા. પણ શ્યામે સમજાવ્યું, 'મોટા ભાગના મુખ્ય કલાકારો અત્યારે અમેરિકા કે તેની નજીકના કોઈ ને કોઈ દેશમાં જ છે. તેમના આગવા કાર્યક્રમો પહેલેથી ત્યાં ગોઠવાયેલા જ હતા, તેથી. એ બધા કાર્યક્રમો પતાવીને તેઓ પાછા અહીં આવે પછી ઝાઝા દિવસો રહેતા નથી. એટલા દિવસો તૈયારી માટે ઓછા પડે. સંતોષકારક તૈયારી કરવી હોય તો પૂરતો સમય જોઈએ. ને એટલો સમય મળી રહે તે માટે જ આ રસ્તો કાઢ્યો છે– આપણે જ ત્યાં પહોંચી જઈએ. ફાવશે ને?'

'કેમ નહિ ફાવે?' પૂર્વીના હોઠ સુધી શબ્દો આવી ગયા: એટલા બધા દિવસ એ સોહામણી ધરતી પર રહેવાનું! વાહ! અને એ સોના જેવી વાતમાં ય મનમોહક સુગંધ તો એ વાતની હતી કે, ત્યાં તો પોતે અને શ્યામ સાથે જ રહેતાં હશે, એક જ છાપરા નીચે. વાહ રે, મન! માંકડું નહિ, તો બીજું શું?

મનમાં ખુશીના એવા નરમ નરમ સળવળાટ થવા લાગ્યા

કે ઘડીભર તે પ્રેમાને પણ ભૂલી ગઈ. આજે જ સાંજે પ્રેમા શ્યામની સામે બેઠી હશે, બેઠી બેઠી તેના તમામ ઈલમ અજમાવતી હશે શ્યામ પર...ઓહ! ફરી પાછું મન ડહોળાવા લાગ્યું, ભારે થવા લાગ્યું.

ત્યાં સુધીમાં શ્યામ પાછો ઊપડી ગયો હતો. અને તે પાછી એકલી પડી હતી. અચાનક ફોન રણકી ઊઠ્યો. ઝડપથી સ્વસ્થ થતાં તેણે ફોન ઉપાડ્યો, 'હલ્લો!'...

'હલ્લો, મને શ્યામ સાથે વાત કરાવો,' કોઈ સ્ત્રીનો અવાજ સંભળાયો.

'પણ—સૉરી, મેડમ!' સહેજ ચમકી જતાં, અમસ્તી થડકી જતાં પૂર્વી બોલી, 'શ્યામ અત્યારે ઓફિસમાં નથી.'

'એ જવાબ બીજા બધાને આપવાનો, મને નહીં', અવાજ મોટો થયો, 'કોણ બોલે છે ત્યાંથી?'

'હું પૂર્વી—પૂર્વી નાયક', તાજજુબીપૂર્વક પૂર્વીએ કહ્યું, 'શ્યામની સેક્રેટરી!... આપ કોણ?'

'ઓહ, તો તું શ્યામની સેક્રેટરી છે એમ?' સામેથી હળવાશભર્યો અવાજ આવ્યો, 'અવાજ બહુ સરસ છે તારો—સાંભળવો ખૂબ ગમે તેવો, ખેર! શ્યામ ખરેખર ઓફિસમાં નથી? હું તેની માતા બોલું છું—મુંબઈથી.'

'ઓહ, માતાજી તમે છો?' પૂર્વી ખૂબ સુંવાળા અવાજે બોલી, 'તમારી વાતો શ્યામ ઘણી વાર કરે છે. આ રીતે પણ તમને મળીને મને ખૂબ આનંદ થાય છે.'

શ્યામની માતા મોકળાશથી હસી પડી, 'સરસ, બહુ સરસ, પૂર્વી! મને પણ આનંદ થાય છે કે ઓફિસને 'હેન્ડલ' કરતાં તને આવડે તો છે; શ્યામને પણ તું આવી જ સરસ રીતે સંભાળે છે કે?' અને ફરી હસવાનો અવાજ સંભળાયો.

પૂર્વીને કશુંક ધીમી ઝણઝણાટી જેવું સ્પર્શી ગયું. તે કંઈક

બોલવા ગઈ, પણ ત્યારે જ તેણે શ્યામને અંદર આવતો જોયો. ઝટઝટ તે બોલી :

'એક મિનિટ. ફોન ચાલુ રાખો. શ્યામ આવી ગયા છે.' અને રિસીવર શ્યામના હાથમાં આપી દીધું.

પછી જ્યાં સુધી શ્યામ ફોન પર વાત કરતો રહ્યો ત્યાં સુધી તે વાત સાંભળતી રહી. હાસ્તો, માણસ ધારે ત્યારે કંઈ પોતાના કાનને બહેરા નથી બનાવી શકતો! તેણે એ પણ સાંભળ્યું કે સામે છેડેથી કહેવાયેલી વાતના જવાબમાં શ્યામે કહ્યું :

'હા, મમ્મી, તારી વાત બરાબર છે.' અને પૂર્વી તરફ એક અછડતી નજર કરી લેતાં કહ્યું, 'એ પણ સાથે જ આવવાની છે. તું તેને રૂબરૂ જ જોઈ શકીશ. ...'

વિચારો અને પ્રશ્નો વચ્ચે અટવાતી પૂર્વી અનુમાન કરવા મથતી રહી : 'પોતાના વિષે તેની માતાએ શું કહ્યું હશે તેને? શના જવાબમાં તેણે કહ્યું હશે કે તેની માતા મને રૂબરૂ જોઈ શકશે?... શી વાત હશે એવી? ...'

પણ ત્યાં સુધીમાં શ્યામે રિસીવર પાછું મૂકી દીધું હતું અને તેની તરફ ફરીને હસી રહ્યો હતો, કહી રહ્યો હતો, 'ખરેખર, કમાલ છોકરી છે... પ્રેમાની વાત કરું છું—તારી બહેનની!'

'ઓહ, હા, પ્રેમા!' ઝબકી ગઈ હોય તેમ તે બોલી ગઈ, 'તે—તે કંઈ સારો દેખાવ કરી શકી આજે?'

'હં?.... હા, સારો દેખાવ કહી શકાય,' કાંઈક વિચારતો હોય, યાદ કરતો હોય તેમ તે બોલ્યો, 'જોકે એકદમ અલગ તરી આવે એવો અવાજ તેની પાસે નથી. અવાજમાં મીઠાશ, બેશક, છે...ગળું પણ પ્રમાણમાં કેળવાયેલું છે. લાંબા સમયનો રિયાઝ દેખાઈ આવે છે અને... દેખાવમાં જેટલી નમૂનારૂપ અત્યારે તે લાગે છે એટલી જ જો સ્ટેજ પર પણ લાગે તો હું માનું છું કે તેને વાંધો નહિ આવે. છતાં આખરી નિર્ણય કરતાં પહેલાં તો

હેમંત દેસાઈની સામે તેને ખડી કરવી પડશે.'

'એટલે—' પૂર્વી જાણે ડઘાતી હોય તેમ બોલી ઊઠી, 'તમને પોતાને એવું લાગે છે કે તેને કોઈક પાત્ર મળી શકશે?'

'મળી શકે—કદાચ,' શ્યામે કહ્યું અને પૂર્વીની સામે તાકતાં કહ્યું, 'પણ તું હતાશ કેમ દેખાય છે? તેને પાત્ર ન મળે એવી તારી ઇચ્છા—'

'ના, ના, બિલકુલ નહિ!' પૂર્વીએ ઝટઝટ કહ્યું, 'મને તો બહુ આશ્ચર્ય થયું 'તું તમે કહ્યું તે સાંભળીને! મેં—અને પ્રેમાએ પણ ધાર્યું 'નહોતું કે આવી આસાનીથી ...'

'પણ એવું જ ખરેખર બની ગયું', શ્યામ વચ્ચે જ બોલી ઊઠ્યો, 'અને તેને સાંભળ્યા પછી હું તેને ચા-નાસ્તા માટે પણ લઈ ગયો હતો. ત્યાં તેણે તેની કલાસાધનાની ઘણી વાતો કરી—ખૂબ સરસ વાતો. ઉપરથી ખૂબ ચંચળ દેખાતી હોવા છતાં અંદરથી તે એક સન્નિષ્ઠ કલાકાર છે. નહિ?'

પૂર્વી જાણતી હતી પ્રેમા શેમાં કેટલી સન્નિષ્ઠ હતી તે, આટલાં વરસ તેની સાથે જ જીવ્યા પછી હવે તે એ પણ બરાબર જાણતી હતી કે, બીજું ભલે હોય કે ન હોય, પ્રેમા પાસે એક આવડત તો અદ્ભુત હતી — જેની પાસે જેવી બની જવું જરૂરી હોય તેની પાસે તે અચૂક તેવી બની શકતી હતી!

પણ શ્યામને એ કહી શકાય નહિ. પોતે જ ઊલટી વરવી દેખાય. એટલે તેણે શ્યામ સામે સ્મિત કર્યું. સ્મિત દ્વારા પોતાની ખુશી પ્રદર્શિત કરી અને પૂછ્યું :

'તો હવે હેમંત દેસાઈ તેને ક્યારે સાંભળશે?'

'શનિવારે', શ્યામે કહ્યું, 'આ શનિવારે જ તે અહીં દિલ્હી આવવાના છે. બપોર પછી તો તે ફ્રી હશે જ. અને ત્યારે તે તેને સાંભળે એવી ગોઠવણ હું કરી નાખીશ.'

પૂર્વી તે સાંભળી રહી. સાંભળીને વિચારતી રહી—અજબ કુનેહ છે પ્રેમા પાસે! તેને ખાતર શ્યામ આટલી ત્વરા દાખવી રહ્યો હોય, તો તેમાં તેનો જ ઇલ્મી હાથ રહેલો હોય—ચોક્કસ!

ફરી શ્યામનો અવાજ સંભળાયો, 'એમ કર. શનિવારે તું પણ આવજે ને સ્ટુડિયો પર. જો તો ખરી કે, તારી બહેન આ દેશના એક શ્રેષ્ઠ સંગીતકાર સામે કેવોક દેખાવ કરે છે!'

'ઓ, થેંક્સ!' પૂર્વી ધીમા અવાજે બોલી, 'હું કોશિશ કરીશ, સમય મેળવવાની!'

સમય તો તે મેળવી શકે–તે પોતે પણ તે જાણતી હતી. પણ તે એ જાણતી નહોતી કે, સ્ટુડિયોમાંનાં એ દૃશ્યો, પ્રેમા અને શ્યામ અને હેમંત દેસાઈ એક રસપ્રદ પ્રવૃત્તિમાં એકસાથે ગૂંથાયાનાં દૃશ્યો તેને માટે કેવાં નીવડશે...... વળી પોતે ત્યાં હાજર હોય એ પ્રેમાને પસંદ હશે કે......

પણ તેની એ ભીતિ ખોટી પડી. તે ત્યાં હાજર હોય એ પ્રેમાને પસંદ હતું એટલું જ નહિ, તે હાજર રહે એવો તેનો આગ્રહ પણ હતો. તે દિવસે જ ઘેર જઈને પ્રેમા સાથે વાત કરી ત્યારે તેને ખબર પડી કે, હેમંત દેસાઈ જેવા કલાજગતના સૌથી અક્કડ આદમી સામે ગાવાની કલ્પનાથી જ પ્રેમા ઢીલી થઈ જતી હતી. પ્રેમાએ તેને કહ્યું પણ ખરું:

'ત્યાં તું હશે તો મને જરા હિંમત રહેશે–ખરેખર!'

અને પછી તરત જ તે શ્યામ સાથેની તેની મુલાકાતની વાતે ચડી ગઈ.

'સાચે જ, એક અજબ અનુભવ હતો એ,' તેણે કહ્યું, 'બીજી બે છોકરીઓ પણ ત્યાં હતી. અને તેમાંની એકનો અવાજ તો સાચે જ ઘણો સારો હતો—મારા કરતાં પણ ઘણો કેળવાયેલો અવાજ, હું કબૂલ કરું છું. પણ તેની કમનસીબી એ હતી કે સ્ટેજ માટે જે આકર્ષક દેખાવ જોઈએ તે મારા કરતાં દસમા ભાગનો પણ નહિ!' કહીને તે ખડખડાટ હસી. પછી આગળ બોલી, 'તેના અવાજથી તો શ્યામ ડોલી ઊઠ્યો'તો. અને ત્યારે તે એવો તો અદ્ભુત દેખાતો હતો! માય ગૉડ!'...... અને આંખો સહેજ ઝીણી કરતાં હસીને પૂછ્યું, 'એક વાત પૂછું, પૂર્વી? આવા માણસ તરફ ખેંચાઈ ગયા વિના તું રહી કેમ શકી છે?'

પૂર્વીએ કંઈ જવાબ આપ્યો નહિ એટલે પ્રેમા આગળ બોલી, 'વારુ. પછી મારો વારો આવ્યો. પણ મને તારા પેલા શબ્દો બરાબર યાદ રહી ગયા'તા–'શાસ્ત્રીય રાગોના ખરા ઊંડાણની હજી તને ખબર નથી!' ને તેથી જ મેં બની શકે તેટલી ઊંડાણમાં જવા કોશિશ કરી. અને ગાવાનું પૂરું થયું ત્યારે તે હસી ઊઠ્યો—ખૂબ ખૂલીને હસી ઊઠ્યો. પૂર્વી, સમજાય છે તને?'

'હા', પૂર્વીએ કહ્યું, 'મને સમજાય છે.'

'પછી તેણે જુદાં જુદાં પાત્રો વિષે મારી સાથે ચર્ચા કરી', પ્રેમાની વાત હજી પૂરી થઈ નહોતી, 'અને પછી ચા–નાસ્તા માટે આમંત્રણ આપ્યું–આલીશાન હોટેલમાં!'

'આઈ સી', પૂર્વી ગણગણી, જાણે એ આલીશાન હોટેલના લાઉન્જમાં પાસેપાસે બેસીને હસીહસીને વાતો કરતાં શ્યામ અને પ્રેમાને તે જોઈ રહી!

ત્યાં પાછી પ્રેમા બોલી, 'પણ પૂર્વી, હેમંત દેસાઈ સામે બેસીને ગાવાના વિચાર માત્રથી જ હું કંપી જાઉં છું.'

થોડી વાર શાંત થઈને તે બેસી રહી. અને પછી કંઈક સૂઝી આવ્યું હોય તેમ બોલી, 'પણ ગામા વિના છૂટકો પણ ક્યાં છે? આખરી નિર્ણય તો તેના જ હાથમાં છે ને?... પણ આપણે બન્નેએ મળીને કંઈક કરવું જોઈએ. આપણે કંઈક એવું કરીએ કે હેમંત દેસાઈ પર છાપ પડી જાય કે, સંગીત તો આપણને વારસામાં મળેલું છે, આપણા લોહીમાં ભળેલું છે!'

"હું નથી માનતી કે હેમંત દેસાઈને કોઈ એટલી આસાનીથી મૂર્ખ બનાવી શકે!' પૂર્વીએ ઠંડકથી કહ્યું.

'મૂર્ખ નહિ, પૂર્વી. ખરેખર મૂર્ખ બનાવવાની હું વાત નથી કરતી. હું તો એમ કહેતી હતી કે, ચાલાકમાં ચાલાક માણસ પણ ભભક અને દમામથી અંજાયા વિના ન રહે!'

પૂર્વી થોડીવાર ચૂપચાપ બેસી રહી. પછી તેણે કહ્યું, 'શ્યામના કહેવા પ્રમાણે હેમંત દેસાઈમાં એવી અદ્ભુત સૂઝ છે કે, માણસની શક્તિ બીજા લોકોને દેખાય તે પહેલાં તો તેમણે તેને ઊંચકી લીધો હોય છે... દૂર શા માટે જવું પડે? તેમની પત્ની રોહિણીનો જ દાખલો જોને. એક આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં, બીજા કોઈની નજરે તે ચડે ત્યાર પહેલાં જ હેમંત દેસાઈએ તેને ઉઠાવી લીધી હતી. અને પછી, તેમના તો હાથમાં જ જાદુ છે."

'અને હેમંત દેસાઈને પરણી પણ ગઈ! ચાલબાજ પણ જબરી ગણાય. નહિ?' પ્રેમા ખૂબ રસપૂર્વક બોલી ઊઠી.

'એમાં ચાલબાજી શેની?' પૂર્વીએ દલીલ કરી, 'આખો દેશ જાણે છે કે એ પ્રેમલગ્ન હતું.'

'પ્રેમલગ્ન તો છાપામાં આવેલી વાત છે' પ્રેમાએ પોતાની માહિતી ઠાલવી. 'હકીકતમાં તે એક હોશિયારીનો જ કિસ્સો હતો. નહિતર, આખો દેશ એ પણ જાણે છે કે હેમંત દેસાઈ અને સુચિત્રા શોધન વચ્ચેય પ્રેમ જેવું કંઈક હતું! બોલ, હતું કે નહિ? અને આ ફેસ્ટિવલમાં પણ અલગ અને આગવો કાર્યક્રમ સુચિત્રા માટે ગોઠવાયો છે–રોહિણી માટે નહિ!'

પૂર્વીને લાગ્યું કે પ્રેમા સાથે દલીલો કરવાનો કોઈ અર્થ નહોતો. દલીલો તો તેની પાસે હતી, પણ પ્રેમાના મગજમાં તે ઊતરે તેમ નહોતી. તેના મગજમાં જુદા જ મસાલા ભરેલા હતા!

પછી શનિવાર આવી પહોંચ્યો–પ્રેમાની કસોટીનો દિવસ. એક વાર પૂર્વીને વિચાર આવી ગયો: 'છટકી જઉં કોઈક બહાનું

કાઢીને?'— પણ એ માત્ર વિચાર જ રહ્યો. તેનો અમલ તે કરે એ પહેલાં બીજો વિચાર પણ આવી ગયો: 'ના, ના! અમે તેવું બહાનુંય પ્રેમા, તેની આ સ્થિતિમાં તો, નહિ જ સ્વીકારે. બહાનું કાઢવાનું વ્યર્થ હતું. ગયા વિના નહિ ચાલે...'

ને એ મનોદશામાં જ તે પ્રેમા સાથે સ્ટુડિયો પર જવા નીકળી ગઈ. પ્રેમા તેને સમય કરતાં ઘણી વહેલી ત્યાં ખેંચી ગઈ. કારણ, સવારથી જ તે બેચેન હતી, ગભરાઈ રહી હતી. કોણ જાણે કેમ, જેમ જેમ દિવસ ચડતો ગયો તેમ તેમ હેમંત દેસાઈની શેહ તેના મનમાં ભરાતી ગઈ હતી; ગભરાટ વધતો ગયો હતો.

સ્ટુડિયો પર પહોંચતાં તેણે પૂર્વીને કહ્યું, 'પૂર્વી, મને થોડી હિંમતની જરૂર છે. મારામાં થોડોક આત્મવિશ્વાસ જાગે એવું કંઈક કરવાની જરૂર છે...'

પૂર્વી પળ બે પળ તેને જોઈ રહી. સાચે જ તે ગભરાઈ રહી હતી, ઢીલી પડી જતી હતી. પૂર્વીને તે રાંકડો ચહેરો જોઈને દયા આવવા લાગી; ગમે તે રીતે, તેને મદદ કરવાની ઇચ્છા થવા લાગી.

તરત જ તેણે હાર્મોનિયમ સંભાળ્યું. તેની નાજુક આંગળીઓ અજબ સ્ફૂર્તિથી હાર્મોનિયમ પર રમવા લાગી. એક મધુર, મોહક તર્જ હવામાં ગુંજી ઊઠી.

પ્રેમાએ એ તર્જ સાથે આલાપ સાંધ્યો. બે, ત્રણ, ચાર પલટાઓ લીધા અને રાગના અંતરામાં પ્રવેશવા ગઈ ત્યાં જ જાણે ચાકી ગઈ. આજપર્યંત ઝગઝગાટ ઝળહળતો તેનો આત્મવિશ્વાસ જાણે તૂટવા લાગ્યો, અવાજ કંપી ગયો.

બેએક પળ હોઠ ભીંસીને, આંખો જોરથી મીંચીને તે બેસી રહી. પછી બોલી, 'કમાલ છે! કેમ આમ થાય છે આજે?... હજી બે દિવસ પહેલાં તો શ્યામને ખુશખુશ કરી દીધો'તો મારા અવાજે—અત્યારે કેમ... અને પૂર્વી સામે જોઈ રહેતાં પૂછ્યું, 'અત્યારે તને કેવો લાગે છે મારો અવાજ?'

'સરસ છે—એકદમ સરસ!' પૂર્વી ઈરાદાપૂર્વક જૂઠું બોલી, 'તારા અવાજમાં અત્યારે પણ કંઈ ખામી નથી. હંમેશ જેવો જ મીઠો અને તાજગીભર્યો છે.... તને કેમ એવું નથી લાગતું?'

'શી ખબર!' પ્રેમા બોલી ઊઠી, 'એ જ ખબર નથી પડતી મને!' તેનો અવાજ જાણે ઉશ્કેરાઈ જતો હતો, 'શી ખબર કેમ, મને ડર લાગે છે, પૂર્વી, કે હેમંત દેસાઈને મારો અવાજ યોગ્ય નહિ લાગે. થોડોક છીછરો, થોડોક હલકો લાગશે! ઓહ!... ભગવાન! મારા અવાજને જો હજી થોડોક ઊંડાણભર્યો, થોડોક ઉષ્માભર્યો બનાવી શકાતો હોત!'

પૂર્વી કંઈક વિચારમાં તેની સામે જોઈ રહી. કદાચ, તે પ્રેમાની હાલત સમજી શકતી હતી. પ્રેમાની વાત તદ્દન સાચી હતી—અવાજની બાબતમાં હેમંત દેસાઈની સૂઝને છેતરવાનું અશક્ય હતું. એકાદ સામાન્ય ક્ષતિ પણ તેમની નજરથી સરકાવી લેવાનું અશક્ય હતું. હા, સામે શ્યામ હોત તો કદાચ, એ શક્ય બનાવી શકાયું હોત. પણ અહીં તો હેમંત દેસાઈ હતા—ખુદ!

તેના મનમાં કંઈક ભારે ગડમથલ શરૂ થઈ ગઈ. કંઈક ન સમજાય તેવું, અજાણ્યું અજાણ્યું વલોવાઈ રહ્યું મનમાં; અને મન જાણે દબાવા લાગ્યું, હેબતાવા લાગ્યું, કંઈ કારણ વિના! ઘડીભર તે જાણે ક્યાંક ઊંડે ચાલી ગઈ.

ત્યાં જ પ્રેમાનો અવાજ સંભળાયો, 'હવે શું થશે, પૂર્વી? હવે શું કરવું મારે?' અવાજ જાણે અચાનક ગળગળો થઈ ગયો, 'પ્લીઝ, પૂર્વી, કંઈક રસ્તો બતાવ, મને મદદ કર, પૂર્વી—પ્લીઝ!'

જબ્બર આત્મનિર્ભરતા અને આત્મવિશ્વાસથી સદાય ઓપતી પોતાની એ બહેનને આટલી મૂંઝાયેલી, આટલી ગભરાયેલી, આટલી નરમ પૂર્વીએ કદી જોઈ નહોતી. તેની હાલત જોઈને પૂર્વી ખરેખર સ્તબ્ધ થઈ ગઈ હતી, દ્રવી ઊઠી હતી. તેનું મન ખરેખર મથી રહ્યું હતું કંઈક કરી છૂટવા—એવું કંઈક જે પ્રેમાને ખરેખર મદદરૂપ થઈ શકે.

અને જાણે કંઈક જડી ગયું હોય તેમ સ્વસ્થ થઈ જતાં તેણે પ્રેમા સામે મોં મરકાવ્યું અને કહ્યું:

'આમ જો. બધી વાતો ભૂલી જા અત્યારે—બધા વિચારો કાઢી નાખ મનમાંથી. એક જ વાત બરાબર સમજી લે કે જે કરવાનું છે એ કરવાનું જ છે. પાછું પગલું ભરવાનું નથી. લડી લેવાનું છે ને જીતવાનું છે.'

પ્રેમા તેની સામે જોતી બેસી રહી. મોં પર ફરી જાણે સ્વસ્થતાનો રંગ પથરાવા લાગ્યો. એક-બે વાર આંખો પલકારીને તેણે હોઠ સહેજ હલાવ્યા.

પૂર્વીએ કહ્યું, 'હવે જો. આ જ રાગ મારે ગાવાનો હોય તો હું શરૂઆત આવી રીતે કરું.'

પ્રેમાએ રસપૂર્વક નજર તેની સામે ઠેરવી. પૂર્વીએ નજર ઢાળી દીધી. હાર્મોનિયમ પર આંગળીઓને રમતી મૂકી અને અનાયાસ એક અત્યંત મધુર આલાપ હવામાં ગુંજી ઊઠ્યો.

પૂર્વીનો એ અવાજ આમ તો મળતો આવતો હતો પ્રેમાના અવાજને. બન્નેના ચહેરાના જેવું જ મળતાપણું હતું બન્નેના અવાજમાં. પણ છતાં, હેમંત દેસાઈ જેવા કોઈક અસલી જાણતલને મન, તેમાં પાયાનો તફાવત હતો—અત્યંત મહત્ત્વનો તફાવત. પૂર્વીના અવાજની ગહેરાઈ અને લાખ-લાખ પુટ આપીને મધમાં ઘૂંટ્યો હોય એવી મીઠપ સીધી જ સાંભળનારના હૈયા સોંસરવી ઊતરી જાય તેવી હતી; દિવસો સુધી સ્મરણમાં ઘૂંટાતી રહે, રહી રહીને યાદ આવ્યા કરે તેવી હતી. પ્રેમાનો અવાજ પણ મીઠો હતો, પણ એ મીઠાશ સપાટી ઉપરના ચમકદાર પૉલિશ જેવી હતી. જ્યારે પૂર્વીનો તો જાણે હૃદયમાંથી એ અજબ મધુરપ પ્રગટતી હતી, અને જન્મજાત સંગીતસાધકની અસરદાર ચોટ મારી જતી હતી.

સ્તબ્ધ આંખે પ્રેમા તે સાંભળી રહી. હોઠ પર જીભ ફેરવતી જાણે કોઈ મધુર બંસરીના નાદના ઘૂંટડા ગળે ઉતારી રહી, અને બોલતી રહી :

'ચાલુ રાખ, પૂર્વી, ઓહ! ગાયા જ કર. બહુ સુંદર છે, અજબ છે, પૂર્વી! મારાથી આ ન થઈ શકે, કદી ન થઈ શકે— ખરેખર! પણ તું ચાલુ રાખ. મને ઘણું સમજવાનું મળે છે, ઘણું શીખવાનું મળે છે તેમાંથી...'

પણ પૂર્વી એ બધું ક્યાં સાંભળતી હતી? સાંભળી શકે એવા ભાનમાં જ તે ક્યાં હતી? એ તો ઊંડી ઊતરી ગઈ હતી, ખોવાઈ ગઈ હતી, એકરૂપ થઈ ગઈ હતી સૂરોના અજબ માહોલમાં. માલકૌંસના અદ્ભુત કોમળ–ગંભીર સૂરો હવા બાંધી રહ્યા. એક એક આલાપ, એક એક તાન, એક એક પલટા જાણે રાગને સાક્ષાત ખડો કરી રહ્યા. રૂમની હવાનો કણેકણ એ સૂરોથી ઝણઝણી ઊઠ્યો, ગુંજી ઊઠ્યો. બંધ આંખે, અજબ આસાનીથી આરોહ–અવરોહ પર ઝૂલતી પૂર્વી જાણે સૂરોમાં ઓગળતી ગઈ, એકરૂપ થતી ગઈ. રાગની હવા જામી ગઈ.

અને તેમાં સજ્જડ જકડાઈ ગઈ હોય, તેમ સ્તબ્ધ થઈને પ્રેમા બોલતી રહી : 'શાબાશ, પૂર્વી! ઓહ, વાહ પૂર્વી! કાશ, હું પણ–હું પણ તારી જેમ જ...... '

એક છેલ્લી તાન લઈને પૂર્વીએ ગાવાનું પૂરું કર્યું, અને આંખો ખોલી.

એ મિનિટે જ રૂમનું બારણું એક જોરદાર ધક્કાથી ખૂલી ગયું અને બે દમામદાર માણસો અંદર ધસી આવ્યા. બન્નેના ચહેરા પર એક આનંદભરી ઉત્તેજના હતી.

બેમાં શ્યામ સહેજ આગળ હતો, અને તેની પાછળ હતી એક ઊંચી, પ્રભાવશાળી આકૃતિ. તેના ગંભીર છતાં આકર્ષક ચહેરા સામે જોતાં જ બન્નેને સમજાઈ ગયું કે હેમંત દેસાઈ

તેમની સામે જ ઊભા હતા. તેમને જોતાં જ પૂર્વી, આપોઆપ ઊભી થઈ ગઈ. તેમની સામે હાથ જોડીને તેણે મોં મરકાવ્યું.

'હમણાં તમારા બેમાંથી અહીં કોણ ગાતું હતું?' કંઈ પણ પ્રસ્તાવના વિના હેમંત દેસાઈએ સીધો જ પ્રશ્ન પૂછ્યો અને વારાફરતી બન્નેની સામે જોઈ રહ્યા.

'ઓ, ઓહ!' પૂર્વીના મનમાં જાણે ધબાકો થયો. હેમંત દેસાઈના અણધાર્યા પ્રશ્ને, એક સેકંડ, તેને ગૂંચવી દીધી.

અને એ સેકંડે જ તેણે પ્રેમાનો મીઠો, વિનયભર્યો અવાજ સાંભળ્યો : 'હું ગાતી હતી, દેસાઈજી!'

અવાક્ થઈને પૂર્વી તેને તાકી રહી.

[૪]

ફડ-ફડ-ફડ...ગીલોલમાંથી છૂટેલા કાંકરાની સજ્જડ ચોટ વાગે ને કબૂતરીનું હૈયું ફફડી ઊઠે એમ પ્રેમાના એ મધુર વિનયી અવાજે પૂર્વીનું હૃદય વળ ખાઈ ગયું, એક જોરદાર ધક્કો ખાઈને શ્વાસ જાણે અદ્ધર ચડયો અને છાતીમાં જ ક્યાંક અટકી પડયો. ખુદ હેમંત દેસાઈ પણ જે અવાજની માલિકાને ઓળખવા અધીરઃ બની ગયા, એ અવાજ પોતાનો હતો એમ પ્રેમા બેધડક બોલી હતી–બાપ રે, કેટલી જૂઠ્ઠી !

છાતીમાં જાણે કંઈક જબ્બર ઉથલપાથલ શરૂ થઈ હોય તેમ શ્વાસ થંભાવીને પૂર્વી માત્ર અવાક્ બેસી રહી–પળ, બે પળ, ચાર પળ...એકાએક ગળામાંથી હાયકારો નીકળી ગયો. અને પછી તરત જ ચોંકી ગઈ–આ શું થઈ ગયું હતું તેને ? શું કરી રહી હતી તે ? કોઈ જોશે તો...

પણ તેના તરફ કોઈનુંય ધ્યાન ગયું નહિ. હેમંત દેસાઈ કંઈક વિસ્મયપુર્વક પ્રેમાને નિહાળી રહ્યા હતા, માથાથી પગ સુધી જાણે માપી રહ્યા હતા. શ્યામની આંખો ચમકી રહી હતી. એક ગર્વભર્યું આછું સ્મિત હોઠ પર તરવરી રહ્યું'તું. હેમંત દેસાઈને તે કહી રહ્યો હતો : 'મેં આપને કહ્યું હતું એ બરાબર ને ? જોઈ લીધુંને આપે ?'

અસમંજસમાં પૂર્વી શ્યામ સામે તાકી રહી– તેના અવાજમાંય કેવો હરખ ઉભરાતો હતો ! આટલો હરખ શ્યામને શાનો ?...શ્યામ સામે તે ઝાઝી વાર જોઈ ન શકી. નજર આપોઆપ હેમંત દેસાઈ તરફ વળી ગઈ.

'હં...' પ્રેમા તરફ એક નજર કરી લેતાં હેમંત દેસાઈ શ્યામ તરફ ફર્યા, 'ઉતાવળ શી છે, શ્યામ? તેં કહ્યું હતું એ મેં, અલબત્ત, સાંભળ્યું; પણ બંધ બારણે.' અને પછી ઝડપથી પ્રેમા તરફ ફરતાં બોલ્યા, 'વારુ. ચાલ, હવે તને બરાબર સાંભળું, ફરી વાર.'

પ્રેમાએ મુખ પર નમણું સ્મિત ફરકાવ્યું અને નજાકતથી હકારમાં ગરદન ઝુકાવી.

'ઓહ! કેટલું બધું બની ગયું થોડીક વારમાં?' પૂર્વીના સ્તબ્ધ મગજમાં વિચાર સળવળ્યો. ખરેખર, પળ-બે પળમાં એક જબરદસ્ત ઘટના બની ગઈ હતી. જોકે તેમાં કંઈ અણધાર્યું નહોતું, અકલ્પ્ય નહોતું. હેમંત દેસાઈ અને શ્યામ એ ઘડીએ ત્યાં આવવાના જ હતા, અગાઉથી જ એ નક્કી હતું. છતાં કોણ જાણે કેમ, કો'ક અદૃશ્ય હાથે જાણે ધક્કો મારીને પૂર્વીને દૂર હડસેલી દીધી હતી—એક ખૂણામાં, જ્યાં તેણે કંઈ જ કરવાનું નહોતું; માત્ર ઊભા રહેવાનું અને જોવાનું હતું.

અને એટલે જ તે ડઘાઈ ગઈ હતી. જે હાર્મોનિયમ પર હજી હમણાં જ તેની આંગળીઓએ સૂરોની અજબ જાદુગરી પ્રગટાવી હતી, તે હાર્મોનિયમ પર હવે એ આંગળીઓ જડ બનીને ચોંટી ગઈ હતી. અંદર જાણે બધું જ થંભી ગયું હતું. મનમાં એક ખાલીપો ત્રમત્રમી રહ્યો હતો.

પ્રેમાને ફરી વાર ગાવાનો આદેશ આપીને હેમંત દેસાઈ હાર્મોનિયમ તરફ વળ્યા ત્યારે પણ પૂર્વી અભાન બેસી રહી હતી. તેના ખભા પર હળવી ટપલી મારતાં હેમંત દેસાઈએ કહ્યું, 'ઊઠ, હાર્મોનિયમ હવે મને સોંપી દે.'

ફરી વાર તે જીવંત થઈ હોય તેમ એ સળવળી અને પછી ઝડપથી ઊભી થઈ ગઈ. આદરપૂર્વક, જરા સંકોચાઈને એક બાજુ ખસી ગઈ. હેમંત દેસાઈને માર્ગ આપવા શ્યામ પણ જરાક ખસ્યો

અને પૂર્વીની લગોલગ ઊભો રહી ગયો. તેની નજર રસપૂર્વક પ્રેમા પર મંડાઈ રહી હતી. પૂર્વી પણ પ્રેમા સામે જોઈ રહી, હેમંત દેસાઈ અને શ્યામ સામે જોઈ રહી.

તેની નજર સામે જાણે હવે એક અજબ ફિલમપટ્ટી ઉખળવા માંડશે. કેવાં કેવાં દૃશ્યો આવશે તેમાંથી?

હેમંત દેસાઈએ હાર્મોનિયમ સંભાળ્યું. જળમાં રમતી ઝીણી માછલીઓની જેમ આંગળીઓ સૂરો પર રમી રહી. ભારોભાર અહો-ભાવપૂર્વક પૂર્વી તેમને જોઈ રહી.

હેમંત દેસાઈએ પ્રેમા સામે જોયું અને હોઠ સહેજ મરકાવ્યા, 'તૈયાર?'

'જી' પ્રેમાની આંખો જરા મોટી થઈ, 'શું ગાઉં? આપ જ સૂચવો.' અવાજ અને ચહેરાને તે ખૂબ જ સ્વસ્થ રાખી શકી હતી. પૂર્વીએ પણ તે જોયું. છતાં સહેજ પહોળી થઈ ગયેલી આંખોમાં આછો ગભરાટ પણ તરતો હતો.

'હમણાં જે ગાતી હતી એ જ,' સંગીતના એ અજોડ ઝવેરીએ કહ્યું, 'માલકૌંસ સાંભળવો મને પણ ગમે છે.' અને અર્ધએક ક્ષણ પ્રેમા સામે જોઈ રહીને તેમણે કહ્યું, 'પણ સમજી લે. માલકૌંસ જેટલો આહ્લાદક છે, એટલો જ ગંભીર રાગ છે. તેના ખરા સ્વરૂપને પ્રગટ કરવું હંમેશાં કઠિન છે. આરંભ કર્યા પછી જ ખરી મુશ્કેલી શરૂ થાય છે. ગાનાર કેટલી સાહજિકતાથી પલટાઓ લઈ શકે છે, કેટલી સહજતાથી સૂરોને ગુંજતા કરી શકે છે તેના પર રાગને પ્રગટવાનો બધો આધાર રહે છે.' સહેજ થોભીને તેમણે ઉમેર્યું, 'અહીં તારે એ કરી બતાવવાનું છે. અહીં આ બાજુ બરાબર મારી સામે ઊભી રહે અને શરૂ કર.'

પ્રેમા ધીરેથી એ તરફ ખસી અને હેમંત દેસાઈની બરાબર સામે ઊભી રહી. તેમની વેધક દૃષ્ટિ હવે સીધી જ તેના પર પડતી હતી. એવી નજરોની સામે ઊભા રહેવાનો પ્રેમાને અભ્યાસ હતો.

લોકોની મંડરાઈ રહેલી નજરોને ઝીલવી તેને ગમતી હતી; અનેક વાર, અનેક નજરોને તે ઝીલી ચૂકી હતી; તેનો તેને ગર્વ પણ હતો. નાજુક સ્મિત ફરકાવતી તે હેમંત દેસાઈ સામે ઊભી રહી. શ્યામ પણ સહેજ ખસ્યો અને પૂર્વીની સામે જોઈ લીધું. તરત જ પાછો પ્રેમા અને હેમંત દેસાઈ તરફ જોઈ રહ્યો. શ્યામ તેની લગોલગ ઊભો હતો અને હમણાં જ તેણે તેની સામે પણ જોયું હતું. કદાચ જરાક સ્મિત પણ કર્યું હતું. પણ એ કેટલી વાર? તરત જ એ તો બીજી તરફ જોઈ ગયો હતો. પૂર્વીને લાગ્યું, તેના મનમાં અમથી અમથી નિરાશા જાગી રહી હતી. પાસે જ ઊભેલો શ્યામ જાણે દૂર દૂર હોય તેમ લાગી રહ્યું. વચ્ચે જાણે તોફાની નદી ઘૂઘવી રહી હોય તેમ લાગી રહ્યું–પણ શા માટે? શું કારણ હતું એમ લાગવાનું?...શી ખબર, અમથું અમથું!

અત્યારે, આ ઘડીએ તો શ્યામ સ્થિર નજરે પ્રેમાને નિહાળી રહ્યો હતો. તેની ચમકદાર આંખો સહેજ ઝીણી થઈ ગઈ હતી. ગર્વિષ્ઠ હોઠની વચ્ચે જાણે સ્મિત દબાઈ રહ્યું હતું. પૂર્વીએ તે જોયું. મનમાં થયું, ખરેખર એક દિગ્દર્શક એવી ઝીણી નજરે કોઈ 'નવા ચહેરા'ને નીરખીને પોતાનો અંદાજ મૂકી રહ્યો હતો. કે એક અંજાયેલો પુરુષ એક સ્ત્રીને નીરખી રહ્યો હતો જે ખૂબ, ખૂબ આકર્ષક હતી?...વળી તે નિરાશ થવા લાગી.

હવે, રૂમની હવા આંદોલિત થઈ ઊઠી હતી. હાર્મોનિયમમાંથી ઊઠતા માલકૌંસના ગંભીર–મધુર સૂરોની પાછળ પાછળ એક આલાપ રેલાઈ રહ્યો હતો. પૂર્વી જાણે જાગી ગઈ; નકામા, માંદલા વિચારોના ટોળામાંથી જાણે બહાર નીકળી ગઈ. ને ધ્યાનથી સાંભળી રહી. આંખો નીચી ઢાળીને પ્રેમા આલાપ પાછળ આલાપ વહેતા મૂકી રહી હતી. એક એક આલાપ જાણે ભગીરથ પ્રયાસથી ભરેલો હતો. પ્રેમા જાણે તેની સમગ્ર ચેતનાને કંઠમાં કેન્દ્રિત કરવા મથી રહી હતી. હેમંત દેસાઈ અચલ ચહેરે તેને જોઈ રહ્યા હતા, સાંભળી

રહ્યા હતા. શ્યામની આંખો સ્થિર બનીને પ્રેમા પર મંડાઈ રહી હતી. પ્રેમા તમામ શક્તિપૂર્વક ઝઝૂમી રહી હતી.

છેલ્લી તાન લઈને પ્રેમાએ ગીત પૂરું કર્યું. તેની પૂર્તિ કરતા હોય તેમ છેલ્લા સૂરોને નાજુકાઈથી રમાડીને હેમંત દેસાઈએ હાર્મોનિયમ બંધ કર્યું. પળ, બે પળ ચૂપકીદી પથરાઈ રહી.

શ્યામની નજર હેમંત દેસાઈ તરફ વળી. પ્રેમા પણ તેમની સામે જ જોઈ રહી હતી. પૂર્વીએ પણ તે તરફ જોયું.

ગળું જરા ખોખારીને હેમંત દેસાઈએ શ્યામ સામે મોં મરકાવ્યું અને પ્રેમા કે પૂર્વી ત્યાં જાણે ત્યાં હોય જ નહિ એમ બોલ્યા, 'અવાજમાં પૂરતી ગહેરાઈ નથી, શ્યામ. તાલીમ બેશક, ઘણી છે પણ અવાજને તે ઉપર ઉપર જ કેળવી શકી છે. મેં ધાર્યો હતો તેવો અવાજ આ નથી; ગમે ત્યારે તે તૂટી જઈ શકે!'

પૂર્વીને મનમાં એકદમ કંઈક થયું, શું થયું એ તો તે પૂરું સમજી નહિ; પણ જબ્બર કંઈક થયું. એક હાથની હથેળી છાતી પર દબાવીને તેણે પ્રેમા સામે જોયું. જોરથી ચોટ વાગી હોય તેમ એક ક્ષણ તેના ચહેરા પર વેદના લીંપાઈ ગઈ, પણ તરત જ તેણે જાણે જાતને સંભાળી લીધી.

શ્યામે હેમંત દેસાઈ સામે સ્મિત કરતાં હકારમાં માથું હલાવ્યું અને બોલ્યો, 'પણ તેમ છતાં અવાજ કંઈ એટલો ખરાબ પણ નથી જ ને? આ અવાજ સાથે પણ, તે બીજા ઘણાં કરતાં આગળ રહી શકે તેમ છે, નહિ?'

'હં... ' હેમંત દેસાઈએ પ્રેમા સામે અને પછી પૂર્વી સામે જોઈ લેતાં માથું હલાવ્યું.

'તો પછી દેસાઈજી, શી ઈઝ પોસીબલ, ઈઝન્ટ શી?' શ્યામે ફરી વાર પૂછ્યું.

'અ.....શી માઈટ બી પોસીબલ' ફરી વાર પ્રેમા અને પૂર્વી તરફ જોઈ લેતાં હેમંત દેસાઈ બોલ્યા. મનમાં નહિ બેસતી

કોઈ ગડ જાણે તેમને પજવી રહી હતી. તેમણે આગળ કહ્યું, 'કોઈ નાના પાયાના કામ માટે તે ચાલી જાય–તેમાં બહુ મુશ્કેલી ન પડે. એમ તો સંગીતની સમજ તેનામાં હોવાનું ક્યાંક ક્યાંક દેખાય છે પણખરું.' સહેજ અટકીને પ્રેમા સામે જોઈ લેતાં તેમણે કહ્યું, 'ખાસ કરીને રાગના આરંભમાં તેણે જે કુશળતા બતાવી તે દાદ માગી લે તેવી હતી. પણ –'

વાત અધૂરી છોડીને તે પાછા હાર્મોનિયમ પાસે ગયા અને માલકૌંસના આલાપો ફરી પાછા વગાડી બતાવતાં શ્યામને કહ્યું, 'જો, બરાબર અહીં; રાગના ઉપાડમાં તેણે જે નિપૂણતા બતાવી છે તેને દાદ દેવી પડે તેમ છે!'

પૂર્વીના અંતરમાં એક અજનબી ઊભરો ચડયો: 'ઓહ! એ એ જ આલાપો હતા જે થોડી વાર પહેલાં જ તેણે ભારે જહેમતથી પ્રેમાને બતાવ્યા હતા, શીખવાડયા હતા!' તેનું મન અંદરથી ઝણઝણી રહ્યું.

'હાજી, બરાબર છે, સર!' પ્રેમાનો મીઠડો અવાજ સંભળાયો, 'માલકૌંસનો આરંભ એમ જ થવો જોઈએ. હું પહેલેથી એમ માનું છું.'

'માત્ર તું જ નહિ, આ રાગ જેણે રચ્યો એ અદ્ભુત સંગીતકાર ખુદ પણ એમ જ માનતો હશે. આનાથી વધારે સારો આરંભ સંભવી શકે જ નહિ!' હેમંત દેસાઈએ પ્રેમા સામે જોયા વિના જ જવાબ આપ્યો, અને શ્યામને કહ્યું, 'આટલું તેની પાસે છે. આગળના વિષે કંઈ કહી શકાય તેમ નથી. છતાં બનવાજોગ છે કે, આપણે તેનો ઉપયોગ ક્યાંક કરી શકીએ પણ તેમ બને તો યે ખૂબ સખત પરિશ્રમ તો કરવો જ પડશે.' છેલ્લા શબ્દો તેમણે પ્રેમાને સંબોધીને કહ્યા.

'હું તૈયાર છું, દેસાઈજી!' તત્કાળ પ્રેમા બોલી ઊઠી, 'ગમે તેટલો શ્રમ કરવા હું તૈયાર જ છું. મને તો તેથી આનંદ

થશે ' તેનો અવાજ લાગણી અને ઉષ્માથી ભર્યો ભર્યો બની ગયો સાંભળનારના મન સુધી પહોંચે તેવો.

'હવે મારે તને બીજી વાર સાંભળવી છે. બીજા જ પ્રકારની ગાયકીમાં,' અચાનક હેમંત દેસાઈએ જાહેરાત કરી, 'એ જુદા જુદા રાગની જુગલબંધીમાં તું કેવુંક પાણી બતાવે છે એ જોવું પડશે. તું સમજે છે ને કે, ખરી નિપુણતા તેમાં જ બતાવવાની હોય છે. એક ગાયક એક રાગ છેડે તેના આલાપને પકડીને, ક્યાંય રસભંગ કે ક્ષતિ આવવા દીધા વિના સાવ સહજતાપૂર્વક બીજો જ રાગ છેડતા જવું, એ મારે મન ગાયકની ખરી કસોટી છે. હવે તારે એ કરવાનું છે, પણ તે માટે બીજું કોઈક'–બોલતા સહેજ અટકીને તેમણે આસપાસ નજર ફેરવી. પૂર્વી પર નજર ઠેરવીને તેમણે પ્રેમાને પૂછ્યું, 'તારી બહેન ગાઈ શકશે ? ભલે સામાન્ય –'

પૂર્વીના મનમાં ઉથલપાથલ મચી. અરે નસીબ ! હેમંત દેસાઈ તેને માત્ર એક નબળાપાતળા સાધન તરીકે જ જોતા હતા. પ્રેમાને ગાવામાં સામે નામ પૂરતુંય ઉપયોગમાં લઈ શકાય તેવું સાધન માત્ર. તે સમસમી રહી– પોતે કંઈ બોલી ન જાય તો સારું ! ઓ ભગવાન !

ત્યાં જ પ્રેમાનો અવાજ સંભળાયો, 'નાજી, બિલકુલ નહિ !' અને પછી આયાસપૂર્વક હસી પડતાં ઉમેર્યું, 'સંગીતનો તેને શોખ છે–અમારા ઘરમાં બધાને શોખ છે. પણ ગાઈ તો તે બિલકુલ–'

'નહિ ?' હેમંત દેસાઈ વચ્ચે બોલ્યા. પળવાર તેમની ધારદાર નજર પૂર્વી પર સ્થિર થઈ. પછી ફરી બોલ્યા, 'ખેર, કંઈ નહિ. એમ કર, તું બાગેશ્રી ઉપાડ. સામે હું જયજયવંતી ગાઈશ.'

ફરી હાર્મોનિયમ જીવંત થઈ ઊઠ્યું. ફરી રૂમની હવા બાગેશ્રીના અલબેલા સૂરોથી ગુંજી ઊઠી. પ્રેમા જીત પર આવીને મથતી રહી, સામે હેમંત દેસાઈ જયજયવંતીના રંગભીના આલાપો છેડીને હવા

જમાવતા રહ્યા. બે રંગીલી રાગિણીઓ જાણે હાથમાં હાથ ઝાલીને ઝૂમી રહી, નાચી રહી.

પણ પૂર્વી માત્ર સ્તબ્ધ ઊભી રહી હતી. એક કારમી ચોટ ખાઈને તેનું કાળજું જાણે વળ ખાઈ રહ્યું હતું, વલોવાઈ રહ્યું હતું. અંતર જાણે પોકાર કરી રહ્યું હતું :

નથી જોઈતું ! તને મળવાનું હોય તેમાંનું કંઈ જ મારે નથી જોઈતું, પ્રેમા ! હેમંત દેસાઈ સામે ગાઈને મારે કંઈ જ પામવાનો અભરખો નથી !....પણ, પણ મને ઉપેક્ષાના ઉજ્જડ ખૂણામાં આમ શા માટે ધકેલી રહી છે, પ્રેમા ?'

અંતરના એ વલોપાતને વાચા આપવાનું શક્ય નહોતું, તેનો કોઈ અર્થ પણ નહોતો. પ્રેમાને તેણે વચન આપ્યું હતું–મદદ કરવાનું. તેના પ્રતાપે હવે પ્રેમા જીતની ઘણી નજીક પહોંચી ગઈ હતી. હવે તેને ઉથાડી ન પડાય. તેમાં-કોઈનીય શોભા નહિ !

તેનું ઉશ્કેરાયેલું, ડહોળાયેલું મન પાછું આછરવા લાગ્યું. શ્વાસની આવનજાવન સ્વસ્થ અને હળવી બની. છતાં રહી રહીને તેને થતું હતું : 'ખુદ હેમંત દેસાઈ કોઈને ગાવા માટે સામે ચાલીને કહે, અને એ ગાવું શ્યામ પણ સાંભળવાનો હોય ત્યારે પણ જખ મારીને ચૂપ રહેવું, જબરજસ્તીથી મૂંગા રહેવું એ કેવું કમભાગ્ય ! માત્ર થોડુંક તે ગાઈ શકતી હોત ! થોડુંક જ શ્યામને સંભળાવી શકતી હોત ! એ એક માત્ર માણસ હતો દુનિયામાં જેના પર પોતાની પણ કોઈ છાપ હોય એમ તે ઝંખતી હતી, કેટલું બધું ઝંખતી હતી ! પણ એવું કંઈ થઈ શકે એમ જ ક્યાં હતું ?

જુગલબંધી પૂરી થઈ–પ્રેમા અને હેમંત દેસાઈની સાથે સાથે બહાર ઊભેલી એક પૂર્વી અને અંદર આક્રોશતી બીજી પૂર્વીની પણ જુગલબંધી પૂરી થઈ. હેમંત દેસાઈ શ્યામને કહેતા સંભળાયા, 'મેં પહેલાં કહ્યું તેમ આ છોકરી ચાલે તેવી છે. આપણે તે વિષે વાત કરી લઈશું.' અને પ્રેમા તરફ જોતાં ઉમેર્યું, 'થેંક્યું. એક–

એ દિવસમાં જ શ્યામ તને અમારો નિર્ણય જણાવશે !'

'ઓહ, થેંક્યુ, દેસાઈજી !' પ્રેમાએ તેનું લાક્ષણિક અસરદાર સ્મિત તેમની સામે ફરકાવ્યું.

શ્યામ અને હેમંત દેસાઈ બહાર નીકળી ગયા. સ્ટુડિયોનો એ રૂમ પળ-બે પળ ચૂપકીદીથી ભરાઈ ગયો. પળ-બે પળ પ્રેમા પૂર્વી સામે તાકતી હાર્મોનિયમ પર હાથ પસવારતી રહી અને પછી આયાસપૂર્વક, હસતી બોલી, 'તોયે એકંદર મેં સારો દેખાવ કર્યો, નહિ, પૂર્વી ? હવે તને નથી લાગતું કે મને પાત્ર મળવાનું લગભગ નક્કી જ ગણાય ?' સહેજ અટકીને પૂર્વીની સાવ પાસે જતાં તે બોલી, 'ભગવાનનો કેટલો પાડ માનું કે, તું ગાતી હતી ત્યારે જ તેઓ આવી પહોંચ્યા ? અને તારો પણ કેટલો પાડ કે તું છેક સુધી બધી રીતે મારા પડખે ઊભી રહી !'

'બીજું મારાથી થઈ પણ શું શકતું હતું ?' ધીમા અવાજે પૂર્વી બોલી. બોલવામાં તેના મનની પીડા કે રોષ દેખાઈ ન જાય તેવો પ્રયત્ન તેણે કર્યો, પણ પૂરેપૂરો કદાચ, છૂપાવી શકી નહિ. તેથી જ કદાચ, પ્રેમા એકદમ તેની પાસે આવી ગઈ અને તેને બાથ ભરી દીધી.

તે બોલી, 'પૂર્વી, મારી પ્યારી બહેન ! હું જાણું છું, મેં જે કર્યું એ ખરાબ હતું-ઘણું જ ખરાબ. પણ તું જ કહે, મારે માટે એ એક જ રસ્તો ખુલ્લો નહોતો ? મારું સપનું સિદ્ધ કરવાની આ એક તક નહોતી ? એ ચૂકી જાઉં તો મારાં બધાં અરમાનો ખતમ થઈ જાય. વળી તારે તો એવું કોઈ અરમાન હતું નહિ. એટલે આપણે સાચું કહી દીધું હોત તો તને તો કંઈ લાભ થવાનો નહોતો, માત્ર મને એવડું મોટું નુકસાન થઈ જાત કે-' થોડી વાર પૂર્વીના ચહેરાને તાકી રહીને તે આગળ બોલી, 'તારે તો આવું કોઈ પાત્ર મેળવવાનો પ્રશ્ન જ નહોતો. એટલે તેઓ તને સાંભળે કે ન સાંભળે, કોઈ ફેર પડતો જ નહોતો. પ્લીઝ, મારા પર ગુસ્સે ન થઈશ, પૂર્વી !'

બોલતાં બોલતાં પ્રેમાનો અવાજ ખરેખર ગળગળો થઈ ગયો હોય એવું પૂર્વીને લાગ્યું. અવાજની આર્દ્રતા તેના હૃદયને સ્પર્શી ગઈ. મનને ફરી પ્રફુલ્લ બનાવવા મથતી તે બોલી, 'ખેર, તેનો કંઈ વાંધો નથી. પણ મને એક વાત ખૂબ ખૂંચે છે, પ્રેમા. મને ગાતાં તો બિલકુલ આવડતું જ નથી એવું કહેવાની હદે તારે જવું જોઈતું નહોતું !'

પ્રેમાએ મુખ મરકાવ્યું. આંખો સહેજ પહોળી કરી અને કહ્યું, 'અરે પૂર્વી, તને કેમ સમજાતું નથી ? હેમંત દેસાઈને જો એટલી યે ખબર પડી હોત કે તારા ગળામાંથી અવાજ સુધ્ધાં પણ નીકળી શકે છે, તો તે તને ગવડાવ્યા વિના રહ્યા જ ન હોત ! તેનો મૂડ ત્યારે એવો જ હતો. અને હેમંત દેસાઈ એક વાર તને ગાતી સાંભળે, તો તે આવ્યા ત્યારે બંધ બારણે ગાનાર તું જ હતી-હું હોઈ શકું નહિ-એ સમજી જતાં તેમને આંખના પલકારા જેટલી પણ વાર લાગે ખરી ? તેના કાન કેટલા સતેજ છે, ખબર નથી તને ? એવું કહેવાય છે કે, હેમંત દેસાઈના કાન તો ધરતીમાંથી ઘાસના અંકુરોના ફૂટવાનો અવાજ પણ સાંભળી શકે છે. તેની સામે તેં ગાયું હોત તો મારું જૂઠાણું એક પળ પણ ટકી શક્યું હોત ખરું ?'

પ્રેમાની વાત, તેની રીતે સાચી હતી, પણ તેનાથી પૂર્વીના દિલને શાતા મળતી નહોતી. તેને લાગતું હતું કે તેને ભલે એવું કોઈ ધ્યેય ન હોય, પણ ભવિષ્ય તો તેને હતું જ. એ ભવિષ્યનો વિચાર કરતાં તેને લાગતું હતું કે, પ્રેમાની પ્રગતિ માટે, પોતાના પર લદાઈ જતી આવી ચૂપકીદી કેવળ અસહ્ય હતી. પ્રેમાની તે ઇચ્છા પૂરી કરવાનો અર્થ એ થાય કે, જો એક માત્ર બક્ષિસ, એક

અસાધારણ બક્ષિસ કુદરતે તેને આપી હતી. તેને જ તેણે સદાય છૂપાવી રાખવી. કદી પણ–કોઈ પણ પરિસ્થિતિમાં કોઈનેય પણ જાણવા ન દેવું કે, તેનો અવાજ, તેનું સંગીત એવી અદ્ભુત ચીજ હતી–જે ક્યારેક જ, માત્ર ક્યારેક જ જન્મે છે...ઓહ! એ જ તેણે છુપાવી રાખવાનું ? હેમંત દેસાઈથી પણ ? ખુદ શ્યામથી પણ ... ?

[૫]

બીજે દિવસે પૂર્વી ઑફિસે પહોંચી ત્યારે તેનું મગજ ભારે ભારે હતું; ધૂંધળું અને ભારે. સાવ કોરા આકાશમાં વગર ચોમાસે વાદળાંનો ઘટાટોપ થઈ જાય એમ હતાશ–હતાશ વિચારોનો ઢાલો મેઘાડંબર મગજ પર ઝળુંબતો હતો. આમ જુઓ તો કંઈ થયું નહોતું તેને, પણ તોય મન બેચેન–બેચેન હતું, કુંઠવાઈ ગયું હતું, જાણે ગઈકાલથી અંદર ભરાઈ ગયેલું ઠંડું લખલખું હજી અંદર ઘૂમરાઈ રહ્યું હતું.

અને શ્યામ ઑફિસમાં હાજર હતો. તેનીયે પહેલાં આવી ગયો હતો. તેના ચહેરા પર સ્પષ્ટ ખુશાલી તરવરતી હતી–કોઈ વિજયની ખુશાલી. વિજયી સેનાપતિની અદાથી તે પૂર્વીની સામે જોઈ રહ્યો–આમજનતાના અભિનંદન ઝીલવા આતુર હોય તેમ. પૂર્વી અંદર આવી કે તરત જ તેણે પેલું મોહક સ્મિત ફરકાવ્યું અને કહ્યું, 'કાલે બધું સરસ પાર પડી ગયું, નહિ ?'

બીજો કોઈ દિવસ હોત; હા, બીજો કોઈ પણ દિવસ હોત તો પૂર્વીએ પણ એવી જ આતુરતાથી, ઉત્સાહભેર જવાબ આપ્યો હોત, 'એકદમ ફર્સ્ટ કલાસ!'

પણ આ બીજો દિવસ નહોતો. આ એ દિવસ હતો જેની પહેલાં ગઈકાલનો એક દિવસ આવી ગયો હતો. ઘણું ઘણું ભાંગી ગયો હતો એ દિવસ. ઘણું છિન્નભિન્ન કરી ગયો હતો. એક વિકરાળ અનુભવ આપી ગયો હતો. મન હજી રહી રહીને વલોવાઈ જતું હતું, તરફડી જતું હતું.

મોં તો તે મરકાવી શકી. મોં મરકાવીને તેણે કહ્યું, 'હા,

ઠીક પાર પડી ગયું કહેવાય. પણ હજી આખરી ફેંસલો તો બાકી જ ને?'

'તને શી ખબર કે હજી બાકી છે?'

'એટલે? એટલે કે—' પૂર્વીના મનમાં પડઘો પડ્યો. તે કંઈક બોલવા ગઈ, પણ અટકી ગઈ. ટેબલ પર પડેલું એક પરબીડિયું લઈને ખોલવાના બહાને થોડી વાર ચૂપ રહી. અને પછી ઊંચે જોયું. શ્યામની મજાકભરી આંખો તેના પર મંડાયેલી હતી.

'એટલે તમે એમ કહો છો કે, નિર્ણય લેવાઈ ગયો છે?' પૂર્વી બોલી ગઈ. પણ તેનો અવાજ જાણે કોઈ વિચિત્ર ભારથી દબાઈ જતો હતો.

'એકાદ કે અર્ધો ટકો બાદ કરીને કહું તો—હા.' શ્યામ મજાકભર્યું હસ્યો, 'સ્ટુડિયોમાંથી પછી હું દેસાઈજીને સીધો જ જમવા લઈ ગયો. જમતાં જમતાં મેં થોડીક વાતો કુનેહપૂર્વક તેમના મનમાં મૂકી દીધી. જોકે તેમના પોતાના અભિપ્રાય પર કોઈ મોટી અસર પાડવાનું તો અશક્ય છે, છતાં હું તેમની પાસે એટલું તો બોલાવી શક્યો કે, જો પ્રેમા હવે પછીના રિહર્સલમાં સાંગોપાંગ નીકળી જાય તો પાત્ર તેને મળશે! બોલ, મોટું કામ પાર પડી ગયું કે નહિ?'

પૂર્વી સ્તબ્ધ થઈ ગઈ. ચૂપ થઈ ગઈ.

કંઈ કેટલાયે લાંબા સમયથી પોતે માત્ર ચૂપ જ ઊભી છે એમ તેને લાગ્યું, અને તે બોલી ઊઠી, 'ઓહ! અજબ કહેવાય!'

પણ શબ્દો જેવો ઉમળકો અવાજમાં નહોતો. એ પરખાઈ જતું'તું. શ્યામની આંખોમાં એક અચંબો તરી આવ્યો. તરત પાછી અકળામણ તરી આવી. જાણે છેડાઈ પડ્યો હોય તેમ તે મોટેથી હસ્યો—લુખ્ખું લુખ્ખું, અને પૂછ્યું, 'બસ? એ બે શબ્દો જ કહેવાના છે તારે? બીજું કંઈ નહિ?' અને થોડી વાર તેની

સામે તાકી રહેતાં ઉમેર્યું, 'તારી બહેનને પાત્ર મળી જાય તેથી કંઈ ખુશી નથી થતી તને?'

'થાય છે સ્તો!' પૂર્વી બોલી, 'કેમ ન થાય? પ્રેમાને પાત્ર મળશે તો હું પણ પ્રેમા જેટલી જ આભારી થઈશ.' સહેજ અટકીને શ્યામની સામે જોતાં તેણે કહ્યું, 'પણ તમારે હેમંત દેસાઈને ગળે એ વાત ઉતારવી પડી એમ જ ને? તેમના પોતાના અભિપ્રાય વિરુદ્ધની વાત?'

'ના રે!' શ્યામ ભારપૂર્વક બોલ્યો, 'તેમના પોતાના અભિપ્રાયથી જુદું કંઈ જ તેમના ગળે ઉતારવું હંમેશાં અશક્ય હોય છે. પણ તેમને એમ લાગે છે કે, અને મને પણ લાગે છે કે, અમારી સામે ગાતી વખતે તારી બહેન જરા વધારે પડતી નર્વસ બની ગઈ હતી, અને એટલે તે પોતાની પૂરી શક્તિને મોકળી મૂકી શકી નહોતી.' જરા વધારે નજીક આવતાં તેણે આગળ કહ્યું, 'દેસાઈજી પર તેના ગાવાની અદ્ભુત છાપ તો ત્યારે જ પડી હતી જ્યારે તે અમારી ગેરહાજરીમાં ગાઈ રહી હતી. ઓહ! કેટલી અજબ, કેટલી અસરદાર લાગતી હતી ત્યારે! ભરચક પ્રેક્ષકોની સામે પણ જો તેને એવી જ રીતે ગાતી કરી શકાય તો—'

પૂર્વીની સામે જોવા તે સહેજ અટક્યો. એક મજાનું સ્મિત કર્યું અને આગળ બોલ્યો, 'તો સાચું કહું છું પૂર્વી, ત્યાર પછીનો એકેએક દિવસ તેને માટે ટોચ પર પહોંચવાનું એકએક પગથિયું બનતો જશે! જોવાનું માત્ર એટલું જ રહે છે કે, દેસાઈજી તેને એવું ગાતી કરી શકે છે કે નહિ!'

પૂર્વીના હોઠ સુધી શબ્દો આવી ગયા, 'આ ભવમાં તો એ નહિ થઈ શકે. પ્રેમા પાસે એવું ગવડાવવું એ ખુદ હેમંત દેસાઈની પણ પહોંચ બહારનો ચમત્કાર છે!' પણ એ વાત મનમાં જ ગોપવીને તેણે કહ્યું, 'ખરેખર, બહુ અદ્ભુત કહેવાય તો તો!...

ખેર, ગમે તેમ પણ મારી બહેન માટે તમે જે કષ્ટ ઉઠાવ્યું તે બદલ હું ખૂબ—'

શ્યામ વચ્ચે જ હસી પડ્યો, ખડખડાટ હસી પડ્યો. અને પછી એક મજાકભરી ઠંડી દૃષ્ટિ તેના પર ઠેરવી. પળ બે પળ તે એમ જોઈ રહ્યો અને પછી પોતાના ટેબલ તરફ પાછો ગયો.

પૂર્વી તેથી ગૂંચવાઈ ગઈ–શો અર્થ થતો હતો એમ ખડખડાટ હસી પડવાનો? શો અર્થ હતો એમ અકળ નજરે તાકી રહેવાનો અને પછી કંઈ બોલ્યા વિના ચાલ્યા જવાનો?

સવારથી જ તેનો દિવસ બગડી ચૂક્યો હતો. સાંજ સુધીમાં તેમાં કોઈ મોટો તફાવત ન પડ્યો. પણ તેણે પોતાના અસ્તવ્યસ્ત મનને પાછું ભેગું કરી લીધું હતું, સરખું કરી લીધું હતું, અને હંમેશ જેવા જ ઉત્સાહથી રણકતા અવાજે શ્યામ સાથે વાત કરવા જેટલી સ્વસ્થ બની ગઈ હતી–એવું તેને પણ લાગ્યું ત્યારે તેણે શ્યામને પૂછ્યું, 'તો પછી હવે આ વાત હું પ્રેમાને કહી શકું? કે—કે આખરી નિર્ણય લેવાય ત્યાં સુધી તેની ચર્ચા—'

'અરે, ખુશીથી! તેની જેટલી ચર્ચા કરવી હોય તેટલી તું કરી શકે છે.' શ્યામે કામમાંથી માથું ઊંચું કરતાં કહ્યું, 'પ્રેમાને એની ખબર છે. મેં જ તેને કહ્યું છે.'

'ત–તમે કહ્યું તેને?'

'હા, લંચ માટે હું બહાર ગયો ત્યારે જ મેં તેને ફોન કર્યો'તો. એ તરત જ દોડી આવી અને મારી સાથે કૉફી પીધી.' વળી તેની મજાકભરી આંખો ચમકી ઊઠી, તે આગળ બોલ્યો, 'વાત સાંભળીને તો તે એટલી આનંદમાં આવી ગઈ, એટલી આનંદમાં આવી ગઈ કે ઘડીભર તો એમ લાગ્યું કે તે નાચી ઊઠશે!'

'એવું જ થયું હશે,' પૂર્વી ધીમેથી બોલી, 'નાચી ન ઊઠી એ એક નવાઈ જ ગણાય!' પણ પછી તે શ્યામની નજર

સામે નજર માંડી શકી નહિ. નજર ઝૂકીને ટેબલ પર ઢળી ગઈ.

અચાનક તેની નજર શ્યામના ટેબલ પર ચોંટી ગઈ. અચાનક તે જરા મોટા અવાજે બોલી ઊઠી, 'પેલી મૂર્તિ! એ–એ ક્યાં ગઈ ટેબલ પરથી?'

પાંખોવાળી, એક તૂટેલી પાંખવાળી એ મનોહર મૂર્તિ શ્યામના ટેબલ પર હંમેશાં અચૂક રહેતી. જાણે ફાળ પડી હોય તેમ તેની નજર ટેબલ પર મૂર્તિને શોધી રહી. ને જે બોલી ઊઠી, તેના પડઘા મનમાં અથડાઈ રહ્યા.

નવાઈભરી આંખે શ્યામ ઘડીક તેની સામે જોઈ રહ્યો. પછી મોં મરકાવ્યું અને ટેબલ પરથી કાચનો એક ઘોડો હાથમાં લીધો. સરસ હતો, ખરેખર ખૂબ સરસ. પૂર્વીની સામે તે ધરતાં એ બોલ્યો, 'તેને બદલે આ નવી 'મૂર્તિ' આવી ગઈ, જો. સરસ છે ને?' સહેજ થોભીને ધીમું સ્મિત કરતાં તે આગળ બોલ્યો, 'પ્રેમાએ મને ભેટ આપ્યો છે. તે કહેતી હતી કે, આ ઘોડો માત્ર સુંદર કલાકૃતિ જ નથી; તે એક શુકનિયાળ ભેટ પણ છે. ફેસ્ટીવલની સફળતામાં તે ચોક્કસ શુકનિયાળ નીવડશે–મારે માટે અને તેને માટે પણ!'

'અને—અને પેલી મૂર્તિ?' પહોળી આંખે પૂર્વી તે ઘોડા સામે જોઈ રહી, 'તેને ક્યાં નાખી દીધી તમે?' તેના હોઠ, તેના હાથ, આખું શરીર ધીમું ધીમું કંપી રહ્યું હતું–શ્યામની નજરે એ ચડી ન જાય તે માટે તે સંકોચાઈ રહી.

શ્યામે ટેબલનું એક ખાનું ખેંચીને ઉઘાડ્યું અને તેમાં હાથ નાખતાં કહ્યું, 'એ તો આ રહી. આ ખાનાની અંદર. ગમે તેમ, પણ તે ખંડિત તો છે જ ને?' મૂર્તિ બહાર કાઢતાં તેણે કહ્યું, 'મેં તને કહેલું ને કે એ મૂર્તિ હવે ટેબલ પર સારી નથી દેખાતી? તેને હું ઘેર લઈ જઈશ અને—'

અચાનક પૂર્વીને જાણે છાતીમાં એક તોફાન જાગ્યું. મનમાં એક સખત આવેશ ધસી આવ્યો. કલ્પી પણ ન શકાય તેટલી ઝડપથી, તે ખુદ પણ કલ્પી ન શકે એવું તે કરી બેઠી. પોતાના ટેબલથી શ્યામના ટેબલ સુધી ને લગભગ દોડી ગઈ અને એ મૂર્તિ ઝટકા સાથે ઝૂંટવી લીધી.

સ્તબ્ધ આંખે શ્યામ તેને તાકી રહ્યો.

ધીરે ધીરે કંપતી આંગળીઓ મૂર્તિ પર ફેરવતી, કંપતી હથેળીઓની વચ્ચે નાજુકાઈથી દબાવતી, કંપતા અવાજે તે બોલી, નહિ! તેને હું ક્યાંય લઈ જવા નહિ દઉં. તમારે તેને ન રાખવી હોય તો મને આપી દો! હું રાખીશ તેને...મારી પાસે જ રાખીશ...'

એક અકલ્પ્ય પળે, અકલ્પ્ય એવું કંઈક તે કરી બેઠી. અને એ પળ વીતી ગઈ. બીજી પળે તે સ્વસ્થ થવા લાગી, જાણે ભાનમાં આવવા લાગી. અને પોતે હમણાં જ જે કરી નાખ્યું તે તેને સમજાવા લાગ્યું.

ઠીકઠીક સ્વસ્થ અવાજે તે બોલી, 'તમારે તે ન જોઈતી હોય તો હું તેને મારા ટેબલ પર રાખીશ.' પછી પેલા કાચના અશ્વ સામે જોતાં બોલી, 'આટલી અદ્‌ભુત સુંદર મૂર્તિની જગ્યાએ આવા બીબામાં ઢાળેલા કાચના રમકડાની કલ્પના જ કેમ થઈ શકે! સુંદરતા અને કલાત્મકતાની કદર ન હોય તેને એવી ચીજ રાખવાનો—'

પણ તે અટકી ગઈ. તેને લાગ્યું કે, તે અણધારી આવેશમાં આવી ગઈ હતી. શ્યામને તે બધું નહિ સમજાય; ન જ સમજાય ને! તેના મનની એને શી ખબર પડે? ગમે તેમ, પણ આ અદ્‌ભુત મૂર્તિને આવી રીતે ફેંકી દેવાય, માત્ર જરાક ખંડિત હોવાના કારણે દૂર હડસેલી દેવાય એ તો...એ તો કેમ ચાલે?

ઝંખવાઈ ગયેલા ચહેરે તે શ્યામ સામે જોઈ રહી. આંગળીઓ

અનાયાસ મૂર્તિ પર ફરતી રહી.

જે જોયું તે જાણે માની ન શકાતું હોય એવા ભાવ સહિત શ્યામ પૂર્વીને નીરખી રહ્યો. એક ભારે, વજનદાર નીરવતા ઝળુંબી રહી. બે પળ પછી શ્યામ બોલ્યો. અવાજ ધીમો, સ્વસ્થ હતો, 'એ મૂર્તિ તને એટલી બધી પ્રિય છે? તો ખુશીથી તે રાખ' અને બેએક પળ ચૂપ રહી આંખો પલકારતો તેને જોઈ રહ્યો. જાણે કંઈક ગૂંચવણમાં પડી ગયો હોય તેમ તેણે કહ્યું, 'સાચે જ એ મૂર્તિ તું રાખી જ લે. પણ...સાચું કહે, તને શું થઈ ગયું, અચાનક?'

'કંઈ નહિ,' પૂર્વી ગણગણી અને પાછી ફરતાં ફરી વાર ગણગણી, 'કંઈ નથી થયું.'

પણ એકાએક શ્યામ ઝટકા સાથે ઊભો થઈ ગયો. તેની પાછળ આવીને ઊભો રહ્યો, અને બોલ્યો, 'આમ જો, પૂર્વી. સાચેસાચું કહી દે. શું થયું છે?' તેનો અવાજ એકદમ ધીમો, નમ્ર બની ગયો, 'આટલી બધી અપસેટ કેમ થઈ ગઈ છે? મેં એવું કંઈ કર્યું?'

ઓહ! માંડમાંડ ભેગી કરેલી સ્વસ્થતા પાછી ઓગળી જવા લાગી. છાતીમાં કંઈક જોરથી ફરકવા લાગ્યું. ગળામાં કંઈક રુંધાવા લાગ્યું. આંખોમાં ઝળઝળિયાં ભરાવા લાગ્યાં. નીચલા હોઠને દાંત વચ્ચે ભીંસીને તેણે માથું ધુણાવ્યું. જોરથી માથું ધુણાવીને ના કહી; જાણે કહેવું હતું, 'મને ન પૂછો! મહેરબાની કરીને એ બધું મને ન પૂછશો!...મને જ નથી સમજાતું ત્યાં તમને કેમ સમજાવું?...'

શ્યામે તેના ખભા પર હાથ મૂક્યો. એક ધીમી ઝણઝણાટી ખભામાં ઊઠી અને સડસડાટ આખા શરીરમાં ફેલાઈ ગઈ. એકાએક શરીર જાણે સંકોચાવા લાગ્યું. મન ખાલી પડી ગયું.

શ્યામ તેની સામે આવીને ઊભો રહ્યો. 'બોલ, પૂર્વી. શું

થયું છે તને ? તારે મને કહેવું જ પડશે.'

ફરી અંદર કંઈક ઘૂમવા લાગ્યું. અચાનક કંઈક ઉપરતળે થવા લાગ્યું. બધો આવેશ, બધો રોષ જાણે અચાનક ઊતરીને ભાગવા લાગ્યા. અચાનક ખાલી મનમાં કંઈક ભરાવા લાગ્યું; અચાનક છાતીમાં કંઈક ફરકવા લાગ્યું; ગળામાં રુંધાવા લાગ્યું; હોઠ દાંત નીચે દબાઈ ગયો—પણ એ બધું હવે પીડતું નહોતું; ગમતું હતું.

'શું હતું, પૂર્વી ?' શ્યામનો સવાલ ફરી વાર સંભળાયો.

'કંઈ નહિ. હું–મને આ મૂર્તિ ખૂબ જ પ્રિય છે !' પૂર્વી બોલી.

'પ્રિય તો મને પણ ખૂબ જ છે !' કહેતો શ્યામ મોટેથી હસી પડ્યો, 'પણ તેની એક પાંખ જરા તૂટેલી છે એટલે—'

'એ પાંખને તૂટતી રોકવાનું તે બિચારીના હાથમાં નહોતું, શ્યામ !' ફરીથી થોડીક ગુસ્સે થઈ જતી હોય તેમ તે શ્યામ તરફ ફરી, 'અને કોઈના વશમાં ન હોય તેવી એક ખામીને લીધે કોઈને તિરસ્કારવું એ—' બોલતી તે અટકી ગઈ. તેને લાગ્યું કે તે સાચે જ કાં તો લડી પડશે, કાં તો રડી પડશે. એક ઊંડો શ્વાસ લઈને તે આગળ બોલી, 'ખંડિત થવું કોઈને ય ગમતું નથી હોતું, શ્યામ. પણ–પણ એ તેમના હાથમાંય નથી હોતું...'

લાંબી, ચૂપકીદીભરી, બોજલ પળો ધીમે ધીમે સરકતી રહી. પહોળી આંખો, ખુલ્લા હોઠ, શ્યામ પૂર્વીને જોઈ રહ્યો; જાણે વાંચી રહ્યો અને એક અજાણી લિપિ ઉકેલાતી હોય, અર્થ સમજાતો હોય તેમ તેના ગર્વિષ્ઠ મુખ પર નવી રેખાઓ ઉપસતી ગઈ. તેણે એક ઊંડો શ્વાસ લીધો, જોરથી ઉચ્છ્વાસ કાઢ્યો, અને બોલ્યો :

'પૂર્વી, આઈ એમ સોરી ! લાવ, એ મૂર્તિ પાછી ટેબલ પર મૂકી દઈએ !'

પૂર્વી કંઈ બોલી નહિ. કદાચ, બોલી શકી નહિ. તેણે સંમતિમાં માથું હલાવ્યું. શ્યામે તેના હાથમાંથી મૂર્તિ ધીરેથી લઈ લીધી અને પોતાના ટેબલ પર, તેના અસલ સ્થાને મૂકવા, સહેજ નમીને હાથ લંબાવ્યો. ત્યાં પડેલા પેલા કાચના અશ્વને તેણે બાજુ પર ધકેલી દીધો અને મૂર્તિને મૂકતાં, અર્ધું ગમ્મતભર્યું, અર્ધું ચીડભર્યું હસતો, બોલ્યો : 'અને આ નવા અશ્વને હવે ક્યાં રાખવાનો ? ફાઈલોના પેલા કેબિનેટ પર રાખ્યો હોય તો ? મને લાગે છે કે, ત્યાં પણ એકાદ સુંદર ચીજ હોય તો સારી તો લાગે, નહિ ?...હા, જરા દૂર, ફાઈલીંગ કેબિનેટ પર–બરાબર ?'

સરરરર સટ્ ! બધાં વાદળાં જાણે વિખરાઈ ગયાં ! ગળામાંથી, છાતીમાંથી બધી રુંધામણ જાણે ઓસરી ગઈ ! શ્યામે જાણે કોઈ ભારે જોક કરી નાખી હોય તેમ તે એકદમ હસી ગઈ. અને પેલા કાચના અશ્વને ટેબલ પરથી ઊંચકાઈને ફાઈલોના કેબિનેટ પર મુકાતો જોઈ રહી.

શ્યામ પાછો ફરીને તેની પાસે આવ્યો અને બોલ્યો, 'હવે બધું બરાબર ? બધું માફ ?'

'ઓહ ! માફ ?' પૂર્વીનું હૃદય જાણે ધડકન ચૂકી ગયું, 'માફ શું ?...શા માટે ?'...

'મારી એક બેવકૂફી માટે. મેં એમ માની લીધું કે એમાંથી એકેય ખંડિત મૂર્તિ વિના મારે ચાલશે !' શ્યામે કહ્યું અને પૂર્વીની આંખોમાં જોઈ રહ્યો.

ધબક ધબ–ધબક ધબ–ધબક ધબ, પૂર્વીનું હૃદય જોરથી ધડકી ઊઠ્યું...તે આંખો મીંચી ગઈ. બન્ને હથેળી છાતી પર દબાવતી તે તેના ટેબલ તરફ ચાલવા ગઈ. છાતીમાં કંઈક જોરથી

ઊછળતું હતું, મગજમાં ઘૂમરાતું હતું : 'ઓહ ! કોઈ તેનું આવી રીતે વર્ણન કરે, 'ખંડિત મૂર્તિ' જેવા શબ્દોમાં...અને છતાં તે આટલું પ્રિય લાગે ? ઓ, ભગવાન ! આ જ શબ્દો બીજા કોઈએ, બીજા કોઈ પ્રસંગે કહ્યા હોત તો ? તો કેવી કારમી ચોટ વાગી હોત તેને ? કેવી હતાશ થઈ ગઈ હોત તે ?...પણ આશ્ચર્ય ! એથી ઊલટું જ કેમ લાગી રહ્યું હતું ? આજ સુધીમાં કોઈનાય મુખે ઉચ્ચારાયેલા, સૌથી સુખકર શબ્દો કેમ લાગી રહ્યા હતા તે ?

[૬]

પછીનાં થોડાંક અઠવાડિયાં સડસડાટ વીતી ગયાં; ખાડાખચકા વિનાની સરસ સડક પર જાણે સરળતાથી સરકી ગયાં. દેશના દૂર દૂરના ખૂણાઓમાંથી કલાકારો અને મંડળીઓનો મોટો પ્રવાહ વહેતો થયો. એ તમામને જોવા, સાંભળવા, નાણવા અને પસંદ–નાપસંદ કરવા, રિહર્સલો ગોઠવવા, પ્રયોગો ચકાસવા...કામના જાણે ગંજ ખડકાતા ગયા. કલાક–બે કલાક સ્ટુડિયોમાં, તો કલાક–બે કલાક કોઈ થિયેટરમાં, તો કલાક–બે કલાક કોઈ દૂરના ખાસ મેદાન પર— સવારથી માંડીને મોડી રાત સુધી શ્યામ અને હેમંત દેસાઈ પંખીની જેમ ઊડતા રહેતા હતા. બેમાંથી કોણ, ક્યારે, ક્યાં હશે તે કહેવું કોઈનેય માટે શક્ય ન રહ્યું. પૂર્વીની પણ નિત્યયાત્રાઓ અનિશ્ચિત અને અણધારી બની રહી. ઓફિસમાં તો તેને કામ હતું જ; ઓફિસ બહાર પણ તેણે ગમે ત્યારે, ગમે ત્યાં પહોંચી જવા આખો દિવસ તત્પર રહેવું પડતું.

તેની મોટા ભાગની કામગીરી જો કે ઓફિસમાં જ રહેતી, છતાં શ્યામ નિયમિત રીતે ઓફિસમાં આવી શકે તેમ રહ્યું નહોતું. અને ઓફિસમાં એવાં ઘણાં કામ રહેતાં જેનો નિકાલ પૂર્વી એકલી કરી શકે તેમ નહોતી. શ્યામને પૂછવું અનિવાર્ય રહેતું. પૂર્વીની દોડાદોડી પણ તેથી, એકંદર, ઠીકઠીક વધી ગઈ હતી છતાં તે આનંદમાં રહેતી, ઉત્સાહથી ભરીભરી રહેતી. જાણે થાક જ લાગતો નહોતો ! ફેસ્ટીવલની ખરેખરી તૈયારીના શ્રીગણેશ મંડાઈ ગયા હતા, ને પૂર્ણ કામ ખૂબ આનંદભરી ઉત્તેજનાથી તન–મનને ભરી દેતું હતું.

એક એક દિવસ ધમધમતો રહેતો. પ્રેમાની ઉત્તેજનાનો પાર નહોતો. ઉપરાઉપરી બે–ત્રણ ચકાસણી પ્રયોગો તેના માટે જ ગોઠવાઈ ગયા હતા. દરેક પ્રયોગમાં પ્રેમા જીવ પર આવીને ઝઝૂમી હતી અને એ તમામ પુરુષાર્થની ફલશ્રુતિ રૂપે એક દિવસ તેણે પૂર્વીને કહ્યું :

'આખરે હું ફાવી છું, પૂર્વી ! હેમંત દેસાઈની અપેક્ષા જેટલી ઊંચી હું જઈ શકી કે નહિ તેની ખબર નથી, પણ આખરે પસંદગી તો હું પામી ગઈ છું—હાશ !' થોડી વાર જાણે મનના આનંદને વાગોળતી તે બેસી રહી, અને પછી બોલી, 'પણ મને હજી એમ લાગે છે કે, મારી પસંદગી કરતાં દેસાઈજી અચકાતા તો હતા જ—ચોખ્ખું દેખાઈ આવતું હતું...એટલે બનવાજોગ છે કે મારા પર તેઓ ખુશ ન પણ હોય.'

સહેજ અચંબાભરી, પ્રશ્નભરી આંખે પૂર્વી સાંભળી રહી. પ્રેમા આગળ બોલી : 'ખેર, દેસાઈજીને ભલે ગમે તે લાગે. હવે તેની શી પરવા ? હવે તો હું અંદર આવી જ ગઈ છું. હવે તો મારું એક માત્ર નિશાન એ હશે કે, સ્ટેજ પર આવતાં જ પ્રેક્ષકોનું ધ્યાન મારા તરફ જકડી લેવું.' સહેજ અટકીને પૂર્વી સામે મોં મરકાવી આંખો ઉલાળતાં તેણે ઉમેર્યું, 'અને એ કેમ કરવું એ મને બરાબર આવડશે !'

'એટલે ?' પૂર્વીએ સહેજ ચમકી જતાં કહ્યું, 'એટલે તું શું કરવા માગે છે ? નાટકમાં તને બીજી કક્ષાનું પાત્ર મળ્યું છે તેને તું એવી રીતે ભજવવા માગે છે કે, તું મુખ્ય પાત્ર કરતાં પણ આગળ તરી આવે ?' સહેજ અટકીને કંઈક ગળા નીચે ઉતારતાં તેણે કહ્યું, 'એવી મૂર્ખામીથી દૂર જ રહેજે, પ્રેમા. નાટકની સમગ્ર કલાત્મકતાની ઝીણામાં ઝીણી નકશી પણ દેસાઈજીના મનમાં તદ્દન સ્પષ્ટ હોય છે. અભિનયમાં કોણે, ક્યાં, કેટલું કરવું તેનાં સ્પષ્ટ માપ તેમના મનમાં હોય છે. મુખ્ય અને ગૌણ પાત્રો વચ્ચે

અભિનય અને અભિવ્યક્તિનું ખૂબ નાજુક સંતુલન હોય છે. એ વાત તેમના કરતાં વધારે સારી રીતે જાણનાર કદાચ, બીજું કોઈ નથી. તારો જરાક પણ વધારે પડતો ઉત્સાહ કે વધારે પડતો અભિનય એ સંતુલનને ખોરવી જ નાખે. અને એવું બને તો પછી દેસાઈજી જેવો નિર્દય માણસ બીજો કોઈ નથી !'

'ઓ—ઓહ, વારુ !' તદ્દન અણગમતી એ વાત પણ પ્રેમાના ગળે તરત જ ઊતરી ગઈ. તે બોલી, 'તારી વાત સાચી છે. હું એ બરાબર યાદ રાખીશ......અને હા, પૂર્વી ! આ અઠવાડિયા પછી આપણો તખ્તો બદલાય છે, ખબર છે, તને ?'

'હા,' પૂર્વીએ કહ્યું, તેના અવાજમાં પણ હર્ષભર્યો ઉમળકો હતો, 'આપણે ગુજરાતમાં જવાનું છે—અમદાવાદ. ત્યાંની તેમજ રાજસ્થાનની લોકનૃત્યની મંડળીઓને પણ ત્યાં પહોંચવાની તારીખો મોકલાઈ ગઈ છે.'

'અને ત્યાં આપણે બધાંએ સાથે જ રહેવાનું, કેમ ?' પ્રેમાનો અવાજ ઉત્તેજિત થઈ ગયો, 'મેં તો સાંભળ્યું છે કે શ્યામના દાદાનું એક મોટું ફાર્મહાઉસ ત્યાં છે. ઓહ, કેવું મજાનું ! શ્યામના ઘરમાં તેની સાથે જ—'

'મને ખબર છે,' પૂર્વી વચ્ચે બોલી, 'કેટલાક મોટા કલાકારોને પણ ત્યાં આવી જવા લખાઈ ગયું છે અને દરેકની રહેવાની વ્યવસ્થા કરવા બે માણસો પણ રવાના થઈ ગયા છે.' પ્રેમા પાસેથી પોતે કંઈ જાણવાનું નથી, ઊલટું તેને જણાવવા જેવું ઘણું તેની પાસે છે એમ બતાવવામાં જાણે તેને આનંદ થતો હતો.

'આપણે બન્ને સાથે જ રહીશું—બરાબર ?' પ્રેમાનો ઉત્સાહ દબાય તેમ નહોતો, 'આપણે સાથે જ શ્યામના ઘરમાં રહીએ એવું તો તું ગોઠવી શકશે ને ?'

'એ કામ મારું નથી, પ્રેમા.' પૂર્વીએ કહ્યું, 'બીજા જ માણસોને તે સોંપાયું છે. અને હું માનું છું ત્યાં સુધી તારું રહેવાનું

બીજા કલાકારોની જેમ ત્યાંની કોઈ સરસ હોટલમાં જ ગોઠવાશે .. પણ હોટેલ બહુ સારી હશે એ ચોક્કસ.'

'તું એ હોટેલમાં નહિ હોય ?'

'ના, મારે તો શ્યામના ઘેર જ રહેવું પડશે. શ્યામની જ એવી ઇચ્છા છે. એ તો સ્વાભાવિક જ છે ને, સેક્રેટરી તરીકે મારી તો તેમને આખો દિવસ જરૂર રહે...'

'ઓહ, એમ ?' પ્રેમા બોલી, સ્વસ્થ અવાજે બોલવા ગઈ, છતાં નાખુશી અવાજમાં જ છતી થઈ જતી હતી. પોતે દૂર કોઈ હોટેલમાં અને પૂર્વી શ્યામના જ ઘરમાં—સાથે ને સાથે જ! નારાજ થયા વિના પ્રેમા કેમ રહી શકે ?

'તો તું મારી સાથે નહિ રહે ?' તેનાથી ફરી વાર બોલી જવાયું, 'શ્યામની સાથે રહેવાની ?'

'એ જ બરાબર છે ને,' સ્વાભાવિક અવાજે પૂર્વીએ કહ્યું, 'તો જ રોજેરોજનું કામ સરળતાથી થઈ શકે ને!'

'માય ગુડનેસ! તું તો સાવ ઠાવકી થઈને બોલે છે!' પ્રેમા તેની આંખોમાં તાકતાં બોલી, 'અને ખાસખાસ અગત્યના કલાકારો પણ ત્યાં જ—શ્યામના ઘરમાં જ રહેવાના ?'

'એવા ખાસ મહત્ત્વના કલાકારો ત્યાં આખો વખત ન જ રહે ને ? તેમની જરૂર હોય તે દિવસ પૂરતા તેઓ આવવાના અને તરત પાછા ચાલ્યા જવાના. એટલે તેઓ શ્યામના ઘેર રહે એ બનવાજોગ ખરું.'

'અને હેમંત દેસાઈ ? તે ક્યાં રહેવાના છે ?' હોઠ પર જીભ ફેરવી લેતાં પ્રેમાએ પૂછ્યું.

'દેસાઈજી અને તેમનાં પત્ની બન્ને આવવાનાં છે. એટલે સ્વાભાવિક રીતે જ તેમનો ઉતારો તો શ્યામ પોતાના ઘેર જ રખાવશે. દેસાઈજીની પણ તેને આખો દિવસ જરૂર પડે. વળી શ્યામની માતાની પણ એવી ઇચ્છા છે.'

'શ્યામની માતા ?'

'હા, તે પણ ત્યાં આવવાના છે. પોતાના ઘેર આવા અગત્યના મહેમાનો આવતા હોય ત્યારે સરભરા કરવા તો તે આવે જ ને ?'

પણ એ વાતમાં જાણે રસ ન પડતો હોય તેમ પ્રેમાએ ખભા ઉલાળ્યા, અને બોલી, 'પણ પૂર્વી, તો પછી તું ખૂબ સાવચેત રહેજે—પૂરેપૂરી સાવચેત ! રહીશ ને ?'

'સાવચેત ?' કંઈક સમજતી, કંઈક ન સમજતી પૂર્વીએ પૂછ્યું, 'કઈ બાબતમાં સાવચેત રહેવાનું છે ?'

'મારી બાબતમાં જ વળી. એ તું ભૂલી જાય એ કેમ ચાલશે ?...' સાવચેતીભરી નજર પૂર્વી પર નોંધતાં પ્રેમાએ કહ્યું, 'બરાબર સાવચેત રહેજે પૂર્વી, કોઈને પણ બિલકુલ ગંધ ન આવે કે તું ગાઈ શકે છે. તું ગાઈ શકે છે એ ખબર કોઈને પણ પડવા ના દઈશ. કમ સે કમ, ફેસ્ટીવલમાં મારો શો હેમખેમ પતી જાય ત્યાં સુધી તો નહિ જ, એટલું કરીશને, પૂર્વી ?'

* * *

પૂર્વીના દિલમાં પણ એક ખ્વાબ રમતું હતું. અમદાવાદમાં પળેપળ શ્યામની સાથે રહેવાનું તો થશે જ; પણ દિલ્હીથી અમદાવાદ સુધીની સફર પણ તેની જ સાથે કરવાની હશે. ઓહ, કેટલું અદ્ભુત ! મનમાં ખેળેખેળે ઉમળકા ઊઠતા હતા. પછી તો કેટલાયે દિવસ સુધી શ્યામ અને પોતે સાથે જ, એક જ છાપરા નીચે.....

પણ એ રળિયાત કલ્પના અચાનક ફૂટી ગઈ—ખૂબ ફૂલેલા ફુગ્ગાની માફક. શ્યામે તેને કહ્યું :

'અમદાવાદનું આપણું કામ બરાબર સોમવારે શરૂ થઈ જવું જોઈએ, એ માટે તારે જરા વહેલી ત્યાં પહોંચવું પડશે.' કંઈક વિચારતો હોય તેમ જરા થોભીને તેણે કહ્યું, 'એમ કર. તું શનિવારે વહેલી સવારની ફ્લાઈટમાં અહીંથી નીકળી જા. સાથે લઈ જવાનો બધો સામાન શુક્રવારે આપણી વાનમાં રવાના કરાવી દેજે.

શનિવારે સવારે આઠેક વાગતાં તું અમદાવાદ પહોંચી જઈશ. તને લેવા માટે ગાડી મોકલવાની ગોઠવણ થઈ જશે. શનિવારનો આખો દિવસ તું ત્યાં આપણી કામચલાઉ ઑફિસ ઊભી કરવામાં ગાળજે. રવિવારે હું પણ આવી જઈશ. એટલે કામનો એક પણ દિવસ બગાડ્યા વિના સોમવારથી—'

એક ભારે, ગમગીન ઉચ્છ્વાસ પૂર્વીના મોંમાંથી નીકળી ગયો. બોલતો અટકી જઈને શ્યામ પળવાર તેની સામે જોઈ રહ્યો: 'કેમ? કંઈ મુશ્કેલી છે તેમાં?'

માથું ધુણાવીને પૂર્વીએ ના કહી. અને પછી તેની સામે જોઈ સ્મિત કરતાં બોલી, 'બરાબર છે. તમે કહ્યું તે પ્રમાણે હું શનિવારે જઈશ. સામાન પણ શુક્રવારે રવાના કરી દઈશ.'

વાત પૂરી થઈ જાણી શ્યામ ઉતાવળે પગલે બહાર નીકળી ગયો.

ગુરુવાર આવ્યો અને વીતી ગયો ત્યાં સુધીમાં પૂર્વીએ તમામ જરૂરી ચીજોની યાદી બનાવી લીધી અને સાંજ સુધી ખડેપગે ઊભી રહીને વ્યવસ્થિત પેક કરી બંધાવી દીધી. શુક્રવારે તે લઈને વાન રવાના થઈ.

એક મોટી બેગમાં અગત્યની ફાઈલો અને બીજી બેગમાં પોતાનાં કપડાં અને અન્ય જરૂરી ચીજો ભરીને શનિવારે વહેલી સવારે તે વિમાની મથકે પહોંચી ત્યારે વિમાન ઉપડવાને પંદર મિનિટની વાર હતી.

અમદાવાદ, ઍરપોર્ટ પર વિમાન ઊતર્યું ત્યારે શિયાળાની હૂંફાળી સવારનો તડકો સરસ સુંવાળી શાલની માફક ચોપાસ પથરાયેલો હતો. પ્લેઈનમાંથી બહાર આવી પૂર્વીએ એક ઊંડો શ્વાસ લીધો. 'સરસ મજાની હવા છે!' તેના મનમાં અમસ્તો હર્ષ ઉછળી આવ્યો, 'કેવી ખુશનુમા સવાર છે!'

પેસેન્જર્સ લાઉન્જમાંથી બહાર આવતાં તેણે નજર ચોપાસ ફેરવી. લોકોનું ખાસ્સું ટોળું હતું. ફરતી ફરતી તેની નજર એકા-

એક સ્થિર થઈ ગઈ. આંખો હેરતથી પહોળી થઈ ગઈ. ખૂલી ગયેલા હોઠમાંથી એક ઉદ્ગાર અનાયાસ સરી પડ્યો, 'ઓહ! હેમંત દેસાઈ? માય ગોડ!'

અચાનક ભડકી ગયેલી તેની મુખમુદ્રા જોઈ હસતાં હસતાં હેમંત દેસાઈએ તેની સામે હાથ ઊંચો કર્યો અને ઝડપથી તેના તરફ આવવા લાગ્યા. તે પાસે પહોંચતાં જ પૂર્વી બોલી ઊઠી, 'દેસાઈજી, આપ? અત્યારમાં?'

'નેવર માઈન્ડ, યંગ લેડી!' પ્રભાવભર્યું હાસ્ય કરતાં હેમંત દેસાઈએ કહ્યું, 'વહેલા ઊઠી જવાની મને આદત છે અને તને લેવા આવનાર માણસ બિચારો માંદો પડી ગયો. આમેય અહીંની સવાર બહુ ખુશનુમા હોય છે. દસપંદર કિલોમીટરનું ડ્રાઈવિંગ તાજગી આપી દે.'

'દસપંદર કિલોમીટરનું ડ્રાઈવિંગ!' પૂર્વીના મનમાં ફરી વાર હર્ષનો ઉછાળો આવ્યો, સંગીતના આ અજોડ અને અજેય સમ્રાટની સાથે દસપંદર કિલોમીટર—તેમની જ કારમાં ... !'

હેમંત દેસાઈની પાછળ પાછળ સામાન ઉપડાવીને તે પાર્ક કરેલી કાર સુધી પહોંચી. મોટી, ભવ્ય ઈમ્પોર્ટેડ કારનો રૂઆબ ખુદ દેસાઈજીના પ્રભાવને જેબ આપે તેવો હતો. હેમંત દેસાઈ ડ્રાઈવિંગ સીટમાં ગોઠવાયા એટલે સામેનું બીજું બારણું ખોલીને પૂર્વી તેમની પાસે બેઠી. બેસતાં જ એક અજાણી શેહ તેના મનમાં ભરાવા લાગી. એક વાર તેણે હેમંત દેસાઈના ચહેરા સામે જોયું. શેહ વધતી ગઈ. સમજાતું નહોતું કેમ, પણ અમથો અમથો મનમાં ફફડાટ થતો હતો—તેણે અને પ્રેમાએ મળીને આ પ્રચંડ કલાકાર સાથે કેવી છેતરપીંડી કરી હતી!...ફફડાટ વધવા લાગ્યો.

ઍરપોર્ટથી અન્ડરબ્રીજ સુધી પહોંચતાં સુધીમાં હેમંત દેસાઈ બહુ થોડું બોલ્યા—થોડાંક વાક્યો જ. સ્ટીઅરીંગ વ્હીલ પર તેમના

બન્ને હાથને પૂર્વી અહોભાવપૂર્વક જોઈ રહી—એ કરામતી હાથ જ્યારે જ્યારે ઓરકેસ્ટ્રાનું દિગ્દર્શન કરતા ત્યારે કેવા કેવા કરિશ્મા સર્જાઈ જતા'તા !

'તું પહેલી જ વાર આ શહેરમાં આવે છે, ખરું ?' આખરે દેસાઈજીએ ચૂપકીદી તોડી.

'જી—જી હા, પહેલી જ વાર.' વિચારોમાંથી બહાર નીકળતાં પૂર્વી બોલી, 'આપે તે કેવી રીતે જાણ્યું ?'

સહેજ હસતાં હેમંત દેસાઈએ કહ્યું, 'હું જાણું છું કે શ્યામની સેક્રેટરી બન્યે તને થોડાક મહિના જ થયા છે—કદાચ, ત્રણ મહિના.'

'ઓહ, આપને એ પણ યાદ છે ?' અહોભાવપૂર્વક પૂર્વીએ પૂછ્યું.

'મને બધું જ યાદ હોય છે.' તેની સામે સહેજ જોઈ લેતાં હેમંત દેસાઈએ કહ્યું, 'યાદ રાખવા જેવી બાબતો યાદ રાખી લેવી એ તો મારું કામ છે.' અને પછી હસી પડતાં ઉમેર્યું, 'દાખલા તરીકે, તે દિવસે તારી બહેનની ગાયકી સાંભળેલી તેની રજેરજ વિગતો મને યાદ છે....અને ખાસ તો ત્યારે મારા પર પડેલી એ છાપ મને બરાબર યાદ છે કે, બંધબારણે ગાનાર તારી બહેન નહોતી—તું હતી !'

'ઉ...ઉ...ફ !' એકાએક પૂર્વીના ગળામાં જાણે કોઈ નક્કર પદાર્થ ભરાઈ ગયો, પળવાર તેનો શ્વાસ અટકી ગયો. હૃદય એક ધબકારો ચૂકી ગયું. અને પછી જોરથી દોડવા માંડ્યું—ધબક, ધબક, ધબક, ધબક....'

'એવી—એવી કલ્પના આપને ક્યાંથી.... કેવી રીતે આવી, દેસાઈજી ?'

'તને જોઈને;' સ્વસ્થ અવાજે હેમંત દેસાઈએ કહ્યું, 'તારા

જડબાની પહોળાઈ, ગરદનનું કદ, ગાલનાં ટેરવાં....અને અત્યારે તારા બોલવાના અવાજનો રણકો. મારા માટે આટલું પૂરતું છે.'

કારને ધીમી પાડીને તેમણે પૂર્વી તરફ મોં ફેરવ્યું. તેમની આંખો સામે જોવું મુશ્કેલ થઈ પડ્યું, અશક્ય લાગ્યું.

આખા શરીરમાં ઘૂમવા માંડેલી એક અકથ્ય કંપારી, એક અવર્ણનીય ઝણઝણાટીને છુપાવવા સખત મથામણ કરતી તે નીચું જોઈને બેસી રહી. મન ફરી ફરીને ગણગણી રહ્યું: 'બાપરે ! આ માણસ....આટલા વિચક્ષણ માણસથી મારે સત્ય છુપાવી રાખવાનું હતું ? ક્યાં સુધી શક્ય બન્યું હોત તે ?'

[૭]

સડસડાટ સરકતી કારની જેમ જ એકધારી ગતિમાં પૂર્વીના મનમાં દહેશતો દોડતી રહી: 'શી રીતે છુપાવી શકાત એ વાત ? સૂરજનાં ધારદાર કિરણોની જેમ પહાડોની ગુફાઓમાં પણ ખાંખાખોળા કરી લેતી હેમંત દેસાઈની તીણી નજરથી અસલીયતને ઓજલમાં રાખવી એ કેટલી અશક્ય વાત છે !'...

મનમાં વિચારો, દહેશતો, હર્ષના અજાણ્યા ઊભરાઓ, અને તરેહતરેહની ઊર્મિઓની ભરમાર તેને એક અજબ અનુભવમાં ખેંચતી રહી. 'હેમંત દેસાઈ શા માટે તેને આ કહી રહ્યા હતા ?...માની લઈએ કે, તેમને કંઈક શંકા પડી ગઈ હતી. તેમને એવું લાગી રહ્યું હતું કે સ્ટુડિઓમાં બંધબારણે ગાનાર પ્રેમા નહોતી, પોતે હતી. પણ તોયે શું ? હવે તો બધું નક્કી થઈ ગયું હતું. ગોઠવાઈ ગયું હતું બધું. પ્રેમાને ફેસ્ટીવલમાં તેનો હિસ્સો ફાળવાઈ ચૂક્યો હતો. કાર્યક્રમોનું આખું ચિત્ર લગભગ પૂરેપૂરું આલેખાઈ ચૂક્યું હતું. ક્યાંય કંઈ અધૂરું નહોતું. કોઈ ખાલી જગ્યા નહોતી જે પૂરવાની હવે ચિંતા કરવાની હોય...તો પછી શા માટે ?'...

'વારુ', હેમંત દેસાઈનો અવાજ પાછો સંભળાયો અને વિચારોમાંથી છૂટીને તેનું ધ્યાન તેમના તરફ મંડાયું. હેમંત દેસાઈએ કહ્યું, 'ચહેરાના ઘાટઘૂટ પરથી અવાજનો અંદાજ બાંધવાની આ મારી પોતાની થિયરી છે, પૂર્વી. અગાઉ એક–બે વાર મેં તે અજમાવેલી છે, ઇચ્છા થાય છે કે તારી બાબતમાં પણ અજમાવી જોઉં.' ઘડીક થોભીને તેમણે ઉમેર્યું, 'અનુકૂળતા મળશે એટલે જોઈશું, બરાબર ?'

પૂર્વીને ફરી વાર ધ્રાસકો પડ્યો. મનમાં ફરી વાર કંઈક ઉછાળો ચડ્યો. કહી દેવાનું મન થઈ આવ્યું, 'એવી કોઈ જરૂર નથી, દેસાઈજી. અમસ્તો આપનો સમય ન બગાડશો. મને ગાતાં આવડતું જ નથી !' પણ એવું કહેવાય તે પહેલાં મનમાં એક ચેતવણી રણકી ઊઠી–આ વાતનો હવે બંધ વાળી દેવો જ સારો છે. વાતને જ હવે કાપી નાખવી. ગમે તે રીતે, કંઈ સમજાય નહિ તેવી રીતે હેમંત દેસાઈના મનમાં તેના વિષે કુતૂહલ જાગી ગયું છે એ ચોક્કસ. પણ હવે સામી દલીલો કરવાથી ઊલટું તે વધી જશે... વાત જ છોડી દે હવે...

પછી તે ચૂપ બેસી રહી, હેમંત દેસાઈએ કારને વિશાળ ફાર્મહાઉસના ઝાંપાની અંદર લીધી ત્યાં સુધી તે શાન્તિથી માત્ર બેસી રહી. અને કારમાંથી ઊતરતાં તેણે દૂર સુધી વિસ્તરતી વિશાળ વાડીની દિલચસ્પ હરિયાળીથી ઘેરાયેલા એ મોટા, દમામદાર મકાન સામે જોયું. નાજુક, કલાત્મક બાંધકામ કરતાં તે એક મજબૂત, નક્કર ઇમારત તરીકે, જોનારના મન પર, પ્રથમ નજરે જ પ્રભાવ પાડતું હતું.

તરત જ ઘરનું ઊંચું–પહોળું બારણું ખૂલ્યું અને એક અત્યંત ચપળ દેખાતી સુંદર સ્ત્રી ઝડપી પગલે તેમના તરફ દોડી આવી. હેમંત દેસાઈની લગોલગ આવી જતાં તે ઠપકાભર્યા પણ સરસ અવાજે બોલી ઊઠી : 'કેવા છો તમે ? વહેલી સવારે છેક એરપોર્ટ સુધી જવાના હતા તો મને પણ કેમ ન જગાડી ? મારે પણ આવવું'તું, અહીંની સવાર કેવી સરસ હોય છે ?'

હેમંત દેસાઈ મોકળાશભર્યું હસી પડ્યા. તેમણે કહ્યું; 'પણ હું તો બહુ વહેલો નીકળી ગયો હતો અહીંથી. ત્યારે તો તું એવી ઘસઘસાટ ઊંઘતી હતી કે જગાડવાની હિંમત જ ન ચાલી. આવી સરસ સવારે તારી સરસ ઊંઘ શા માટે બગાડવી ?' અને પછી પૂર્વી તરફ ફરતાં તેમણે પરિચય આપ્યો, 'મારી પત્ની

રોહિણી.' અને રોહિણી તરફ સ્મિત કરતાં કહ્યું, 'શ્યામની સેક્રેટરી, પૂર્વી–દીવો લઈને શોધો તો પણ ન મળે તેવી અણમોલ સેક્રેટરી, હં !'

પૂર્વી અને રોહિણી બન્ને હસી પડી. હસતાં હસતાં રોહિણીએ પૂર્વીનો હાથ પોતાના હાથમાં લીધો અને બોલી, 'કેવી મજાની વાત છે! તમે બન્ને બહેનો ફેસ્ટીવલની ભાગીદાર બની છો!' અને સહેજ અટકીને મોં મરકાવતાં પૂછ્યું, 'તમે પણ સરસ ગાતાં નથી, તમારી બહેનની જેમ?'

ફરી વાર, અર્ધએક પળ પૂર્વીની છાતીમાં એક ધ્રાસકો પડયો. હૃદયમાં એક મોટો ધબકારો થયો અને તે બોલી ઊઠી, 'હું તો–સેક્રેટરી છું...શ્યામની!'

અને તેને મનમાં હાયકારો થયો. રોહિણીએ તેનો એ જવાબ સાહજિકતાભેર માની લીધો હતો. પણ હેમંત દેસાઈ સામે જોતાં વળી અકળામણ થવા લાગી. ઝીણી, બહુ ઝીણી નજરે તે તેના ચહેરા પર જોઈ રહ્યા હતા. નક્કર આત્મવિશ્વાસની અડીખમ દીવાલનાય કાંગરા ખેરવી નાખનાર નજર તરીકે મશહૂર હતી એ નજર. પણ એ નજરની ચોકીમાંથી તેનો તરત જ છૂટકારો થઈ ગયો. એક નોકરે આવીને તેનો સામાન ઊંચકી લીધો અને તેની સાથે અંદર જવા કહ્યું. સદ્ભાગ્ય!

હેમંત દેસાઈ અને રોહિણી સામે મોં મરકાવીને તે અંદર ગઈ. નોકર દાદરો ચઢીને ઉપરના માળે તેને લઈ આવ્યો. અને એક ખૂબ સુંદર રૂમમાં સામાન મૂકતાં કહ્યું, 'આ રૂમ તમારા માટે છે. બાથરૂમ અહીં જ છે. કંઈ પણ જરૂર પડે તો મને બોલાવજો. મારું નામ હરિ, નીચે ચા–નાસ્તો તૈયાર છે. સીડી પાસે જ, ડાબી બાજુના રૂમમાં આવજો...અને પહેલાં નહાઈધોઈ લેવું હોય તો પછી આવજો.'

હરિ ગયો એટલે પૂર્વીએ રૂમને ફરી વાર જોવા માંડયો. એક

બારણું મોટી બાલ્કનીમાં પડતું હતું. પૂર્વી બાલ્કનીમાં ગઈ. બાલ્કનીની નીચે જ ફૂલ અને ફળથી ભર્યોભર્યો આખો બગીચો મધમધતો હતો. બગીચાની પાછળ અને આજુબાજુ વિશાળ ખેતરની લૂંબઝૂંબા હરિયાળી ડોલતી હતી. તાજી, ખુશબૂદાર હવાનો એક ઊંડો શ્વાસ લઈને તે પાછી રૂમમાં આવી–પહેલાં નહાઈને તૈયાર થઈ જાઉં. પછી નીચે જઈશ...

નહાતાં નહાતાં વળી હેમંત દેસાઈનો વિચાર પાછો મનમાં ઊગી નીકળ્યો: 'શા માટે તે એવું માનતા હતા?'

અને એ એક વિચારની પાછળ પછી બીજો, ત્રીજો, ચોથો વિચારોની જાણે હાર લાગવા માંડી: 'તે માત્ર એવું માનતા જ નથી, લગભગ ખાતરી હોય એવી રીતે તે કહી રહ્યા છે... અને પોતાની સામે તે કેવી રીતે જોઈ રહ્યા હતા? જાણે પોતાને ગાવા સાથે સ્નાનસૂતકનો પણ સંબંધ નથી એ વાત માનવાનો ધરાર ઇન્કાર કરી રહ્યા હોય!... પણ એવું શા માટે? એ પોતે કંઈ એવા નવરા માણસ તો નથી જ કે જ્યાં ને ત્યાં ટેલન્ટ શોધતા ફરે. એમની પોતાની ટેલન્ટ જ એટલી મહાન છે કે ટેલન્ટ શોધવા ફાંફાં મારવાની તેમને જરૂર ન હોય... અને આખરે પોતે કોણ છે? એક સામાન્ય, અજાણી છોકરી. શ્યામની સેક્રેટરી. પોતાનામાં કોઈ અસાધારણ કુદરતી બક્ષિસ છે કે નથી–ગમે તે હોય, હેમંત દેસાઈને તે જાણી લેવાની આટલી તાલાવેલી શા માટે હોય?'...

મન ઉપરાઉપરી પ્રશ્નો કરતું રહ્યું, પણ એકેયનો ઉત્તર ક્યાં આપી શકતું હતું? ને એટલે ગૂંચવાતું રહ્યું. અકળાતું રહ્યું. ખૂબ અકળાઈને તેણે મનને કીધું, 'ભલેને. દેસાઈજી ભલેને ગમે તે માને, મારી પાસે ફરજિયાત ગવડાવી તો નહિ જ શકે ને? હું જિદ્દી બનીને મૂંગી રહીશ. પછી શું? પ્રેમાને આપેલું વચન તો હું પાળીશ, પાળવું જ જોઈએ. એ એક રહસ્ય તો હું જાળવીશ...'

પૂરા કદના મોટા અરિસા સામે ઊભી રહીને તેણે આસપાસ લસપટે ઊભરાતી હરિયાળી જેવી લીલીછમ્મ સાડી પહેરી અને વાળમાં તાજા મોગરાની વેણી બાંધી ત્યારે અચાનક બધા ગૂંચવતા પ્રશ્નો ને અકળાવતા વિચારો જાણે છૂમંતર થઈ ગયા અને આહ્લાદની હળવાશભરી લાગણી મહેકી રહી.

દાદરો ઊતરીને નીચે ડાબી બાજુના રૂમમાં તે પહોંચી ત્યારે એ રૂમ તેને ચીંધનાર હરિ ત્યાં હાજર હતો. બીજું કોઈ નહોતું. ટેબલ પર ચા-કૉફીની કીટલીઓનાં નાળચાંમાંથી વરાળ નીકળતી જોઈ શકાતી હતી. નાસ્તાના મોટા બાઉલ્સ પણ ઢાંકેલા દેખાતા હતા. હરિએ તેની સામે ઔપચારિક સ્મિત કર્યું અને ઊભો હતો ત્યાંથી જરા આગળ આવ્યો.

'બીજું કોઈ આવ્યું નથી ?' ટેબલ પાસે એક ખુરસી પર બેસતાં પૂર્વીએ પૂછ્યું, 'દેસાઈજી'...

'દેસાઈજીએ ચા-નાસ્તો તેમના રૂમમાં જ મંગાવી લીધો છે,' હરિએ નમ્ર અવાજે કહ્યું, 'બીજા લોકો મોડા ઊઠવાના.'

ખેર, ભલે તે એકલી હતી પણ આસપાસ બધું બહુ સરસ હતું-સરસ અને સુંદર. ઠંડી ઠંડી સવારની શાંતિ અને ખુશનુમાઈ મનને તરબતર કરી દે તેવી હતી.

હરિએ નાસ્તાની ડીશ તેની પાસે મૂકી અને પૂછ્યું, 'ચા લેશો કે કૉફી ?'

'ચા જ, પણ થોડી વાર પછી.'

નાસ્તો કર્યા પછી જ ચા પીવાનું તેને ફાવતું. બન્ને એક સાથે તેને જામતાં નહોતાં. નાસ્તો કરવાનું તેણે શરૂ જ કર્યું હતું ત્યાં પાછળ બારણામાંથી એક મોટો હેતાળવો અવાજ સંભળાયો :

'નાસ્તા માટે આટલું વહેલું કોણ હોય ? પૂર્વી જ કે ?'

સહેજ અચંબાથી પૂર્વીએ એકદમ પાછળ જોયું. આધેડવય વટાવી ગયેલી છતાં જાજરમાન દેખાતી એક સ્ત્રી તેની સામે હસું-

ભર્યું સ્મિત કરતી આવી રહી હતી. પ્રભાવશાળી ચહેરો એવા સ્મિતથી શોભી ઊઠતો હતો. આંખોમાં જબરી બુદ્ધિમત્તા ઝબૂકતી હતી.

'બહુ સહેલાઈથી ચમકી જાય છે, કેમ?' પાસે આવીને ખુરસી પર બેસતાં તેણે પૂર્વીને પૂછ્યું, 'મારું અનુમાન ખોટું તો નથી ને? તું જ પૂર્વી, શ્યામની મોંઘામૂલી સેક્રેટરી, બરાબર?' પૂર્વી સામે તેજભરી એક નજર માંડવા સહેજ અટકીને તેણે આગળ કહ્યું, 'હું શ્યામની માતા છું–અનુપમા.'

'ઓહ! માતાજી, આપ?' અર્ધી ઊભી થઈ જતાં પૂર્વી બોલી ઊઠી, અનાયાસ ભર્યું ભર્યું એક સ્મિત તેના મુખનેય ભરી ગયું. પોતાની કલ્પના કરતાં ખાસ્સી જુદી જ શ્યામની માતાને જોયાનો અચંબો તેના અવાજમાં અને આંખોમાં પણ ડોકાઈ ગયો.

'હા,' ખૂલીને હસી પડતાં અનુપમાદેવીએ કહ્યું, 'મને ખબર છે, શ્યામની મા હોવા જેટલી મોટી હું દેખાતી નથી, પણ મને અઠ્ઠાવન પૂરાં થયાં.'

હરિએ મૂકેલી નાસ્તાની ડીશને વધારે નજીક લેતાં તેમણે કહ્યું, 'તને કદાચ હમણાં નહિ સમજાય–નવજુવાન છે ને! પણ મને સમયસર જ સમજાઈ ગયું હતું કે, સ્વસ્થ શરીર અને સારો દેખાવ એ આપણી સ્ત્રીઓની સૌથી મોંઘી મૂડી છે. એની ચીવટ મેં પહેલેથી રાખી છે. અને તું પણ સાચે જ ઘણી સુંદર છોકરી છે. ખરેખર ઘણી સુંદર!' અને પછી પૂર્વી સામે ફરી વાર જોઈ રહેતાં ઉમેર્યું, 'હવે ચમકવાની જરૂર નથી. સ્વસ્થ થઈને બેસ.'

હળવું આશ્ચર્ય, આહ્‌લાદપૂર્ણ રોમાંચ અને એક મિનિટમાં જ સંપૂર્ણ આત્મીય બનાવી લેવાની અનુપમાદેવીની કુશળતા પર વારી જતી હોય તેમ પૂર્વી આંખો પલકારતી તેમની સામે જોઈ રહી.

અનુપમાદેવી પણ જાણે તેને નજરમાં ભરતાં હોય તેમ જોતાં રહ્યાં. તેમણે કહ્યું, 'શ્યામની વાત અક્ષરશઃ સાચી છે. તારો ચહેરો

બરાબર હૃદયના આકારનો છે. તેની વાત પહેલાં તો હું માનતી જ નહોતી.'

અજાણ્યા હર્ષના કોઈ અદૃશ્ય ધક્કાથી પૂર્વી જાણે તલભાર પાછી હડસેલાઈ ગઈ. કોળિયો મોંમાં મૂકવા જતો હાથ અધવચ્ચે જ રોકાઈ ગયો. તેનાથી પુછાઈ ગયું, 'ખરેખર ? ખરેખર તેમણે મારા ચહેરાને એવો કહ્યો હતો ? ક્યારે ?'

'હા,' સ્વસ્થ નજરે તેની સામે જોતાં અનુપમાદેવીએ કહ્યું, 'પણ એ વાતને ઝાઝું મહત્ત્વ ન આપી બેસતી. શ્યામની તો એ આદત છે. જે કોઈની વાત કરે તેનું વર્ણન પણ પૂરી ઝીણવટથી જ કરે છે. તેનું એક કારણ એ છે કે સ્વભાવે જ તે સંપૂર્ણતાનો આગ્રહી છે અને બીજું કારણ કદાચ, એ છે કે, દરેક ચીજને તે એટલી બારીકાઈથી જુએ છે કે બીજાને તો કંટાળો જ આવે.'

'બરાબર,' સહેજ લેવાઈ જતાં પૂર્વી બોલી, 'બરાબર છે.'

'બરાબર છે ?' પૂર્વીના ચહેરા પર એક ઝડપી નજર ફેરવી લેતાં અનુપમાદેવી બોલ્યાં, 'તો પછી બરાબર. શ્યામ બરાબર તેના પિતા પર ઊતર્યો છે. તેના વિષેની કોઈ આગાહી સાચી પડવાની ખાતરી તમે ન રાખી શકો.' અને પછી હસી જતાં ઉમેર્યું, 'છતાં માણસ તરીકે ઈન્ટરેસ્ટીંગ !'

એક વાર તેમની સામે જોઈ લઈને પૂર્વી નીચું જોઈ ગઈ. અનુપમાદેવી જાણે તેના મનમાં કોઈક ભારે ભાંજગડ જગાડી રહ્યાં હતાં. કંઈક અકળામણ જગાડી રહ્યાં હતાં અને છતાં સમજાતું નહોતું કે તેને કેમ એવું થતું હતું. હૃદય–આકારના તેના ચહેરાના આંખ–નાક ને નેણના નકશાનો જાણે રસપૂર્વક અભ્યાસ કરતાં હોય તેમ અનુપમાદેવી તેને જોતાં રહ્યાં. આખરે બોલ્યાં:

'શ્યામે એક વાર તારા માટે વાપરેલો શબ્દ બરાબર હતો એમ હવે લાગે છે.'

ફટાક કરતી પૂર્વીની નજર ઊંચકાઈને તેમના ચહેરા પર મંડાઈ

ગઈ. જાણે પૂછી રહી: 'કયો શબ્દ ?'

'એન્જલ,' અનુપમાદેવીએ કહ્યું, 'એક વાર તેણે એ શબ્દ તારા માટે વાપર્યો હતો. તેને બહુ ગમતી એક પાંખોવાળી પરીની મૂર્તિ તેની પાસે છે. તેની એક પાંખ જરાક તૂટેલી છે. એટલે તેનો તે 'ઈમ્પર્ફેક્ટ એન્જલ' તરીકે જ ઉલ્લેખ કરે છે.' પળ બે પળ અટકીને ધ્યાનપૂર્વક જોઈ રહેતાં તેમણે પૂછ્યું,' પણ એક વાર એ જ શબ્દો તેણે તારે માટે પણ વાપર્યા.'

એક જોરદાર ધબકારો કરીને હૃદય જાણે થંભી ગયું. એક અકથ્ય રોમાંચ અને મૂંઝારો જાણે છાતીમાં ઘૂમી વળ્યો. એક ઊંડો ઉચ્છ્વાસ બહાર નીકળી ગયો. બે એક પળ પછી માંડ તે સ્વસ્થ થઈ.

તેણે કહ્યું, 'ઓહ ! એ વાત ! ના, ના, શ્યામને મારા માટે ખૂબ ભલી લાગણી છે. હું એ જાણું છું. મારા કામથી તેમને પૂરો સંતોષ છે તેનો મને આનંદ છે. અને–' કહેતાં જરા અચકાઈ જતી હોય તેમ અટકીને તે બોલી, 'અને મારા એક પગે થોડીક ખોડ છે.'

'ઓહ ! એમ ?' અનુપમાદેવી બોલી ઊઠયાં, 'તો પછી– તો પછી શ્યામ માટે એ કેટલું બધું ખરાબ, કેટલું હીણું કહેવાય ! તારી એ કમનસીબ ખોડની એવી નોંધ જ તેણે શા માટે લેવી જોઈએ ?... તારી જગ્યાએ હું હોઉં તો–'

'પણ મને તો એ ગમે છે !' પૂર્વી બોલી ગઈ. ન બોલાય તેવી, ન જ બોલવી જોઈએ તેવી એ વાતને હોઠ પરથી પાછી વાળે તે પહેલાં તો તે નીકળી ગઈ !

અનુપમાદેવી આંખો પહોળી કરીને તેની સામે જોઈ રહ્યાં. કૉફીના કપને હોઠ તરફ લઈ જતો હાથ અધવચ્ચે એકાએક થંભી ગયો.

અજાણતાં, અવશપણે છબરડો વાળે તેવું કંઈક બકી નાખ્યાના વસવસામાં હોઠ દબાવીને પૂર્વી બેસી રહી.

'વારુ,' કપ પાછો ટેબલ પર મૂકતાં અનુપમાદેવીએ ધીમા

અવાજે કહ્યું, 'એક વણમાગી પણ શુભાશયભરી સલાહ તને આપું ?' કહીને તે થોડી વાર થોભ્યાં. પણ પૂર્વીએ ઊંચું જોયું નહિ એટલે આગળ બોલ્યાં, 'શ્યામ સાથે મનને બહુ હેળવીશ નહિ. હું તેની મા છું. તેને ઓળખું છું એટલે કહું છું.'

'મનને હેળવવાનો પ્રશ્ન જ —' અચાનકની ફાળ પડી હોય તેમ પૂર્વી બોલી ઊઠી, 'એવો પ્રશ્ન જ મારી બાબતમાં ક્યાં રહે છે, માતાજી ? શ્યામ મારા ઉપરી છે અને હું—હું સેક્રેટરી છું તેમની.'

'તેથી શો ફેર પડી જાય, પૂર્વી ?' એક હાથને હળવા ઝટકા સાથે હવામાં વીંઝતાં તેમણે કહ્યું, 'તેથી કંઈ ફેર ન પડી શકે. તું તું જ રહે—એક સ્ત્રી; અને શ્યામ શ્યામ જ રહે—એક ખૂબ મોહક પુરુષ! તારી એકલીની વાત નથી કરતી, કોઈના પણ મનનું તેની સાથે હળી જવું તદ્દન આસાન છે–સમજાય છે, તને ? શ્યામ છે જ એવો ! તેને મોહકતા આપવામાં કુદરતે થોડીક કંજુસાઈ કરી હોત તો મને ગમ્યું હોત, બહુ ગમ્યું હોત. પણ કુદરતે હાથ સાવ પહોળો જ રાખ્યો. અને એ જ મને સદાય ખટકતું રહે છે, ઊંચે જીવે જ રાખે છે મને.' અને સહેજ અટકી જતાં, ભારે, ખૂબ ભારે અવાજે તેમણે ઉમેર્યું, 'તને ક્યાંથી ખબર હોય? પણ તેની પાસે મોહકતા જ છે, માત્ર મોહકતા. એ મોહકતાની નીચે, છાતીમાં ધબકતું હૈયું તેને નથી !'...

આંખો ફાડીને પૂર્વી અનુપમાદેવી સામે તાકી રહી. પહોળા થઈ ગયેલા હોઠ એકાએક સુકાઈ જવા લાગ્યા. હોઠ પર જીભ ફેરવતી તે સ્તબ્ધ થઈને તાકી રહી.

અનુપમાદેવીની નજર ઢળેલી હતી. ચબરાક, ચપળ, બુદ્ધિમાન ચહેરો જાણે એકાએક ઘડીભર પારદર્શક બની ગયો હતો, ભારે ભારે થઈ ગયો હતો. તે કહી રહ્યાં હતાં, 'કેમ ખબર પડે કે

ધબકતું હૃદય તેને કદી હતું જ નહિ, કે થોડાંક વર્ષ પહેલાં પેલા કાળમુખા બનાવે તેના ટુકડા કરી નાખ્યા, નષ્ટ કરી નાખ્યું સાવેસાવ ?...'

પૂર્વીની છાતીમાં હૃદયનો એક જોરદાર ધબકારો થયો અને પછી બધું સૂમસામ થઈ ગયું. એક તોલદાર સન્નાટો ઘૂમી રહ્યો અંદર, 'માય ગોડ!... શું બની ગયું હતું ? કયો હતો એ કાળમુખો બનાવ ?...'

[૮]

કોઈક અકલ્પ્ય તાજ્જુબીભરી વાત હજી હમણાં જ, થોડીક સેકંડો પહેલાં જ પૂર્વીએ સાંભળી હતી, ખુદ અનુપમાદેવીના મુખે, તેનો એક એક શબ્દ એક જોરદાર ધક્કા સાથે મનના છેક તળિયા સુધી જઈને પછડાયો હતો. ને તેના પરંપરિત પડઘા હજી જાણે હૃદયની દીવાલો પર અથડાઈને ઘૂમી રહ્યા હતા, ચક્કર ચક્કર ફરી રહ્યા હતા, એકેય શબ્દ જાણે પકડાતો નહોતો, એકેય પડઘો ઝીલાતો નહોતો સમજણમાં; ને તે લાચાર બની અવાક્ બેસી રહી હતી.

બે–ત્રણ–ચાર સેકંડો વીતી ને એ ફૂદરડી બંધ થવા લાગી. ધીમે ધીમે પડઘાઓ શમવા લાગ્યા. શબ્દો સ્થિર થવા લાગ્યા, સમજમાં ઊતરવા લાગ્યા. સમજાતાં તે ફરી વાર આભી બની ગઈ: માય ગોડ! કેવી અકલ્પ્ય વાત!...શ્યામને હૃદય જ નથી?...હેં?'

મન હજી ખળભળી રહ્યું હતું. હજી અસ્તવ્યસ્ત હતું. છતાં તેણે ભારે દાખડો કર્યો અને મોં પર સ્મિત આણ્યું. તે બોલી: 'આપ—આપ જ એ કહો છો તો ભલે, પણ કોઈ માની ન શકે એવી એ વાત છે' સહેજ અટકીને તે બોલી: 'હું પણ માની શકતી નથી. મને તો ખાતરી છે કે તેમને હૈયું છે. એટલું જ નહિ, લાગણીભર્યું, સહાનુભૂતિભર્યું હૈયું છે તેમને. મારી પગની ખોડ બાબત તેમણે ભરપૂર સહાનુભૂતિ બતાવેલી છે. મેં એ અનુભવેલી છે, માતાજી. બીજા કોઈએ કદી એટલી સમજદારી બતાવ્યાનું મને યાદ નથી—ખરેખર!'

'એ વાત મારા માટે મોટી નવાઈની છે, પૂર્વી!' પૂર્વીની વાત સાચી માનવા ન માગતાં હોય તેમ તેની સામે જોઈ રહેતાં અનુપમાદેવી બોલ્યાં.

'પણ એ સાચું છે, માતાજી. નવાઈ જેવું તેમાં શું છે?' આવા સીધા, તદ્દન અંગત પ્રશ્નો કોઈને પૂછવાનો પૂર્વીનો સ્વભાવ નહોતો. પણ ગમે તેમ, તેનાથી પુછાઈ ગયું—કારણ, કદાચ તેના મનમાં એક જબરદસ્ત જિજ્ઞાસા છટપટી રહી હતી, જાણે કોઈ અજાણ વેદના થઈ રહી હતી.

અનુપમાદેવીએ જવાબ ન આપ્યો. એક વાર તેની સામે ધ્યાનથી જોઈને તેમણે નજર નીચી ઢાળી દીધી. કંઈક ગડમથલમાં પડી ગયાં હોય તેમ ચૂપ બેસી રહ્યાં. પૂર્વીને લાગ્યું, તેઓ હવે કંઈ કહેવા માગતાં નહોતાં. ત્યાં જ એકદમ તે બોલ્યાં:

'પૂર્વી!'

તેણે ઝડપથી તેમની સામે જોયું.

'એ વાત શ્યામની વાત છે. તેના જીવનની તદ્દન અંગત વાત. અત્યંત અળખામણી વાત. તને કે કોઈને એ કહેવી જરૂરી ન ગણાય.' તેની સામે જોવા ક્ષણવાર અટકતાં તે આગળ બોલ્યાં: 'પણ બનવાજોગ છે કે, હું તને ન કહું તો બીજું કોઈક, ક્યારેક તો તને કહી દેશે—એ વાત જાણનાર અહીં ઘણા છે અને બીજું કોઈ તને કહે અને હું કહું તેમાં ફેર પણ હશે. મારા જેટલું તેની નજીક બીજું કોઈ નથી. કોઈ જ નહિ!'......અને પછી એકાએક તેની આંખોમાં તાકતાં તેમણે પૂછ્યું, 'શ્યામે કે—કે બીજા કોઈએ કદી તને કહ્યું છે કે......પાંચેક વરસ પહેલાં તેની સગાઈ થયેલી હતી—ને લગ્ન કદી ન થયું?'

'ન—ના!'

'હા,' અનુપમાદેવીનો અવાજ હવે ભારે થઈ ગયો હતો. સગાઈ તેની મરજીથી જ, તેની પસંદગીની છોકરી સાથે થઈ હતી.

ને છોકરીયે કેવી ?...તને ક્યાંથી ખબર હોય ? આ શહેરની જ હતી. આ શહેરની સૌથી, સૌથી સુંદર છોકરી ! ઘણો લાંબો સમય હું આ શહેરમાં રહી છું. ખરેખર, તેના જેટલી સુંદર બીજી છોકરી મેં જોઈ નથી.' તે છોકરીને ફરી વાર કલ્પનામાં જોઈ રહ્યાં હોય તેમ થોડી વાર ચૂપ રહી તે બોલ્યાં, 'શ્યામ પણ ક્યાં કમ હતો ? સાચે જ અદ્‌ભુત જોડી હતી, આંખ ઠરે તેવી અદ્‌ભુત, સંપૂર્ણ. એમાંથી કોણ જરાક પણ ચડિયાતું ને કોણ ઊતરતું—તમે ન કહી શકો. વળી બન્નેના મિજાજ પણ સરખા—ખુશમિજાજ. બન્નેના રસ અને શોખ પણ સરખા. સરખું ન હોય તેવું કંઈ તમને જોવાય ન મળે એકેમાં !......'

એકાએક, કોણ જાણે કેમ પૂર્વીની ધીરજ જાણે અધવચ્ચે જ ખૂટી ગઈ. અચાનક જાણે અંદરથી કંઈ જોર કરીને બહાર આવવા તડપી ઊઠ્યું. સહેજ ઊંચા અવાજે તે બોલી ઊઠી, 'પણ તો પછી—એટલું બધું હતું તો પણ લગ્ન કેમ ન થયાં તેમનાં ?' (એક સુંદર, અત્યંત સુંદર છોકરીને સેવતા, ચૂમતા, આલિંગતા, પ્રેમ કરતા શ્યામનું ચિત્ર જાણે તેની આંખો સામે જ દોરાઈ ગયું !)

'લગ્ન ?...લગ્નની આગલી રાતે જ તે બીજા કોઈ સાથે નાસી ગઈ !'

'હેં ?...ઓ—ઓહ !' મન પર ઓચિંતો ચાબૂક ફટકારાયો હોય તેમ પૂર્વી ચોંકી ઊઠી.

'અરે, તે પણ એક એવા માણસ સાથે જેનામાં કંઈ જ નહોતું, ખરેખર કંઈ નહોતું...શ્યામની સરખામણીએ તો તે સામાન્યમાં સામાન્ય લાગે. કશી જ મહત્ત્વની લાયકાત વિનાનો !'

'નાલાયક !' પૂર્વીથી બોલાઈ ગયું, 'હલકટ !'

અનુપમાદેવી ક્ષણ વાર તેની સામે જોઈ રહ્યાં. આંખોમાં વિસ્મય હતું. તેમનું એ વિસ્મય જોતાં જ પૂર્વી સ્વસ્થ થઈ ગઈ.

સાવધ થઈ ગઈ. મુખ પર તટસ્થતાના ભાવને ખેંચી લાવી અને બોલી :

'પણ શા માટે ? શ્યામ જેવા શ્યામને છોડીને એવા સાવ અદના માણસ સાથે શા માટે ભાગી ગઈ ? લગ્નની આગલી રાતે જ ?...કોઈને કંઈ કહ્યું નહોતું તેણે ? શ્યામને પણ નહિ ?'

'મને ખબર નથી,' માથું જરા ધુણાવતાં અનુપમાદેવી બોલ્યાં, 'કમસે કમ એટલું તો તેણે કરવું જોઈતું હતું. સાવ ઓચિંતો જ આકાશમાંથી ધરતી પર ફેંકાઈ જવા જેવો કારમો આઘાત તેને આપતાં પહેલાં તે માટે તેને તૈયાર તો કરવો જોઈતો હતો. એ પછાડ કેટલી ખતરનાક નીવડશે તેની ખબર તેને હોવી જોઈતી હતી '...ફરી એકેક વાર માથું ધુણાવીને તે બોલ્યાં, 'શ્યામને તેણે આજ સુધીમાં પણ કંઈ કહ્યું છે કે નહિ તેની મને ખબર નથી. પૂછવાની હિંમત જ આવી નથી કદી.'

ઝરઝર—સરસર પૂર્વીના અંતરમાં કંઈક ખરતું રહ્યું, ટપકતું રહ્યું, ચચરતું રહ્યું. શું હતું એ ? પહોળી આંખો મટકું માર્યા વિના અનુપમાદેવી સામે મંડાઈ રહી. પણ તે આંખો અનુપમાદેવીને જોતી હતી ? કદાચ, અથવા તેમની આરપાર કોઈક અતીતને તાકી રહી હોય; ભીષણ ધરતીકંપ જેવી એ મનહૂસ ઘટનાને જોઈ રહી હોય-જેમાં સુંદર, મોહક, પ્રચંડ પ્રતિભાવંત શ્યામનું હૈયું છુંદાઈ ગયું હતું, ટુકડા થઈ ગયું હતું, નષ્ટ થઈ ગયું હતું......

અને એ જોતાં જોતાં જ તેનાથી જાણે બોલાઈ ગયું, 'તો આપ એમ કહો છો કે, તે છોકરીની દગલબાજીએ શ્યામના હૈયાને નંદવી નાખ્યું છે—સાવેસાવ ?'

'શી ખબર. તેના વિષે કંઈ જ તે કદી મારી પાસે બોલ્યો નથી. પણ હું સમજી શકું છું. કોઈના પણ મનની હાલત તેથી કેવી થાય તે સમજવું અઘરું નથી. કેટલું વિચિત્ર ! કેટલું હલકટ ! એક એવા માણસને ખાતર, જેને બીજા ચાર સામાન્ય માણસોની

સાથે ઊભો રાખો તો કોઈ નોંધ પણ ન લે એવા માણસને ખાતર એ છોકરી શ્યામને છેહ દઈ ગઈ !'

થોડી વાર શાંત બેસી રહીને ફરી થોડાં સ્વસ્થ થતાં હોય તેમ તે બોલ્યાં : 'હું ધારું છું કે શ્યામના દિલ પર લાગ્યો તેથીય વધારે કરપીણ ફટકો તેના અભિમાન પર લાગ્યો હશે, પુરુષ તરીકેના અભિમાન પર. જીવનથી તે સદાય તરવરતો હતો. સ્ફૂર્તિલો, ચપળ, સફળતાને પતંગિયાની જેમ ઝડપી લેતો, મર્દાનગીથી ભર્યોભર્યો પુરુષ હતો તે, એવો એ પુરુષ આ શહેરની સૌથી સૌંદર્યવાન એક સ્ત્રીને પામી ચૂક્યો હતો, સમગ્ર પૌરુષ વડે તેને સેવી–ચાહી રહ્યો હતો અને અચાનક સાવ અણુચિંતવી રીતે પરાજય આવી પડ્યો હતો...સામે કોઈ સમોવડિયો હોય, એક આંગળ ઊંચો રહે તેવો હોય તો પણ તેના હાથે પરાજય ખમવો વસમો લાગે, જ્યારે અહીં તો સામે કેવો ક્ષુલ્લક હરીફ હતો ? ખામીઓ ને ઊણપોથી ભરેલો. એ ઘા તેને વધારે વસમો થઈ પડ્યો હશે. એ સ્વાભાવિક છે...' કહીને અનુપમાદેવીએ ધિક્કારમાં હોઠ સંકોર્યા.

'હું સમજી શકું છું,' પૂર્વી બોલી. અને તે સમજી શકી પણ હતી–આખી વાતમાંથી કંઈક અર્થ તે સમજી શકી હતી. જે સમજી શકી હતી તે તેણે કહ્યું, 'આપ એમ જ કહો છો ને કે ત્યાર પછીથી તે માણસની નબળાઈને ધિક્કારતા થઈ ગયા છે? જે બધું ખરાબ બન્યું તેનું કારણ માત્ર એ છોકરીની એક નબળાઈ જ હતી ને? તેની કોઈક ખામી જ હતી ને બધા અર્થના મૂળમાં ? ને એટલે હવે શ્યામ કોઈ પણ પ્રકારની નબળાઈને, ખામીને સહન કરી શકતા જ નથી. કોઈની એક ખામીને લીધે જ તેમણે જિંદગીની એક કારમી હાર ખમવી પડીને ?'

'ઓહ!' એક હળવો ઉદ્‌ગાર મોંએથી કાઢીને અનુપમાદેવી તેને જોઈ રહ્યાં, જોતાં જ રહ્યાં. તેની આવી જબ્બર સમજદારી જાણે તેમને આશ્ચર્ય પમાડી રહી હતી, અસાધારણ હૈયાઉકલત

જાણે વિસ્મયમાં ગરકાવ કરી દેતી હતી. ઘણી વાર સુધી તેની સામે માત્ર જોઈ રહીને તેમણે એક નિઃશ્વાસ મૂક્યો અને બોલ્યાં :

'આવું–આટલું સ્પષ્ટ તારણ હું હજી સુધી કાઢી શકી નહોતી, પૂર્વી. તારી કોઠાસૂઝ તો દાદ માગી લે તેવી છે...ખેર, ગમે તે કારણ હોય પણ પછીથી તે અનુદાર થતો ગયો છે. લોકોની ખામી કે મર્યાદા પ્રત્યે હમદર્દી કે ઉદારતા બતાવવાને બદલે આકળો ને કઠોર બની જાય છે.'

'સમજી શકાય તેવું છે.' પૂર્વી ગણગણી અને નિઃશ્વાસ મૂક્યો.

'પણ તું બહુ સમજદાર ન બનીશ,' એકાએક પાછાં બિલકુલ સ્વસ્થ થઈ ગયાં હોય તેમ જરા ઊંચા અવાજે અનુપમાદેવી બોલ્યાં, 'આ આખી કહાણી તને એક ચેતવણી રૂપે જ મેં કહેવા ધારી હતી ! શ્યામ એવો દાઝી ચૂક્યો છે કે છાશને જ નહિ, જગતની કોઈ પણ ચીજને ફૂંકીને જ પીશે અને જિંદગીમાં ક્યારેય પણ કોઈથી તે આકર્ષાશે તો તે માત્ર કોઈક ચાલાક, ગણતરીબાજ સ્ત્રી જ હશે–ફૂંકીને જ પીનારી. લાગણીને, હૈયાને, હૈયાની ઊર્મિઓને તે સમજતો જ ન હોય તેમ જીવશે. ગણતરીપૂર્વક જીવનાર, જોઈ જોઈને ડગ માંડનાર, વિચારી વિચારીને બોલનાર માણસોને જ તે સમજી શકશે. એવું કોઈક જ તેને આકર્ષી શકશે,' અને પછી ખભા સહેજ ઊંચા કરતાં તેમણે ઉમેર્યું, 'જો કે એવું માણસ મને કદી નથી ગમતું–જરા પણ નહિ.'

સરરર–સરરર–સરરર પૂર્વીના મનમાં જાણે કંઈક ઉખળવા માંડ્યું, કંઈક વીંટાવા માંડ્યું. કંઈક નવું ભાન થઈ રહ્યું હોય, નવી સમજ આવી રહી હોય તેમ આંખો સહેજ પહોળી કરીને ફાળ ખાતી તે બેસી રહી.

'જિંદગીમાં ક્યારેય શ્યામને કોઈ આકર્ષી શકશે તો તે કોઈ ચાલાક, ગણતરીબાજ સ્ત્રી જ હશે...' અનુપમાદેવી ભવિષ્ય ભાખી રહ્યાં હતાં...લાગણીને, હૈયાને, હૈયાની ઊર્મિઓને તે સમજતો.

જ ન હોય તેમ જીવશે …'

અને ઓહ ! ઓ, ભગવાન ! પોતાની પાસે તો એ જ હતું, માત્ર એ જ–લાગણી, હૈયું, હૈયાની કોમળ ઊર્મિઓ અને…અને એક ખોડ, એક ખામી !…ચાલાક, હોશિયાર, ગણતરીબાજ પોતે ક્યાં હતી ? એવી તો…એવી તો પ્રેમા હતી ! ઓહ ! હા પ્રેમા !

સ્તબ્ધ, તે બેસી રહી.

'ખેર,' અનુપમાદેવીનો અવાજ સંભળાયો, 'એ વાત પૂરી થઈ. અત્યારે તેનું કંઈ મહત્ત્વ નથી. આગળ ઉપર જોયું જશે. હવે તારી કંઈક વાત કર. મને ખ્યાલ છે કે તારી એક જોડિયા બહેન છે જે આ ફેસ્ટિવલમાં ભાગ લઈ રહી છે–બહુ સારું ગાય છે તે ?'

'પ્રેમા ?' ફરી પ્રેમા તેના મનમાં એક ધડાકા સાથે ખડી થઈ. અનુપમાદેવીએ અજબ ત્વરાથી વાતનો આખો વિષય જ બદલી નાખ્યો હતો–વીજળીની ચાંપ દાબે તેમ.

તેણે સ્વસ્થ અવાજે કહેવા પ્રયાસ કર્યો, 'હા, તેનું નામ પ્રેમા છે. હેમંત દેસાઈએ તેને પસંદ કરી છે, એક પાત્ર માટે.'

'હેમંત દેસાઈએ પસંદ કરી છે ?' અનુપમાદેવીએ કહ્યું, 'હું તો એમ માનતી હતી કે તેને શ્યામે શોધી કાઢી છે. એક વાર ફોન ઉપર તેણે એવું જ કંઈક કહ્યું હતું.'

'એવું કહ્યું હતું ? શ્યામે ?' પૂર્વીએ હોઠ કરડ્યો, અને તરત પાછી સ્વસ્થ થતાં બોલી, 'બનવાજોગ છે. એવું કહી શકાય ખરું, કારણ કે હેમંત દેસાઈનીયે પહેલાં શ્યામે જ તેને સાંભળી હતી. તેમણે જ તેને પહેલાં જોઈ હતી. દેસાઈજીએ તો ત્યાર પછી તેને સાંભળી અને પસંદગી અંગે નિર્ણય લીધો.'

'એ તો બરાબર જ છે ને ! સંગીતને લાગતુંવળગતું હોય ત્યાં આખરી ફેંસલો તો દેસાઈજી જ આપી શકે ને !' સ્વાભાવિક અવાજે અનુપમાદેવીએ કહ્યું, 'તો પછી તારી બહેન પણ અહીં

તારી સાથે જ રહેશે ને ?'

'ના !' જરાક ભારપૂર્વક પૂર્વીથી બોલાઈ ગયું, 'તેને માટે શહેરની કોઈક સરસ હોટેલમાં વ્યવસ્થા કરવાની છે.'

'વારુ,' જવા માટે ઊભાં થતાં અનુપમાદેવીએ પૂછ્યું, 'એવી વ્યવસ્થા કોણે કરી ? શ્યામે ?……બેય બહેનોને સાથે રાખી હોત તો શું ખોટું હતું ?' અને જતાં જતાં કહ્યું, 'સારું, તારે હજી કામ ઘણું હશે. કંઈ જરૂર પડે તો હરિને મારી પાસે મોકલજે.'

અનુપમાદેવી ગયાં.

'તો શું ખોટું હતું ?' પૂર્વીના મનમાં શબ્દો પડઘાઈ રહ્યા, 'શું ખોટું હતું પ્રેમા પણ આ ઘરમાં તેની સાથે જ રહે તેમાં ?'…

અનુપમાદેવી ગયાં – પૂર્વી પણ જવા માટે ઊઠી. પણ અનુપમાદેવી તેના મનમાં એક તોફાન છોડી ગયાં હતાં. તોફાની કલ્પનાઓ અને આશંકાઓનાં ધાડેધાડાં જાણે મનમાં ધમસાણ મચાવી રહ્યાં હતાં.

શ્યામ !…આજે શ્યામની જાણે નવી ઓળખ મળી હતી તેને. શ્યામની અંદરના શ્યામને જાણે ચીંધી બતાવ્યો હતો કોઈકે. પેલી દગલબાજ, ગણતરીબાજ, ચબરાક છોકરીનો રૂપાળો ચહેરો ઘડી ઘડી મનમાં ઝબકી જતો'તો. મારકણી આંખો વ્યંગમાં મીંચકારતો મરકી જતો'તો. અનુપમાદેવી કહી રહ્યાં હતાં : 'કોઈ પણ સ્ત્રી હવે કદી પણ શ્યામને આકર્ષી શકશે તો તે પેલી જેવી જ ગણતરીબાજ ને ગુલાંટબાજ જ હશે !'…મન વ્યાકુળ થઈને ચીલું પડી જતું'તું – એવી ગણતરીબાજ પોતે ક્યાં છે ? કુનેહબાજ પણ ક્યાં છે ? …અને પીડાનો જાણે સણકો આવતો હોય તેમ વિચાર દોડી આવ્યો : 'પણ પ્રેમા તો એવી છે ! એવા જ ઠંડા કલેજાની, એવી જ ગણતરીબાજ, ગુલાંટ પણ જેવી મારવી પડે

તેવી મારી દે...પ્રેમાની ના નહિ !'...

વિચારોને ખંખેરી નાખતી હોય તેમ જોરથી માથું ધુણાવીને રૂમની બહાર નીકળી જવા તેણે પગ ઉપાડ્યા. સીડી ચડીને ઉપર પોતાના રૂમમાં પહોંચી ત્યારે ફોનની ઘંટડી જોરથી વાગી રહી હતી. ત્વરાથી ફોન ઉપાડતાં તે બોલી : 'હલ્લો...'

સામેથી પ્રેમાનો ઉમળકાભર્યો અવાજ સંભળાયો : 'કોણ, પૂર્વી, તું બોલે છે ?'

કારણ વિના એક ધ્રાસકો ખાઈ ગઈ પૂર્વી. 'પ્રેમા ? પ્રેમા અહીં ક્યાંથી ? આજે ?'

'હું દિલ્હીથી બોલું છું, પૂર્વી,' પ્રેમાનો હસતો અવાજ ફરી સંભળાયો, 'તું એકલી જ અહીંથી નીકળી હતી એટલે મને ચિંતા થતી હતી. કંઈ તકલીફ તો નહોતી પડીને ?'

'ના રે, ના. આરામથી પહોંચી ગઈ હતી. અને વળી અહીં તો ખુદ હેમંત દેસાઈ મને લેવા માટે આવી ગયા હતા. એટલે–'

'હેં ? હેમંત દેસાઈ ?...તને લેવા આવ્યા હતા ? શું કહે છે, પૂર્વી ?' પ્રેમાનું આશ્ચર્ય જાણે તેના અવાજમાં સમાતું નહોતું.

'હા,' પૂર્વીએ કહ્યું, 'મને પણ ત્યારે તારા જેટલું જ આશ્ચર્ય થયું હતું. પણ તેમણે કહ્યું કે, તેઓ વહેલા ઊઠી ગયા હતા અને અહીંની ખુશનુમા સવારમાં બહાર નીકળવાનું તેમને મન હતું.' પળવાર રોકાઈ, એક શ્વાસ લેતાં તે બોલી, 'પ્રેમા, અહીંની સવાર ખરેખર ખૂબ ખુશનુમા હોય છે, ખરેખર !'...

વચ્ચે જ પ્રેમા બોલી ઊઠી, 'તેમણે શી વાતો કરી તારી સાથે ? મારા વિષે કંઈ પૂછતા'તા ?'

'કંઈ જ નહિ,' પૂર્વીએ ટૂંકો જવાબ આપ્યો. ઝાઝું કંઈ બોલવા જતાં કંઈક ન બોલવાનું પણ બોલાઈ જાય તેનાથી. હાસ્તો, પ્રેમા જેવી ચાલાકી ક્યાં હતી તેનામાં ?

'અચ્છા, અચ્છા,' હળવું હસતાં પ્રેમાએ કહ્યું, 'તો પછી

તું તો ત્યાં મજામાં છે ને ? ત્યાં બધું બરાબર વ્યવસ્થિત ગોઠવાઈ ગયું છે ને ? શ્યામ મળે તો એમ જ કહું ને ?'

'હ—હા !' પૂર્વી બોલી ગઈ. તેના ગળામાં બીજો જ પ્રશ્ન ઘૂંગળાતો હતો : 'શ્યામ પ્રેમાને મળશે ? શા માટે ? અને અહીં બધું વ્યવસ્થિત થઈ ગયાનું પ્રેમાને પૂછશે ? શા માટે ?'...

પણ સામેથી ફોન મુકાઈ ગયો હતો. ફરી પાછી પ્રેમા તેનાથી સેંકડો માઈલ દૂર સરી ગઈ હતી. શ્યામ પણ ત્યાં હતો. એટલો જ દૂર. ને પોતે અહીં હતી – આ તીરે.

* * *

રવિવારની સવાર પડી – ખુશનુમા, તાજગીથી ભરીભરી. પૂર્વી સવારથી જ તન તોડી રહી હતી. શ્યામની કામચલાઉ ઑફિસ આજે સાંજ પહેલાં તૈયાર હોવી જ જોઈએ – એકદમ ફર્સ્ટ ક્લાસ !.... દિલ્હીની ઑફિસની એ સલૂણી સાંજ તેના સ્મરણમાં ઘોળાઈ રહી જ્યારે તેના હાથમાંથી પેલી 'ઈમ્પર્ફેક્ટ એન્જલ' લઈ કાચના અશ્વને હડસેલી દેતાં શ્યામે કહ્યું હતું : 'મેં એવું માની લીધું કે મારે બેમાંથી એકેય ખંડિત મૂર્તિ વિના ચાલશે !'

એક ઘડીભર હૈયું લીલુંછમ્મ થઈ ડોલી ઊઠ્યું. બારીની બહાર, બાલ્કનીની નીચે લૂંબઝૂંબા લીલોતરી હવાની લેરખીમાં ડોલી રહી હતી. આંખને ઠારતા એ હરિયાળા પટ પર તેણે નજર દોડાવી. દૂર દૂર સુધી ફેલાતો એ પટ છેક દૂર જઈને જાણે ઝૂકેલા આકાશના હોઠ સાથે હોઠ અડાડતો હતો. મનમાં આહ્‌લાદનું એક મોટું મોજું ઉછળતું હોય તેમ ક્ષણ વાર તેણે આંખો મીંચી લીધી. આદરનું મોજું મુખ પર ફરી વળ્યું.

તરત જ ઝટકો લાગ્યો હોય તેમ તેણે આંખો ખોલી નાખી. અનુપમાદેવી પાસેથી જાણેલી પેલી વાત...હા, એ વાત જ સાચી હતી. એ જ વાસ્તવિકતા હતી. નક્કર અને નઠોર વાસ્તવિકતા. નાજુક ઊર્મિઓ અને મુલાયમ સ્પંદનો વૃથા હતાં, મિથ્યાં હતાં.

તે બધાથી પર હતો શ્યામ. એવું બધું તેને સ્પર્શવાનું જ નહોતું કદી...

બપોર ચડ્યો અને ઢળી ગયો ત્યારે પણ પૂર્વી કામ કરી રહી હતી. રૂમને, ઑફિસને વ્યવસ્થિત કરી રહી હતી. ખૂણે ખૂણે દોડી રહી હતી. બધું, બધું જ કેમ હોવું જોઈએ તેની તેને ખબર હતી. બધું કેમ હોય તો જ શ્યામને ફાવે તેની તેને ખબર હતી. બધું તેમ કરતાં કેટલો થાક તેને લાગ્યો તેની ખબર નહોતી.

ચારેક વાગ્યે એ પણ પૂરું થઈ ગયું. એક વાર બધે ફરીને તેણે જોઈ લીધું. જેમ હોવું જોઈએ તેમ જ હતું બધું. સીડી ઊતરીને તે નીચે આવી અને ડાબી બાજુના રૂમમાં પ્રવેશવા પગ મૂક્યો. ઓહ ! એક પળ પગ ઊંબરામાં જ ચોંટી ગયા. પગની પાનીમાં એક અચાનકની ઝણઝણાટી ઊઠી. અંદર રૂમમાં શ્યામ ઊભો હતો – અનુપમાદેવીની સામે.

'આવી પણ ગયા ?...ક્યારે ?' પૂર્વીના મનમાં પ્રશ્નો ઝબક્યા અને શમી ગયા : તે આવી ગયો તેમાં આટલું આશ્ચર્ય શાનું ? આવવાનો તો હતો જ, આજે જ આવવાનો હતો અને આવી ગયો. અચંબા જેવું શું છે વળી ?

ને તેણે પગ ઉપાડ્યા. તેને લાગ્યું કે, અનુપમાદેવી કંઈક નારાજ દેખાતાં હતાં. કદાચ, ગુસ્સે થયેલાં લાગતાં હતાં. શું થયું હશે ? શ્યામે એવું કંઈ કહ્યું હશે ? કે તેમણે શ્યામને એવું કહ્યું હશે ?...તો તો શ્યામ પણ નારાજ નહિ હોય ? હશે જ. પોતે બરાબર જાણે છે તેના સ્વભાવને. તેનું મન જરા જરા દબાવા લાગ્યું.

ત્યારે જ અનુપમાદેવીની નજર તેના પર પડી. અને ભવાં સહેજ અધ્ધર ચડાવતાં તે બોલી ઊઠ્યાં : 'અરે, પૂર્વી ! આવી ગઈ તું ?' અને પછી શ્યામ સામે જોતાં બોલ્યાં, 'કેટલી કામઢી અને મીઠડી છોકરી છે ! આ નાજુક છોકરી પાસે આટલી બધી મજૂરી તું કરાવી શી રીતે શકે છે, શ્યામ ?'

એકદમ પાછળ ફરીને શ્યામે પૂર્વી સામે જોયું અને મુખ પર સ્મિત આણ્યું. પૂર્વીએ જોયું, નારાજગીના ઢગલા નીચેથી પ્રયત્નપૂર્વક ખેંચી લેવાયેલું એ સ્મિત ઝડપથી પાછું ઓલવાઈ ગયું. અનુપમાદેવી તરફ ફરતાં શ્યામે કહ્યું, 'કેમ તું એવું બોલે છે, મમ્મી ? પૂર્વીએ કંઈ ફરિયાદ'—

'એક પણ નહિ,' પૂર્વી વચ્ચે જ બોલી ઊઠી. મુખ ઉપર સ્મિત લાવીને તેણે કહ્યું, 'મારે કોઈ ફરિયાદ છે જ ક્યાં ?'

'જોયું, મમ્મી ? સાંભળ્યું તેં ?'

'તેની વાત સાચી જ છે.' અનુપમાદેવીએ કહ્યું, 'તેણે કોઈ ફરિયાદ કરી જ નથી; કરશે પણ નહિ. તે તેના સ્વભાવમાં નથી. છતાં—'

'છતાં શું ?' કહીને પૂર્વી તરફ ફરતાં તેણે પૂછ્યું, 'વોટ્સ ધ મેટર, એન્જલ ? તને એકલી પાડી દીધી હોય એવું લાગે છે ?'

અને એકાએક તેણે પૂર્વીના ખભા પર હાથ મૂક્યો. પૂર્વી સહેજ ધ્રૂજી ગઈ પણ તરત જ સ્વસ્થ થઈ જતાં હસી પડી અને માથું હલાવી ના પાડી, 'એવું કંઈ નથી, શ્યામ. હું બરાબર છું. મમ્મીને મારા માટે બહુ લાગણી થઈ ગઈ છે. એટલે તેમને એવું લાગતું હશે. આખો દિવસ, આરામ કર્યા વિના, મેં કામ કર્યું છે ને, એટલે.'

'હાસ્તો,' અનુપમાદેવી વચ્ચે બોલ્યાં, 'આજે રવિવારે પણ આટલું બધું કામ કરે તો પછી તેને રજા ક્યારે ?'

'રજા જ છે ને,' ફરી હસી પડતાં પૂર્વીએ કહ્યું, 'આજે રજા જ છે, પણ ખાસ પ્રકારની રજા. રજામાંથી મળે એટલો જ આનંદ આજે મને કામમાંથી મળ્યો છે !'

'સાંભળી લે, મમ્મી ! પૂર્વી એક અજોડ સેક્રેટરી છે—અજોડ અને અણમોલ. અને હજી લાંબા સમય સુધી મારે તેના વિના ચાલવાનું નથી.' કહીને પૂર્વી તરફ ફરતાં તેણે કહ્યું, 'તો હવે

વાત પૂરી થઈ ?'

પ્રશંસાનાં મઘમઘતાં ફૂલો જેવા શબ્દોએ પૂર્વીના અંતરમાં મીઠપભર્યો એક ઉમળકો જગાડ્યો હતો. મીઠું હસીને તેણે હકારમાં માથું હલાવ્યું.

'અને હા, તારા માટે એક સર્પ્રાઈઝ પણ લેતો આવ્યો છું,' શ્યામે કહ્યું, 'ઉપરના માળે પ્રેમા કદાચ તારી જ રાહ જોતી હશે.' સહેજ અટકીને તેણે ઉમેર્યું, 'પ્લેઈનમાં મારી સાથે જ તે આવી છે—મુંબઈ થઈને !'

'પ-પ્લેઈનમાં ? તમારી સાથે ?' અર્ધીએક ક્ષણ થોથવાઈ જતાં પૂર્વી બોલી ઊઠી.

'કેમ ? નવાઈ લાગે છે ?'

'ના એમ નહિ,' પૂર્વી માંડમાંડ બોલી. તેની છાતીમાં અમથો અમથી ફાળ અથડાતી હતી, 'પણ મારો ખ્યાલ એવો હતો કે તે ટ્રેઈનમાં આવવાની છે-જુદી.'

'એવું હતું,' શ્યામે તેના ચહેરા સામે તાકતાં કહ્યું, 'પણ ગઈ કાલે તેણે તારા સમાચાર આપવા માટે મને ફોન કર્યો સાથે સાથે એમ પણ કહ્યું કે બીજા તદ્દન અજાણ્યા લોકો સાથે ટ્રેઈનમાં મુસાફરી કરતાં તેને બહુ મુશ્કેલી પડશે. તે એટલી બધી ઢીલી થઈ જતી'તી કે મને તેની વાત—ખેર ! ગમે તેમ, પણ હવે તે અહીં આવી ગઈ છે. તેને મળ.'

'તે અહીં જ રહેવાની છે ? આ ઘરમાં ?' પૂર્વીની ઇચ્છા વિરુદ્ધ, તેના કાબૂ બહાર મનમાં પ્રશ્ન ઉછળી આવ્યો ને મોંએથી નીકળી ગયો.

પળવાર શ્યામ સ્થિર થઈ ગયો. એક નજરે પૂર્વીનો ચહેરો જોઈ રહ્યો. પછી બોલ્યો, 'હા, આ ઘરમાં જ !' અને સહેજ અટકીને પૂછ્યું, 'તને વાંધો છે તેમાં ?'

પૂર્વીના હૃદયમાં એક મોટો ધબાકો થયો. હોઠ એકાએક સુકાવા લાગ્યા. હોઠ પર જીભ ફેરવતી તે ચૂપ ઊભી રહી. આજે શ્યામ કેમ આવો બની ગયો હતો ? આટલો તોછડો કેમ બની રહ્યો હતો તેની સાથે ?..... શ્યામના મનમાં કંઈ હતું ? કંઈ મનદુઃખ થઈ ગયું હતું તેને ? શા માટે ? પોતે તો એવું કંઈ કર્યું નહોતું, કર્યું નહોતું......દબાતા, ગભરાટભર્યા ભાવોની એક ઉમરી મનને ધૂંધળું બનાવી રહી. શ્યામ જે બોલી ગયો તેનો ખરો, પૂરો અર્થ હજી મનમાં ઊતરતો નહોતો.

પણ અનુપમાદેવી ત્યારે જ બોલ્યાં: 'તારી વાત સમજાય નહિ એવી જ છે, શ્યામ. નાહક તેના પર તોર ન ચલાવ. પ્રેમાને બીજા કલાકારોની જેમ શહેરની હોટેલમાં રહેવાનું પહેલેથી નક્કી હતું. હવે એકાએક તું તેને અહીં રાખવાનું નક્કી કરી નાખે છે. નવાઈ લાગે એ સ્વાભાવિક નથી ? પૂર્વીને પણ લાગે, ને મને પણ લાગે !'

'તે હોટેલમાં રહેવાની હતી-બરાબર છે,' શ્યામનો અવાજ ધીમો બન્યો પણ મક્કમ એટલો જ રહ્યો, 'પણ હવે તે અહીં રહેવાની છે-મારા કહેવાથી. ધેટ્સ ઓલ !'

ઉશ્કેરાઈ જતા, છંછેડાઈ જતા, ને વિચિત્ર વર્તન કરી નાખતા શ્યામને આ પહેલાં પણ પૂર્વીએ જોયો હતો. જ્યારે જ્યારે તેનું કોઈક કામ બગડી જાય, ધાર્યું થઈ ન શકે ત્યારે ત્યારે ઘડીકમાં સાવ બદલાઈ જતો, બાલીશ લાગે તેવા ધમપછાડા કરતો તેને જોયો હતો. એટલે તેને નવાઈ લાગવી જોઈતી નહોતી. પણ આવી સાવ સામાન્ય વાતમાં તે મિજાજને આટલો બધો બગાડી બેસે એવી ધારણા તેણે રાખી નહોતી; રાખી શકાય તેવી ધારણા નહોતી તે. છતાં હકીકત હતી કે એક ક્ષુલ્લક વાત પર શ્યામ તતડી ઊઠ્યો'તો...શા માટે ?

અનુપમાદેવીને જવાબ આપીને તે પૂર્વી તરફ ફર્યો. જીભ ઉપર હોઠ ફેરવીને પૂર્વીએ તેની સામે જોયું. તે બોલ્યો, 'હવે કોઈ સવાલ છે? કોણે ક્યાં રહેવું તે હું નક્કી કરું છું. મેં નક્કી કર્યું કે પ્રેમા અહીં રહેશે. તેને તેમાં વાંધો નથી; મને પણ નથી. તને વાંધો છે?'

'વાંધો,' સ્વસ્થ થવાનો પ્રયાસ કરતાં પૂર્વી બોલી, 'મને શા માટે હોય? મેં તો સ્વાભાવિક જ એ પૂછ્યું હતું. તેને હોટેલમાં રહેવાનું નક્કી હતું એટલે.' જોકે પોતાના જવાબથી તેને પોતાને સંતોષ ન થયો. તે જાણતી હતી કે એ જવાબ સાચો નહોતો–સાવ સાચો તો નહોતો જ. શી ખબર શા માટે, પણ પ્રેમા આમ એકાએક અહીં રહેવા આવી જાય એટલું જ નહિ, ખુદ શ્યામ આટલા જોરપૂર્વક તેને અહીં રાખવા જીદ પર ચડે એ–

પૂર્વીને કંઈક વાંધો તો હતો. જબરદસ્ત વાંધો હતો. પણ શો વાંધો હતો તેને? શા માટે હતો? તેને ખબર નહોતી.

'સારું,' શ્યામનો અવાજ સંભળાયો, 'તો પછી ઉપર જઈને પ્રેમાને મળ. તેની પાસે તારે જવું ન જોઈએ?'

હોઠ જરા દબાવીને પૂર્વી નીચું જોઈ ગઈ. માથું હકારમાં હલાવીને જવા માટે તેણે પગ ઉપાડ્યા. તે બારણાની બહાર નીકળતી જ હતી ત્યાં અનુપમાદેવીના શબ્દો સંભળાયા: 'તને ગમે તે થયું હોય, શ્યામ, તેની સાથે આવી રીતે વર્તવાનો તને હક્ક નથી. તું ગમે ત્યાંથી છંછેડાઈને આવ્યો હોય, એ બિચારી ગભરુ પર ગુસ્સો શાનો ઉતારે છે? વાંક શો છે તેનો?'

પૂર્વી બારણાની બહાર નીકળી ગઈ હતી. સીડી ચડીને સીધી ઉપર જવાનું જ હતું તેણે, પણ તેના પગ થંભી ગયા. અનુપમાદેવીના ઠપકાનો શ્યામ શો જવાબ આપે છે તે જાણવા મન ઊંચે પગે થઈ ગયું. બારણાની પાસે સહેજ દબાઈને તે ઊભી રહી ગઈ.

'વાંકનો આમાં પ્રશ્ન જ નથી,' શ્યામનો અવાજ સંભળાયો, 'એક વાત સૌએ સમજી લેવા જેવી છે કે, મારા દરેક કામની બાબતમાં નિર્ણય લેવાનો હક્ક મારો છે–માત્ર મારો જ. અને મારા કોઈ પણ નિર્ણય અંગે પ્રશ્ન કરવાની કોઈનીય ચેષ્ટા હું સહન કરી શકીશ નહિ. અને તે તો મારી સેક્રેટરી છે. બહુ સારી છે, બહુ ઉમદા છે એ કબૂલ. પણ –'

'માત્ર એટલું જ નથી, શ્યામ,' અનુપમાદેવીનો અવાજ સંભળાયો, 'એ ઉપરાંત પણ તેનામાં કંઈક છે, ભાગ્યે જ જોવા મળે એવું કંઈક.' અને સહેજ થોભતાં તેમણે આગળ કહ્યું, 'તારા માટે તેના દિલમાં અનન્ય નિષ્ઠા છે–ભક્ત જેવી!'

વ્યંગભર્યું હસતાં શ્યામ બોલ્યો, 'જાણું છું. પણ તને એ નહિ સમજાય, મમ્મી. એવી અનન્ય નિષ્ઠા બેધારા હથિયાર જેવી હોય છે. કાપીયે જાણે ને બાંધીયે જાણે. એવી નિષ્ઠાવાળું માનવી નિષ્ઠાપૂર્વક તમને બાંધતું જાય છે, પાંગળા બનાવતું જાય છે. અને પછી માની લે છે કે તેના વિના તમારે જરાય નહિ ચાલે. એટલે તેને તેની હદ દેખાડી દેવી જોઈએ.'

'બસ, બસ!' જોરથી માથું ધુણાવતાં અનુપમાદેવી બોલી ઊઠ્યાં, 'હવે બસ કર, શ્યામ. તારા મગજને થઈ શું ગયું છે આજે! કયો શેતાન–'

પણ પૂર્વી ત્યાં ઊભી રહી શકી નહિ. એક પ્રચંડ વંટોળ તેના મનમાં ફૂંકાઈ ઊઠ્યો હતો. મનને વેરણછેરણ કરી રહ્યો હતો. અકળાતા, ગૂંગળાતા, રોષભર્યા શ્વાસથી છાતી વેગપૂર્વક ઊંચીનીચી થઈ રહી હતી. લમણાંમાં ધમ્–ધમ્–ધમ્ જાણે હથોડા ઝિંકાઈ રહ્યા હતા.

સડસડાટ તે દાદરો ચડવા લાગી. પગની પાની જાણે દાઝતી હોય તેમ પડી ન પડીને પાછી ઊપડી જતી'તી. મન ઉપર એક કારમો ઘા વાગ્યો હતો. વેદનાથી મન તરફડી રહ્યું'તું, ઝનૂન પર

આવીને ઉછળી રહ્યું'તું. 'ઓહ ભગવાન ! તે શું સમજી બેઠી હતી શ્યામને ? સર્વસ્વપૂર્વક સમર્પિત થઈ ચૂકી'તી તેને...અનન્ય નિષ્ઠા ! હા, એવી નિષ્ઠાથી જ દિવસ-રાત તૂટી રહી'તી તેને માટે. એ નિષ્ઠાનો, એ સ્વાર્પણનો આ કેવો બદલો...!'

રોષભર્યા, ધગધગતા વિચારો મગજમાં ઘૂમરી ખાઈ રહ્યા, 'માય ગોડ ! કેટલી મૂર્ખ બની છું હું ? કેટલી હદે મૂર્ખ !... પણ હવે ડહાપણ આવી ગયું છે. હવે મૂર્ખ નહિ બનું...તે એમ માને છે ને કે દિવસ કે રાત જોયા વિના તનતોડીને જે કામ હું તેને માટે કરતી હતી તે તેના ઉપર વર્ચસ્વ મેળવવા કરતી હતી ? મારા વિના તેને પાંગળો બનાવી દેવા કરતી હતી ? ભલે એમ માને... કેટલું બધું ગુમાન છે ? પણ શાનું ગુમાન છે તેને ? અને એ ગુમાન પોતાને શા માટે દેખાડવું જોઈએ તેણે ?...મારે પણ સ્વમાન છે. અત્યારે જ, આ ઘડીએ જ બેગબિસ્તરા ઉપાડીને ચાલતી થઈ જાઉં છું...તેના કામનું ભલે જે થવું હોય તે થાય. તેનું ગુમાન તેને જ મુબારક ! બસ, હવે તો તેનું ગુમાન જ બધું કામ કરી આપશે તેને !...'

આવેશભરી તે તેના રૂમમાં દોડી ગઈ. આંચકો મારીને જોરથી કબાટ ખોલી નાખ્યું. કબાટમાંથી સુટકેસ બહાર ખેંચી કાઢીને ટેબલ પર મૂકી. અને તેમાં કપડાં ભરવાનું શરૂ કર્યું.

બારણે ધીમા ટકોરા પડ્યા અને સરસ લહેકાભર્યો અવાજ સંભળાયો, 'શું ચાલે છે, પૂર્વી ? અંદર આવું ને ?'

ઝડપથી પૂર્વી પાછી ફરી. મીઠું, મજાનું સ્મિત ફરકાવતી પ્રેમા બારણામાં ઊભી હતી. માથાને નજાકતભર્યો ઝાટકો આપીને તેણે વાળની લટ ઉછાળી અને અણીદાર આંખો પલકારતી, તેની સામે જોતા અંદર આવી.

* * *

[૯]

જબરદસ્ત ઉશ્કેરાટ અને રોષથી હજી પૂર્વીનો ચહેરો તંગ હતો. વળી વળીને મનમાં એક તોફાન ઊઠતું હતું, વગર વાંકના કાતિલ ઘાની વેદના રહી રહીને મનમાં તીખી બળતરા રેડી રહી હતી. કંઈનું કંઈ કરી નાખવાની, કંઈક ધડાકા જેવું કરી નાખવાની, ગુમાની શ્યામને પાઠ ભણાવી દેવાની તીખી તીખી ઇચ્છા મનમાં ફરી ફરીને ભોંકાઈ રહી હતી. મન અસ્થિર-અસ્થિર હતું, બેચેન-બેચેન હતું. અને સખત ધૂંધવાતું હતું.

અને ત્યારે જ, પ્રેમા-જાણેઅજાણે એક ધમકીરૂપ બની રહેલી પ્રેમા – મુખડું મરકાવતી, આંખડી પલકારતી, મીઠા અવાજે પૂછી રહી હતી : 'અંદર આવું ને ?'

'આટલે સુધી તો અંદર આવી ગઈ ! તે મને પૂછીને આવી ?' એક નઠોર-કઠોર વેણ પૂર્વીના હોઠ સુધી આવી ગયું, પણ બહાર ન નીકળ્યું. મગજને સ્વસ્થ કરવા મથતી પૂર્વી તત્કાળ કંઈ જવાબ આપી શકી નહિ.

હવે પ્રેમા અંદર આવી જ ગઈ હતી. પૂર્વીની લગોલગ પહોંચી ચૂકી હતી. પૂર્વીની હાલતની તેને ક્યાં ખબર હતી ? તેણે કહ્યું :

'ચમકી ગઈ, પૂર્વી ?' અને પછી ખળખળ વહેતા ઝરણા જેવું હસી પડી. 'બરાબર છે. તને નવાઈ લાગે એવી રીતે જ હું અહીં આવી ચડી, નહિ ? પણ મને તો તેથી ખૂબ આનંદ થાય છે, પૂર્વી. સાચે જ, હવે આપણે બન્ને સાથે જ રહી શકીશું. કેટલું સરસ ! તને પણ આનંદ જ થાય છે ને તેથી ?'

જવાબમાં પૂર્વા કંઈક કહેશે તેવી ધારણાથી કે ગમે તેમ, પળવાર તે બોલતી અટકી. પૂર્વી કંઈ બોલી નહિ એટલે તેણે ઉત્સાહભેર કહ્યું, 'તારી સાથે ફોન પર વાત કર્યા પછી તરત જ હું શ્યામ પાસે ગઈ હતી – તારા સમાચાર આપવા. અમે તારી ઘણી વાતો કરી અને એ વાતોમાં જ મેં શ્યામને મારી ઇચ્છા પણ જણાવી દીધી. જોકે મને બહુ આશા નહોતી, પણ તે મને તેની સાથે જ અહીં લઈ આવવા તૈયાર થઈ ગયા! અને મને હાશ થઈ! તે દિલ્હીથી મુંબઈ થઈને અહીં આવવાના હતા તો પણ મને સાથે લેવામાં તેમણે આનાકાની કરી નહિ. એટલી હું નસીબદાર, નહિ?...અને પછી રસ્તામાં મેં અહીં તારી સાથે રહેવાની સંમતિ પણ મેળવી લીધી.'

'જાણું છું,' ટૂંકો, સાવ ટૂંકો જવાબ પૂર્વીએ આપ્યો. જે ઉત્સાહથી પ્રેમા બોલી રહી હતી, વિગતો કહી રહી હતી તેની સામે એ ટચૂકડો જવાબ પથ્થર જેવો જ લાગ્યો હશે. પણ તે શું કરે? એનાથી વધારે સારા કોઈ શબ્દો બોલવા જેવી તેની હાલત જ ક્યાં હતી?

પણ પ્રેમા તેની નોંધ ન લઈ શકી. આનંદભરી ઉત્તેજના હજી તેના મનમાં ઉભરાઈ રહી હતી. તે બોલતી રહી: 'મને તારી જ ચિંતા થતી હતી; પૂર્વી. અને થાય જ ને? છેક દિલ્હીથી તને અહીં એકલી મોકલી, અને અહીં આવીને ય પાછું કેટલું બધું કામ કરવાનું! કામ કરી કરીને તું તો અડધી જ થઈ જાય, બાપ! એટલે જ મેં અહીં તારી સાથે રહેવાનું ગોઠવ્યું. તારું કામ ભલે મને ન આવડે, પણ તારી થોડીક સંભાળ તો રાખી શકું ને!' સહેજ અટકીને તેણે તેનું આગવું જાદુગરીભર્યું સ્મિત કર્યું, અને કહ્યું, 'શ્યામ માટે તું કયું કામ ન કરે? મને ખબર છે પૂર્વી, કે તેના માટે તને કેટલી બધી નિષ્ઠા—'

'નથી! એ તારો વહેમ છે. તેના માટે એવું બધું મને

કંઈ છે જ નહિ!' નહોતું બોલવું, બોલવાની કંઈ જ જરૂર નહોતી છતાં ન બોલવા જેવું પૂર્વીથી બોલાઈ ગયું. મનને ખૂબ દઝાડતી, ખૂબ અકળાવતી કોઈક ચીજ જાણે બહાર કાઢી નાખતી હોય તેમ તેનાથી બોલાઈ ગયું, 'હું તેને સારી રીતે જાણું છું. ઠંડા કલેજાનો, કઠોર, ગણતરીપૂર્વક જ પગ મૂકનાર માણસ છે તે! ઉપરાંત બેહદ ગુમાન તો વધારામાં! ..પણ ઠીક છે. મને તેણે સારી રીતે રાખી છે, સારો એવો પગાર આપે છે, એટલે રહી છું!'

પ્રેમાની અણીદાર આંખો ગોળ બની ગઈ, ખેંચાઈને તંગ બની ગઈ. અધખૂલ્લા હોઠે તે પૂર્વી સામે તાકી રહી. આ ઘડીએ જ પૂર્વી ઊંધા માથે ચાલવા લાગી હોત, હાથને બદલે પગથી કામ કરવા લાગી હોત તો પણ એટલું આશ્ચર્ય તેને ન થયું હોત જેટલું પૂર્વીના આ શબ્દો સાંભળીને થયું. આશ્ચર્યથી થોથવાતી તે બોલી:

'પ–પણ પૂર્વી, હું તો અત્યાર સુધી એમ માનતી રહી છું કે તું તેની–આઈ મીન, તું તેની અનન્ય ચાહક છે!'

'બિલકુલ નહિ!' ઝનૂન હજી પૂર્વીના મનમાં વંટોળની જેમ ઘૂમરાતું હતું. શ્યામ માટે તેના દિલમાં કોઈ ખાસ લાગણી છે જ નહિ, શ્યામને અને તેને કશું ખાસ છે જ નહિ એમ જોરપૂર્વક કહી દેવાથી તેના મનને જાણે એક પ્રકારની હળવાશ મળતી હતી, એક પ્રકારનો આનંદ થતો હતો! તે આગળ બોલી, 'બરાબર છે. એ વાત સાચી છે કે તેની મોહકતા જબરી છે, શક્તિઓ જબરી છે. પણ તેમ છતાં તેના વિષે કોઈ ભ્રમમાં હું નથી!'

'પૂર્વી!' આશ્ચર્ય હવે જીરવાતું ન હોય તેમ જોરથી પ્રેમા બોલી ઊઠી, 'પૂર્વી, શું કહે છે તું? મને લાગે છે, ખરેખર મને ચક્કર આવી જશે!' વળી બોલતી અટકી જઈ, પહોળી આંખો એક–બે વાર મીંચકારતી તે બોલી, 'સોગંદથી પૂર્વી, હું સોગંદ-પૂર્વક કહી શકું કે શ્યામ તારે માટે એક આદર્શ મૂર્તિ હતા.

ખુદ શ્યામે પણ મને કહ્યું હતું કે—'

પણ તે અટકી ગઈ. અચાનક જાણે કોઈ નવો વિચાર આવી ગયો હોય તેમ વાક્યને અધૂરું બોલીને હોઠ બંધ કરી લીધા. પણ એ અધૂરા વાક્યે પણ પૂર્વીને ઝબકાવી દીધી હતી. આંચકો આપીને જાણે હચમચાવી દીધી હતી. એકદમ તેણે પૂછ્યું:

'હં...હં ! તેણે શું કહ્યું'તું તને ?'

પણ પ્રેમા જરાક અસ્વસ્થ થઈ ગઈ. અંદર કોઈક ગડમથલથી જાણે ડગમગી ગઈ. તેને એવી થઈ જતી પૂર્વીએ કદી જોઈ નહોતી. પણ ક્ષણવારમાં જ પ્રેમા પાછી સ્વસ્થ થઈ ગઈ. સ્વસ્થતાથી મોં મરકાવતાં તેણે કહ્યું, 'કંઈ નહિ. જવા દે એ વાત. એવી કંઈ અગત્યની વાત નહોતી તે. પણ હું ખરેખર ખુશ થાઉં છું, પૂર્વી. હું માની બેઠી'તી એટલો રાગ તને શ્યામમાં નથી એ જાણીને મને ખુશી થઈ છે...મને સતત એ ભાર મન ઉપર રહેતો'તો કે ક્યાંક આપણા બે વચ્ચે જ સ્પર્ધા—'

'સ્પર્ધા ?!' ગીલોલમાંથી છૂટેલો કોઈ કાંકરો જોરથી વાગે એમ એ શબ્દ પૂર્વીના મર્મસ્થાનને વાગ્યો. ને વાગતાં જ જાણે તે જાગી ગઈ. અત્યાર સુધી મનમાં ધમધમતો પેલો ક્રોધ અને તિરસ્કાર સડસડાટ ક્યાંક ઊડી ગયા, હટી ગયા અને સમજદારી જાણે જાગી ઊઠી. ફરી વાર તેણે પૂછ્યું, 'સ્પર્ધા એટલે ? તું કહેવા શું માગે છે ? બરાબર સમજાવ ! તું એમ કહેવા માગે છે કે તારે માટે પણ તે આદર્શ મૂર્તિ છે ?'

'ના રે, ના. મૂર્તિ–બૂર્તિ કશું નહિ, પૂર્વી. આદર્શ મૂર્તિઓનો મને શોખ જ નથી,' હસતાં હસતાં પ્રેમાએ કહ્યું, 'પણ એટલું ખરું કે તેના જેવો મોહક માણસ મેં જોયો નથી. અને તદ્દન વ્યવહારુ હિસાબ ગણીએ તો, આવડા મોટા ફેસ્ટિવલના દિગ્દર્શકનું મહત્ત્વ કોઈ પણ છોકરી ઓછું આંકી શકે નહિ– જેને કોઈક કારકિર્દી બનાવવી હોય એવી છોકરીની વાત કરું છું.

અને એટલે જ વાતે વાતે હું બીને ઉછળી ઊઠું છું કે, મને પસંદ કરવામાં તેણે ભૂલ નથી જ કરી એવું હું તેને ઠસાવી શકું તે પહેલાં ક્યાંક આપણી પેલી છેતરપીંડીની તેને ખબર ન પડી જાય !'

'ઓહ ! એ ?' રાહતભર્યો એક શ્વાસ મૂકતાં પૂર્વીએ કહ્યું, 'એની ચિંતા કરવાની તારે જરૂર નથી.'

પળ બે પળ પ્રેમા પૂર્વીની સામે જોતી ચૂપ ઊભી રહી. પછી એકદમ યાદ આવ્યું હોય તેમ બોલી, 'અરે ! હજી તો મેં કપડાં પણ બેગમાંથી કાઢીને કબાટમાં મૂક્યાં નથી...તારે હવે કામ હશે. હું જાઉં.'

તે ગઈ. બન્ને હથેળીઓ આંખો પર દબાવતી પૂર્વી ત્યાં જ સ્થિર ઊભી રહી. અરે, ભગવાન ! કેવું બની ગયું હતું ફક્ત અર્ધા જ કલાકમાં ! કેટલું અળખામણું ! જગતની એક માત્ર વ્યક્તિ જેને તે પળેપળ રાજી રાખવા ઇચ્છતી હતી તેનાથી જ નારાજ થઈ બેઠી'તી તે ! પણ તેય શું કરે ? એ માણસ એવી રીતે વર્તે, એવી રીતે બોલે તો તેને ગુસ્સો ન ચડે ? લાગી ન આવે...? એટલે જ પોતે ગુસ્સે થઈ ગઈ હતી ને ગુસ્સાના એ પાગલ ઊભરામાં પ્રેમા પાસે બોલી ગઈ હતી કે, શ્યામની તેને કંઈ પડી જ નહોતી !

સાચી હતી એ વાત ? તેને કંઈ જ પડી નહોતી તેની ?... અકળાઈને તેણે પોતાની ઘડિયાળમાં જોયું. ઓહ ! હજી બહુ સમય વીત્યો નહોતો. બહુ મોડું થયું નહોતું. ધીમે પગલે તે રૂમની બહાર નીકળી.

તે ઑફિસરૂમમાં પહોંચી ત્યારે શ્યામ તેના ટેબલ પાસે બેઠો હતો. કંઈક વાંચતો હતો. પૂર્વી ચૂપચાપ પોતાના ટેબલ તરફ ગઈ. શ્યામે ઊંચું ન જોયું. પૂર્વી પણ ચૂપ રહી. ખુરસીમાં

બેસીને એક ફાઈલ લીધી. અમથાં અમથાં પાનાં ફેરવવા લાગી.

આખા ઓરડામાં એક બોજલ, તંગ ચૂપકીદી છવાઈ રહી. તે અને શ્યામ બન્ને હાજર હોય અને છતાં આવી ચૂપકીદી તોળાઈ રહી હોય એવું અગાઉ બન્યું નહોતું–કદી બન્યું નહોતું.

રૂમની ભારેખમ હવામાં મિનિટો ચૂપચાપ સરકતી રહી. પ્રત્યેક મિનિટે ભાર જાણે વધતો ગયો. એ ભાર નીચે કામ કરવું, કામમાં ધ્યાન લગાવવું અશક્ય જ હતું. છતાં પૂર્વી ફાઈલના કાગળો ફેરવતી રહી–ઊંચું જોયા વિના. ક્ષણે ક્ષણે તેને ડર લાગતો હતો કે તેનાથી ક્યાંક ઊંચું જોવાઈ જશે, કંઈક બોલાઈ જશે. પણ આશ્ચર્ય ! શ્યામની દૃઢતા સામે એવી જ દૃઢતાપૂર્વક તે ટકી રહી.

'બહુ માઠું લાગ્યું ?' આખરે મૌનનો બરફ પીગળ્યો. નજર ઊંચી કર્યા વિના શ્યામે તેને પૂછ્યું.

'ના,' પૂર્વીએ જવાબ આપ્યો–નજર ઊંચી કર્યા વિના જ.

'મમ્મી કહેતી હતી કે તને માઠું લાગશે જ.'

'અને તેનો જવાબ પણ તમે મમ્મીને આપ્યો જ હતો ને ? યોગ્ય જ હતો એ જવાબ !' શ્યામનો એ કાતિલ જવાબ યાદ આવતાં પૂર્વી ફરી વાર ધ્રૂજી ગઈ.

અચાનક શ્યામે નજર ઊંચકીને તેની સામે જોયું અને મોકળાશભર્યું હસી પડ્યો. પછી બોલ્યો, 'આટલી અક્કડ તને કદી જોયાનું યાદ નથી.'

'તો આ દિવસ યાદ રાખી લેજો !'

અર્ધી એક પળ વીતી અને પૂર્વીએ નજર ઊંચી કરી. શ્યામની નજર તેના પર હતી. થોડાક રોષ અને થોડીક રમૂજપૂર્વક તે તેને જોઈ રહ્યો હતો. પૂર્વીએ તેની સામે જોયું એટલે તેણે પૂછ્યું :

'તો હવે હું શું કરું તેવું ઇચ્છે છે તું ? માફી માગું ?'

'માફી માગવા જેવું કંઈ તમે કર્યું છે એમ તમને ન લાગતું હોય તો ન માગશો.'

ફરી લાંબી ચૂપકીદી. ફરી પૂર્વીએ નજર નીચી ઢાળી દીધી. ફરી એકાએક શ્યામનો અવાજ 'આઈ એમ સોરી ! ઇઝ ધેટ ઓલરાઈટ નાઉ ?'

પૂર્વીને છાતીમાં જાણે એક અજાણ ધક્કો લાગ્યો. એક ધક્કા સાથે જાણે છાતી ઉપરથી કોઈ મોટી શિલા એકાએક ઊંચકાઈ ગઈ, દૂર દૂર ફેંકાઈ ગઈ. ઝરઝર–સરસર, ઝરઝર–સરસર મનમાં જાણે કંઈક વરસી રહ્યું, કંઈક હિલોળાઈ રહ્યું; અને હત્તોરેકી ! તે બધો ખેલ બગાડી બેઠી–સામે તે પણ માફી માગવા લાગી, ફરી ફરીને !

પરિસ્થિતિ તદ્દન અપરિચિત અને વિચિત્ર બની ગઈ એમ શ્યામને લાગ્યું હોય કે ગમે તેમ, એ પરિસ્થિતિનો ઝટપટ અંત લાવવા તેણે પૂર્વીને પૂછ્યું, 'દેસાઈજી અત્યારે ક્યાં હશે ? તને ખબર છે ?'

'હા,' પૂર્વીએ કહ્યું, 'બગીચાની સામે છેડે પેલું ખાલી મકાન છે, ત્યાં ગયા છે. આવતી કાલનાં રિહર્સલો એ મકાનમાં રાખવાની તેમની ઇચ્છા છે. એટલે ત્યાં કામચલાઉ સ્ટેજ ઊભું કરાવ્યું છે. તે જોવા ગયા છે.'

'હું આવી ગયો છું તે ખબર તેમને પહોંચાડવા જરૂરી છે. મારા વતી તું એટલું—'

'ચોક્કસ,' ઊભી થઈ જતાં પૂર્વીએ કહ્યું, 'હમણાં જ જઈને કહી આવું છું.' અને તરત જ તે ચાલતી થઈ. શ્યામ સાથેની પૂર્વવત્ આત્મીયતા ફરી સ્થપાઈ ગયાનો ખુશીભર્યો સંતોષ તેના ચહેરા પર પથરાઈ રહ્યો હતો. જતાં જતાં તેણે શ્યામ સામે જોયું. શ્યામે હકારમાં માથું હલાવ્યું.

રળિયામણા બગીચાને વીંધતી તે સામેના મકાન તરફ જઈ રહી હતી ત્યારે સાંજનું અજવાળું ઝંખવાતું હતું. ફરી એક વાર તે મનને કહી રહી હતી કે હવે કંઈ રંજ નહોતો, કંઈ દુઃખ

નહોતું. બધું પાછું બરાબર થઈ ગયું હતું. છતાં વચ્ચે વચ્ચે પેલી કડવી–કડવી વાત પણ મનમાં તરી આવતી હતી – આવેશના ઊભરામાં પોતે પ્રેમાને કહી દીધેલી વાત...અને શ્યામે તેની માતાને આપેલા પેલા જવાબની વાત...

સામેના મોટા મકાને તે પહોંચી ત્યારે તેણે ધાર્યું હતું કે હેમંત દેસાઈ હજી ત્યાં માણસોને સૂચનાઓ આપતા હશે. ગોઠવણીમાં ક્યાંક કોઈક ફેરફાર કરાવી રહ્યા હશે. હજી કામમાં જ હશે. પણ અંદર પ્રવેશતાં તેણે જોયું કે ત્યાં તો કોઈ જણાતું નહોતું. બધું કામ પતી ગયું હોય અને સૌ ચાલ્યા ગયા હોય તેમ એ વિશાળ મકાન ખાલી હતું. સામે છેડે ઊંચું સ્ટેજ દેખાતું હતું. સ્ટેજ પર થોડીક બત્તીઓ પ્રકાશી રહી હતી.

'બધા ચાલ્યા ગયા કે શું ?' વિચારતી, સહેજ અચકાતી તે વિશાળ હૉલ ઓળંગીને સ્ટેજ તરફ ચાલી. સ્ટેજથી થોડાંક ડગલાં દૂર હતી ત્યાં સ્ટેજની પાછળના ભાગમાંથી હેમંત દેસાઈ બહાર આવ્યા. તેમની નજર પૂર્વી પર પડી. તરત જ તે બોલી ઊઠ્યા : 'હલ્લો ! મને શોધવા આવી છે, પૂર્વી ?'

'હાજી,' હસીને પૂર્વીએ જવાબ આપ્યો, 'શ્યામ એક કલાક પહેલાં જ આવી પહોંચ્યા છે. આપને તે કહેવા તેમણે મને મોકલી છે.'

'ચાલો જઈએ,' હેમંત દેસાઈ કહ્યું પણ પૂર્વી જવા માટે પાછી વળી કે તરત જ જાણે અચાનક કંઈક વિચાર આવ્યો હોય તેમ બોલી ઊઠ્યા, 'પૂર્વી, એક મિનિટ અહીં સ્ટેજ પર આવ તો !' પ્રશ્નભરી નજરે તેમની સામે જોતી પૂર્વીને તેમણે કહ્યું, 'તારું થોડું કામ છે.'

તરત જ પૂર્વી સ્ટેજ તરફ ચાલી. હેમંત દેસાઈની વિનંતીમાંય જાણે અનુલ્લંઘનીય આજ્ઞાની અસર હતી. તેણે ઝડપથી ડગલાં ભરવા માંડ્યાં. સામાન્ય રીતે, ચાલતી વખતે પોતાના પગની ખોડ

ખાસ દેખાઈ ન જાય તેની કાળજી રાખી સંભાળથી ડગલાં મૂકતી તે પોતાની ખોડને જ જાણે ભૂલી ગઈ. સ્ટેજનાં પાંચ પગથિયાં ચડતાં તે ખોડંગાવા લાગી. હેમંત દેસાઈ એકદમ આગળ આવ્યા અને તેનો હાથ પકડી લેતાં પૂછ્યું, 'અરે, તને પગે શું થયું ? કંઈ વાગ્યું છે ?'

'નાજી, મારા એક પગે ખોડ છે,' પૂર્વી બોલી ગઈ. અત્યારની પળે એ વાત બોલવી પડે તે તેને રુચતું નહોતું. પણ બોલવી પડી. નિખાલસપણે જ તે બોલી ગઈ, પણ તેના અવાજમાં હતાશાનો આછો ડંખ ભળ્યા વિના ન રહ્યો. હેમંત દેસાઈની નજર એક પળ તેના પર સ્થિર થઈ ગઈ. તેમના કાન તેના અવાજના એ આછેરા દર્દને પારખી ગયા. એક પળ તેની સામે જોઈ રહીને પછી મજાનું સ્મિત કરતાં તેમણે પૂછ્યું :

'તો એ એક કારણે જ તું કલાકાર તરીકે બહાર આવવાના વિચારથી ડરે છે ?'

સાવ નાનકડો એ પ્રશ્ન નાનકડા બૉમ્બની જેમ પૂર્વીના મનમાં ફૂટ્યો. 'ઓહ, દેસાઈજી ! અદ્ભુત દેસાઈજી !' મનમાં જોરથી ઉમળકો ઊઠ્યો. મીઠી મીઠી અકળામણ થવા લાગી. એ અકળામણમાં એ વાત પણ ભુલાઈ ગઈ કે, એક અત્યંત મહત્ત્વની ગુપ્તતા તેણે હેમંત દેસાઈ પાસે તો જાળવી રાખવાની હતી–તેની અને પ્રેમાની યોજનાની ગુપ્તતા.

'આપને–આપને કેવી રીતે ખબર પડી ?' તે બોલી ગઈ, અને પછી પસ્તાઈ રહી. અજાણતાં જ તે હેમંત દેસાઈની વાત સાચી હોવાનો એકરાર કરી બેઠી હતી ! બોલેલું ભૂંસી નાખવાનો મિથ્યા પ્રયાસ કરતાં તે કહેવા ગઈ, 'એટલે કે–હું એમ કહેવા માગતી હતી કે–'

'હું જાણું છું તું શું કહેવા માગતી હતી તે,' હેમંત દેસાઈએ નરમાશપૂર્વક કહ્યું, 'આ બાજુ મારી સાથે આવ તો !'

કહેતાં તેનો હાથ પકડીને સ્ટેજની બાજુ પર લઈ ગયા. ત્યાં ટેબલ પર પડેલું વાયોલીન હાથમાં લેતાં પૂર્વીની આંખમાં જોયું અને કહ્યું, 'તારે મારી પાસે ગાવાનું છે. હવે બીજા કંઈ જવાબો ન આપીશ !'

પૂર્વી ધ્રૂજી ઊઠી. બોલતાં અચકાઈ ગઈ. ગળામાંથી પરાણે અવાજ કાઢતી હોય તેમ બોલી, 'પણ દેસાઈજી, હું નથી ગાઈ શકતી ! સાચે જ મને ગાતાં નથી આવડતું !'

'એ જૂઠાણું કેટલી વાર કહેવાનું છે તારે ?' હેમંત દેસાઈએ દૃઢ અવાજે કહ્યું, 'ગમે તેટલી વાર કહીશ તો પણ તે જૂઠાણું જ રહેવાનું છે.'

પૂર્વી મૂંઝવણમાં તેમની સામે તાકી રહી. ક્ષણ વાર ગભરાઈ ગઈ. પછી એકાએક તેનામાં હિંમત આવી ગઈ. હેમંત દેસાઈની સામે જોતાં તેણે કહ્યું :

'હું નહિ ગાઉં !'

'મને લાગે છે કે, ના સાંભળવાની ટેવ મને હજી પડી નથી,' સ્નેહાળ છતાં દૃઢ અવાજે હેમંત દેસાઈએ કહ્યું, અને પછી મજાનું સ્મિત કરતાં, પટાવતા અવાજે કહ્યું, 'આ કાગળો જો તો' અને થોડાક કાગળો ફેરવી, એક કાગળ તેની સામે ધરતાં કહ્યું, 'આમાં અહિરભૈરવની એક અત્યંત ઉચ્ચ રચના લખેલી છે...તને સ્વર-લિપિ વાંચતાં નથી આવડતું એમ મને ન કહીશ. હું તે નહિ માનું !'

આંખો પલકારતી પૂર્વી ઘડીક હેમંત દેસાઈ સામે તો ઘડીક તેમણે ધરી રાખેલા કાગળ સામે જોતી રહી. જેમ જેમ જોતી ગઈ તેમ તેમ તેમના પ્રભાવમાં આવતી ગઈ. કોઈક અજબ રીતે, તેનો વિરોધ ઊડી જવા લાગ્યો. મક્કમતા તૂટવા લાગી. ખાતરી થવા લાગી કે, દેસાઈજી સામે તેની જીદ ટકી શકે એ વાતમાં દમ નહોતો.

'શું કહે છે ?' હેમંત દેસાઈનો ધીમો ગંભીર અવાજ

સંભળાયો, 'સ્વરલિપિ વાંચી શકે છે ને ?'

'જી–જીહા !' કાગળ હાથમાં લેતાં તે ગણગણી.

'ધ્યાનથી વાંચ,' દેસાઈજીએ કહ્યું, 'આ એક વિશિષ્ટ પ્રકારની રચના છે. વિચિત્ર અને કઠિન પણ ખરી. ખાસ તો તેના આરંભના આલાપો મહાઅટપટા યોજેલા છે.' અને જરા અટકતાં સાહજિકપણે ઉમેર્યું, 'એ તને ન ફાવે તો એટલો ભાગ કુદાવી જવાની છૂટ છે !'

અને પૂર્વી ટટ્ટાર થઈ ગઈ. તેનું અભિમાન જાણે કોઈએ કાંકરી મારી હોય તેમ છંછેડાઈને હુંકાર કરી ઊઠ્યું, 'શું ? આ આલાપ મને ન ફાવે ? એમ ?'.....તેની અંદરની કલાકાર સટાક કરતી બેઠી થઈ ગઈ. આંખો જુદા જ તેજથી ઝગમગી ઊઠી.

હેમંત દેસાઈની પારખુ નજરે વસ્તુસ્થિતિ માપી લીધી. મર્માળું સ્મિત ફરકાવતાં તેમણે વાયોલીન પર ગજ ફેરવ્યો. અજબ ચપળતાથી તેમની આંગળીઓ તાર પર રમવા લાગી. પૂર્વીના અંતરના ઊંડાણમાં અહિરભૈરવ આકાર ધરવા લાગ્યો.

આરંભના અતિકઠિન આલાપો એક વાર વાયોલીનમાંથી રેલાવીને હેમંત દેસાઈ એક પળ થંભ્યા. બીજી જ પળે એ જ આલાપો અત્યંત આસાનીપૂર્વક, અત્યંત મધુરતાપૂર્વક પૂર્વીના ગળામાંથી રેલાઈ ઊઠ્યા. એક પછી એક આલાપ સ્વર્ગીય ઝરણાની જેમ ચોપાસ રેલાતા ગયા. આખું સ્ટેજ, આખો હોલ અજબ માર્દવભરી અસરમાં લપેટાતાં ગયાં. હવાનો કણેકણ આંદોલિત થઈને મધુર પ્રતિધ્વનિ કરતો ગયો. આંખો મીંચીને પૂર્વી જાણે પોતાની અંદર ચાલી ગઈ, ખોવાઈ ગઈ. સ્મિતભર્યા પ્રસન્ન ચહેરે હેમંત દેસાઈ તેની સામે જોતા રહ્યા, વાયોલીનમાંથી અજબ તિલસ્મી સૂરો જગાડતા રહ્યા.

પૂર્વીએ વચ્ચે એક દૃષ્ટિ હેમંત દેસાઈ તરફ કરી. હેમંત

દેસાઈએ હાથને સહેજ હલાવીને ગીતના સ્થાયી ભાવમાં પ્રવેશવા ઇશારત કરી. ને તે સાથે જ, આંખના પલકારામાં પૂર્વી અજબ આસાનીપૂર્વક આલાપમાંથી ગીતમાં પ્રવેશી ગઈ. 'અત્યંત કઠિન' કહીને હેમંત દેસાઈએ વર્ણવેલું એ કામ પૂર્વીએ એવી રીતે કરી નાખ્યું કે ખુદ હેમંત દેસાઈ દંગ થઈ ગયા. વાયોલીન વગાડવું બંધ કરીને તે ભારે પ્રસન્નતાપૂર્વક પૂર્વી સામે જોઈ રહ્યા. ગાવાનું બંધ કરીને પૂર્વીએ તેમની સામે જોયું અને મોં મરકાવ્યું. મર્માળું સ્મિત કરતાં હેમંત દેસાઈએ કહ્યું :

'તો તને ગાતાં નથી આવડતું, એમ ?'

સહેજ હસીને પૂર્વી નીચું જોઈ ગઈ.

[૧૦]

અત્યંત નાજુક, મુલાયમ દોરીમાં અજબ નાજુકાઈ અને કૌશલ્યપૂર્વક, એક પછી એક ઝીણાં મોતી પરોવી દેતી હોય તેમ પૂર્વીએ અહિરભૈરવ રાગની, એક પછી એક ઝીણી ખૂબીઓને પોતાના અસામાન્ય કંઠમાં તાદશ કરી બતાવી હતી. ખુદ હેમંત દેસાઈના ચિત્તને પણ સ્પર્શી જાય, વિસ્મય અને પ્રસન્નતાથી છલોછલ ભરી દે એવી સંગીતની એક વિરલ માળા ગૂંથી બતાવી હતી. એ માળા હજીયે જાણે સ્ટેજ પર, હોલમાં, આસપાસ સર્વત્ર હવામાં ઝૂલી રહી હતી, હવા જાણે કોઈક અપાર્થિવ સ્પર્શ પામી હોય તેમ સ્તબ્ધ હતી.

હેમંત દેસાઈનો હર્ષપૂર્ણ ઠપકાભર્યો પ્રશ્ન પૂર્વીના કાનમાં થઈને સમજમાં ઊતરી રહ્યો હતો : 'તો તને ગાતાં નથી આવડતું, એમ ?'...

હવે શું કહી શકાય ? પોતાની અસલ પ્રતિભાને નજરોનજર નિહાળી લેનાર, કાનોકાન સાંભળી લેનાર હેંમત દેસાઈને હવે કયો ભળતો જવાબ આપી શકાય ? બહુ મૂંઝવણભર્યો પ્રશ્ન હતો. પૂર્વી સાચે જ ગૂંચવાઈ ગઈ હતી. પણ મનમાં એક બીજો તદ્દન અજાણ્યો, અત્યંત આનંદભર્યો ભાવ પણ વહેવા લાગ્યો હતો. મનને અલૌકિક આનંદથી તરબતર કરી રહ્યો હતો. ધસમસાટ મનના ખૂણેખૂણે ફરી વળતો હતો.

ને અનાયાસ મરકી જતી નજર નીચી ઢાળીને તે બેસી રહી હતી, જાણે કોઈક ઈલમ ચાલી ગયો હતો, કોઈક મંત્ર ફુંકાઈ ગયો હતો તેના પર.

પળ બે પળ મંત્રમુગ્ધ શી તે બેસી રહી. પણ હેમંત દેસાઈનો પ્રશ્ન તેના મન સુધી પહોંચ્યો અને એ તિલસ્મી અસર જાણે તૂટી ગઈ. મનમાં ઊંડે ઊતરી ગયેલી તે પાછી બહાર આવી ગઈ—સભાનતાની સપાટી ઉપર.

'આપને—' ધીમા અવાજે તે બોલી, 'આપને બધું કેવી રીતે સમજાવું, દેસાઈજી?' બન્ને હાથના અંકોડા ભીડતી અને છોડતી જાણે તે સમજાવવાની કોઈક રીત શોધવા મથી રહી. અને પછી આજીજીભરી આંખો હેમંત દેસાઈની સામે માંડતાં કહ્યું, 'હું આપની પાસે કદી ગાવાની ન હતી. કદી આપને જાણવા દેવાની ન હતી કે હું ગાઈ શકું છું. ઓછામાં ઓછું ફેસ્ટિવલના અંત સુધી તો આપનાથી એ છુપાવી રાખવાનું હતું....'

અને એ નિશ્ચય આમ તદ્દન અચાનક, આટલી સહેલાઈથી ધૂળ ભેગો થઈ ગયો તેનો અચંબો અને આઘાત અનુભવતી પળ બે પળ તે મનમાં સમસમી રહી. અને પછી એકાએક ફરી દૃઢ બની જતી હોય તેમ બોલી: 'આ વાત—આ આખી વાત જ હવે ભૂલી જજો, પ્લીઝ!'

'હરગીઝ નહિ,' હેમંત દેસાઈએ નકાર રણકાભેર કહ્યું, 'પ્રતિભાશાળી અવાજને હું કદી ભૂલી શકતો નથી. મને એ હરગીઝ પોસાય નહિ.' સહેજ થોભીને આગળ ઝૂકતાં તેમણે કહ્યું, 'સાથે સાથે હવે એક બીજી કબૂલાત પણ કરી લે પૂર્વી, કે દિલ્હીના સ્ટુડિયોમાં જે અવાજ બંધ બારણે અમે સાંભળ્યો હતો તે તારી બહેનનો નહોતો—તારો હતો, હતોને?'

જવાબની અપેક્ષાએ તે ઘડીક થોભ્યા. પણ પૂર્વી હા કે ના પણ કહી ન શકી, બોલવાની જગ્યાએ માથું પણ હલાવી ન શકી, એટલે તે આગળ બોલ્યા, 'હું ધારું છું કે, તારી બહેન ગમે તે રીતે ફેસ્ટિવલમાં ગોઠવાઈ જવા માગતી હતી, તે માટે જે માર્ગ અપનાવવો પડે તે અપનાવી લેવા તૈયાર હતી. અને તમને બન્નેને

એ ખાતરી હતી કે તમને બન્નેને હું સાંભળું તો તારી બહેન માટે કોઈ તક રહેવાની નહોતી—'

'પણ પ્રેમા પણ એ તકને લાયક હતી, દેસાઈજી!' પૂર્વી વચ્ચે બોલી ઊઠી, 'તેનામાં પણ કુદરતી બક્ષિસ છે, શક્તિ પણ છે. આપ પણ તે જોઈ શકયા હશો. સ્ટેજ માટે જોઈતી લાયકાત તેનામાં છે. જ્યારે હું તો—હું તો અપંગ છું—'

'હં, હં, પછી?' હેમંત દેસાઈએ મર્માળા અવાજે કહ્યું. પૂર્વી આગળ બોલી:

'એટલે આપ મને સાંભળો તેનો કોઈ અર્થ જ રહેતો નહોતો.' પછી હેમંત દેસાઈની સામે નજર માંડતાં તેણે કહ્યું, 'અને હવે તો આપ પ્રેમાને તેની શક્તિ બતાવવાની તક આપી ચૂકયા છો, અને તે પણ એટલું તો બતાવી શકી છે કે તેની એકંદર શક્તિ તેને મળેલા પાત્ર માટે જોઈએ તેવી છે જ. આપે તેને જે પાત્ર આપ્યું તે તેની પોતાની યોગ્યતા પર આપ્યું છે એટલું, કૃપા કરીને યાદ રાખજો. ગુસ્સો ન કરશો, પ્લીઝ.'

'હું ગુસ્સે નથી થયો,' ઠંડા, સ્વસ્થ અવાજે હેમંત દેસાઈએ કહ્યું, અને તેથી તાજ્જુબ થતી હોય તેમ ઘેરી, લાંબી પાંપણોવાળાં પોપચાં પલકારતી, તે ખુશ થઈ ઊઠી.

'તો પછી,' તે બોલી ઊઠી, 'હવે આપ તેને કંઈ સજા નહિ કરોને? તેનું પાત્ર પાછું તો નહિ લઈ લો ને?...હવે તો આપ સમજી શકશો કે કેવી સ્થિતિમાં અમારે આપની પાસે જૂઠાણું—'

'તેનું પાત્ર હું પાછું લેવાનો નથી.'

'હા...શ!' અચાનક ઊઠી ગયેલા મનના ભારે બોજ નીચેથી નીકળી આવતો હોય તેવો છૂટકારાનો એક શ્વાસ પૂર્વીની છાતીમાંથી નીકળ્યો.

'ખરેખર, દેસાઈજી?' હલકા ફૂલ જેવા અવાજે તે બોલી.

ઊડી. સજ્જડ જકડી રાખતા સિતમગર સાણસામાંથી તેની વાચા જાણે છૂટી થઈ ગઈ હતી.

'ખરેખર. પણ તને એ સાચું કેમ નથી લાગતું ?' નિખા-લસતાભર્યું હસી પડતાં હેમંત દેસાઈએ કહ્યું, 'આ તબક્કે હવે છાશવારે પાત્રો પાછાં ખેંચવાં ને નવેસરથી આપવાં પોસાય નહિ, પૂર્વી; અને તે પણ અંગત નારાજગીને કારણે ?' ફરી વાર હસી પડતાં તેમણે કહ્યું, 'મારા કામમાં પ્રશ્નો ઓછા કરવાનું મને ગમે છે, વધારવાનું નહિ. જો કે તારી બહેન તેના પાત્ર માટે સંપૂર્ણ-પણે લાયક છે એવું હું પહેલાં પણ માનતો નહોતો. પણ સખત પરિશ્રમ કરવામાં આવે—તેના અને અમારા બન્ને વડે—તો બહુ વાંધો ન આવે તેમ મને લાગતું હતું. ઉપરાંત તેને એ પાત્ર આપવા માટે શ્યામ ખાસ આગ્રહી હતો.'

પૂર્વીના મર્મસ્થાન પર જાણે જોરથી કંઈક વાગ્યું. આછી વેદના થવા લાગી. શા માટે એવું થવું જોઈએ ? તેને સમજાતું નહોતું. તેને ખબર હતી જ, પ્રેમાને પાત્ર આપવામાં શ્યામે જ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો, નહીંતર કોઈ આશા જ નહોતી પ્રેમા માટે. તો પણ...તો પણ જાણે પહેલી જ વાર એ હકીકત જાણતી હોય તેમ ડઘાઈ શા માટે જતી'તી તે ?...

સહેજ પહોળી થઈ ગયેલી આંખે તેને પોતાની સામે જોઈ રહેલી જોઈ હેમંત દેસાઈ આછું હસ્યા, અને પછી કુશળતાપૂર્વક પાટો બદલીને વાતને મૂળ મુદ્દા પર લઈ આવ્યા: 'ખેર, એ તો હવે પૂરી થઈ ગયેલી વાત છે. પણ મારે કહેવાનું એ હતું કે, છેક ત્યારથી જ મને ખબર પડી ગઈ હતી કે સ્ટુડિયોના રૂમમાં ગાનાર તું હતી—પ્રેમા નહિ.'

'પણ આપને એ ખબર કેવી રીતે પડી ગઈ ? આપ કહેતા હતા તેમ મારાં જડબાંની પહોળાઈ અને ગરદન ઉપરથી ? ખરેખર ?'

હેમંત દેસાઈ ખડખડાટ હસી પડ્યા. થોડી વાર હસતા જ રહ્યા અને પછી બોલ્યા, 'એવું બની શકે ખરું ? તું જ વિચારી જો. ચહેરામહોરાની અમુક લાક્ષણિકતાઓ ઉપરથી બહુ બહુ તો એટલું અનુમાન કરી શકાય કે, વ્યક્તિમાં કંઈક વિશિષ્ટતા છે, કશુંક રસપ્રદ છે. એથી વધારે કંઈ જાણી ન શકાય. હું તારા વિષે જાણી ગયો તેનું કારણ તો સાવ સીધુંસાદું હતું. રૂમની બહાર સંભળાયેલો અવાજ અને રૂમની અંદર સાંભળેલો અવાજ બન્ને સ્પષ્ટ રીતે જ જુદા હતા. તારી બહેન સિવાય બીજી તું જ ત્યાં હાજર હતી. પછી જાણી લેવું કેટલું સહેલું !'

પૂર્વીના હોઠમાં હસવું ઊભરાઈ રહ્યું, હેમંત દેસાઈની જેમ જ ખડખડાટ હસી પડાય એવું કંઈક થઈ રહ્યું. સાથોસાથ હળવો ગુસ્સો પણ ચડી રહ્યો—પોતાના બાલિશ ભોળપણ પર. પોતાની મૂર્ખતા પર ગુસ્સાભર્યું અને હેમંત દેસાઈની ચાલાકી પર પ્રશંસા-ભર્યું હસી પડતી તે બોલી :

'એટલે તેનો અર્થ એ જ કે કાલે એરપોર્ટથી અહીં આવતાં રસ્તામાં આપે મને જે કહ્યું હતું તે બધું—'

'આંખો આંજવાની યુક્તિ'. હેમંત દેસાઈ વચ્ચે જ બોલી ગયા, 'સ્ટેજ પર ખેલ કરતા જાદુગરને કદી જોયો છે તેં ? તત્કાળ તો ચમત્કાર જેવી લાગે પણ આખરે તો તે બધી યુક્તિઓ જ હોય છે !'

આભી બનીને પૂર્વી તેમની સામે જોઈ રહી. જેમ જેમ તેમની વાત તે સાંભળતી જતી'તી તેમ તેમ હસવું મનમાં ઊભરાતું જતું'તું. હેમંત દેસાઈ વધુ ને વધુ પ્રતિભાવંત, વધુ ને વધુ બાહોશ લાગતા જતા'તા.

હસતા ચહેરે હેમંત દેસાઈએ કહ્યું, 'તે સાંભળીને તારા પર શી અસર થાય છે તે મારે જોવું હતું. અને મેં જોયું કે તું ખૂબ ચોંકી ગઈ હતી. એટલું પૂરતું હતું. તું કંઈક છુપાવી

રહી છે એવી મારી શંકા પછી ખાતરી બની ગઈ.'

પૂર્વીએ હસતાં હસતાં વિરોધ નોંધાવ્યો, 'કોઈના પર આવી યુક્તિઓ અજમાવવી તે સારું ન કહેવાય, દેસાઈજી.'

'ન જ કહેવાય. બરાબર છે. પણ આમ પાછો આવી બાબતોમાં હું સારો માણસ નથી! જે પ્રતિભા જગતને વહેલામાં વહેલી તકે બતાવી આપવા લોકો આતુર હોય એ પ્રતિભા તું છુપાવી રાખવા મથી રહી હતી. મારા માટે તે એક મોટો કોયડો બની ગયો હતો. તે ઉકેલું નહિ ત્યાં સુધી મને ચેન ન પડે.'

આંખો સહેજ ઝીણી કરીને પૂર્વી સામે હસતાં તેમણે આગળ કહ્યું, 'હવે એક વધુ કામ કર.'

તેણે સહેજ અદ્ધર ખેંચતાં પ્રશ્નભરી નજરે પૂર્વીએ તેમની સામે જોયું.

'હવે તદ્દન સ્વસ્થ બનીને, જરા પણ દ્વિધામાં પડ્યા વિના ફરી વાર કંઈક ગા.'

'પણ—' ક્ષણ વાર પૂર્વી સ્તબ્ધ થઈ ગઈ. ક્ષણ વાર પછી તે બોલી શકી, 'પણ શ્યામ રાહ જોઈ રહ્યા છે. આપને બોલાવી લાવવા જ તેમણે મને અહીં મોકલી છે.'

'તેને રાહ જોવા દે.'

'પણ પછી તેમને જવાબ આપતાં મને મુશ્કેલી પડશે.'

'જવાબ હું આપીશ. તું તેની ચિંતા ન કરીશ.'

હજી પૂર્વીને ધરપત થતી નહોતી. તેણે કહ્યું, 'પણ આપ તેને શું કહેશો? જો જો, ભૂલથી પણ તેને કહી ન દેશો.'

'શું?'

'કે હું ગાઈ શકું છું'.

'શા માટે ન કહું?'

'ઓહ, આપ તે સમજો છો. એ વાત ગુપ્ત જ રાખવાની છે. તે બહુ જરૂરી છે.' અને એ ગુપ્તતા ગમે તે ઘડીએ ફૂટી

જવાની સ્થિતિ સર્જાઈ ચૂકી છે એ ભાનથી તે ગભરાઈ રહી. એ સ્થિતિ સર્જવા માટે પોતે પણ એટલી જ જવાબદાર છે એ ભાવથી તે મૂંઝાઈ રહી. અકળામણપૂર્વક તેણે કહ્યું, 'ખરેખર એ વાતની શ્યામને ખબર પડવા દેવા જેવું નથી. ખબર પડે તો તે સખત નારાજ થઈ જાય. પ્રેમા પર ખૂબ ગુસ્સે થઈ જાય. તેને એમ જ લાગે કે, પ્રેમાએ અને મેં પણ, તેને છેતર્યા છે. તેની બનાવટ કરી છે. અને તો પછી'—

'ઓલ રાઇટ, ઓલ રાઇટ', બન્ને હાથ ઊંચા કરીને હેમંત દેસાઈ બોલી ઊઠ્યા, 'ઇટસ અ સીક્રેટ ફોરએવર, ઓલ રાઇટ?' સહેજ થોભીને પૂર્વીની સામે નજર નોંધી રાખતાં તેમણે કહ્યું, 'આ વાત છુપાવી રાખવાનું મને ગળે ઊતરતું નથી જ, બરાબર સમજી લેજે, છતાં તું ઇચ્છે છે તો ભલે. શ્યામને હું તે નહિ કહું—કોઈને પણ નહિ કહું, બસ? ચાલ, હવે ગાવા માટે તૈયાર થા. તારો અવાજ તો અસામાન્ય છે જ, પણ ગાતી વખતે તારા અવાજની અસામાન્યતા તારા ચહેરાના ભાવોમાં પણ સ્પષ્ટ ઊપસી આવે છે. ને તે એક વધારે અસામાન્ય બાબત છે. એક સાથે બન્ને અસામાન્ય ચીજો અચાનક તારામાં મને હાથ ચઢી ગઈ છે. કોઈને પણ મારી ઈર્ષા આવે તેવી શોધ છે તું.'

સ્તબ્ધ થઈને પૂર્વી તે સાંભળી રહી. કાળજામાં તડોતડ કોઈક બંધ તૂટવા લાગ્યા. ધડધડાટ ધસી આવતું, ઊછળતું, વેગભર્યું કંઈક ધસી આવ્યું. અદ્ધર ચડ્યું: અને સમગ્ર દેહમાં ફરી વળ્યું. રોમ રોમ ઝૂમી ઊઠ્યું.

'શું ગાવાનું પસંદ કરીશ તું?' ગીતો અને સંગીતની સ્વરલિપિથી ખીચોખીચ કાગળોની ફાઇલ્સ તેની પાસે મૂકતાં હેમંત દેસાઈએ કહ્યું, 'આ જોઈને તું જ પસંદ કર.'

પસંદ કરવાનું મને નહિ આવડે એમ હેમંત દેસાઈને કહેવાનો કોઈ અર્થ નહોતો. એ વાત હવે તે માનશે જ નહિ તેની પૂર્વીને

ખાતરી હતી. એટલે તેણે કાગળો ફેરવવા માંડ્યા. અચાનક તેની નજર એક કાગળ પર અટકી ગઈ, સ્થિર થઈ ગઈ. આંખોમાં પ્રસન્નતા ઝળકી ઊઠી, અને તે બોલી, 'આ ગઝલ ગાઉં ?'

'એ ગઝલ ?' ભવાં અદ્ધર ચડાવતાં હેમંત દેસાઈ બોલી ઊઠ્યા, 'તું ગઝલ પણ ગાઈ શકે છે? પણ જોજે, આ ગઝલ જુદી જ ચીજ છે, ગઝલ ગાયકી પર સંપૂર્ણ પ્રભુત્વ માગી લે તેવી છે. ચીલાચાલુ ચીજ નથી આ.'

'તો પછી હું એ જ ગાઈશ.'

'ઓલરાઇટ !' હેમંત દેસાઈનો વિસ્મિત પ્રશંસાભર્યો અવાજ સંભળાયો, 'તારે સુચિત્રા શોધનને પડકારવી છે? તેના જ મેદાન પર ?'

'હું ? સુચિત્રા શોધન ?' આશ્ચર્યનો ચાબૂક વાગ્યો હોય તેમ ચમકી જતાં પૂર્વી બોલી ઊઠી.

'હા. સુચિત્રા શોધન. ગઝલ ગાયકીમાં આજકાલ તે માથે તાજ પહેરીને ફરે છે. તેના પેગડામાં પગ નાખનાર હજી સુધી કોઈ નીકળ્યું નથી. તારા હાથમાં છે તે ગઝલો સુચિત્રા ગાવાની છે–ફેસ્ટિવલમાં.'

'તો પછી—' અસમંજસમાં પડી જતાં, કંઈક દબાઈ જતાં પૂર્વી બોલી, 'તો પછી એ ગઝલો જવા દઈએ. સુચિત્રા શોધન જેવી ગાયિકાને પડકારવાનો મારો આશય ન જ હોય; મારી એટલી હિંમત પણ નથી. હું બીજું કંઈક ગાઈશ. આપ કહો તે.'

'ના, બીજું, નહિ. આ ગઝલો જ તું ગાશે. બીજી ઘણી રીતે તું ભલે નાજુક દેખાતી હોય, ભલે નરમ દેખાતી હોય, સંગીતમાં તારી પસંદગી હિંમતભરી હોય છે.' ઘડી વાર તેની સામે જોઈ રહેતાં હેમંત દેસાઈએ કહ્યું, 'તો હવે તૈયાર થઈ જા. જરા દૂર જઈને બરાબર મારી સામે ઊભી રહે.'

પૂર્વી ઊભી થઈ અને જરા દૂર ગઈ.

'બસ, ત્યાં. મોં જરા આ તરફ ફેરવ એટલે તું મને બરાબર જોઈ શકે. આ ગઝલો સાવ જુદી જ ભાત પાડતી ગઝલો છે. સ્વરરચના ખૂબ અટપટી છે. નજર મારા પર રાખજે. તબક્કે, તબક્કે હું ઇશારત કરતો રહીશ કે ક્યાં, કેવા પલટા અને ચઢાવ–ઉતાર મારે જોઈએ છે.'

પૂર્વીએ તે સૂચનાનું શબ્દશઃ પાલન કર્યું. સૂચના પ્રમાણે જ બરાબર ઊભી રહી. એ પળે જ એક સભાનતા તીવ્ર વેગે તેના તનમનમાં ફરી વળી–એક પ્રચંડ પડકાર તે ઝીલી રહી હતી. સંગીતની દુનિયાના એક વિરાટ માનવી સામે ઊભી રહીને, એક અસાધારણ ગાયિકાના પેગડામાં પગ નાખી રહી હતી. ઘડીભર શ્વાસ થંભી જાય એવું કામ હતું એ. ગઝલ ગાયકીમાં સાવ નવી જ ભાત ઉપસાવનાર અત્યંત અટપટી ચીજની તેણે પસંદગી કરી લીધી હતી. ને એ પસંદગી તેના અવાજના એક એક તાણા–વાણાને કપરી કસોટીએ ચડાવવાની હતી. પણ કોણ જાણે ક્યાંથી એક શ્રદ્ધા, એક મજબૂત વિશ્વાસ તેનામાં પ્રગટી રહ્યો હતો, એવો વિશ્વાસ જેને ગર્વ કે ગુમાન સાથે બિલકુલ સંબંધ નહોતો.

હેમંત દેસાઈએ હાર્મોનિયમ પર આંગળીઓ રમતી મૂકી. ગઝલના આરંભના સૂરો હવામાં નાચી ઊઠ્યા, તેમણે નજર ઊંચી કરી અને પૂર્વી સામે પ્રોત્સાહક સ્મિત કર્યું. તેમના ચહેરા પરની સત્તાધારી કરડાઈ અદશ્ય થઈ ગઈ. હૂંફભર્યું, હિંમત પ્રેરતું સ્મિત પથરાઈ રહ્યું.

પૂર્વીનો વિશ્વાસ ફરી વધ્યો. તેને એ ખબર જ નહોતી કે ગાયક પાસે જે કંઈ ઉત્તમ હોય તે કઢાવી લેવાની હેમંત દેસાઈની આ જ જાણીતી તરકીબ હતી–હુકમ કર્યા વિના સત્તા ચલાવવી, પલકારામાં પટાવી લેવું, ચૂપચાપ પ્રેરણા પાઈ દેવી...

પૂર્વીને માત્ર એટલી ખબર હતી, એટલું જ ભાન સ્પષ્ટ હતું કે, હેમંત દેસાઈ તેની પાસે જે જબરદસ્ત કામ કરાવવા માગતા હતા તે ગમે તે ભોગે–હા, ગમે તે ભોગે તે કરી બતાવશે.

હેમંત દેસાઈએ ફરી હાર્મોનિયમને ગુંજતું કર્યું. અજબ અટપટા સૂરોની એક મનમોહક, મસ્તીભરી છટા ઝૂમી ઊઠી અને તે સાથે જ, અચાનક પૂર્વીએ એ છટાને ઝીલી લીધી. અણધાર્યું આક્રમણ કરતી હોય, જરા સરખી એ ચૂક વિના ધાર્યો ઘા મારતી હોય તેમ એ જ અદ્ભુત સ્વરછટાને કંઠમાં સજીવન કરી. નેણને કપાળમાં અદ્ધર ખેંચીને હેમંત દેસાઈ અચંબાભર્યા તેને જોઈ રહ્યા.

પળે પળે ગઝલ જામતી ગઈ, નીખરતી ગઈ, આસપાસ જાણે દેહ ધરીને ઘૂમી રહી. વચ્ચે વચ્ચે એકાદ સૂચક દૃષ્ટિપાત કે હાથના જરાક હલનચલન વડે હેમંત દેસાઈ તેને સૂચવતા રહ્યા કે પોતે શું ઇચ્છતા હતા. અને એવી જ ત્વરાથી, અજબ આસાનીપૂર્વક પૂર્વી તેને અનુસરતી ગઈ. સ્ટેજ પર ઘૂમી રહેલી ગઝલ જાણે મદહોશ બનતી ગઈ, મસ્ત બનીને નાચી રહી.

અંત આવી ગયાનું ગળે ન ઊતરે એમ ગઝલનો અંત આવી ગયો. ઘડી વાર પૂર્વી આંખો મીંચીને ઊભી રહી. અંદર રમણે ચડેલ અજબગજબ હિલોળમાં ઝૂલતી, ફંગોળાતી, ધીમે ધીમે સભાનતાની સપાટી પર આવતી ગઈ.

આંખો ખોલીને તેણે હેમંત દેસાઇ સામે જોયું. પલક વાર તેની સામે જોઇને હેમંત દેસાઈએ તેના હાથમાંથી કાગળો પાછા લીધા. પેન લઈ તેમાં કંઈક ટપકાવ્યું. અને ફરી તેની સામે જોયું.

તેમણે પૂછ્યું, 'ગુપ્તતાની આટલી જીદનું કારણ શું છે?'

એક પળ પહેલાં જ, એક અલૌકિક અનુભવની આરપાર નીકળેલી પૂર્વીને પળ વાર તેમનો પ્રશ્ન સમજાયો નહિ. તે બોલી ઊઠી.

'ગુપ્તતા!' અને પછી એકાએક મનમાં ઝબકારો થયો, 'ઓહ, મારા અવાજ વિષેની ગુપ્તતા? એ તો મેં આપને કહ્યું ને

કે, પ્રેમાની બાજી બગડી જાય'–

'તેને પાત્ર મળી ચૂક્યું છે, અને જો તેમાં કોઈ ખતરનાક ગરબડ તે ન કરે તો તે પાત્ર તેને માટે અફર રહેવાનું છે. એથી વધારે તેને શું જોઈએ?

પૂર્વીને પ્રેમાના શબ્દો યાદ આવી ગયા. પ્રેમાને શું જોઈતું હતું તે યાદ આવી ગયું. પ્રેમાએ જ કહ્યું હતું, તેમની આ છલનાની જાણ શ્યામને થઈ જાય ત્યાર પહેલાં તે શ્યામના મન પર છાપ પાડવા માગતી હતી કે પોતાનામાં ઘણું છે, ઘણી લાયકાત છે, ઘણી શક્તિ છે...

'એ પાત્ર તેને મળ્યું એ તેની બહુ મોટી સિદ્ધિ ગણાશે, દેસાઈજી, અને એ સિદ્ધિ અધવચ્ચે રોળાઈ ન જાય તે માટે પણ આ બાબત ગુપ્ત રહેવી જરૂરી છે. વળી અત્યારે તો મારે મારી ટેલન્ટ ક્યાંય બતાવવાનો પ્રશ્ન જ નથી. ફેસ્ટિવલમાં એવું કંઈ મારા ભાગે આવેલું નથી. અને બધી રીતે જોતાં મારા ભાગે કંઈ આવે એ શક્ય પણ નથી.'

'હં...' કંઈક વિચારતા હોય તેમ થોડી વાર ચૂપ રહીને પછી એકાએક હેમંત દેસાઈએ તેને પૂછ્યું, 'પૂર્વી, કોઈ જબરદસ્ત હલચલ મચાવી દેવાનું, તરખાટ મચાવી દેવનું તને ગમે?'

'હલચલ?..તરખાટ?'...પૂર્વીના મનમાં જોરથી પડઘા પડ્યા. અપલક નજરે તે હેમંત દેસાઇ સામે તાકી રહી.

[૧૧]

અણુચિંતવ્યા ધડાકા જેવા હેમંત દેસાઈના એ પ્રશ્નનો સંપૂર્ણ અર્થ સમજતાં પૂર્વીને અર્ધીએક ક્ષણ લાગી. પ્રશ્નના પૂરા મર્મને મનમાં પ્રવેશીને સ્પષ્ટ બનતાં ક્ષણાર્ધ વીતી ગયો અને જ્યારે તે સ્પષ્ટ થયો ત્યારે મનમાં એક તરખાટ પેદા થઈ ગયો.

'હલચલ મચાવી શકે ?...પોતે ?!'... દેસાઈજીના પ્રશ્નનો પડઘો મનની દીવાલો પર અથડાઈ અથડાઈને જાણે વધુ ને વધુ મોટો બનતો ગયો, કાનમાં ગાજી રહ્યો : 'આ–આ શું કહી રહ્યા હતા દેસાઈજી ? શું કહેવા માગતા હતા ખરેખર ?...સંગીતની દુનિયામાં હલચલ મચાવી દઉં ? હું ?...હું, પૂર્વી ?...એક ભીરુ, અપંગ...માય ગોડ !'...

ઘણી પળો સુધી મનમાં ઊથલપાથલ થતી રહી, ઘણું અવળ-સવળ થતું રહ્યું, અદ્ધર ચડતું ને પછડાતું રહ્યું. આખા દેહમાં ઝણઝણતું રહ્યું.

બે–ચાર–છ પળ વીતી. અંદરનું ઝેર ઓસરવા લાગ્યું. ધીરે ધીરે શમવા, શાંત થવા લાગ્યું. સ્વસ્થતા પાછી મેળવતાં તેણે હાથની આંગળીઓને સામસામે ભીડાવીને જોર કર્યું. આંગળીઓમાં ટચાકા ફૂટ્યા અને હોઠ સ્મિતમાં ખેંચાયા. આંખોમાં પ્રબળ ઉત્કંઠા આવી બેઠી. ઉત્સાહભેર તે બોલી ઊઠી :

'આપ એવું માનો છો, ખરેખર ? ખરેખર હું કોઈ હલચલ પેદા કરી શકું એવું માનો છો આપ ?' કોઈક રળિયાત કલ્પનાની આછી સુરખી પળ વાર તેના આખા ચહેરા પર પથરાઈ ગઈ. પણ બીજી પળે એકાએક ઊડી ગઈ–સ્વીચ ઑફ થતાં જ જાણે ઝળ-

હળતી બત્તી બુઝાઈ ગઈ. પ્રબળ આનંદની ઉત્તેજના અને હિમ-શીતળ હતાશાના બબ્બે ધક્કા એક સાથે લાગતાં સંતુલન ગુમાવી બેઠી હોય તેમ તે બોલી ઊઠી : 'પણ...પણ મારાથી એ નહિ થઈ શકે, દેસાઈજી ! કોઈ કાળે હું એ નહિ કરી શકું ! હું અપંગ—સ્ટેજ પર શી રીતે—'

'તેથી શું ?' હેમંત દેસાઈએ સ્વસ્થ, નક્કર અવાજે કહ્યું, 'તારો એક પગ જરા લંગડાય તેથી તું સાવ નકામી બની જાય ? કેવી વાહિયાત વાત !'

'પણ હું સ્ટેજ પર હરીફરીયે શી રીતે શકું ? આપ જરા વિચારી તો જુઓ. એક પગે લંગડાતા પાત્રને સ્ટેજ પર કોઈ મહત્ત્વની ભૂમિકામાં ઉતારવાનો વિચાર પણ કોઈ શી રીતે કરી શકે ?'

'સ્ટેજ પર તને ઉતારવાનું વ્યવહારુ ન ગણાય.' હેમંત દેસાઈએ કહ્યું, 'તારી વાત બરાબર છે. કોઈ પાત્ર માટે તારી પસંદગી ન થઈ શકે એ પણ બરાબર છે, પણ એક ગાયક તરીકે મંચ પર ઊભી રહેતાં તને કોણ રોકી શકે ?...અલબત્ત, ગાયકો પણ મંચ પર જરૂરી હરફર કરતા હોય છે. એમ કરવું ક્યારેક જરૂરી બની જાય છે. પણ એમ તો તું પણ સાવધ રહે તો–સરસ છટાપૂર્વક હાલીચાલી શકે. ઉપરાંત ખાસ પ્રકારનો ઘેરવાળો લાંબો પોષાક તારા પગની આ જરા જેટલી ખોડને ચોક્કસ ઢાંકી શકે... તેમાં કોઈ મુશ્કેલી ન પડે.'

એવી સ્વસ્થતા અને ખાતરીભેર બોલાયેલા હતા એ શબ્દો કે, સીધા જ મનની અંદર ઊતરી જતા'તા. છેક તળિયે અડતા હતા. સામે દલીલ કરવાનો અવકાશ જ રહેવા દેતા નહોતા. ચૂપ-ચાપ સ્વીકારી જ લેવા પડે ! પૂર્વીના મનમાં, મનના તળિયે ખરેખરી એક હલચલ મચી ગઈ. પગની એ નાનકડી ખામીએ મનમાં સર્જી દીધેલી જબરજસ્ત હતાશા ને લઘુતાનાં પડ સડેડાટ

ચિરાવા લાગ્યાં. એક નવું ભાન, કોઈ જલદ રસાયણ જેવું ભાન ચિત્તમાં સડસડાટ ફેલાવા લાગ્યું–સદાય દમતી રહેલી, પીડતી રહેલી પગની આ ખોડ તેની પ્રગતિના માર્ગને બંધ કરવા શક્તિમાન નહોતી–ખરેખર નહોતી. ખુદ હેમંત દેસાઈ કહી રહ્યા હતા......

ધીમે ધીમે તે મનની ભીતરમાંથી બહાર આવી. સહેજ ટટ્ટાર થઈ. હેમંત દેસાઈની સામે જોયું, અને પૂછ્યું : 'સાચેસાચ આપ કહો છો કે, મારી ખોડ મને નડી ન શકે ?'

'સંગીતને સંબંધ છે ત્યાં સુધી તો ન જ નડી શકે' હેમંત દેસાઈએ કહ્યું, 'શા માટે નડી શકે ? ગાવાનું હોય ત્યારે તારા અવાજના તંતુઓની ચિંતા કરવાની હોય કે પગની ?' અને તેની નજીક ઝૂકતાં મર્માળું હસ્યા.

પૂર્વીને જાણે ખાતરી મળી ચૂકી. એક સંપૂર્ણ, નિઃસંદેહ ખાતરી હૈયા સુધી ઊતરી ગઈ. હૈયામાં એક ઊભરો ચડ્યો. કસોકસ જકડી રાખતી જંજીરમાંથી અણધારી મુક્તિનો આનંદ અતિશય ઊછળ્યો. છાતીમાં ડૂમો ભરાવા લાગ્યો. થરકતા અવાજે તે કંઈક બોલવા ગઈ; ને ચૂપ થઈ ગઈ. બોલી શકાતું નહોતું. હેમંત દેસાઈએ જે કહ્યું હતું તે ખરેખર તેમણે કહ્યું હતું ? માની શકાતું નહોતું ! પણ હેમંત દેસાઈ જે કહે તેની સામે પ્રશ્ન થઈ શકે જ નહિ. દેશભરમાં તે એક જ વ્યક્તિ હતી જે આ વાત અધિકારપૂર્વક કહી શકે.

થોડી સેકંડો બન્ને ચૂપચાપ અન્યોન્ય સામે જોઈ રહ્યાં. પછી ફરી સહેજ ટટ્ટાર થતાં, સહેજ મક્કમ અવાજે પૂર્વીએ પૂછ્યું, 'દેસાઈજી, ગાયક તરીકે હું કઈ કક્ષાએ ગણાઉં ? સાચું જ કહેજો !'

તેમણે તરત જવાબ ન આપ્યો. પ્રભાવથી ભરીભરી નજર પૂર્વી પર માંડીને તેને ધ્યાનથી જોતા રહ્યા. પછી હળવાશભર્યા અવાજે બોલ્યા : 'સાચું એ છે કે તારી કક્ષા કઈ તે હું હજી

આંગળી મૂકીને કહી ન શકું. ઘણી બાબતો પર આધાર રાખતી એ વાત છે. માણસને અવાજ ઈશ્વર આપે છે. પણ એ અવાજને અસામાન્ય બનાવવાનું કામ માણસનું હોય છે–તેણે જ તે કરવું પડે છે. અને તે માટે બીજી ઘણી બાબતો અનિવાર્ય બની જાય છે. સંગીતને સ્વાર્પણ જ નહિ, સર્વાર્પણ કરી દેવાની તમન્ના એવી એક બાબત છે. કુદરતી પ્રેરણા શુદ્ધ અંતઃસ્ફૂરણા અતિમહત્ત્વની ચીજ છે. અને એ બન્ને બાબતો પછી પણ સખત પરિશ્રમ, માણસ ખુદ જેમાં ડૂબી જાય તેટલો પરસેવો પણ પાડવાનો રહે છે—સાચો કલાકાર તેમાંથી જ જન્મે છે.' ક્ષણ વાર અટકીને તેમણે આગળ કહ્યું, 'તારી પ્રજ્ઞા અને પરસેવો પાડવાની તારી ક્ષમતા કેટલી તે હું હજી જાણતો નથી. અત્યારની ઘડીએ હું એટલું કહી શકું કે, મને ખૂબ ઊંડો રસ પડે તેવું તારામાં કંઈક છે. આ પહેલાં એવો રસ મને ભાગ્યે જ કોઈમાં પડ્યો છે. બસ, એટલાથી તને સંતોષ થશે ?'

અહોભાવ અને આનંદપૂર્વક પૂર્વી કંઈક બોલવા ગઈ. પણ ત્યારે જ હૉલના દરવાજાનું બારણું ધક્કા સાથે ખૂલ્યું. અને શ્યામ અંદર આવતો દેખાયો, ઝડપી પગલે સ્ટેજ તરફ આવતાં તે થોડીક અધીરાઈપૂર્વક બોલી ઊઠ્યો, 'અરે, તમે બન્ને અહીં બેસીને શું કરી રહ્યાં છો ?' અને પૂર્વી તરફ નજર ફેરવતાં કહ્યું, 'મને ઘડીક તો એવો વિચાર આવી ગયો કે તું ખોવાઈ ગઈ કે શું ?'

એકદમ, હળવા ઝાટકા સાથે હેમંત દેસાઈની નજીક ઝૂકતાં પૂર્વી ગણગણી, 'પ્લીઝ; દેસાઈજી. તેને આ વાત ન કહેશો. એક શબ્દ પણ નહિ, પ્લીઝ !'...હેમંત દેસાઈએ તેની સામે હોઠ મરકાવીને શ્યામને જવાબ આપ્યો :

'દિલગીર છું, શ્યામ, વાંક કાઢવો હોય તો મારો કાઢજે. પૂર્વીને મેં મારા કામમાં બેસાડી રાખી હતી. સંગીતના આ કાગળો અને ગાયકોના લીસ્ટનું તે ચેકીંગ કરી રહી હતી–મારા વતી.'

'ચેકીંગ ? સંગીતના કાગળોનું ? એટલે કે નોટેશન્સનું ?' કંઈક ગડમથલમાં પડી જતો શ્યામ બોલ્યો. ત્યારે હેમંત દેસાઈ અને પૂર્વી સ્ટેજ પરથી નીચે આવી ગયાં હતાં.

'ઓહ યસ, ચેકીંગ,' હોઠમાં હસતાં હેમંત દેસાઈએ જવાબ આપ્યો, 'પૂર્વી અજબ સેક્રેટરી છે; શ્યામ. જાણે તમામ પ્રશ્નોનો ઉત્તર ! આ કામ પણ તેણે આસાનીથી કરી નાખ્યું. સેક્રેટરી તરીકે તેં જ તેને શોધી કાઢી હતી, શ્યામ ? તો કહેવું પડશે કે ઘણી મૂલ્યવાન શોધ છે એ !'

પૂર્વીના ધબકારા એકદમ વધી ગયા. અચાનક તેનો પગ સહેજ ઓડંગાઈ ગયો. તે લથડી ગઈ. પણ તરત જ શ્યામે તેને બાવડેથી પકડી લીધી અને પછી પકડી જ રાખી.

હેમંત દેસાઈ તરફ જોતાં શ્યામે જવાબ આપ્યો. અવાજમાં ગર્વનો રણકો હતો : 'ઓફકોર્સ, તે મૂલ્યવાન શોધ છે, અને તે 'મારી' શોધી છે !' પૂર્વીને લાગ્યું કે, પોતાના હાથ પરની શ્યામની પકડ વધારે દૃઢ બની ગઈ હતી, શ્યામનો હાથ તેના હાથ પર જ્યાં દબાઈ રહ્યો હતો ત્યાંથી એક ધીમી, સાવ આછી ઝણુ-ઝણાટી ઊઠીને શરીરમાં ફેલાઈ જતી'તી, મનમાં પથરાઈ જતી'તી. થોડા કલાક પહેલાં શ્યામના જ મોંએથી નીકળેલા કડવા વખ જેવા શબ્દોને યાદ કરવા તેણે પ્રયાસ કર્યો. પણ કોણ જાણે કેમ, ઊંચે સપાટી પર આવતા જ નહોતા તે શબ્દો. કોઈક નવતર પ્રવાહમાં તણાઈ જતા'તા, ડૂબી જતા'તા એ શબ્દો.

હેમંત દેસાઈ અને શ્યામ કાંઈક વાત કરતા બે-ત્રણ મિનિટ સુધી ચાલતા અટકી ગયા હતા. પૂર્વી પણ ઊભી રહી ગઈ હતી તેમની સાથે. પણ તેની તેને પૂરી ખબર નહોતી. ખબર પડી ત્યારે તેણે આંખો પટપટાવી અને આસપાસ જોયું.

શ્યામ હેમંત દેસાઈ સામે હસી રહ્યો હતો. હસતો હસતો કહી રહ્યો હતો : 'ફેસ્ટિવલના આખા સેટ-અપમાં કોઈ કમી હવે

રહી નથી. ફક્ત એક જ છે—સુચિત્રા શોધન. તેનો વિચાર જ્યારે જ્યારે આવે છે ત્યારે ત્યારે ચિંતા થઈ આવે છે, ખરેખર.'

'શા માટે ?' હેમંત દેસાઈનો અવાજ સ્વસ્થ હતો.

'કોણ જાણે,' ખભા સહેજ ઉછાળતાં શ્યામે કહ્યું, 'પણ આ ક્ષેત્રના મારા અનુભવ અને કંઈક અંતરસૂઝથી લાગે છે કે સુચિત્રાની દિશામાં વાદળાં ચડી આવવાનો સંભવ ખરો. જો કે તે માટે કોઈ નક્કર કારણ મારી પાસે નથી. વળી તેની સાથે બધું પાકું કરવા આપણે તેને મળ્યા ત્યારે પણ તેણે નર્યું માખણ ને મધ જ પીરસ્યું હતું. છતાં ક્યારેક મને થઈ આવે છે કે, ભૂતકાળમાં તમે તેને મારેલી લપડાકનો ડંખ હજી તે ભૂલી નથી. એટલે મને અજંપો થઈ જાય છે; છેક છેલ્લી ઘડીએ તે આપણો ફિયાસ્કો કરી નાખે તો ?'

'આપણો ફિયાસ્કો તે નહિ કરે,' દેસાઈજીએ ઠંડકથી કહ્યું, 'એટલું ધંધાદારી ડહાપણ તેનામાં છે !'

'ખેર, એ સાચું છે. છતાં જોયું જશે,' શ્યામ ફરીથી હસ્યો અને ખભા ઉછાળ્યા, 'એટલું સારું છે કે રોહિણીબહેન આપણી પાસે છે. હુકમના પાના તરીકે તેમને કટોકટીની પળે ઊતરી શકાય તેમ છે. કલકત્તામાં આપણે તેમ કરવું જ પડ્યું હતું ને—વર્ષો પહેલાં ?'

'એવું કંઈ કરવાની જરૂર નથી,' હેમંત દેસાઈએ જવાબ આપ્યો, 'એકની એક યુક્તિ વારંવાર ન અજમાવી શકાય. સુચિત્રાના વિકલ્પ તરીકે રોહિણીને એક વાર મૂકી દીધી, એટલું બસ છે. ફરીફરીને તેનો એવો ઉપયોગ થાય તો તેની છાપ એવી જ પડી જાય—વિકલ્પરૂપ કલાકાર તરીકેની. ખાલી જગ્યા પૂરવા જ તેનો ઉપયોગ થતો રહે તે ન ચાલે. વળી ખરેખર તો રોહિણી સ્ટેજનો જીવ છે, અભિનયનો જીવ છે. પ્રકૃતિએ તે ગાયિકા નથી. એટલે એ વિચાર બાજુએ મૂકી દેજે.'

વાત પૂરી થઈ એટલે તેઓ આગળ ચાલ્યા. પૂર્વીનાં બાવડાં પર હજી નાજુકાઈથી દબાતો શ્યામનો હાથ એકધારી રોમાંચભરી ઝણઝણાટી જગાડી રહ્યો હતો. દિવસના પ્રકાશને લપેટી લેતા સંધ્યાનાં આછાં અંધારા બગીચા પર ઊતરી આવ્યાં હતાં. આછા પ્રકાશ–આછા અંધકારમાં ડગ માંડતી પૂર્વીને એ બગીચો અપાર્થિવ સૌંદર્યથી ઊભરાતો લાગતો હતો–ઇડનના બગીચા જેવો મદહોશીથી ભર્યો ભર્યો લાગતો હતો. આદમ અને ઇવને અદ્ભુત ડંખ દઈ જનાર પેલો સાપ જાણે આસપાસમાં જ ક્યાંક સળવળી રહ્યો હતો....

પણ એ બધાની વચ્ચે, બધાની ઉપરવટ થઈને પૂર્વીની નજર સામે તરી આવતું હતું એક બીજું આહ્લાદક દૃશ્ય–હેમંત દેસાઈએ પોતાના વિષે કરાવેલા ત્રિદારક ભાનનું રોમાંચકારી દૃશ્ય. એ દૃશ્યને અડીને જ ઊપસી આવતું હતું, ત્રીજું દૃશ્ય–પોતાના હાથને પકડીને શ્યામે ગર્વભેર કરેલા ઉચ્ચારણનું દૃશ્ય–'ઑફકોર્સ...તે 'મારી' શોધ છે!'

બગીચો ઓળંગીને તેઓ ઘર સુધી પહોંચી ગયાં હતાં. હેમંત દેસાઈ ત્યાંથી છૂટા પડ્યા. બન્નેની સામે વિદાયમાં હાથ ઊંચો કરીને પોતાના રૂમ ભણી ચાલ્યા ગયા. પૂર્વી અને શ્યામ ઉપરના માળ જવાના દાદર તરફ વળ્યાં.

દાદર પાસે પહોંચતાં પૂર્વીએ પૂછ્યું, 'સુચિત્રા ખરેખર કંઈ આફત ઊભી કરશે? એવું ખરેખર લાગે છે તમને?'

'એવું લાગે છે એટલે તો મેં કહ્યું. તેની દાઢમાં ઝેર ભેગું થયું હોય એવી શંકા મને પડે છે.'

'પણ શા માટે?...શા માટે તે આખા ફેસ્ટિવલની સોનાની થાળીમાં લોઢાની મેખ મારવા તૈયાર થાય? તેને તમારી સામે વેર છે કંઈ?'

'મારી સામે? ના રે, ના. હેમંત દેસાઈ અને રોહિણીની સામે તેને વેર છે–તેમનાં લગ્નની ઘોર ઈર્ષ્યા છે. રોહિણી દેસાઈજીના જીવનમાં પ્રવેશી નહોતી ત્યાં સુધી સુચિત્રા દેસાઈજીને પોતાની જ ચીજ ગણતી હતી, તેની એકલીની માલિકીની. અને બનતું પણ એવું જ કે નાના–મોટા દરેક પ્રસંગે, જ્યાં જ્યાં સંગીતની વાત હોય ત્યાં ત્યાં તેમને બન્નેને સાથે જ કામ કરવાનું બનતું. સુચિત્રા ગાનાર હોય તો દેસાઈજીના સંગીત વિના ન ચાલે. એટલે સુચિત્રાના મનમાં કંઈક ગોઠવાતું ગયું હશે, ઘડાતું ગયું હશે. પણ દેસાઈજી સ્ત્રીઓની બાબતમાં જરા અકળ માણસ નીકળ્યા–અકળ અને કઠોર પણ ખરા.'

'સાચું છે,' પૂર્વીએ સંમત થતાં કહ્યું, 'કારણ કે તેમની પ્રતિભા અને આકર્ષકતા જબ્બર છે!' એ પ્રતિભા અને આકર્ષકતાનો તેનો અનુભવ તાજો જ હતો. એટલે તેના અવાજમાં ય ઉત્સાહ વર્તાઈ આવતો હતો.

'એટલે?' ચાલતો અટકી જઈને શ્યામ તેની તરફ ફર્યો. કંઈક રમૂજભર્યા રણકામાં બોલ્યો, 'દેસાઈજીની આકર્ષકતા જબ્બર છે એટલે? તું કહેવા શું માગે છે?'

પૂર્વી સહેજ હબકી ગઈ. હેમંત દેસાઈ વિષે પ્રશ્નો પૂછવાનો મુદ્દો તેણે, અજાણતાં, શ્યામને આપી દીધો હતો. પોતે હમણાં જ ઘણી વાર સુધી હેમંત દેસાઈ પાસે બેસી રહી હતી તે એ જાણતો હતો. એટલી બધી વાર પોતે ત્યાં શું કરતી હતી એ પૂછવા માંડશે તો? બાપરે, કેટલું જૂઠું બોલવું પડશે તેણે...?

પણ શ્યામે એવું કંઈ ન પૂછ્યું. ગમ્મતભર્યું સ્મિત કરતાં તે બોલ્યો, 'હું તને ચેતવી રાખું છું, જોજે. દેસાઈજીની પ્રતિભાને આકર્ષકતા જબ્બર છે એ સાચું, પણ તેનો ઉપયોગ તે કેવો કરે છે, જાણે છે તું? સામેની વ્યક્તિ પાસેથી પોતાને જોઈતું હોય તે બરાબર કઢાવી લેવા તે પોતાની આકર્ષકતાનો પ્રવાહ ધારે

ત્યારે વહેતો મૂકી શકે છે ને ધારે ત્યારે બંધ કરી શકે છે—નળની ચકલીની જેમ.'

'આકર્ષકતાનો એવો ઉપયોગ કરનાર તે એકલા જ નથી, ખરું ને?' મનમાં ઊગેલા એ ચાબુકના ફટકા જેવા વાક્યને પૂર્વી રોકે તે પહેલાં તો તે બોલાઈ ગયું. અને તરત જ તેનાથી જીભ કચરાઈ ગઈ—અરે, ભગવાન! આ શું કર્યું તેણે? કવેળાએ કેવું કવેણ બોલી ગઈ? ઝટઝટ તેણે બીજું કંઈક બોલવા મથામણ કરી. બોલાઈ ગયેલું ભૂંસાઈ જાય, બેઅસર બની જાય તેવું કંઈક કહેવા ફાંફાં માર્યાં. કંઈ બોલી શકાયું નહિ. ગૂંચવાડામાં પડી ગઈ ઝટઝટ તે દાદરો ચડવા ગઈ.

તે એક પગથિયું માંડ ચડી હતી ને શ્યામે તેને બાવડેથી પકડી લીધી.

'એક મિનિટ ઊભી રહે', તે બોલ્યો અને ધીરેથી પણ મક્કમપણે તેણે પૂર્વીનું મોં પોતાના તરફ ફેરવ્યું. ધીમા અવાજે તે બોલ્યો, 'તારા એ તોફાની વેણનો અર્થ તારે સમજાવવો પડશે—તદ્દન સ્પષ્ટ અર્થ!'

'હું—મારો—ખાસ કંઈ અર્થ નહોતો તેનો!'

'અર્થ હતો. કંઈક ખાસ અર્થ હતો જ તેનો! સામી વ્યક્તિને અપરાધી ઠરાવવાનો આશય ન હોય ત્યારે એવું વેણ કોઈએ બોલવું પડતું નથી.'

'પણ હું તમને અપરાધી ઠરાવવા માગતી નહોતી... શા માટે માગું?'

'કારણ કે તને લાગી આવ્યું છે. દિલ્હીથી અહીં મેં તને એકલી મોકલી; સરસામાન સાચવવાની કામગીરી સોંપી તેનો તને ગુસ્સો છે, નથી?'

'નથી! મને તેનો કંઈ ગુસ્સો નથી. હું કામ કરવા માટે તો છું, કામ સોંપાય તેનો ગુસ્સો શી રીતે કરું?'

'ગુસ્સો જ નહિ, તને ઈર્ષા પણ છે. તારે બદલે પ્રેમાને હું મારી સાથે અહીં લાવ્યો તેની, છે ને?'

'બિલકુલ નહિ. ઈર્ષા મને શા માટે હોય?'

'એ મને ખબર નથી. એનો જવાબ તું જ આપી શકે. તું જ તે જાણતી હોય. પણ એમ ઈર્ષા હોવી એનો અર્થ શો છે? વિચારી જોજે.'

કહીને શ્યામે જવા માટે મોં ફેરવ્યું. પણ પૂર્વી ઝડપથી બે ડગલાં આગળ નીકળી ગઈ અને તેના માર્ગમાં ઊભી રહી ગઈ. છાતીમાં કંઈક ઊકળી રહ્યું હતું. મગજમાં ગરમગરમ વરાળ ઊઠી રહી હતી. નસકોરાં જોરથી ફૂલી રહ્યાં હતાં. બે ય હાથ ફેલાવીને તેનો રસ્તો રોકતી તે ઊભી રહી. થરકતા અવાજે તે બોલી—કદાચ, અવશપણે તેનાથી બોલાઈ ગયું:

'યુ આર રીયલી અ બ્રુટ!' અને પોતાના એ શબ્દો સાંભળીને પોતે જ ડઘાઈ ગઈ.

શ્યામ પર તેની કોઈ અસર જ ન થઈ. જાણે વચ્ચેનાં ત્રણેક ડગલાંના અંતરને વીંધતી સ્થિર નજર તેણે પૂર્વી પર નોંધી. ધીમે, બહુ ધીમે, પણ ભારે દૃઢતાપૂર્વક એક ડગલું તે પૂર્વી તરફ આવ્યો. એક સેકંડ પૂર્વીને ત્યાંથી પાછી ફરીને દોડી જવાની તીવ્ર ઇચ્છા થઈ આવી. પણ તે દોડી ન શકી. મનને મજબૂત પકડી રાખીને, ઊભી હતી ત્યાં જ ઊભી રહી.

ધીમા, નકોર અવાજે શ્યામે પૂછ્યું, 'એવું શા આધારે કહી શકે છે તું?'

એકાએક વાલ્વ ખૂલી જાય અને બેકાબૂ બનીને વરાળ બહાર ધસી આવે તેમ પૂર્વીના મનની વરાળ બહાર ધસી આવી, 'કારણ કે તમે એવા છો—એવા છો જ તમે! તમે બોસ છો, મારા—ઊંચા સ્થાન પર છો તમે. ને તેના જોર પર જ મને ડગલે ને પગલે મારા નીચા સ્થાનનું ભાન કરાવતા રહો છો, મારી ક્ષુદ્રતાને આંગળી

ચીંધી ચીંધીને બતાવતા રહો છો, નહિ ? તમારી નોકર હોવાનું ભાન કરાવતા રહો છો મને, નહિ ?....હા, હું નોકર છું. ને એટલે જ મારી માફી માગવી પડી એ ખટકી રહ્યું છે તમને–તેનો જ ડંખ છે ને ? એ માફી તમારે માગવી પડી હતી; તમે માગવા ઇચ્છતા નહોતા—'

એકાએક તે બોલતી અટકી ગઈ. હાંફ ચડી ગઈ હતી તેને. છાતી ઊછળી રહી હતી. એક લાંબી, ખૂબ લાંબી પળ સુધી શ્યામ તેને તાકી રહ્યો. તેની આંખોમાં ભારોભાર વિસ્મય અને રમૂજ દેખાતાં હતાં.

આખરે, સાવ ધીમા અવાજે તે બોલ્યો, 'તું એ જાણવા માગે છે ? ખરેખર તું જાણવા માગે છે કે સાંજે ઑફિસમાં મારી ખરાબ રીતભાત પર તું ભાષણ આપી રહી હતી ત્યારે હું શું કરવા માગતો હતો ?'

'હા,' પૂર્વીએ બન્ને હાથને પીઠ પાછળ લઈ જઈને સામસામે પકડ્યા. ટટ્ટાર થઈને ઊભી રહી અને બોલી, 'હું જાણવા માગું છું.'

'ભલે. તું જાણવા માગે જ છે તો ભલે,' શ્યામ ધીમેથી બોલ્યો, અને પૂર્વીના બન્ને ગાલને પોતાની હથેળીઓ વચ્ચે જકડી લીધા. પછી, બે પળ, ત્રણ પળ ચૂપચાપ તેની આંખોમાં જોઈ રહ્યો અને પછી બોલ્યો, 'હવે જા. હું કેવો 'બ્રુટ' છું તે પ્રત્યક્ષ બતાવું, ત્યાર પહેલાં ઉપર પહોંચી જા.'

ભયું ભયું, હૈયામાં ઊતરી જાય તેવું એક સ્મિત કરીને તેણે હાથ તેના ગાલ પરથી લઈ લીધા અને તરત જ પીઠ ફેરવીને ચાલતો થયો. પૂર્વી પૂતળાની જેમ અચલ ઊભી રહી ગઈ.

[૧૨]

અવનવા, આશ્ચર્યભર્યા ને અજાણ્યા અજાણ્યા ભાવોની ભરતીમાં ઊછળતી–પછડાતી પૂર્વી ક્યાંય સુધી માત્ર ઊભી રહી ગઈ. નજર, શ્યામ ગયો હતો તે દિશામાં જડાઈ ગઈ હતી. બન્ને ગાલ રહી રહીને થરકી ઊઠતા હતા. મનને કંઈક અજાણ્યું, ન સમજાતું ઘેન ચડી રહ્યું હતું.

જરા જરા લથડી જતા પગે તેણે દાદરો ચડવા માંડ્યો. ધીમે ધીમે એક એક પગથિયું ચડીને ઉપર પોતાના રૂમ સુધી પહોંચી ત્યારે જાણે ખૂબ થાકી ગઈ હતી. બારણું ધીરેથી ખોલીને તે રૂમમાં ગઈ. ધીરેથી બારણું બંધ કર્યું અને એ બારણા પર જ ઢળી પડતી હોય તેમ અઢેલીને ઊભી રહી ગઈ. સામે પૂરા કદના અરીસામાં તેનું પ્રતિબિંબ પડતું હતું.

ધીમાં પગલાં માંડતી તે અરીસા પાસે ગઈ. આંખો ખેંચીને, ધારી ધારીને પ્રતિબિંબને જોઈ રહી. બન્ને ગાલ પર પોતાની બન્ને હથેળીઓ મૂકી દીધી–શ્યામે મૂકી હતી તેમ જ. અરીસામાં દેખાતા ચહેરા સામે ઝાઝી વાર સુધી જોઈ રહી. છાતીમાં કંઈક અવળસવળ થવા લાગ્યું. આછેરો એક ફફડાટ ઊડી રહ્યો. અચાનક હોઠ હલી ઊઠ્યા. આપોઆપ શબ્દો સરી પડ્યા, 'મને–મને એ સમજાતું નથી....કંઈ સમજાતું નથી મને !....હું એટલી સુંદર પણ નથી....તો પછી—'

ફરી ફરીને તાજ્જુબ થઈ રહી હોય તેમ તે તાકી રહી અરીસા સામે, અરીસાની અંદર પોતાની સામે.

ત્યારે જ બારણે એક ધીમો ટકોરો પડ્યો, ને તે સફાળી પાછળ ફરી. મીઠું મીઠું હસતી પ્રેમા જ બારણામાં ઊભેલી હશે—તેને વિચાર આવ્યો. પ્રેમાને તરત જ પાછી રવાના કરી દેવા તે મનને તૈયાર કરી રહી.

પણ ઓહ ! બારણામાં રોહિણી ઊભેલી હતી. અજબ સુંદર છટાભેર હોઠ મરકાવીને સ્મિત કરતી તે અધખુલ્લા બારણામાં ઊભી હતી. પૂર્વી તેની તરફ ફરી ને આછું સ્મિત કરતી જોઈ રહી. તેને લાગ્યું, રોહિણીના હોઠમાંથી નર્યું જાદુ નીતરી રહ્યું હતું. અજબ, ચમત્કારિક, અસરભર્યું સ્મિત હતું તે!....હાસ્તો, એ વિના કોઈ હેમંત દેસાઈ જેવા એતમા પુરુષને બાંધી રાખી શકે ?

આંખો પટપટાવતાં પૂર્વીએ તેની સામે ઉમળકાભર્યું સ્મિત કર્યું. અંદર આવતાં રોહિણીએ કહ્યું, 'મેં તમને ખલેલ તો પાડી નથી ને ?'

'ના રે, ના. બિલકુલ નહિ,' તેની સામે જઈ ઉમળકાભેર આવકારતાં પૂર્વીએ કહ્યું, 'મને તો ઊલટો આનંદ થયો. આવોને, અંદર તો આવો !'

રોહિણીએ ફરી વાર તેનું આગવું મોહક સ્મિત કર્યું અને અંદર આવીને ખુરશી પર બેઠી, પૂર્વી પણ બેઠી. એટલે તેણે કહ્યું, 'આટલી મોડી હું તમારી પાસે આવી—મોડું તો થયું જ છે, નહિ ? પણ મારે આવવું પડે તેમ જ હતું. તમારી સાથે એક વાત કરવાની છે.' સહેજ થોભીને ફરી સ્મિત કરતાં તેણે કહ્યું, 'વાત સાંભળીને દેસાઈજી પર નારાજ ન થઈ જશો, હોં ! તમે કેટલું સારું ગાવ છો તે તેમણે મને કહી દીધું છે !'

'ઓહ !' પૂર્વી અચકાઈ ગઈ, 'એ વાત—એ વાત કોઈનેય નહિ કહેવાનું તેમણે—'

'બરાબર છે,' રોહિણી વચ્ચે બોલી, 'એ વાત તેમણે કોઈને કહેવાની નથી. પણ તેમણે મને કહ્યું કે હું તો તેમનું જ અર્ધાંગ

છું એટલે 'કોઈ' ન ગણાઉં !'

રોહિણીની સાથે સાથે પૂર્વી પણ હસી પડી—અચકાતી. રોહિણીએ કહેવાનું ચાલુ રાખ્યું, 'હું માનું છું કે એ વાત એક રહસ્ય છે. તમારી બહેન સાથે તેને કંઈક સંબંધ છે, ખરુંને ?... એવું કંઈક હોવાની ખબર મને હતી, પણ શું કરું ? અત્યારે જ તમારી પાસે આવ્યા વિના મારાથી રહી શકાય તેમ જ નહોતું.' સહેજ થોભીને તેણે કહ્યું, 'હમણાં દેસાઈજી બહારથી આવ્યા ત્યારે તેમના ચહેરા પરથી જ હું સમજી ગઈ હતી કે કંઈક જબરજસ્ત બની ગયું છે !'

'હું ?' પૂર્વીના મનમાં જાણે ધક્કો લાગ્યો, તે બોલી, 'હું એ માની નથી શકતી કે મારા ગાવામાં દેસાઈજીને એવું કંઈ જોવા મળ્યું હોય.'

'તો પણ તે માનવું જ પડે કારણ કે ખુદ દેસાઈજી તેમ માને છે. તમારી વાત કરતાં તેમના અવાજનો રણકો કેવો બદલાઈ ગયો હતો, ખબર છે ? માટીમાં સોનાના ભરપૂર રજકણો જોઈને ખાણ શોધનારને આવી જાય એવી ઉત્તેજના તેમના અવાજમાં આવી ગઈ હતી ! કંઈક અત્યંત કીમતી ચીજ શોધાઈ ગયાનો રોમાંચ, કોઈક અત્યંત સુંદર ચીજ હાથ લાગી ગયાનો આનંદ, તેને-સરાહવાની ઇચ્છા, તેને ઓપ આપીને ઝગમગાવવાની અને મૂલ્યની કસોટીએ ચડાવી પાર ઉતારવાની ઇચ્છા—એ બધું કેવું હોય, ખબર છે તમને ?'

પળ વાર પૂર્વી તેના ચહેરા સામે જોઈ રહી. તેણે કહ્યું એ બધું તેના હૃદયમાં એક તોફાન જગાડી રહ્યું હતું. ખૂબ ખૂબ ગમી રહ્યું હતું. પણ સાચું લાગતું નહોતું, કેમેય કર્યું ગળે ઊતરતું નહોતું. રોહિણી સામે જોઈને તે હસી. તેની વાત સાચી માનવાની આનાકાની, તીવ્ર આનંદ, અને ભારે ફફડાટ—બધું તે

હાસ્યમાં ભળેલું હતું.

'તમારી વાત સાંભળીને જ હું તો ધ્રૂજી જાઉં છું,' તેણે કહ્યું, 'ખરેખર, એક કંપારી આવી જાય છે શરીરમાં! સાથે સાથે ડર પણ લાગે છે–દેસાઈજી, આ વાત છાની રાખશે ને? હાલ તુરત તેઓ છાની તો રાખવી જ–,

'બેશક, છાની રાખશે જ. કેમ નહિ રાખે?' રોહિણી વચ્ચે જ બોલી ઊઠી, 'તેની ચિંતા કરવાની જ નથી. અત્યારે તો તે પોતે, અને બીજાં બધાં પણ ફેસ્ટિવલના કામમાં એટલાં ગળા-ડૂબ છે કે બીજી કોઈ વાત માટે કોઈને ફૂરસદ જ નથી.' સહેજ થોભીને તેને હૈયાધારણ આપતાં તેણે કહ્યું, 'સાચું માનશો? મારે તો ફેસ્ટિવલની કોઈ જવાબદારી નથી ને? છતાં હું મારો રોજનો રિયાઝ ઘણીયે વાર ચૂકી જાઉં છું. મારા માટે પણ તેમની પાસે સમય નથી હોતો. નહીંતર, સંગીતના રિયાઝની બાબતમાં હું સનાતન બ્રાહ્મણની સેવાપૂજા જેટલી ચુસ્ત છું!'

'તો પછી, મને લાગે છે કે, મારે તમારી ઈર્ષા કરવી જોઈએ,' હળવું હસતાં પૂર્વીએ કહ્યું, 'આ બધા દિવસોમાં મારા રિયાઝ તો છેક અભેરાઈએ ચડી ગયા છે. ને હજી કેટલા દિવસ આમ ને આમ વીતી જશે–શી ખબર? અહીં તો ગાવાનું જોખમ મારાથી ખેડી શકાય તેમજ નથી!'

'સાવ એવું પણ નથી,' રોહિણીએ કહ્યું, 'તેનો પણ રસ્તો કાઢી શકાય. તમે અમારા રૂમમાં આવીને જરૂર ગાઈ શકો. એ કહેવા જ હું તમારી પાસે આવી છું. અમારા રૂમમાં ગાવા-બજાવવાનું તદ્દન સલામતભર્યું છે. સાંભળનાર એમ જ માનશે કે હું પ્રેક્ટિસ કરી રહી છું.'

'ઓહ, તમારો કેટલો આભાર માનું!' પૂર્વીથી બોલાઈ ગયું. રોહિણી તેને સ્વર્ગના ફરિસ્તા જેવી લાગી રહી. હર્ષના ભારે ઉમળકાભેર તે બોલી ઊઠી, 'પણ હું ત્યાં આવીને રિયાઝ કરું તો

મને ડર છે કે દેસાઈજીના કામમાં તો ખલેલ પડે જ. તેમને અત્યારે કેટલું બધું કામ'—

'એવો ડર ન રાખશો. ડરવાની કોઈ જરૂર જ નથી. ઊલટું, આ એમનું જ સૂચન છે. મેં તેને તમારા સુધી પહોંચાડ્યું એટલું જ. વળી દેસાઈજી તેમનું બધું કામ રૂમમાં રહીને કરતા નથી. મોટા ભાગનો સમય તો તે બહાર જ રહે છે!

પૂર્વી જવાબ આપે તેની રાહ જોતી તે ઘડીક તેની સામે જોતી બેસી રહી. પણ પૂર્વી કંઈ બોલી નહિ એટલે તેણે ફરી વાર ભારપૂર્વક કહ્યું, 'તમે એટલું તો બરાબર સમજતાં હશો કે, રોજેરોજ પૂરતો રિયાઝ ગાનાર માટે અનિવાર્ય જ હોય છે. દેસાઈજી તો ત્યાં સુધી માને છે કે, સારામાં સારો ગાયક પણ, અગાઉ રોજ રોજ રિયાઝ કર્યા વિના, એવી ખાતરી ન રાખી શકે કે કાર્યક્રમની રાત્રે તે સાંગોપાંગ પાર ઊતરી જશે!

'એ સાચું છે–તદ્દન સાચું છે,' પૂર્વી તરત જ સંમત થઈ 'પણ હું તો એમ કહેતી હતી કે મારે માટે એવો ચુસ્ત રિયાઝ અનિવાર્ય ન ગણાય. સૌની જેમ હું એ વ્યવસાયમાં નથી એટલે ભવિષ્યના કોઈ કાર્યક્રમની રાત્રે સાંગોપાંગ પાર ઊતરવાનો મારે પ્રશ્ન જ નથી.'

'તમારે એવો પ્રશ્ન જ નથી એમ ખાતરીપૂર્વક શી રીતે કહી શકાય? ધારો કે પ્રશ્ન હોય, તો?'

ઘડીક પૂર્વી ચૂપ થઈ ગઈ. સ્તબ્ધ થઈ રોહિણી સામે તાકી રહી. રોહિણીએ સુંદર હોઠ હલાવીને સ્મિતનું જાદુ વહેતું મૂક્યું, અને પછી પૂછ્યું, 'પૂર્વી, ઉંમરમાં હું મોટી છું. તમને તું કહીને બોલાવું?'

'જરૂર બોલાવો. મને એ ખૂબ ગમશે.'

'તું આગાહીઓમાં માને છે, પૂર્વી? અંતઃસ્ફૂરણામાં માને છે?'

પૂર્વી અજ્ઞાતભર્યું હસી. તેણે કહ્યું, 'મને તો એવી કંઈ

ખબર પડતી નથી. મને એવી સ્ફૂરણા કે આગાહી કદીયે થતી નથી. તમે કેમ એ પૂછો છો ?'

'મને ઘણી વાર એવી આગાહી થઈ જાય છે.' નિખાલસ સ્મિત કરતાં રોહિણીએ કહ્યું, 'દેસાઈજીને મેં જ્યારે પહેલી જ વાર જોયા ત્યારે એક આગાહી મને થઈ હતી. કોઈક અગમ્ય રીતે મને સમજાઈ ગયું હતું કે, આગળ ઉપર એ કરડો અને અક્કડ માણસ મારા માટે સૌથી મહત્ત્વનો માણસ બની જવાનો છે. અત્યારે, આ પળે મને તારા માટે પણ કંઈક આગાહી થઈ રહી છે. એટલે હું આગ્રહ રાખું છું કે તું ગાવાનો રિયાઝ રોજ ચાલુ રાખે—શકય તેટલો વધારે.' અને સહેજ અટકીને તેણે ઉમેર્યું, 'તેનું કારણ મને પૂછીશ નહિ. આ તો મનની આગાહી છે.'

રોહિણીએ જે કહ્યું તે એટલું ગંભીરતાપૂર્વક કહ્યું હતું કે, પૂર્વી તે વાત પર હસી શકી નહિ. ગંભીર અવાજે તેણે કહ્યું, 'આવું, આટલું બધું તમે કયા કારણે માનો છો તે હું કલ્પી પણ શકતી નથી. પણ તમારામાં કંઈક એવું છે કે તમારી વાત ગળે ઊતરી જાય છે. એટલે મને પણ હા કહી દેવાની જ ઇચ્છા થઈ આવે છે....તમારી વાત મને શિરોમાન્ય છે.'

'સરસ !' રોહિણીએ સંતોષ પામતાં કહ્યું. અને પછી તરત જ સ્વસ્થ, સ્વાભાવિક બની જતાં કહ્યું, 'તો હવે હું જાઉં છું. તને મોડે સુધી જાગતી રાખી. હવે આરામ કર. હવે હું તારી રાહ જોઈશ. જે કોઈ સમય તને અનુકૂળ હોય તે મને અનુકૂળ હશે જ.'

'તમારો પૂરો આભાર કેવી રીતે માનું ?' પૂર્વીએ ભાવુકતાપૂર્વક કહ્યું. રોહિણીએ મુગ્ધકર સ્મિત કર્યું અને ઊઠીને રૂમની બહાર નીકળી ગઈ.

બારણું બંધ કરીને સૂઈ જવા માટે પૂર્વીએ કપડાં બદલ્યાં. પણ એ કામ જાણે યંત્રવત્ થઈ રહ્યું હતું. જે થતું હતું તેમાં

તેનું ધ્યાન નહોતું, ખબર જ નહોતી. વળી વળીને નજર અરીસામાં જઈ પહોંચતી હતી અને તેમાં એક નવી જ પૂર્વી, અજાણી પૂર્વી દેખાતી હતી—ગળે ઊતરવું ખૂબ મુશ્કેલ હતું કે, પોતે સુંદર હતી, મોહક અને પ્રતિભાસંપન્ન હતી.... એવું કેમ બની શકે ? પોતે એવી શી રીતે હોઈ શકે ? એવી તો પોતે કદી નહોતી. પોતે તો હંમેશાં ભીરુ જ હતી, કાયર અને ડરપોક જ હતી—અપંગ !.....

પણ આજની સાંજ એક અદ્‌ભુત સાંજ બની ગઈ હતી. કેટલું બધું બની ગયું હતું એક જ સાંજમાં ? કેટલું અજબ ! એક જ સાંજમાં તે અસાધારણ પ્રતિભાસંપન્ન ગાયિકા હોવાની અચૂક એંધાણીઓ મળી ગઈ હતી, ખુદ હેમંત દેસાઈ અને રોહિણી પાસેથી ! અને—અને આવેશમાં શ્યામમે 'બ્યુટ' કહી દીધો હતો—બાપરે ! અને છતાં ગુસ્સે થવાને બદલે શ્યામે તેના બેય ગાલને હળવેથી હથેળીઓમાં જકડીને... માય ગોડ ! પોતે એટલી બધી મોહક હતી !

* * *

સવારે વહેલી તે ઊઠી ગઈ. ઊઠતાં જ પહેલો વિચાર શ્યામનો આવ્યો. તૈયાર થઈને તે ઑફિસમાં જશે એટલે સૌથી પહેલો ભેટો શ્યામનો જ થશે. ત્યારે પોતે શું બોલશે ? કેમ વર્તશે તેની સાથે ? હજી ગઈ રાત્રે જ જેને પોતે સખત ઉસ્કેરી દીધો હતો અને... અને...

આગળ વિચારતાં તેને શરમ આવી ગઈ.

પણ તે ઑફિસમાં ગઈ ત્યારે તેને લાગ્યું કે, તેણે કરેલા લાંબા લાંબા વિચારો કરવા હકીકતે જરૂરી જ નહોતા. ઑફિસમાં કામ હતું. શ્યામ સાથે મળીને તેણે કામ કરવા પણ માંડ્યું. કામ થઈ ગયું ત્યાં સુધીમાં શ્યામ તરફથી આગલી યાદગાર સાંજનો કોઈ અણસાર ન આવ્યો—જાણે કંઈ બન્યું જ નહોતું અથવા બનીને પસાર થઈ ગયું હતું. કામ પૂરું થયું એટલે તે ઊઠ્યો અને ઉતાવળે બહાર નીકળતાં કહેતો ગયો : 'આજે રિહર્સલ વધારે

સમય ચાલશે. કદાચ, સાંજ પડી જાય. થોડા દિવસમાં જ અહીં અમદાવાદમાં એક 'નાઈટ' કદાચ રાખવી પડશે—સરકારનો આગ્રહ છે."

તે ગયો. તે દિવસ પૂરતું કામ પણ ગયું. પૂર્વીને લાગ્યું, હવે સાંજ સુધી તે નવરી જ રહેશે. અને તો પછી રોહિણીએ કહ્યું હતું તેમ રિયાઝ માટે કેમ ન પહોંચી જવું ?

ઈન્ટરકોમ પર તેણે રોહિણી સાથે વાત કરી. રોહિણીએ તેને તરત જ આવી જવા કહ્યું. તરત જ તે નીકળી અને એ વિશાળ ઇમારતના છેક આગળના ભાગમાં આવેલ રોહિનીના રૂમમાં પહોંચી. રૂમનું બારણું બંધ થયું ને જાણે તે સાવ અલાયદી, દૂરની જગ્યાએ પહોંચી ગઈ હોય તેમ લાગ્યું. અંદરના બીજા રૂમમાં જતાં જાણે વાતાવરણ પણ અલાયદું બની જતું લાગ્યું. હવામાં ચોમેર જાણે સંગીત જ સંગીત છલકાતું હતું. !

સ્વસ્થ, શાંત, આનંદવિભોર થઈને તેણે ગાવાનું શરૂ કર્યું. રોહિણીએ તંબુર લઈ સાથ આપ્યો. પૂર્વી ગાતી ગઈ. આંખો બંધ કરીને પોતાની અંદર ચાલી ગઈ. સૂરોના અજબ, અવર્ણનીય માહોલમાં ખોવાતી ગઈ. તીવ્ર અને તંગ આતુરતાપૂર્વક રોહિણી તેને સાંભળતી રહી. સાંભળીને વારી જતી હોય તેમ ડોલતી રહી.

ગાવાનું પૂરું થયું. રોહિણીની આંખોમાં, ચહેરા પર નરદમ આનંદ નીતરતો હતો. ઉમળકાભેર હસતી તે બોલી : 'હવે સમજાયું કે દેસાઈજી એટલા ઉત્તેજિત કેમ થઈ ગયા હતા !'

જેના નામ સાથે અનેક દંતકથાઓ જોડાયેલી હતી એવો એક વિરાટ સંગીતકાર પોતાનો અવાજ સાંભળી એટલો બધો ઉત્તેજિત થઈ જાય એ વાત ગળે ઉતારવી પૂર્વી માટે મુશ્કેલ હતી. છતાં તેને સંતોષ થયો—રોહિણીના એ શબ્દો ભલે ભાષાના એક અલંકારરૂપે વપરાયા હોય તો પણ, ખૂબ વજનદાર ગણાય, ખૂબ મહત્ત્વના ગણાય એ શબ્દો.

પછી બન્નેએ વાતો કરી. ઘણી બાબતો પર ઘણી વાતો

કરી. પોતપોતાની ગાવાની શૈલી અને રિયાઝની પદ્ધતિની પણ સરખામણી કરી. ફેસ્ટિવલની પણ વાત કરી. પ્રેમાની વાત પણ તેમાંથી જ નીકળી. રોહિણીએ કહ્યું :

'તારી બહેન ખરેખર સુંદર છે. સ્ટેજ પર તે સફળ થશે જ એમ કહી શકાય. પણ તેનો અવાજ જરા ઊણો ઊતરે છે, નહિ ? જોઈતું ઊંડાણ નથી, ને એટલે અસર નથી.'

'એ સાચું છે', સંમત થતાં પૂર્વીએ કહ્યું, 'પણ તે ખૂબ મહેનતુ પણ છે, ને એટલે મને લાગે છે કે સફળ થવામાં તેને મુશ્કેલી નહિ પડે.'

'એ તો છે જ', સ્વાભાવિક સ્વરમાં રોહિણીએ કહ્યું, 'ચિંતા જેવું કંઈ નથી. વળી તેને શ્યામનું પીઠબળ પણ કેટલું બધું છે !'

સણણણણણણ કરતો એક શેરડો પૂર્વીના પેટ સુધી ઊતરી ગયો. પેટમાં અણગમતું કંઈક થવા લાગ્યું.

પણ ત્યારે પૂર્વીને શોધતો નોકર ત્યાં આવી પહોંચ્યો. દિલ્હીથી ટ્રંકકૉલ હતો. પૂર્વી ઝડપથી ઊભી થઈ અને રોહિણીની વિદાય લઈ ઑફિસ તરફ ઊપડી ગઈ. ફોન પરની સૂચના તેણે શ્યામ માટે નોંધી લીધી. રાજ્ય સરકારની વિનંતી મુજબ એક નાઈટ અમદાવાદમાં કરવાની ઑફિશ્યલ મંજૂરી મળી ગઈ હતી.

ફોન મૂકીને તે હજી પાછળ ફરતી જ હતી ત્યાં બારણામાં અનુપમાદેવી દેખાયાં. પૂર્વી સાથે નજર મળતાં જ તેમણે પૂછ્યું : 'શ્યામ ક્યાં છે ?'

'રિહર્સલમાં ગયા છે,' આવકારમાં હસીને પૂર્વીએ જવાબ આપ્યો, 'કંઈ કામ છે ? હું કંઈ મદદ કરી શકું ?'

'ના, તારી કંઈ જરૂર નથી' કહેતાં તે અંદર આવ્યાં. અને ખુરશીમાં બેસી ગયાં. પૂર્વીને લાગ્યું, તેમના સરસ ચહેરા પર કંઈક ચિંતા ફરકતી હતી, જીવ જરા ઊંચો થઈ ગયેલો જણાતો હતો.

થોડીવારે તે બોલ્યાં :

'ખાસ તો કંઈ કામ નહોતું. પણ હમણાં જ મને ખબર પડી કે ભુવનેષની બદલી અહીં થઈ ગઈ છે.– કલેક્ટર તરીકે... હવે એ બન્ને ચોક્કસ અહીંની નાઈટ વખતે આવશે જ અને આગળની હરોળમાં બેસશે !'

પૂર્વીને કંઈ ગડ બેઠી નહિ. ભુવનેષ કોણ હતો ? અને કયાં બન્ને જણાં નાઈટ જોવા આવવાનાં હતાં ?

તેણે પૂછ્યું 'તેઓ આવે તેથી કંઈ તકલીફ થાય તેમ છે ?'

'એ તો દેખીતું જ છે ને,' અનુપમાદેવીએ માથું ધુણાવતાં કહ્યું, 'તે કંઈ થોડા કાર્યક્રમ માણવા આવવાના ? ધણી કલેક્ટર બની ગયો છે તેનું પ્રદર્શન કરીને વટ પાડવા જ તેને લઈ આવવાની તે !'

'તે એટલે ?' પૂર્વી પૂછવા ગઈ , પણ ત્યારે જ તેના મનમાં એકાએક ઝબકારો થયો, 'ઓહ ! તો તે પેલી દગલબાજ... જે શ્યામને છેહ દઈ ગઈ હતી, કોઈ બીજાને પરણી ગઈ હતી..... ગુડ ગોડ !'

થોડી વાર બન્ને ચૂપચાપ બેસી રહ્યાં. પછી અનુપમાદેવીએ પૂછ્યું, 'શું કરું ? હું નક્કી નથી કરી શકતી કે શ્યામને એ વાત અત્યારે કહેવી કે નહિ ?'

'મને લાગે છે કે અત્યારે કંઈ ન કહેવું સારું છે. જરૂર પડ્યે એ પોતે જ માર્ગ કાઢી લેશે.'

'શેનો માર્ગ ?' બારણામાંથી શ્યામનો અવાજ સંભળાયો. હસતા ચહેરે તે અંદર આવી રહ્યો હતો. આવીને તે ફરી વાર હસ્યો, 'કોણે કાઢવાનો છે માર્ગ ? મારે ?'

અનુપમાદેવી કંઈ ન બોલ્યાં. પૂર્વી ક્ષણેક વાર ચૂપ થઈ ગઈ. પણ પછી બોલી, 'કંઈ નહિ. ખાલી અમસ્તી વાત હતી એ તો.'

પણ અનુપમાદેવી બોલ્યા વિના ન રહી શક્યાં. તે બોલી ઊઠ્યાં, 'પેલી નાલાયક પાછી અહીં આવી ગઈ છે, એ તને ખબર છે ? તેનો વર કલેક્ટર બનીને અહીં આવી ગયો છે. તમારા કાર્યક્રમની રાત્રે તેને લઈને તે આવવાની જ.'

'એટલું જ ને ?' શ્યામે લુખ્ખા અવાજે કહ્યું, 'બે જણને બેસાડવાની વ્યવસ્થા કરવાથી વિશેષ તેમાં ચિંતા કઈ બાબતની છે ?'

પૂર્વી ચૂપચાપ શ્યામના ચહેરાને તાકી રહી. એકાએક જડ અને અકળ બની ગયો હતો એ ચહેરો. અનુપમાદેવી કંઈ બોલ્યા વિના નીચું ઘાલીને બેસી રહ્યાં હતાં–જાણે ચિંતાપૂર્વક વિચારી રહ્યાં હતાં.

તેમની પાસે જતાં શ્યામ હળવાશભર્યું હસ્યો અને નરમાશપૂર્વક બોલ્યો, 'મમ્મી, મારે અને પૂર્વીને હજી ઘણું કામ કરવાનું પડ્યું છે. તને હવે જવાનું કહું તો માઠું ન લગાડીશ, હં !'

અને પછી આગળ ચાલીને અનુપમાદેવીને જવા માટે બારણું ખોલી, તે પકડીને ઊભો રહ્યો. અનુપમાદેવી બહાર નીકળ્યાં એટલે હસીને ફરી બોલ્યો, 'સૉરી, મમ્મી ! ખોટું ન લગાડીશ !'

પાછો આવીને તે ટેબલ પાસે ખુરશીમાં બેસી ગયો. ટેબલ પર પડેલા કાગળો હાથમાં લઈ આમતેમ ફેરવવા લાગ્યો–વાંચતો હોવાનો ડોળ કરતો રહ્યો.

પૂર્વી પોતાની ખુરશીમાંથી ઊઠી અને બારણા તરફ જવા લાગી. તરત જ શ્યામે તેની સામે જોયું અને પૂછ્યું, 'મમ્મી ખરી વાતોડિયણ છે, પૂર્વી. સોના વિષે શી શી વાતો કીધી તેણે ?'

'સોના ?...... તેનું નામ સોના છે ?'

'હા, તેના વિષે શું શું બોલી મમ્મી ?'

'તેમણે કહ્યું કે પહેલાં તમારી સગાઈ તેની સાથે થયેલી, પણ અચાનક તે બીજાને પરણી ગઈ.'

'બીજું કંઈ કહ્યું ?' પોતે સ્વાભાવિક જ પૂછી રહ્યો છે

એવો દેખાવ કરવા તેણે ટેબલ પર એક–બે વસ્તુઓ આઘીપાછી કરી. ખંડિત પાંખવાળી પેલી મૂર્તિને પણ એક છેડેથી ખસેડીને બીજે છેડે મૂકી.

'તેમણે કહ્યું કે છેક છેલ્લી ઘડીએ જ તે એ ભયાનક ચાલ ચાલી ગઈ. લગ્ન પહેલાં થોડાક જ દિવસે!'

'બરાબર છે. લગ્ન પહેલાં ત્રણ દિવસે', કહીને શ્યામે તેની સામે જોયું, 'બીજું કંઈ કહ્યું તેણે?'

પૂર્વી સહેલાઈથી ના કહી શકી હોત. વાતનો અંત લાવી શકી હોત. પણ મનમાં કોણ જાણે શું ભરાઈ ગયું હતું, અંદરથી દબાણ કરી રહ્યું હતું કે તેનાથી આગળ બોલાઈ જ ગયું:

'તેમણે એ પણ કહ્યું કે; જેને તે પરણી ગઈ તેનામાં એવું કંઈ જ નહોતું. તમારી તોલે તો તે આવી જ ન શકે–દેખાવમાં કે વ્યક્તિત્વમાં કશાયમાં. છતાં તેને પરણી ગઈ. અને એટલે મમ્મી માને છે કે, ત્યારથી તમે સાવેસાવ બદલાઈ ગયા છો—'

પૂર્વી વધારે બોલી ન શકી. નજર નીચી ઢાળીને ટેબલ પર તાકતી તે બેસી રહી.

શ્યામના હસવાનો જરા મોટો અવાજ સંભળાયો અને તેની પાછળ જ કંઈક ભાંગવાનો અવાજ સંભળાયો–કડાક!

એકદમ ઝબકીને પૂર્વીએ ઊંચું જોયું. શ્યામનો ચહેરો સહેજ ફિક્કો પડી ગયો હતો. સહેજ છોભીલો પડીને નરમ આંખે તે પૂર્વી સામે જોઈ રહ્યો હતો. તેના હાથમાં પેલી ખંડિત મૂર્તિના બે ટુકડા પકડાઈ રહ્યા હતા.

એ જોતાં જ પૂર્વી હબકી ગઈ. ફાળભરી તે બોલી ઊઠી: 'તમે ભાંગી નાખી તેને? ફરી વાર?'...

'હું—હું ખૂબ જ દિલગીર છું, પૂર્વી!' હજી હેબતાઈ ગયેલો લાગતો શ્યામ બોલી ઊઠ્યો, 'તે ફરી વાર ભાંગે એ તો હું કદીય ઇચ્છું નહિ...પણ મને ખબર નહિ રહી હોય. અજાણતાં

જ જોરથી દબાવી દીધી હશે.'

ક્ષણાર્ધમાં જ પૂર્વી સમજી ગઈ–આઘાત અને ઉશ્કેરાટે તેનું ભાન છીનવી લીધું હતું. ઉશ્કેરાટમાં જ તેનો હાથ એ બિચારી મૂર્તિ પર સજ્જડ દબાઈ ગયો હતો. ધીમેથી તેણે કહ્યું:

'ખેર, કંઈ વાંધો નહિ. એ મને આપી દો. તે પાછી સરસ રીતે સંધાઈ જાય તે હું જોઈશ—આજે જ.'

'હા, બરાબર છે,' એ સુંદર મૂર્તિના બે ટુકડા પૂર્વીને સોંપતાં તેણે કહ્યું, 'એ વહેલીતકે સંધાઈ જવી જ જોઈએ. તેના વિના આપણને ચાલે તેમ નથી–બરાબરને?'

'બરાબર,' સહેજ સ્મિત કરીને મૂર્તિ સંભાળથી હાથમાં લેતાં પૂર્વીએ કહ્યું, 'અને હવે બીજી વાત. સોનાની ચિંતા, અત્યારે કરવાની જરૂર નથી. જોકે ઘવાયેલા અભિમાનની પીડા કેવી હોય તેની કલ્પના હું કરી શકું છું.'

'તું એમ સમજે છે કે, તેમાં માત્ર મારું અભિમાન જ ઘવાયું હતું? બીજે ક્યાંય ઘા પડ્યો જ નહોતો?' ધીમા પણ કડવાશભર્યા અવાજે શ્યામે પૂછ્યું.

'હું કેમ જાણું? બીજે પણ—'

'હું પણ નથી જાણતો. બીજે ક્યાં, શું થયું તે મેં કદી જાણ્યું નથી. ફક્ત તેની વેદના જ જાણી છે. આજની ઘડીએ પણ એ વેદના નર્કનું દર્શન કરાવી દે તેવી પ્રબળ છે.'

અચાનક તે બોલતો અટકી ગયો. નીચું જોઈને પળ–બે પળ ચૂપચાપ બેસી રહ્યો. નીચું જોઈને જ તેણે કહ્યું, 'હવે તું જા, પૂર્વી. તારું કંઈ કામ નથી. જે છે તે હું જ કરી લઈશ.'

પળ–બે પળ પૂર્વી ખસી ન શકી. દ્વિધામાં ત્યાં જ ઊભી રહી ગઈ. પછી એક ભારે ઉચ્છ્વાસ મૂક્યો, મૂર્તિના ટુકડા સંભાળથી હાથમાં લીધા અને ધીમા પગલે રૂમમાંથી નીકળી ગઈ.

[૧૩]

પોતાના રૂમનું બારણું ધીરેથી ઉઘાડીને પૂર્વી અંદર ગઈ ત્યારે પણ તેના મનમાં જબ્બર વલોણું ઘૂમી રહ્યું હતું. અકલ્પ્ય અને અદ્‌ભુત કંઈક બની ગયું હતું છેલ્લે છેલ્લે. એકસાથે એટલું બધું બની ગયું હતું, એટલી ઝડપથી બની ગયું હતું કે, તેણે માત્ર જોઈ જ રહેવું પડ્યું હતું. કંઈ જ સમજવાનો, કંઈ જ વિચાર કરવાનો ગાળો જ તેને મળ્યો નહોતો–માત્ર તાકી જ રહેવું પડ્યું હતું જે બધું સડસડાટ બની ગયું હતું તેની સાથે.

રૂમમાં પહોંચીને પથારીમાં સૂતાં સૂતાં એ બધાનો બરાબર વિચાર કરી જવાની તેને ઇચ્છા હતી. સૂવા માટે તેણે કપડાં બદલવા માંડ્યાં ત્યાં જ પ્રેમા ઉતાવળી ઉતાવળી અંદર દોડી આવી. થોડા કંટાળા અને થોડા અચંબાભેર પૂર્વી તેને જોઈ રહી.

પ્રેમાનો ચહેરો, રૂની ઝીણી કણીઓ લીંપાઈ ગઈ હોય તેમ ધોળો થઈ ગયો હતો. સખત થાક અને કંટાળો સ્પષ્ટ દેખાઈ આવતા હતા. આંખોના ડોળા ઉશ્કેરાટથી મોટા થઈ ગયા હતા.

'આ હેમંત દેસાઈ તો માણસ જ નથી!' અંદર આવતાં જ આવેશભરી તે ગાજી, 'અમે બધાય એક પછી એક કામ છોડીને ભાગી જઈએ તેનીય તેને કંઈ પડી નહિ હોય?'

ક્ષણમાં જ પૂર્વી સમજી ગઈ. હેમંત દેસાઈએ તેમની હંમેશની રીત મુજબ પ્રેમાના હીરને કસોટીએ ચડાવવા માંડ્યું હતું. ને એ તો બહુ આકરું જ લાગેને આ રૂપાળી બાને? શાંત અવાજે તેણે કહ્યું :

'દેસાઈજીને ઓળખવામાં તું તારી સમજ કાચી પડી છે, પ્રેમા. જ્યાં જ્યાં તેમનો હાથ સ્પર્શ્યો છે ત્યાં ત્યાં અદ્‌ભુત અને અજોડ પરિણામો જ આવ્યાં છે તે અમસ્તાં જ આવી ગયાં હશે? એ પરિણામો તે એટલા માટે લાવી શક્યા છે કે કલાકારની શક્તિના છેક છેલ્લા બુંદને પણ તે નીચોવી જાણે છે, કામમાં લઈ જાણે છે.' અર્ધીએક ક્ષણ થોભીને તેણે આગળ કહ્યું, 'સીધે સીધી તેઓ કહે તેમ કરતી જા. અંતે તને જ ખાતરી થઈ જશે કે, તારી બધી સફળતા તેમની એ કઠોરતાને જ આભારી હતી......વળી હવે તેમણે કદાચ વધારે કામ પણ લેવું પડશે. થોડા દિવસ પછી અહીં જ એક 'નાઈટ' ગોઠવાઈ રહી છે–ખબર છે તને? તેમાં તું સફળ થાય તે માટે જ—'

'હું સફળ થઈશ, પૂર્વી?' પ્રેમા બોલી......અને પછી પૂર્વીની પથારીમાં લંબાવ્યું. 'મને તો તેમાં શંકા છે. સાચું કહું છું પૂર્વી, કોઈક વાર તો એવો વિચાર પણ આવી જાય છે કે આમાં હું પડી જ ન હોત તો સારું હતું. આટલું બધું તવાવું પડશે એવું મેં ધાર્યું નહોતું. પણ હવે શું થાય? સામા પલ્લામાં જો શ્યામ ન હોત, કોઈ પણ કિંમત ચૂકવીનેય મારે તેના પર સારી છાપ પાડવાની ન હોત તો સાચે જ. હું બધું તોડીફોડીને બહાર નીકળી ગઈ હોત. પછી હેમંત દેસાઈનું જે થવાનું હોય તે થાય. છેલ્લી ઘડીએ નવી આર્ટીસ્ટ ક્યાંથી, ખિસ્સામાંથી કાઢવાના હતા તે?'

પ્રેમાની વરાળ નાખતી વાતોથી પૂર્વી વિચલિત થઈ નહિ. પ્રેમાને અને તેની ધમકીઓને તે સારી પેઠે પિછાણતી હતી–ગમે તેવી ધગધગતી પણ આખરે તે વરાળ જ હતી. તેમાં નક્કર કંઈ ન હોતું.

પણ તેની વાતમાં એક મુદ્દો ધ્યાન આપવા જેવો હતો, સ્પષ્ટતા કરવા જેવો હતો. પૂર્વીએ પૂછ્યું, 'શ્યામ પર છાપ પાડવા

માટે કોઈ પણ કિંમત ચૂકવવાની તારે શી જરૂર! પ્રેમા?'

'કેમ? મેં તો કહેલું તો છે જ. મારે કોઈ ઊંચી કારકિર્દી બનાવવી હોય તો તેનો આધાર જ ખપ લાગે તેમ છે. અને વધારામાં—' અધીં એક ક્ષણ અટકી જઈને તે બોલી, 'વધારામાં તે આકર્ષક પણ એટલો જ છે.'

પૂર્વી ચૂપ થઈ ગઈ. પ્રેમા ક્ષણવાર તેની સામે જો રહી પછી એકાએક બોલી:

'તને ખબર છે, પૂર્વી? તેની સગાઈ એક વાર થયેલી હતી પણ પછી પેલીએ તેને ધક્કો મારી દીધો.'

'મને ખબર છે.' પૂર્વી બોલી.

'શ્યામે તને કહ્યું?' પ્રેમા પથારીમાં આળોટી અને પડખાભેર થતાં પૂછ્યું.

'ના,' પૂર્વીએ કહ્યું, અને પૂછ્યું, 'તને તેણે કહ્યું?'

'હા,' પ્રેમાએ કહ્યું અને આંખો ઝીણી કરી.

પૂર્વીની છાતીમાં એક ધક્કો લાગ્યો. એક સન્નાટો ફરી વળ્યો: તો...તો આવી વાત કરવા જેટલી નજીક પ્રેમા હતી...પોતે નહોતી!' ઇચ્છા વિરુદ્ધ એક તીવ્ર ઈર્ષા તેના દિલમાં ભોંકાઈ રહી. જીવ બળવા લાગ્યો. અવાજને રાખી શકાય તેટલો સ્વાભાવિક રાખતાં તેણે પૂછ્યું.

'એ વાત તેણે તને શા માટે કહેવી પડી?'

'એમાં શું પૂર્વી? દિલ્હીથી મુંબઈ અને મુંબઈથી અહીં સુધીની લાંબી મુસાફરીમાં હું જ તેની સાથે હતી. રસ્તામાં ઘણી વાતો થાય જ ને? મેં પણ ઘણી વાતો કરી, તેણે પણ કરી.' કહેતાં કહેતાં પ્રેમા બેઠી થઈ. બેઠી થતાં જ તેની નજર પૂર્વીના હાથ પર પડી. તેણે હાથમાં પકડી રાખેલી તૂટેલી મૂર્તિ સામે જોઈ રહેતાં એકદમ તે બોલી:

'અરે, આ શું છે તારા હાથમાં?'

'મૂર્તિ છે. બહુ સુંદર છે.' મૂર્તિના બે ટુકડાઓ તરફ એક નજર ફેંકતા પૂર્વીએ કહ્યું, 'શ્યામને બહુ પ્રિય છે. તેને તે બહુ શુકનિયાળ માને છે. હંમેશાં પોતાના ટેબલ પર રાખે છે. આજે અકસ્માત તે તૂટી ગઈ. તેને સંધાવી લેવા મને આપી છે.'

'મને જોવા દે તો,' કહેતાં પ્રેમાએ મૂર્તિના ટૂકડા હાથમાં લીધા અને ધ્યાનથી તેને જોઈ રહેતાં કહ્યું, 'બરાબર છે. હવે મને યાદ આવે છે. આ મૂર્તિની વાત પણ શ્યામે મને કરી હતી... આ મૂર્તિની જોડી છે, નહિ? તેમાંની જ આ એક છે ને?'

'જોડી?' આશ્ચર્ય પામતી પૂર્વી બોલી ઊઠી. 'આની જોડી?...આવી કોઈ બીજી મૂર્તિ ક્યાંય હોવાની તો મને ય ખબર નથી!'

'છે, પૂર્વી. આની જોડી જ છે. શ્યામે પોતે જ મને કહ્યું છે ને. તેણે જ મને કહ્યું હતું કે, મૂર્તિની એ જોડી તેની પાસે છે એટલે જ તે ભાગ્યશાળી છે. એ બે દેવદૂતો જ આ ફેસ્ટિવલના ગંજાવર કામમાં તેની રખવાળી કરી રહી છે'...

'ઓહ!' પૂર્વીના મનમાં ઓચિંતો એક ધબાકો થયો. હૈયું એકાએક લય બદલીને ધબકવા લાગ્યું. હૈયામાં જાણે શાતા પથરાવા લાગી. મુખ મરકાવીને તે બોલી:

'તો પછી—તો પછી આની જોડ હશે જ!'

* * *

બીજા દિવસે બીજાં બધાં કામ આઘાં મૂકીને એ એક જ કામ પૂરું કરવાનો પૂર્વીએ નિર્ધાર કર્યો હતો—ગમે તેમ કરીને પેલી ખંડિત મૂર્તિને સરસ રીતે સંધાવી લઈને ફરી પાછી અખંડ બનાવી લેવા સિવાય બીજો કોઈ વિચાર તેના મનમાં ફરકી શકે તેમ નહોતો, હાસ્તો, એ દેવદૂત વિના હવે ઘડીક પણ કેમ ચાલે? બેમાંથી એક દેવદૂત હાજર ન હોય તે શ્યામને કેમ લાલે?...

દિવસભર દિલ આનંદથી રણઝણતું રહ્યું: દેવદૂત! પોતે એક દેવદૂત, હેં?... શ્યામ જ એવું કહેતો હતો? તે ખુદ એમ માનતો હતો?... ઓહ! ભગવાન! કેવું કહેવાય! પોતાની રખવાળીમાં તે હતો? શ્યામ?...

તો પછી હવેના દિવસોમાં તેને વિશેષ રખવાળીની જરૂર પડશે. તન અને મનને તદ્દન નીચોવી નાખે એટલા પરિશ્રમથી ભરચક રહેશે એ દિવસો–વિદેશની ધરતી પર રજૂ થનાર ફેસ્ટિવલનો પહેલો શો એકાએક હવે આ દેશમાં રજૂ થઈ રહ્યો છે. એ શો જ આખા ફેસ્ટિવલનો અને ખુદ શ્યામનો પણ ભાગ્યવિધાતા બની રહેશે. સ્વદેશમાં જ જો ઊણો ઊતરે એ કાર્યક્રમનું ભાવિ પછી તો—

ના, એવું તો ન જ થવા દેવાય. ગમે તે થાય, ગમે તે કરવું પડે, એવું તો ન જ થવા દેવાય...

અને ખરેખર, પછીના દિવસોમાં તેણે જોયું કે શ્યામ અને હેમંત દેસાઈ સહિત સૌ જાણે કોઈ કટોકટીમાંથી પસાર થઈ રહ્યાં હોય તેમ અથાક પરિશ્રમ કરી રહ્યાં હતાં.

એ બધું જોઈને પૂર્વીનો જીવ ક્યારેક ઊંચો થઈ જતો. ક્યારેક મનમાં ફડક પેસી જતી. તે જોઈને શ્યામ કહેતો, 'આવું તો બનવાનું જ. નાટ્ય, નૃત્ય, સંગીત અને અનેક પ્રકારની લોક-કલાઓને એક સાથે સાંકળવાની હોય, એક સાથે રજૂ કરવાની હોય ત્યાં આવી કટોકટી અનિવાર્ય જ બની રહે. પણ તેથી ડરી જવાનું આપણને કેમ પોસાય?'

ત્યારે પૂર્વી તે ચૂપ રહીને સાંભળી લેતી. સાંભળતી સાંભળતી શ્યામને જોઈ રહેતી. તેને લાગતું, શ્યામની જગ્યાએ બીજો કોઈ પણ માણસ હોત તો આ પ્રચંડ કામના ભાર નીચે ચગદાઈ મર્યો હોત, ભાંગી જ પડ્યો હોત...એક શ્યામ છે જે ભાંગી પડવાને બદલે વધુ ને વધુ ઉત્સાહથી ધમધમતો હતો. તેની શક્તિ જેમ વપરાતી જતી તેમ વધુ ભડકતી જતી'તી–અગ્નિની જ્વાળાની જેમ.

પૂર્વીને એમ ચૂપ બેસી રહેલી જોઈને શ્યામે કહ્યું, 'તું કંઈક લેવાઈ ગયેલી કેમ લાગે છે? થાકી ગઈ છે?'

'ના રે, ના,' એકદમ સ્વસ્થ થઈ, મોં મરકાવતાં પૂર્વીએ કહ્યું, 'વચ્ચે એવું થઈ ગયું હતું, પણ'—

'એવું એટલે?'

'હું જાણે ખાલી થઈ ગઈ હોઉં એવું. બધું ચૈતન્ય ચાલ્યું ગયું હોય ને ચીંથરા જેવી થઈ ગઈ હોઉં એવું. પણ હવે એવું નથી લાગતું. હવે હું બરાબર છું.'

'તો સારું,' રાહત અનુભવતો હોય તેમ શ્યામ બોલ્યો, અને હવે એવી જ રહેજે, એન્જલ! આપણે ઓચિંતાં ઝડપાયાં છીએ. પણ ફિકર નહિ. અહીંનો આ પહેલો શો પણ સુપર્બ થશે. એકદમ ફર્સ્ટ કલાસ! એ માટે તારે પણ પુષ્કળ સ્ફુર્તિ અને પરિશ્રમ તૈયાર રાખવાં પડશે. મારે તારી જરૂર ડગલે ને પગલે પડશે. શો થઈ જાય તે પછી નાગરિક સન્માનનો શાનદાર કાર્યક્રમ પણ ગોઠવાયેલો છે. તેમાં પણ તારે આવવાનું હશે.'

'હું આવીશ. તમે જ્યાં કહેશો ત્યાં હું આવીશ.'

'હં...' તેની સામે જોઈ રહેતાં શ્યામ ગણગણ્યો, 'શું પહેરીને આવીશ?'

પૂર્વી દંગ થઈ ગઈ. શ્યામ તેને આવો સવાલ પૂછે? તેની આવી પણ દરકાર કરે?...આવી તોફાની તો કલ્પના પણ ન કરી શકે તે.

'પહેરીને?' અભાનપણે પડઘો પાડતી હોય તેમ તે ગણગણી. ભગવાન. ભગવાન! પોતે શું પહેરશે, શું પહેરવાથી પોતે સારી દેખાશે તેની દરકાર તો તેના ઘરમાં પણ કોઈએ કર્યાનું તેને યાદ નહોતું.

શ્યામ સામે જોતાં તેણે કહ્યું, 'મારી પાસે એક બ્લ્યુ ડ્રેસ છે—સરસ છે.'

'બ્લ્યુ તો તું પહેરીશ જ નહિ,' આદેશ આપતો હોય તેમ શ્યામે કહ્યું, 'બ્લ્યુ કે બ્લેક વસ્ત્રો માટે જોઈએ તેવી ચામડી તારી નથી.' અને જાણે કંઈક વિચારતો હોય તેમ થોડી વાર અટકીને તેણે કહ્યું, 'તારી લાક્ષણિકતા ને ખૂબી સહેલાઈથી પકડાય તેવી નથી.'

અર્થ ન સમજાયો. પૂરેપૂરો ન જ સમજાયો, છતાં એ શબ્દોની અસર તે ભરપૂર અનુભવી રહી. મનને જાણે સ્પર્શી રહ્યા હતા, હલકું હલકું પંપાળી રહ્યા હતા એ શબ્દો.

આખરે તેણે કહ્યું, 'પણ હું અમુક પોષાક જ પહેરું તેનું શું મહત્ત્વ છે? હું કાંઈ કલાકાર તો—'

'છે,' શ્યામે કહ્યું, 'તારા પોષાકનું મહત્ત્વ છે. મારી સેક્રેટરી લઘરવઘર દેખાય એ તો બિલકુલ'—

'લઘરવઘર તો હું નહિ જ આવું,' પૂર્વીએ કહ્યું, 'પણ હું એમ કહેતી હતી કે, બહુ ભપકો કરવાની મારે શી જરૂર છે?'

'જરૂર છે. જરૂર ગણાય જ. તને એ કેમ સમજાતું નથી? આટલું સમજી લે, તને શોભે તેવો, માત્ર તને જ શોભે તેવો કોઈ ફર્સ્ટ ક્લાસ પોષાક તારે તૈયાર રાખવાનો છે—ફેસ્ટિવલની પહેલી સફળ નાઈટ માટે!'

અણચિંતવ્યા અને અણધાર્યા આ આગ્રહ સામે હવે કંઈ કહેવાનો અર્થ નહોતો. પૂર્વી તે સમજતી હતી. થોડી વાર તે ચૂપ બેસી રહી. મનમાં વિચારોની લાંબી હાર શરૂ થઈ ગઈ એકાએક મનમાં ઝબકારો થયો. એકદમ યાદ આવી ગયું, શ્યામની તો એ આદત જ હતી—અતિરેક કરી નાખવાની. ધમકી આપવામાં, ચેતવણી આપવામાં, પ્રશંસા આપવામાં, અરે સૂચના આપવામાં પણ તે શબ્દોનો અતિરેક કરી નાખતો. અને પછી જાણે ભૂલી જતો. જે બોલ્યો હોય તેના અનુકાર્ય માટે જાણે તત્પર હોતો જ નહિ.

અને તેનાથી હસી પડાયું.

પણ આ વખતે જ તેની ધારણા ખોટી પડી. જેટલા આગ્રહથી શ્યામ બોલ્યો હતો તેટલી જ ચીવટથી તેનું અનુકાર્ય પણ તેણે કર્યું હતું તેનો ખ્યાલ બીજે જ દિવસે પૂર્વીને આવી ગયો. બીજે દિવસે અનુપમાદેવી જાતે તેની પાસે આવ્યાં અને કહ્યું:

'શ્યામ કહે છે કે તારે આજે જ મારી સાથે શહેરમાં આવવાનું છે. અને મારે તને એવો પોષાક પસંદ કરી આપવાનો છે જે બીજા કોઈ પોષાકને સુંદર દેખાવા ન દે.'

'એટલે—' પૂર્વી થોથવાઈ ગઈ, 'પણ મારા પોષાક માટે તેમને ખર્ચ કેવી રીતે કરવા દેવાય? હું પોતે પણ'—

'બહુ ભોળી ન થા, પૂર્વી. બધી વાતમાં માન–સ્વમાનનો હિસાબ માંડવા ન બેસાય.' હોશિયારીભર્યું હસતાં અનુપમાદેવીએ કહ્યું, "તેના માટે તું કેટલી તૂટી મરે છે તે હું જાણું છું. એ હિસાબે તારું તેની પાસે ઘણું લેણું નીકળે અને તેની ખબર પણ તેને હશે જ...આ વાતમાં તો આનાકાની કરવા જેવી જ નથી. શા માટે કરવી પડે? પોતાને સ્ત્રી કહેવડાવતી હોય એવી કોઈ સ્ત્રી નવાં વસ્ત્રો માટે આનાકાની કરે તે અસ્વાભાવિક લાગે; તેનો આગ્રહ કરે એ જ સ્વાભાવિક ગણાય.' અને આંખો સહેજ ઝીણી કરતાં મર્માળું હસ્યાં.

અને જે વિશાળ, આધુનિક સ્ટોરમાં અનુપમાદેવી તેને લઈ ગયાં તે જોઈને પૂર્વીને ખાતરી થઈ ગઈ કે, સુંદરમાં સુંદર વસ્ત્રો ક્યાં શોધવાં તે તેમને કોઈએ શીખવવું પડે તેમ નહોતું. સ્ટોરમાં તેમની ફરમાયશ ઉપર ફરમાયશનો દોર ઘણો લાંબો ચાલ્યો. અનેક રંગ અને ફેશનના પોષાકની ટ્રાયલ કરી કરીને પૂર્વીને થાક લાગવા માંડ્યો.

તેણે કહ્યું, 'બ્લ્યુ અને બ્લેક માટે શ્યામે ના કહેલી છે. એટલે

એ રંગ તો આઘા જ મૂકીએ.'

'બ્લ્યુ અને બ્લેક,' અનુપમાદેવીએ ધ્યાનથી તેને નીરખતાં કહ્યું, 'એ તો ઘણી સ્ત્રીઓ પહેરશે. તારે તો સાવ નિરાળો જ રંગ જોશે–હલકો છતાં ઊડીને આંખે વળગી જાય, અને પછી વળગેલો જ રહે તેવો. તારો રંગ ગોરો છે, પણ તો ય બીજી ગોરી ચામડી કરતાં નોખો છે. શ્યામની વાત ખોટી નથી. બ્લ્યુ અને બ્લેક તો નહિ જોઈએ.'—

અને એકદમ તેમના ચહેરા પર ભારે સંતોષ અને આનંદ પથરાઈ ગયા. સેલ્સગર્લે એક બીજો સુંદર પોષાક કાઉન્ટર પર મૂકી રહી હતી. સંતોષભરી નજરે અનુપમાદેવી તે પોષાક સામે જોઈ રહ્યાં—જાણે વારી જતાં હતાં. પૂર્વી પણ પ્રસન્ન થઈને જોઈ રહી. ઝીણા સીફોનના એ કમનીય પોષાકનો લીલોછમ રંગ એક વાર ઘેરો તો બીજી વાર જોતાં આછો દેખાતો હતો. જાણે પ્રભાતના પહોરે આછા ધુમ્મસની આરપાર દેખાતો લીલોછમ્મ બાગ!

'આ જ. બસ આ પોષાક તારા માટે જ છે!' ટ્રાયલ માટે સેલ્સગર્લે પૂર્વીને પહેરાવેલા એ પોષાક સામે હર્ષભરી નજરે જોતાં અનુપમાદેવી બોલ્યાં, 'ભલે લોકોની નજરો તને ચોંટેલી રહે. વાંધો નહિ.' અને ફરી વાર આંખો ઝીણી કરીને મર્માળું હસ્યાં.

પૂર્વી તદ્દન ચૂપ થઈ ગઈ. સામેના મોટા અરીસામાં તે પોતાની જાતને જોઈ રહી. અને પોતે આટલી બધી જુદી; સાવ, સાવ જુદી દેખાઈ શકે એ વાત ગળે ઉતારવા મથી રહી.

* * *

જેની વાટ જોઈ જોઈને ડોક દુઃખી ગઈ હોય એ ઘડી આખરે આવી પહોંચતી હોય છે. ને એ આવતાંની સાથે જ અકથ્ય, અવર્ણનીય ઝઝબાતી ડમરી ચડી જાય છે મનમાં, શ્યામનું વિશાળ ભવન અનેક નાના–મોટા કલાકારોથી ઊભરાઈ ગયું હતું. એકેએક જીવ ઘડીક ઘડીકમાં ઊંચો થઈ જતો હતો—એક હર્ષભરી દહેશત

ઘૂમી વળતી હતી: 'બધું એકદમ સરસ પાર ઊતરી તો જશેને?'

ફેસ્ટિવલના બહુચર્ચિત શોનો દિવસ આવી પહોંચ્યો હતો.

પૂર્વી–પૂરેપૂરી પૂર્વી માત્ર બે કામમાં વહેંચાઈ ગઈ હતી. શ્યામને તેની ક્યાં, ક્યારે, કેટલી જરૂર પડશે તેની ખબર શ્યામ કહે તે પહેલાં જ તેને પડી જવી જોઈશે. સાથે સાથે પ્રેમાને પણ હિંમતમાં રાખવી પડશે. એ વાત સાચી કે, ગભરાઈ જવાનું પ્રેમાના સ્વભાવમાં નહોતું, પણ તોય આ તેનો પહેલો અનુભવ હતો. આવા વિરાટ પાયા પરના કાર્યક્રમનો એક હિસ્સો બનવાનો પહેલો જ પ્રસંગ હતો, ને એટલે તેનું મહત્ત્વ ખૂબ હતું.

'થાક નહિ, કંટાળો નહિ, આરામ નહિં' તે વિરલ દિવસની જાણે એ માંગ હતી. ને પૂર્વી એ માંગને સંતોષવા સવારથી જ મનને તૈયાર કરી ચૂકી હતી; જો કે મન વારંવાર એક વિચારને તેની સામે ધરી જતું'તું—આ અત્યંત સુંદર પોષાક શ્યામને કેવોક ગમશે? કેવું બોલશે તે જોઈને ...?

પણ એ વિચાર મનમાં જ રહ્યો, પ્રશ્નો અનુત્તર રહ્યા. સવારમાં વહેલો, પૂર્વી પરવારીને તૈયાર થાય અને નવો પોષાક પહેરે તે પહેલાં જ, શ્યામ બહાર ઊપડી ગયો હતો. તેનો એ આખો દિવસ હવે બહાર જ વીતવાનો હતો—આજે રાત્રે તો શો રજૂ થવાનો હતો, વિદેશની ધરતી પર જેણે આકાશ ભરાઈ જાય તેટલા તાળીઓના ગડગડાટ મેળવવાના હતા તે મોંઘેરો, મહત્વાકાંક્ષી શો!

જતાં જતાં તે પૂર્વી પાસે આવ્યો હતો. કહી ગયો હતો કે, કાર્યક્રમ પૂરો થાય ત્યાં સુધી હવે તેને તેની જરૂર નહિ પડે. તે ઓડિયન્સમાં બેસી શકશે—ગમે તેની કંપનીમાં, પણ કાર્યક્રમ પૂરો થાય પછી નાગરિક સન્માનના કાર્યક્રમમાં તેણે તેની પાસે પહોંચી જવાનું છે...એટલું કહેવા તે આવ્યો તો હતો.

પણ ત્યારે પૂર્વીએ નવો પોષાક પહેર્યો નહોતો.

વિચારો પર હળવો અમસ્તો છણકો કરીને તેણે મોં મરકાવ્યું અને કામે લાગી ગઈ. સાંજે તેણે થિયેટર પર જવાનું હતું અને ઓડિયન્સમાં બેસવાનું હતું. એ પણ સારું જ થયું. શાંતિથી કાર્યક્રમ માણી શકાશે. ઘરથી થિયેટર સુધી હેમંત દેસાઈ અને રોહિણી સાથે જ જવાનું હતું, તેમની કારમાં. રોહિણીની કંપની સાચે જ, બહુ ગમી જાય તેવી હતી.

થિયેટરમાં તે રોહિણીની સાથે બાલ્કનીમાં બેઠી. થોડે દૂર અનુપમાદેવી બેઠેલાં હતાં. તેમની આજુબાજુની બેઠકો ભરાઈ ગયેલી હતી. એ પણ સારું છે, ચાલો. નહીંતર, રોહિણી અને અનુપમાદેવી એમાંથી કોની પાસે બેસવું ને કોની પાસે ન બેસવું એ પણ એક વિમાસણ થઈ પડી હોત !

પ્રેક્ષાગારની બાંધણી સુંદર હતી. રોહિણીએ સંતોષ અને હર્ષભરી નજર ચોમેર ફેરવી અને બોલી, 'ખરેખર, થિયેટર એ મારે માટે હંમેશાં એક રોમાંચકારી ચીજ બની રહે છે—કોઈ પણ થિયેટર !'

પૂર્વીએ સ્મિત કરતાં કહ્યું, 'પરદાની આ બાજુ પણ તમને આટલો રોમાંચ થાય છે તો પેલી બાજુ તો કેટલો થતો હશે !'

'સાચી વાત છે,' રોહિણીએ કહ્યું, 'પરદાની પેલી બાજુ પોતે જ એક અજબ રોમાંચ હોય છે, દરેક વખતે નવો જ રોમાંચ ! તેનું વર્ણન કરવું મુશ્કેલ છે, પૂર્વી. ઉત્તેજના અને હર્ષ, હર્ષ અને દહેશત, દહેશત અને ધ્રુજારી...પહેલી વાર પ્રેમમાં પડતાં થાય, એવું જ બધું.'

અને એકાએક રોહિણી બોલતી અટકી ગઈ. પણ બીજી જ પળે બોલી, 'પૂર્વી, તું કંઈક બોલવાનું ચાલુ રાખજે. કંઈક વાત મારી સાથે કરતી રહેજે.' અને ડાબી બાજુએ અછડતી નજર ફેંકીને પૂર્વી સામે કારણ વગર સ્મિત કર્યું.

પૂર્વીએ પણ વળતું સ્મિત કર્યું અને પ્રયત્ન કરીને વાતો

કરતી રહી.

રોહિણીએ ફરી વાર ડાબી બાજુ જોયું. પૂર્વીએ પણ એ દિશામાં જોયું. એક જબરજસ્ત દમામભરી જાજરમાન સ્ત્રી રોહિણી સામે અદ્ભુત છટાપૂર્વક મુખ મરકાવી રહી હતી. મુખ મરકાવીને તેણે એવી રીતે ગરદન હલાવીને માથું હલાવ્યું કે પૂર્વી તો જોઈ જ રહી. ગજબ અદા ભરી હતી એ નાનકડા હલનચલનમાં !

રોહિણીના ચહેરા પર રંગ સહેજ ઝાંખો થઈ ગયો હોય તેમ તેને લાગ્યું. એકએક પળ પછી પાછી તે સ્વસ્થ દેખાઈ એટલે પૂર્વીએ ધીમેથી પૂછ્યું :

'કોણ છે એ ?'

'કેમ ? સુચિત્રા શોધન !' રોહિણીએ ધીમા અવાજે કહ્યું, 'તું નથી ઓળખતી ?'

'ના,' પૂર્વીએ કહ્યું.

'એ જ સુચિત્રા,' રોહિણીએ કહ્યું, 'આમ મળી જઈએ ત્યારે ખૂબ ભાવભર્યું સામસામે હસવાનો જ અમારે વહેવાર છે. વાત કરવાનું અમે બને ત્યાં સુધી ટાળીએ છીએ.'

'એવું શા માટે ?'

'કારણ કે મારું મોં જોતાંય એને ધિક્કાર છૂટે છે—દેસાઈ મને પરણ્યા માટે !'

'ઓહ !' પૂર્વીના મનમાં પડઘો પડ્યો. ને તે સાથે જ તેનો યાદ આવી ગયું, 'એક વાર શ્યામે પણ આવું જ કંઈક તેને કહ્યું હતું. તેના મનમાં હેમંત દેસાઈ અને સુચિત્રા અને રોહિણી અને તેમનો ભૂતકાળ બધું ગોળગોળ ઘૂમી રહ્યું :

સ્ટેજ પરથી પરદો ઊંચકાયો, અને ફેસ્ટિવલ ઓફ ઇન્ડિયાનો એક શાનદાર, સર્વાંગસંપૂર્ણ કાર્યક્રમનું મુગ્ધકર રૂપ ક્રમે ક્રમે નીખરતું ગયું.

મનોમન વાહ પોકારતી, પળે પળે ડોલી ઊઠતી પૂર્વી અપલક તે નિહાળી રહી. હૈયામાં ભાવોની આહ્‌લાદભરી ભરતી ઘૂઘવી રહી. અને પ્રેમાને તો તે જેમ જેમ જોતી ગઈ તેમ તેમ આશ્ચર્યમાં ગરકાવ થતી ગઈ—આટલું બધું કૌશલ્ય ભર્યું હતું તેની બહેનમાં ?

ઇન્ટરવલ પડી ગયો ત્યાં સુધી તે સ્તબ્ધ થઈને સ્ટેજ પર તાકી રહી.

'તારી બહેન તો પૂરેપૂરો ચમત્કાર કરી ગઈ, નહિ ?' રોહિણીએ તેની સામે જોતાં કહ્યું.

'તેનામાં આટલું બધું ભરેલું હશે તેની તો મનેય કલ્પના નહોતી—ખરેખર !' મનમાં ક્યારેક જાગેલી નાનીનાની ઈર્ષા અને ગુસ્સાને ભૂંસી નાખીને એક બહેનને થાય તેવો ગર્વ અને આનંદ તેના મનમાં પથરાઈ રહ્યો હતો.

'એવી કલ્પના તો કદાચ ખુદ પ્રેમાએ પણ નહિ કરી હોય,' રોહિણીએ મોં મરકાવતાં કહ્યું, 'દેસાઈજીનો ઇલમ હંમેશાં કલ્પના બહારનો હોય છે. ચમત્કાર નજરે જોયોને તેં ?'

પૂર્વી કંઈક બોલવા જતી હતી પણ ત્યારે જ રોહિણીનું ધ્યાન બે-ત્રણ હરોળ આગળની એક બેઠકમાં ગયું અને તે બોલી ઊઠી, 'અરે, ઉર્વશી અહીં ક્યાંથી ?' અને પૂર્વી તરફ ફરતાં ઉમેર્યું, 'મારી બહુ જૂની બહેનપણી છે. થોડી વાર તેની પાસે જઈ આવું.'

રોહિણી ગઈ એટલે પૂર્વીનું ધ્યાન અનુપમાદેવી તરફ ગયું. તેમની આજુબાજુની બેઠકો ખાલી થઈ ગઈ હતી. તે એકલાં બેઠાં હતાં. પૂર્વી ઊઠીને તેમની પાસેની બેઠકમાં ગોઠવાઈ.

'આવ, પૂર્વી,' અનુપમાદેવીએ તેને આવકારી અને તેના પર પ્રશંસાભરી નજર ફેરવતાં કહ્યું, 'પોષાક તો તને ખૂબ અરઘે છે—સાચે જ બહુ સારી દેખાય છે તું.'

આભારભર્યું હસીને પૂર્વીએ કહ્યું, 'પણ આજનો શો તો

એકદમ ભવ્ય લાગે છે, નહિ ?'

'બેશક,' અનુપમાદેવીએ કહ્યું, 'હેમંત દેસાઈ એક બેમિસાલ જાદુગર છે.' અને સહેજ થોભીને આગળ બોલ્યાં, 'તારી બહેને પણ સારું કરી બતાવ્યું.'

'હા, ખરેખર,' પૂર્વીએ સંમત થતાં કહ્યું, 'બધી રીતે આજની નાઈટ અદ્‌ભુત બની ગઈ છે.'

'સાચું છે. પણ તેમ છતાં આખી સોનાની થાળીની મજા બગાડી નાખનાર પેલી લોઢાની મેખને તું ઓળખે છે ?' સહેજ આગળ નમીને છેક આગલી હરોળમાં બેઠેલી બે વ્યક્તિઓ તરફ ઇશારત કરતાં તેમણે કહ્યું.

પૂર્વી પણ સહેજ આગળ નમી અને તે તરફ જોવા લાગી.

'પેલી સ્કાર્લેટ સાડીમાં બેઠેલી દેખાય છે ને ?' અનુપમાદેવીએ કહ્યું, 'એ જ સોના—નાલાયક. અને તેની જમણી બાજુ બેઠો છે એ—' સહેજ થોભી જતાં તે બોલ્યાં, 'શ્યામનો હરીફ, હાથમાંથી ઉપાડી ગયો સોનાને.'

'હં...'...પૂર્વી ગણગણી અને એક નજરે સોનાને જોઈ રહી. ત્યારે જ સોનાએ તેના પતિ તરફ મોં ફેરવ્યું, કંઈક બોલી, અને ખીલખીલ હસી પડી. પૂર્વી દંગ થઈને જોઈ રહી—બાપ રે, આટલું બધું રૂપ ! તેને લાગ્યું, સોનાનું એ મનમોહક હાસ્ય મેઘધનુષ બનીને ત્યાંથી હવામાં ફેંકાયું અને છેક તેમની બેઠક સુધી પથરાઈ રહ્યું.

અનુપમાદેવી બોલ્યાં, 'તેના વર સામે જો. કેવો લાગે છે ?'

પૂર્વીએ જોયું, તે એક સામાન્ય બાંધાનો માણસ હતો. પણ સોના તરફ ફેરવેલા તેના મુખ ઉપર સંવેદનશીલતા અને આકર્ષકતાનો લેપ તો હતો. સોના સામે જોઈને તે હસતો હતો ત્યારે તેની આંખોમાં પ્રેમભરી નિષ્ઠા અને સમજદારી સ્પષ્ટ તરી આવતી હતી. તે બોલી ઊઠી :

'સારો દેખાય છે.'

'સારો ?' અનુપમાદેવી જાણે તે સાંભળીને જ અકળાઈ ગયાં, 'શું સારું દેખાય છે તેનામાં? પુરુષ તો પ્રભાવશાળી હોવો જોઈએ, તેનું વ્યક્તિત્વ—'

'બરાબર છે. એ જ સાચું છે,' પૂર્વી બોલી ઊઠી, 'હું તો એમ કહેતી હતી કે, એ હસે છે ત્યારે આકર્ષક દેખાય છે.'

'આકર્ષક દેખાય છે? એ?......તું કોના પક્ષે છે?'

'કોના પક્ષે?' પૂર્વીના મનમાં શબ્દો પડઘાયા. તે ગૂંચવાઈ ગઈ, 'આમાં કોઈનો પક્ષ લેવાની વાત—'

'છે,' અનુપમાદેવી બોલી ઊઠયાં, 'તારે કોઈકના પક્ષે બેસવું પડે તેમ બનવું શકય છે. શકય છે કે આજે જ એવું કંઈક બને.'

'પણ આપ નાહક ચિંતા કરો છો,' પૂર્વીએ કહ્યું, 'શ્યામ અને એ લોકો મળવાનાં જ નથી, પછી—'

'એવું તું શી રીતે માની શકે? હું તો માનું છું કે શો પૂરો થતાં જ એ ચિબાવલી એના વરને લઈને શ્યામની પાસે જશે. અભિનંદન આપવાને બહાને, પણ જશે. તેને તેમાં મજા આવશે, પણ શ્યામને—'

'મને લાગે છે કે એવું કંઈ નહિ બને. નકામો ઉદ્વેગ ન કરો.' પૂર્વીએ તેમને સાંત્વન આપ્યું.

'પણ મને લાગે છે કે તે એવું કરશે જ.' સહેજ થોભીને કંઈક વિચારતાં તે બોલ્યાં, 'તું એમ કર. શો પૂરો થાય તે પછી તું શ્યામની સાથે જ રહેજે. નાગરિક સન્માનના કાર્યક્રમમાં પણ તું તેની સાથે ને સાથે જ રહેજે. એ ખાસ જરૂરી છે.'

અને પછી જાણે સ્વસ્થ થઈ ગયાં હોય તેમ પૂર્વી સામે જોયું અને એકદમ બોલી ઊઠયાં, 'તારો આ પોષાક શ્યામને કેવો લાગ્યો?'

'તેમણે હજી તે જોયો જ નથી,' પૂર્વીએ કહ્યું, 'સવારે તે બહુ વહેલા બહાર નીકળી ગયા હતા. હું તો ત્યારે તૈયાર પણ નહોતી થઈ.'

'તો પછી તેણે એક ખૂબ સુંદર ચીજ જોવાની બાકી રહે છે,' અનુપમાદેવી બોલ્યાં, 'બહુ ખુશ થશે તે.'

ત્યારે જ, પ્રેક્ષકોને પોતાની બેઠકો પર પાછા બોલાવતી ઘંટડી વાગી. પૂર્વી ઊઠીને પોતાની જગ્યાએ ગઈ. કાર્યક્રમનો કામણગારો ઉત્તરાર્ધ શરૂ થયો. અને પૂરો થયો ત્યાં સુધીમાં તેનાં કામણ ભરપટ્ટે ચોપાસ પથરાઈ ચૂકયાં હતાં. પડદો પડીને તરત પાછો ઊંચકાયો ત્યારે સ્ટેજ પર તમામ ગાયકો–કલાકારોનું વૃંદ હાજર હતું. બધાંની વચ્ચોવચ હેમંત દેસાઈ ઊભા હતા–ઝળહળતા તારલાઓની વચ્ચે દેદિપ્યમાન ચંદ્ર જેવા.

ઘણી પળો સુધી જાણે મંત્રમુગ્ધ થઈ સ્તબ્ધ બની ગયેલા પ્રેક્ષાગારમાં જાણે એકાએક ચેતના આવી ગઈ, અને આખું પ્રેક્ષાગાર તાળીઓ અને હર્ષનાદોના પ્રચંડ અવાજથી ધણધણી ઊઠયું.

એકદમ રોહિણીનો હાથ પૂર્વીના હાથ પર જોરથી દબાયો, અને રોહિણી હર્ષથી કંપતા અવાજે બોલી ઊઠી, 'ઓહ! પૂર્વી, મને શું થાય છે એ કેમ સમજાવું?......જો કે આવું બોલવું એ મારે માટે મૂર્ખતા ગણાય, પણ જ્યારે જ્યારે દેસાઈની આ પ્રચંડ શક્તિનાં પરિણામો જોઉં છું ત્યારે ત્યારે અભિમાનથી હું–'

'એમાં બિલકુલ મૂર્ખતા ન ગણાય,' પૂર્વીએ હર્ષાન્વિત અવાજે કહ્યું, 'ખુદ મને પણ કેટલું અભિમાન થાય છે, દેસાઈજી જેવા સમર્થ માણસે મારા અવાજની નોંધ લીધી તેનું?'

હૂંફભર્યું હસીને રોહિણીએ તેનો હાથ છોડી દીધો. તાળીઓનો ગડગડાટ શમવા લાગ્યો હતો. તે તદ્દન શમી ગયો એટલે પડદો પડી ગયો. પૂર્વીને એકદમ પ્રેમાની યાદ આવી. તરત જ તે ઊઠી અને રોહિણીની રજા લઈ સ્ટેજના પાછલા દરવાજા તરફ ઊપડી.

રોહિણી હેમંત દેસાઈને શોધવા સ્ટેજ તરફ ગઈ.

પૂર્વી પ્રેમાના મેકઅપ રૂમમાં પહોંચી કે તરત પ્રેમા આનંદના જબરજસ્ત જુસ્સાભરી તેની સામે દોડી અને ભેટી પડી. એક અજબ, અદ્ભુત દુનિયામાં સફળતાભેર આરપાર નીકળ્યાનો રોમાંચક આનંદ તેના આખા શરીરને કંપાવી રહ્યો હતો.

'કેવું હતું,' પૂર્વી ?' આવેશભરી તે બોલવા લાગી, 'હું—હું પાર ઊતરી છું ? જલદી કહેને ! સફળ થઈ છું ને હું ?.... અને હેમંત દેસાઈની તો શી વાત કરવી ? ખરેખર, અદ્ભુત માણસ છે ! હું તો પહેલેથી જ કહું છું ને કે એ માણસમાં ગજબની શક્તિ છે, નહિ ?'

'બરાબર છે.' પૂર્વીએ ટૂંકાણમાં કહ્યું. હેમંત દેસાઈ વિષે પ્રેમાએ બીજું પણ શું શું કહ્યું હતું તે યાદ અપાવવાની તેની હિંમત ન ચાલી. તેના આટલા બધા આનંદનો કચ્ચરઘાણ નીકળી જાય, બિચ્ચારીનો !

તેણે કહ્યું, 'અને પ્રેમા, તું ખરેખર કેવી અદ્ભુત લાગતી હતી તેનો તને ખ્યાલ જ નહિ આવે. પણ તને જોનાર તો જરૂર ઝૂમી ઊઠયા હશે, અને તેમાંયે પેલા સીનમાં જ્યારે તું—'

પણ પ્રેમાને અંદર એવા ઉમળકા આવતા હતા કે, કોઈ પૂરું બોલી રહે ત્યાં સુધી ય તે ધીરજ રાખી શકે તેમ નહોતી. વચ્ચે જ તે બોલવા લાગી :

'હું બહુ ખુશ છું. બહુ જ ખુશ છું, પૂર્વી. કાશ, આવતી કાલનાં છાપાં અત્યારે જ વાંચવા મળી જાય ! સવાર સુધી ધીરજ કેમ રાખવી ?' અને પછી તેની સામે આંખો પલકારીને કહ્યું, 'સૉરી, પૂર્વી. એક મેગેઝીન અને એક દૈનિકના માણસો મારો ઇન્ટરવ્યુ લેવા અત્યારે આવવાના છે. હમણાં જ મેં હા કહી છે. એટલે તને—'

'તેનો કંઈ વાંધો નથી', પૂર્વીએ કહ્યું, 'મારે બીજું કામ પણ ઘણું છે, એટલે જવું જ પડે તેમ છે.' અને જતાં જતાં ઉમેર્યું, 'વીશ યુ ઑલ લક, પ્રેમા !'

'થેંક યુ, ડાર્લીંગ', પ્રેમાએ કહ્યું. તેનાથી બેજબેજ હસી જવાતું હતું, 'નાગરિક સન્માન વખતે પાછાં મળીએ છીએ... અને એય પૂર્વી, આ—આ નવો ડ્રેસ ! કેટલી બધી જામે છે તું ! યુ લૂક સિમ્પલી માર્વેલસ ઈન ઈટ !'

પૂર્વીના ગાલમાં ગુલાબી ગુલાબી ટશરો ફૂટી આવી. અંતરમાં ઉમળકો ઊછળ્યો અને તે રૂમમાંથી બહાર નીકળી ગઈ.

આસપાસ ચારે તરફ જાણે ઉલ્લાસના ઓઘ ઊછળતા હતા. કેટલાય લોકો આમથી તેમ દોડી રહ્યા હતા. બધાના પગમાં ઉત્સાહ થનગનતો હતો. કોઈ કોઈના ગળામાંથી ગીતનો ગણગણાટ આપોઆપ સરી પડતો હતો. પૂર્વી પણ હર્ષના કોઈ વેગીલા વહેણમાં જાણે તણાઈ રહી હોય તેમ માથું નીચું ઘાલીને ચાલી રહી હતી. ક્યાં જવું હતું એ પણ જાણે ખબર રહી નહોતી.

સામેની દિશાએથી શ્યામ એવી જ રીતે આવી રહ્યો હતો. સખત પરિશ્રમના થાકથી જાણે તેના પગ અટકીને ઊપડતા હતા. છતાં ચહેરા પર સફળતાનો સંપૂર્ણ સંતોષ અને આનંદ છલકાતા હતા.

પૂર્વીની પાસેથી તે એકાદ ડગલું આગળ પણ નીકળી ગયો. પણ ત્યારે જ તેની નજર તેના પર પડી અને તે બોલી ઊઠયો : 'પૂર્વી ! આમ ઊંધું ઘાલીને ?'

એકદમ પૂર્વી જાણે તંદ્રામાંથી જાગી ગઈ. ચમકીને તેણે શ્યામ સામે જોયું અને ચહેરા પર ભર્યું ભર્યું હાસ્ય ઊભરાઈ ગયું.

'હું—હું તમને જ શોધતી—' તે બોલવા ગઈ. પણ બોલવાનું તે પૂરું કરે તે પહેલાં જ શ્યામ બે ડગલાં આગળ ધસી

આવ્યો અને એકાએક તેને બાથમાં લઈ લીધી. 'ધબાક્ !' એક જબરજસ્ત ધબકારો પૂર્વીની છાતીમાં થયો. આસપાસ સમગ્ર હવામાં આજે પ્રચંડ હર્ષ ઊછળી રહ્યો હતો, જબ્બર ઉત્સાહ અને ઉત્તેજના ઝૂમી રહી હતી. એકે એક હૈયું થનગની રહ્યું હતું. સ્વાભાવિક છે કે શ્યામનો આનંદ ત્યારે કાંઠા તોડીને વહી રહ્યો હોય !

છાતીમાં એક ધબાકા સાથે ઊઠેલું તોફાન શમે તે પહેલાં તો શ્યામના હોઠ તેના ગાલ પર ચંપાઈ ગયા.

બે, ચાર, પાંચ ક્ષણ એક પ્રચંડ કંપારી માથાથી પગ સુધી ફરી વળી. અને પછી અજબ રીતે પાછી શમી ગઈ.

શ્યામ તેની સામે જોઈ રહ્યો હતો. હોઠ ધીમું ધીમું મરકી રહ્યા હતા. આંખોમાંથી અપૂર્વ આનંદ નીતરી રહ્યો હતો. ધીમા અવાજે તે બોલ્યો :

'કેટલી બધી સુંદર દેખાય છે તું આ પોષાકમાં ! રોજ આવી દેખાતી હોય તો !'

'આવા મોંઘાદાટ પોષાક એ રોજ પહેરવાની ચીજ નથી', પૂર્વીએ કહ્યું, અને હસી પડી. ગાલ પર લાલ લાલ શેરડા પડ્યા.

'પણ આવા ઝમકદાર રંગના પોષાક જ તારે પહેરવા જોઈએ. હવેથી એવા જ પોષાક પહેરજે અને પાણીદાર હીરાની જેમ ઝગહળજે, અને...અને આમ જ કારણ વગર શરમના શેરડા પાડતી રહેજે', કહીને તે ઘડીક થોભ્યો અને પછી પૂછ્યું, 'આટલી બધી લાલ કેમ થઈ ગઈ? મેં તને—'

'ના', પૂર્વીએ તેને વાક્ય પૂરું કરવા ન દીધું, 'અત્યારે ચારે બાજુ બધા આનંદના અતિરેકમાં જ છે. તમે પણ હો તે સમજાય તેવું છે. એટલે બધાની જેમ—'

'ના, બધાની જેમ નહિ', હસીને તેને બોલતી અટકાવતાં શ્યામે કહ્યું, અને પછી તેની બન્ને બાજુ પોતાના બન્ને હાથ

દીવાલ પર ટેકવી દીધા. પૂર્વી જાણે એ બે હાથના પિંજરામાં પૂરાઈ ગઈ.

'બધાની જેમ તેં મને ચુંબન ન કર્યું.', મર્માળું હસતાં તેણે કહ્યું.

એક પળ પૂર્વી તેની સામે એવી રીતે જોઈ રહી જાણે તેની આંખો બોલી રહી, પૂછી રહી, 'હું ચુંબન કરી શકું ?'

'ફરજિયાત નથી, પૂર્વી', 'શ્યામ બોલ્યો, 'અણગમતું લાગતું હોત તો ન કરીશ.'

એકાએક તે આગળ ઝૂકી. અને શ્યામને એક દીર્ઘ ચુંબન ચોડી દીધું—ઘણા સમયથી જેવું ચુંબન તેને ચોડવાની મનમાં ઝંખના હતી તેવું જ.

'વન્ડરફુલ ! પૂર્વી, સિમ્પલી વન્ડરફુલ !' શ્યામ ગણગણ્યો.

એકાએક જાણે પૂર્વી જાગી ગઈ, ભાનમાં આવી ગઈ. બેય હાથથી શ્યામને દૂર ખસેડતી તે બોલી, 'ચાલો, આઘા ખસો જરા, અને મને જવા દો અહીંથી. આટલું લોક અહીં ઊભરાય છે. બધા શું ધારશે, ભાન છે ?'

'તેમને જે ધારવું ગમશે તે ધારશે', શ્યામે કહ્યું, 'આપણે તેમાં શું કરી શકીએ ?'

અને પછી એક ડગલું પાછો ખસી જતાં હસી પડ્યો, 'ભલે, તું જા. સન્માન સમારંભમાં સમયસર આવી જજે.'

ફરી વાર હસીને તે ચાલ્યો ગયો.

પૂર્વી પણ ચાલવા લાગી. પણ તેને લાગ્યું, તેના પગ કહ્યું કરતા ન હતા. ડગમગી જતા હતા, ને અટકી જતા હતા. જાણે ક્યાં જવું છે તે જાણતા નહોતા. પણ તે ચાલતી રહી. સામે જ હેમંત દેસાઈના રૂમનું ખુલ્લું બારણું દેખાયું. તે અંદર ચાલી ગઈ.

'અરે, પૂર્વી ! આવ, અંદર આવ !' રોહિણી તેને બારણામાં જ આવકારી.

[૧૪]

અંદર હેમંત દેસાઈ એક આરામ ખુરશીમાં પ્રસન્ન ચહેરે બેઠેલા હતા. પૂર્વી અંદર ગઈ એટલે તેમણે પ્રસન્ન-પ્રસન્ન સ્મિત કર્યું. પૂર્વીએ જોયું કે, તેમના સમગ્ર ચહેરા પર એક મહાન કાર્ય પાર પાડ્યાનો ઊંડો સંતોષ ઝળકતો હતો. આંખોમાં સપ્રયોજન ગૌરવ ચમકતું હતું. ઊંડી તૃપ્તિ, પરમ આનંદ અને સુયોગ્ય ગૌરવથી એ ચહેરો એવો તો ઝળાંહળાં દીપી રહ્યો હતો કે અનુપમાદેવીએ તેમને 'અત્યંત મોહક પુરુષ' તરીકે વર્ણવ્યા હોત. જોકે પૂર્વીને તે 'અત્યંત મહાન પુરુષ' જેવા લાગતા હતા.

'હલ્લો, એન્જલ!' કહીને હેમંત દેસાઈ મોકળાશભેર હસી ઊઠ્યા. હસતાં હસતાં તેમણે રોહિણી તરફ એક સૂચક દૃષ્ટિ કરી લીધી. રોહિણી હસવું રોકવા ગઈ, પણ તો યે જરાક હસી ગઈ અને નીચું જોઈ ગઈ.

પૂર્વીનું રુંવાડે રુંવાડું એક અજાણ સંકોચથી ફરકી ઊઠ્યું. ચહેરો રતુમડો થઈ ગયો. હેમંત દેસાઈનાં એ સંબોધનનો પડઘો મનમાં જોરથી અથડાયો : 'એન્જલ!!'...તે દેસાઈજીને ક્યાંથી ખબર?

પણ ત્યાં જ હેમંત દેસાઈ આગળ બોલ્યા, 'તારી બહેન આજે બરાબર ધારણા પ્રમાણે ઉતરી—તદ્દન સફળ!'

'ઓહ, હા!' પૂર્વી હવે બોલી શકી, એ તો એટલી ખુશ થઈ ગઈ છે કે ન પૂછો વાત ખુશી જાણે તેના મનમાં સમાતી નથી. અને એ બદલ તે આપનો જ આભાર માને છે. એ તો આપને મહાન જાદુગર જ કહે છે.'

'એ સિવાય પણ કંઈક મને તેણે કહ્યો છે, પૂર્વી,' હેમંત દેસાઈએ કહ્યું–હસતાં હસતાં, 'ડ્રેસ રિહર્સલ પૂરું થયા પછી તેણે મને 'નિર્દય રાક્ષસ' પણ કહ્યો હતો.'

પૂર્વી હબકી ગઈ–તો શું દેસાઈજીને એ ખબર પડી ગઈ હતી ...? ઝટ સ્વસ્થ થવા પ્રયાસ કરતાં તેણે હસીને કહ્યું, 'બોલી હશે, બનવાજોગ છે, દેસાઈજી. પણ તે ખરેખર એવું માનતી નહિ જ હોય.'

'એવું જ માનતી હતી. હું તે જાણું છું,' હેમંત દેસાઈએ કહ્યું, અને પછી હસી પડ્યા, 'વેલ, એવરીથીંગ ઇઝ ફરગીવન એન્ડ ફરગોટન નાઉ.' પછી એકાએક તેમની નજર બારણા તરફ ગઈ અને ક્ષણભર ત્યાં જ સ્થિર થઈ ગઈ. ક્ષણ પછી એકદમ આહ્‌લાદપૂર્ણ અવાજે તે બોલી ઊઠ્યા : 'ઓ, સુચિત્રા!......

પૂર્વી પાછળ ફરી. બારણામાં એક ખૂબ જ જાજરમાન, ઝગારા મારતું વ્યક્તિત્વ ખડું હતું. લીપસ્ટીકથી રંગેલા સુંદર મરોડદાર હોઠ વચ્ચે ઝબૂકતી નકશીદાર દાંતની હાર નજરને બાંધી લે તેવી હતી. અને તેની વચ્ચેથી સરકી આવીને હોઠ પર રમતું સ્મિત ચિત્તને ખળભળાવી દે તેવું હતું.

'ઓ, હેમંત...મહાન હેમંત દેસાઈ!' છટાપૂર્ણ, લહેજાભર્યા અવાજે બોલતી સુચિત્રા ઝડપથી અંદર, સીધી હેમંત દેસાઈ તરફ ધસી ગઈ. પૂર્વી તેની લચકદાર ચાલને પ્રશંસાભેર જોઈ રહી.

હેમંત દેસાઈ પાસે પહોંચતાં જ સુચિત્રાએ અત્યંત નાટકીય કૌશલ્યપૂર્વક તેમના બન્ને હાથ પોતાના હાથમાં લઈ લીધા અને બોલી :

'આજે તમારા બદલ મને એટલો બધો ગર્વ થાય છે, એટલો

બધો ગર્વ થાય છે મને.....કયા શબ્દોમાં કહી બતાવું ? આનંદની મારી હું તો રોઈ પડી'તી. તમે આજે મને રડાવી દીધી. અને એ સારું ન કહેવાય, ખબર છે તમને ? તમારી આ નાનકડી પત્ની સામે, તેથી તો, હું મારી ઉંમર કરતાંય મોટી દેખાઉં !'

પૂર્વીએ ધીરેથી શ્વાસ મૂકયો, તેને લાગ્યું, અત્યાર સુધી સુચિત્રાની બેમિસાલ અદા નીરખવામાં તે શ્વાસ લેવાનું પણ ભૂલી ગઈ હતી. વિસ્મયભરી નજરે તે સુમિત્રા સામે જોઈ રહી. કોઈ સ્ત્રીને પોતાની મોટી ઉંમરનો આમ ખુલ્લેઆમ એકરાર કરતી તેણે જોઈ નહોતી ! તેના આશ્ચર્ય વચ્ચે સુચિત્રા એ જ એકરાર કરી રહી હતી. પણ તેમ છતાં અદ્ભુત હતો એ એકરાર. તેથી જાણે તે એકદમ વધારે પ્રભાવશાળી બની જતી હતી. તેના એ પ્રભાવ પાસે જાણે બીજી સ્ત્રીઓ એકાએક ઝાંખી બની જતી'તી, સાવ જુવાન અને સાવ નાની બની જતી'તી; અને સુચિત્રા તેમની સામે જાણે મોટીને મોટી થતી જતી'તી—એક વિશિષ્ટ સૌંદર્યથી ભરી ભરી, સંપૂર્ણ અનુભવી સ્ત્રી જેણે ઘણું જોયેલું હતું, ઘણું વેઠેલું હતું ને બધું સમજેલું હતું.

હેમંત દેસાઈએ પણ સરસ સ્મિત કર્યું, સુચિત્રાના હાથ પર ધીમી ટપલી મારી અને બોલ્યા, 'તારી ઉંમરની બડાશ ન હાંક, સુચિત્રા. ઉંમરને તેં બરાબર મુઠ્ઠીમાં રાખી જાણી છે. અને આજે ઓડિયન્સમાં બેસીને તેં ચાર આંસુ પાડયાં હોય તો પણ શું ? તું તેને યોગ્ય જ હતી. યાદ કર, તું જ્યારે જ્યારે સ્ટેજ પર હોય ત્યારે ત્યારે તેં કેટલાં પ્રેક્ષકોને કેટલાં બધાં આંસુ પાડવા મજબૂર કર્યાં છે ?'

સુચિત્રા હસી પડી. સાથે સાથે તેના બન્ને ખભા નજાકતપૂર્વક ઉછળ્યા. 'પ્રેક્ષકો રડી ન પડે ત્યાં સુધી આપણને સફળતાની ખાતરી ન મળે, કેમ ?'

'બરાબર છે. આગળની હરોળોમાં થોડાંક આંસુનાં ટીપાં આપણે માટે તો ઉત્સાહજનક બની રહે !' હેમંત દેસાઈએ તેમના વ્યવસાયની નિર્દયતા કબૂલી. એ સાથે જ રોહિણી અને પૂર્વી પણ હસી પડી. અને તે પળે જ જાણે તેમને જોતી હોય તેમ સુચિત્રા તેમના તરફ ફરી : 'અરે, છોકરીઓ, તમે છો ?...આજનો શો અદ્ભુત હતો, નહિ ?'

બન્નેએ માથું હલાવીને હા કહી. સુચિત્રા ફરી વાર હેમંત દેસાઈ તરફ ફરી–જાણે રોહિણી અને પૂર્વાની એથી વિશેષ નોંધ લેવી જરૂરી નહોતી.

તેણે કહ્યું, 'પણ કોઈ પણ શોને અદ્ભુત બનાવી દેવો એ જ તો તમારી વિશિષ્ટતા છે, નહિ ? પેલી યાદગાર સાંજ હું હજીયે ભૂલી નથી. તમને યાદ છે ? લંડનમાં આપણે 'ઓથેલો' ભજવતાં હતાં, ત્યારે'—છેલ્લા શબ્દો તે ખૂબ ધીમા અવાજે બોલી અને પછી હસી પડી.

પૂર્વીને લાગ્યું કે તેની અડોઅડ ઊભેલી રોહિણીનું શરીર એકાએક જરા ખેંચાઈને તંગ થઈ ગયું. એ જ ક્ષણે હેમંત દેસાઈની નજર સુચિત્રાના ખભા પર થઈને રોહિણીના ચહેરા પર ફેંકાઈ. તેમની આંખો સહેજ ઝીણી થતી દેખાઈ–જાણે નજીકમાં જ કોઈક ભય લપાઈ રહ્યો હોવાની ગંધ આવી ગઈ, અને સાવધ બની ગયા. ચહેરા પર સખ્તાઈની આછી રેખાઓ તણાઈ ગઈ.

'મને એ બરાબર યાદ છે, સુચિત્રા, તેમણે કહ્યું, અને પોતાનો હાથ સુચિત્રાના હાથમાંથી ખૂબીભેર છોડાવી દીધો, 'એ વખતની તો તું અદ્ભુત સુંદર ડેસ્ડીમોના હતી. કદાચ, સૌથી અદ્ભુત અને સુંદર !...જ્યાં સુધી રોહિણી આવી નહિ ત્યાં સુધી !'

એક ઝટકા સાથે સુચિત્રાનું નમેલું માથું ઊંચું થઈ ગયું–જાણે પાછળથી વાળ ઝાલીને કોઈએ જોરથી ઝટકો માર્યો. એક

નજરે તે હેમંત દેસાઈના ચહેરામાં તાકી રહી. પૂર્વીએ જોયું કે, હેમંત દેસાઈના ચહેરાની કોઈ રેખા બદલાઈ નહિ, એકાદ પળ એમ તાકી રહીને સુચિત્રા હસી પડી અને બોલી: 'કોઈ કોઈ વાર તમે જલ્લાદ બની જાવ છો, નહિ?'

'એવું લાગે, બનવાજોગ છે,' હેમંત દેસાઈએ પણ હસીને કહ્યું, 'પણ દરેક વખતે હું તો ખાસ વાસ્તવવાદી જ હોઉં છું.' સુચિત્રાના ચહેરા સામે જોઈ લેવા અર્ધીએક ક્ષણ અટકીને તેમણે આગળ કહ્યું, 'નાગરિક સન્માન વખતે મળીશ ને?'

'ના,' સુચિત્રાએ કહ્યું, 'કારણ કે ફેસ્ટિવલ ઑફ ઇન્ડિયામાં જે હતું એ બધું મેં અહીં જોઈ લીધું છે.'

'તારી પોતાની લાજવાબ ગઝલો સિવાય, બરાબર?' હેમંત દેસાઈએ કહ્યું.

'મને લાગે છે કે, એ પણ,' બોલીને સુચિત્રા સહેજ અચકાઈ અને પછી તરત જ જવા માટે પાછળ ફરતાં બોલી, 'ગુડ નાઇટ, હેમંત!' અને પછી સડસડાટ બહાર ચાલી ગઈ– રોહિણી અને પૂર્વી નામના જીવોનું જાણે ત્યાં અસ્તિત્વ જ ન હોય તેમ, તેમના તરફ દષ્ટિ પણ કર્યા વિના.

સુચિત્રા બહાર ગઈ તે પછી એક પળ સ્તબ્ધતા પથરાઈ રહી. પછી એકાએક રોહિણીના હસવાનો હળવો અવાજ થયો અને તે બોલી: 'તમે જરા નિર્દય બની ગયા.'

'એટલી નિર્દયતા જરૂરી હતી,' હેમંત દેસાઈએ કહ્યું અને રોહિણીના ચહેરા પર નજર ઠેરવી. એક ક્ષણમાં તેમના ચહેરાનો આખો રંગ બદલાઈ ગયો, ભરી ભરી લાગણી લેપાઈ ગઈ અને એકદમ તેમણે બન્ને હાથ રોહિણી તરફ લંબાવ્યા. જે અજબ ત્વરાથી હેમંત દેસાઈમાં એ ફેરફાર થઈ ગયો, અને જે ભાવવિભોરતાપૂર્વક રોહિણી તેમના લંબાયેલા હાથમાં સમાઈ ગઈ તે જોઈ પૂર્વી અવાક્ થઈ ગઈ.

એક ક્ષણ વીતી ન વીતી ને તેના મનમાં ઝબકારો થયો– હવેના દશ્યમાં તે વધારાનું પાત્ર બની જતી હતી. તેણે મંચ છોડી દેવો જોઈએ. તે ઝડપથી રૂમમાંથી બહાર સરકી ગઈ. મનમાં નહિ સમાતી એક હર્ષભરી ઉત્તેજના ઊછળી રહી હતી. આજની સાંજ, ખરેખર અદ્ભુત હતી આ સાંજ! એવી અદ્ભુત સાંજ, જ્યારે ગમે ચીજ અદ્ભુત બની જઈ શકે!

સ્ટેજના પાછળના દરવાજા તરફ ધીમાં ડગલાં માંડતાં તેના મનમાં અજબ ભાવો ઝબકતા રહ્યા. હોઠ બેજબેજ હસી પડતા રહ્યા– ખરેખર એવી જ હતી આજની સાંજ. ગમે તેની બાબતમાં ગમે તે અદ્ભુત બાબત બની જાય તેવી! તેની બાબતમાં ચકેવું બની ગયું આ સાંજે! આ સાંજે જ શ્યામે તેને અચાનક ઊંચકી લીધી નહોતી? કલ્પી પણ નહોતી તેવી રીતે, ફરી કદી સપનેય જોવા ન મળે તેવી અદ્ભુત રીતે ચૂમી લીધી નહોતી? અને ઊર્મિઓના પાગલ ઊભરા જેવાં કેવાં કેવાં વેણ બોલી ગયો હતો તેના કાનમાં? ...આ સાંજે જ બની ગયું ને એ બધું? સાંજ જ એવી હતી– અજબ જાદુગરી ફેલાઈ ગઈ'તી ચારે તરફ.

સ્ટેજના દરવાજા બહાર નીકળીને તેના પગ થોભી ગયા. ત્યાં તેણે હેમંત દેસાઈ અને રોહિણીની રાહ જોવાની હતી. નાગરિક સન્માનના કાર્યક્રમ માટે તેણે તેમની કારમાં ટાઉનહૉલ સુધી જવાનું હતું. તેમની રાહ જોતી તે દીવાલ પાસે ઊભી રહી. પણ પ્રેક્ષકો અને પ્રશંસકોનાં જે ટોળાં કલાકારોને અભિનંદવા અંદર ઘૂસી ગયાં હતાં તે હવે બહાર આવી રહ્યાં હતાં. ચાર–ચાર ને આઠ–આઠનાં જૂથમાં લોકો સતત બહાર આવી રહ્યા હતા. એટલે પૂર્વી વધારે પાછળ ખસી અને દીવાલ સાથે દબાઈને ઊભી રહી. એ જ વખતે તેની નજર બહાર નીકળી રહેલા પાંચક જણ પર પડી. તેમાં સોના પણ હતી. સોનાની નજર સાથે તેની નજર મળી ગઈ અને કોણ જાણે કેમ તેના શરીરમાં એક આંચકો પસાર થઈ

ગયો. સોના દૂર નીકળી ગઈ.

હેમંત દેસાઈની ભપકાદાર કાર ટાઉનહોલના કમ્પાઉન્ડમાં પહોંચી, ને પળવારમાં તો પ્રેસ રિપોર્ટરો, ફોટોગ્રાફરો અને ઓટોગ્રાફ વાંછુઓનું એક ટોળું તેને ઘેરી વળ્યું. પૂર્વીને લાગ્યું કે તેની હાજરી હવે ત્યાં અનાવશ્યક હતી.

કારમાંથી ઊતરી જઈને તે સીધી પ્રેક્ષાગારમાં પહોંચી. ચારે બાજુ નજર ફેરવતાં તેને અનુપમાદેવી દેખાયાં. આગળની હરોળમાં છેક છેડા પરની ખુરસી પસંદ કરીને તે બેસી ગયાં હતાં. બેઠાં બેઠાં આસપાસ બધે જ નજર ફેરવી રહ્યાં હતાં. પૂર્વી તેમની પાસે ગઈ.

'સારું થયું તું આવી ગઈ, પૂર્વી,' પોતાની બાજુમાં બેસવાનો તેને ઇશારો કરતાં અનુપમાદેવીએ કહ્યું, 'મને એકલી પડી ગયા જેવું લાગતું હતું. કંઈક વાતો કર.'

પૂર્વી બેઠી એટલે તેમણે જ વાત ચાલુ રાખી, 'પેલી સોના ને એનો વર પછી સ્ટેજ પાછળ ગયાં હતાં, શ્યામને મળવા?'

'ગયાં હોવાં જોઈએ,' પૂર્વીએ કહ્યું, 'મેં તેમને સાંજના પાછલા બારણેથી બહાર નીકળતાં જોયાં હતાં.'

'મને હતું કે, એ ગયાં હશે જ,' મોં બગાડતાં અનુપમાદેવી બોલ્યાં, 'અને હવે જો, અહીં પણ આવી ગયાં.'

પૂર્વીને લાગ્યું, એ લોકોની હાજરી પણ અનુપમાદેવીને વ્યક્તિગત પડકાર જેવી લાગી રહી હતી!

વળી અનુપમાદેવી આગળ બોલ્યાં, 'અહીં પણ શ્યામ અંદર આવ્યો ત્યારે એ ચીબાવલી તેની સાથે વાત કરવા માંડી હતી. અને ત્યારે જ મને લાગ્યું કે, તે તેને પહેલી જ વાર મળતી નહોતી—પહેલાં પણ મળી ચૂકી હતી.'

'મળી જ હશે,' પૂર્વીએ કહ્યું, 'પણ પછી શ્યામ પર તેની કેવી અસર થઈ? કંઈ જાણવા મળ્યું?'

'જરા પણ ન થઈ,' બોલતાં અનુપમાદેવી ગર્વથી ટટ્ટાર થઈ ગયાં, 'એ તો એટલો જ સ્વસ્થ અને ખુશ-મિજાજ હતો. ગમે તે રીતે, તે આખી પરિસ્થિતિથી અલિપ્ત જ રહ્યો હતો. ને એટલે જ પેલીને સ્પષ્ટ બતાવી શક્યો કે તે હવે તેને પીડા આપી શકે તેમ છે જ નહિ!'

'હં......' પૂર્વી ગણગણી. પણ તેના મનમાં પેલું દૃશ્ય ફરીવાર ચિતરાઈ રહ્યું હતું; શ્યામે પોતે જ તેને કહ્યું હતું કે સોનાએ જે કર્યું હતું તેની યાદ આજે પણ નર્ક જેવી પીડા આપી જાય છે!......

ત્યારે જ એક પ્રૌઢા હસતી હસતી ત્યાં આવી પહોંચી. અનુપમાદેવીએ ઉમળકાભેર તેને બોલાવી અને બેસવા કહ્યું. પૂર્વી ઊભી થઈ ગઈ. હસીને પોતાની ખુરસી એ પ્રૌઢા માટે ખાલી કરી અને પ્રેમાને શોધવા ચાલતી થઈ.

પણ ભરચક પ્રેક્ષાગારમાં તે પ્રેમાને શોધી કાઢે તે પહેલાં, અચાનક કોઈનો હાથ તેના ખભા પર ધીમેથી દબાયો. ચમકીને તે પાછી ફરી, અને ઓહ! સ્તબ્ધ થઈને તે તાકી રહી. તેની સામે ઊભી રહીને સોના મરક મરક હસી રહી હતી. ભૂખરા હીરા જેવી તેની આંખો મનને ગમી જાય તેવું, મિત્રતાભર્યું તેજ વેરતી હતી.

'હલ્લો!' તદ્દન સાહજિક રણકાભેર સોનાએ કહ્યું. એક અગત્યની વાત તમારી સાથે કરવી છે. ક્યારનીયે તમને શોધું છું - તમે સાંભળશો?'

'અ......હા, એમાં શું?' પૂર્વી ના ન જ પાડી શકી. ના પાડતાં તેને ક્ષોભ થયો. કોઈ સામેથી વાત કરવા આવે તેની સાથે ઉદ્ધતાઈ તો શી રીતે થઈ શકે?

સોના હસી. પૂર્વી પણ વળતું હસી. જો કે એક વાર અનુપમાદેવીએ પૂછેલો પ્રશ્ન તેને યાદ આવી ગયો: 'તું કોના પક્ષે

છે, પૂર્વી ?' પણ તેણે સોનાની સામે હસવું જ પડ્યું અને બન્ને જણ બાજુ પર ખસીને છેક દીવાલ પાસે જઈ ઊભાં રહ્યાં.

પૂર્વીએ જોયું કે, સોના જે કહેવા માગતી હતી તે કહેતાં અચકાઈ રહી હતી. એટલે એણે પૂછ્યું, 'તમારે મને કંઈક કહેવાનું છે ?'

'એક મિનિટ,' સોનાએ કહ્યું, 'હું તે માટે જ શબ્દો શોધું છું.' અને પછી થોડી વાર નીચું જોઈને ચૂપ રહી. થોડી વારે તેણે પૂર્વી સામે જોયું અને પૂછ્યું 'શ્યામ તમારી સાથે લગ્ન કરવાનો છે ને ? એ—તમે જ ને ?'

'હું ?!' પૂર્વીનો પગ ખરેખર લથડી ગયો. દીવાલનો ચુસ્ત ટેકો લઈ લઈને તે પહોળી આંખે સોના સામે જોઈ રહી. ધ્રૂજતા હોઠે તે બોલી, 'એવી—એવી વાત તમને કોણે કહી ?'

'શ્યામે જ,' સોના શાંત અવાજે બોલી, 'તેણે જ મને કહ્યું કે'—

પણ પૂર્વી હવે કંઈ સાંભળી શકે તેમ નહોતી. હૃદયના મોટા મોટા ધબકારા તેના કાનમાં ગાજી રહ્યા હતા. આંખો જાણે મીંચાઈ ગઈ હોય તેમ દેખતી બંધ થઈ ગઈ હતી. ચપોચપ દીવાલ સાથે ભીંસાઈને તે માત્ર ઊભી રહી ગઈ. ...

[૧૫]

દીવાલ સાથે ચપોચપ દબાઈને જડ બની ગયેલી પૂર્વીના હૃદયમાં જાણે એક પછી એક લગાતાર વિસ્ફોટ થઈ રહ્યા હતા. એક એક ધડાકા સાથે હૃદય જાણે પ્રચંડ વેગથી અદ્ધર ઊછળતું હતું, ગળામાં કશુંક ભરાઈ જતું હતું. આંખો આપોઆપ બિડાઈ જતી હતી. સામે જાણે સ્વર્ગના વિરાટ દરવાજા ખૂલી ગયા હતા. નજરને ચકરાવે ચડાવી દે તેવા અસંખ્ય મનોહર, મુગ્ધકર રંગો નાચી રહ્યા હતા. અને વચ્ચે એક પ્રશ્ન વળી વળીને ઝબકતો હતો.

'હેં ! તેમણે ? તેમણે જ કહ્યું એવું ? પણ હું તો—ઓહ ! હું કલ્પનાય નથી કરી શકતી કે'—

'એ વાત તેણે મને કહી દીધી તેથી નારાજ ન થશો,' સોના બોલી, 'એક વાર તે અને હું બહુ ગાઢ પરિચયમાં હતા.'

'હું જાણું છું, પૂર્વીએ કહ્યું. તેનો અવાજ હજી હર્ષના ભારથી દબાયેલો હતો, 'પણ તમે કહ્યું તે સાંભળીને મને સખત આશ્ચર્ય'—

સોના વચ્ચે જ બોલી ઊઠી, 'ખેર ! પણ મેં તમને તે કહી દીધું તેથી ગુસ્સે ન થશો, પ્લીઝ. તમારી ઈચ્છા હું સમજી શકું છું. ફેસ્ટિવલ પૂરો ન થાય ત્યાં સુધી તેની જાહેરાત કરવા તમે ઈચ્છતાં નથી તે સ્વાભાવિક છે.'

'ગુસ્સે તો હું થઈ જ નથી—ખરેખર !' પૂર્વી બોલી ઊઠી અને એ વાત સાચી હતી. ગુસ્સે શા માટે થવું જોઈએ તેણે ? આખું વિશ્વ એકાએક, આંખના પલકારામાં, ઝળાહળા પ્રકાશનો

ગોળો બની જાય, તેમાંથી અદ્ભુત ને આંજી નાખતા હજારો રંગોના લોઢ ઊછળવા માંડે, અને મનના અતલ ઊંડાણમાં છુપાઈ રહેલો અતિઝંખેલો આનંદ એકાએક હથેળીમાં આવી પડે ત્યારે કોઈ ગુસ્સે ન થાય; એક રળિયામણું રહસ્ય કોઈકની પાસે ખૂલી જાય તેથી ગુસ્સો તો ન જ આવે!

પણ સોના તેને કંઈક કહેવા આવી હતી. એ કહી દેવું એ જ તેનું લક્ષ્ય હતું. પૂર્વીને શું થયું, શાથી થયું એ તેના રસની વાત જ નહોતી. તેણે કહ્યું :

'તમને હું કંઈ સલાહ આપું તો તે વિચિત્ર લાગે, પણ સાચે જ, હું કોઈ વિચિત્ર વાત કહેવા નથી માગતી.' સહેજ થોભીને તેણે કહ્યું, 'મારામાં વિશ્વાસ મૂકી શકશો?'

પૂર્વીએ નજર તેના પર ઠેરવી, અને હોઠ પર જીભ ફેરવી.

'હું તમને એટલું જ કહેવા માગું છું,' સોનાએ આગળ કહ્યું, 'કે શ્યામ તમને ગમે તેટલો આગ્રહ કરે તો પણ, લગ્ન પછી તમારી કારકિર્દી છોડી દેવા સંમત થશો. કારણ કે, હું તેને ખૂબ પિછાણું છું—આખરે, તમારી એવી સંમતિ જ તેને માટે રસ ગુમાવી દેવાનું નિમિત્ત બની જશે.'

'મારી કારકિર્દી?' અચંબાભેર પૂર્વી બોલી ઊઠી. કઈ કારકિર્દીની વાત કરી રહી હતી સોના? પોતે તો અત્યારની ઘડી સુધી શ્યામની સેક્રેટરી જ છે! ને સેક્રેટરીના એ રૂપમાં જ તેણે પોતાની જાતને એટલી ઓગાળી નાખી છે, એટલી એકરૂપ કરી નાખી છે કે, હવે શ્યામ તેની સાથે લગ્ન કરવાની વાત કરે ત્યારે પણ બીજા કોઈ રૂપમાં તે પોતાની જાતને કલ્પી શકે તેમ નહોતી. સોનાની સામે જોતાં તેણે કહ્યું :

'પણ મને એ મને નથી સમજાતું કે'—

પણ તે બોલતી અટકી ગઈ, જાણે શું કહેવું હતું એ જ ભૂલી

ગઈ. મનમાં એક એવી અજનબી હેલી વરસી પડી હતી કે, મનમાં શું હતું એય પૂરું દેખાતું નહોતું ફરી પાછા એ જ શબ્દો હોઠે ચડી આવ્યા : 'મારી કારકિર્દી?

'હાસ્તો,' સોનાએ જવાબ આપ્યો, 'કેમ, તમને ખબર નથી કે, આજના શોમાં તમારી ભૂમિકા કેટલી લાજવાબ હતી! સફળતાના શિખરે પહોંચવા હવે કંઈ ઝાઝું ચડવું પડે તેમ નથી તમારે!' તેના અવાજમાં અભિનંદન અને પ્રશંસાનો સાચુકલો રણકો હતો. 'સાચું કહું છું એકલી મને જ નહિ. જોનાર સૌને તમારી એવી જ છાપ પડી છે. આવી શક્તિને ફોગટ ફેંકી ન દેવાય–શ્યામ કહે તો પણ. અને એક વાત બરાબર સમજી લેજો, શ્યામ માત્ર સફળતાનો જ આશક છે. જગતની બીજી કોઈ ચીજ તેને એટલો આકર્ષી શકતી નથી.'

'એક—એક મિનિટ થોભો, પ્લીઝ!' પૂર્વીના મનની અંદર ઊઘડી ગયેલા સ્વર્ગના વિશાળ દરવાજા એક ક્ષણમાં જાણે બીડાઈ ગયા. હજારો રંગો અને અસંખ્ય સૂરોની દિવ્યસૃષ્ટિ પળમાં ઓગળીને અદૃશ્ય થઈ ગઈ. એક અત્યંત ધારદાર, અસહ્ય વેદના છેક તળિયેથી શરૂ થઈને અંગેઅંગમાં ફરી વળતી રહી; અંગેઅંગને ચીરતી રહી.

છતાં સ્વસ્થતા ટકાવી રાખવાનો એક મરણિયો પ્રયાસ કરતાં તે બોલી, 'મને લાગે છે કે તમારી કંઈક ભૂલ થઈ છે. તમે મને મારી જોડિયા બહેન પ્રેમા માની લીધી છે.....જેને તમે સ્ટેજ પર જોઈ તે પ્રેમા હતી. અમે બન્ને જોડિયાં'—

'ઓહ!' સોનાના મોઢેથી આશ્ચર્ય અને આઘાતના ઉદ્ગાર ઉપરાઉપર નીકળી ગયા, 'ઓ, ભગવાન! અને ખરેખર ખૂબ જ ડઘાઈ ગઈ હોય તેમ બન્ને હાથની હથેળીઓ પોતાના ગાલ પર દબાવતી, આંખો ફાડીને તે પૂર્વી સામે તાકી રહી, હા, એ, ખરે-

ખર ? તમે ખરેખર આ સાચું કહો છો ?... કેવો ભયંકર છબરડો વાળી નાખ્યો મેં ! મને માફ કરજો. બીજાની વાતમાં માથું મારવાનું જ આ ફળ મળ્યું મને !...પણ કોઈને કદી કલ્પનાય ક્યાંથી આવે કે તમે બેય આટલી સરખી દેખાતી—'

'એવું નથી,' પૂર્વી બોલી, 'એટલી બધી સરખી અમે દેખાતી નથી.' સહેજ અટકીને માત્ર બોલવા ખાતર તે બોલી,' તમે પ્રેમાને હજી એક વાર જ જોઈ છે, અને તે પણ સ્ટેજ ઉપર !, અને થોડે દૂર કોઈની સાથે વાતો કરી રહેલી પ્રેમા સામે આંગળી ચીંધતાં ઉમેર્યું', 'એ ત્યાં ઊભી છે સામે.'

પહોળી આંખે સોના તે તરફ જોઈ રહી. પ્રેમાને નીરખી રહી અને બોલી, 'બરાબર છે. તમે બેય સરખાં છો. તમે ભલે કહો, બન્નેમાં નક્કર સરખાપણું છે.'

એક અજબ, અદ્ભુત, રોમાંચકારી સપનું આવીને એક પળમાં જ ટુકડે ટુકડા થઈ ગયાની વેદના—કેટલી વસમી વેદના ! પૂર્વીના અંતરમાં વેદનાની ઝેરી શૂળ પળે પળે ભોંકાઈ રહી હતી. ખૂબ જ અધીરાઈ અને આતુરતાપૂર્વક તે ઇચ્છતી હતી કે, સોના હવે ત્યાંથી જાય.

પણ સોના જુદું જ ઇચ્છતી હતી. પોતાના હાથે એક જબરો છબરડો વળી ગયો હતો. (એક જબરજસ્ત જફા કોઈને પહોંચી ચૂકી હતી તેની તેને ખબર નહોતી.) કોઈની એક ગુપ્ત વાત પોતે છતી કરી નાખી હતી. એ ભૂલને, બની શકે તો, જતાં જતાં તે સુધારી લેવા ઇચ્છતી હતી.

તેણે કહ્યું, 'આ છાની વાત મેં બહુ ખરાબ રીતે છતી કરી નાખી એવું તો નથી ને ? શ્યામે મને તે એવી રીતે જ કહ્યું હતું જાણે ફેસ્ટિવલ સંપૂર્ણ રીતે પૂરો ન થઈ જાય ત્યાં સુધી એ વાત કોઈને ય જણાવા દેવાની નહોતી !'

'તો પછી તમને શા માટે કહી ?' છંછેડાઈને પૂર્વીએ પૂછ્યું.

'મને લાગે છે કે તેથી તેનો ગર્વ તૂટી જવામાંથી ઉગરી જશે એમ તેને લાગ્યું હશે. અને એ સ્વાભાવિક છે. એ માટે તેને દોષ દઈ શકાય નહિ,' સોનાએ કહ્યું, 'એ વાત કહીને તે મને એમ બતાવવા માંગતો હશે કે તેણે મારો સંપૂર્ણ યોગ્ય વિકલ્પ શોધી લીધો છે. તેનું વલણ સમજી શકાય તેવું છે. જેવી રીતે તમારી બહેનનું વલણ પણ સમજી શકાય તેવું છે. આ ફેસ્ટિવલમાં તે પોતાની જ શક્તિ અને ગુણવત્તાના જોર પર સફળતા સિદ્ધ ન કરે ત્યાં સુધી શ્યામ સાથે તેના લગ્નની જાહેરાત ન કરવાનો તેનો આગ્રહ સમજી શકાય તેવો છે. કારણ કે, જો તેની સફળતા અને તેનું લગ્ન બન્નેની જાહેરાત એક સાથે થાય તો એવું બોલનાર ઘણાં લોકો નીકળી આવે કે, તેની સફળતા શ્યામે જ ઊભી કરી આપેલી હતી.'

'હં...' પૂર્વી સંમત થઈ.

'હું મારી ભૂલ બદલ ખરેખર શરમીંદી છું.'

'ડોન્ટ માઇન્ડ ઈટ,' પૂર્વીએ હળવાશથી કહેવા પ્રયાસ કર્યો. પણ ત્યારે જ છાતીમાં વેદનાનો એક તીણો સણકો આવ્યો, અને તે બોલી ગઈ, 'હું તમને એક સીધો સવાલ પૂછવા માગું છું. પૂછું ?'

'પૂછો.'

'શ્યામને તમે છેક છેલ્લી ઘડીએ છોડી દીધો ?'

'છેલ્લી ઘડીએ જ તેમ કરવું અનિવાર્ય બની ગયું તેથી,' સોના અચકાયા વગર બોલી, 'બરાબર એ વખતે જ મને ભાન થયું કે, ખરેખરો પ્રેમ તો મને ગૌતમ માટે હતો; શ્યામ સાથેના મારા સંબંધો એક રંગીન, પરવશ બનાવી મૂકનાર સિલસિલો જ હતો—પ્રેમ નહિ. અને તમને ખૂંચે નહિ તો, એમ પણ કહી શકું કે, માણસને માણસની હોય તેવી, પ્રેમમાં માણસને પ્રિયપાત્રની

હોય તેવી મારી તંગ જરૂરિયાત ગૌતમને હતી. બેશક, એવી જ જરૂરિયાત મને તેની હતી.' સહેજ થોભીને તે બોલી, 'એમ જ કહોને, અમે એક જ સંપૂર્ણનાં બે અડધિયાં હતાં.'

'તમારી એવી જરૂરિયાત શ્યામને પણ હતી એમ તમને નહોતું લાગ્યું?'

'ના. મૂળભૂત રીતે તો નહોતી જ. હું તેને મુગ્ધ કરી શકતી હતી, ખૂબ રીઝવી શકતી હતી. પણ ખરેખરી ઊંડાણભરી જરૂરિયાતનું તત્ત્વ તેમાં નહોતું. ચાલી જ ન શકે, હરગીઝ, હરગીઝ ચાલી ન શકે એવી મારી જરૂરિયાત શ્યામને હોવાની ખાતરી મને થતી નહોતી. ને એટલે જ તમારી બહેનને પેલી સલાહ આપવી જરૂરી છે. તે પણ સુંદર છે. શ્યામને મુગ્ધ કરી શકે ને રીઝવી શકે તેવી છે. પણ શું કોઈ સ્ત્રી માટે એટલું પૂરતું છે? ...મને લાગે છે કે કેટલીક સ્ત્રીઓ માટે તો તે પૂરતું નથી હોતું. હું એવી સ્ત્રી છું. સદ્ભાગ્યે, એ મેં સમયસર જ જાણી લીધું અને પછી, બધા સવાલના જવાબ રૂપે ગૌતમ હાજર હતો!'

જે નિખાલસતાપૂર્વક અને નિર્દંભ રીતે સોના પોતાના વિષે બધું જ બોલી ગઈ તેની પ્રશંસા કર્યા વિના રહી ન શકાય—પૂર્વીને લાગ્યું. પ્રશંસાભેર તે તેની સામે જોઈ રહી. સોના તેની સામે હતી અને તેનો હાથ દબાવીને ચાલતી થઈ.

એવું કેમ થતું હશે? કોઈ જ નક્કર, આધારભૂત કારણ વિના, સહેજ અમસ્તી વાતથી સરસરાટ સોળે કળાએ ખીલી ઊઠવું, રોમ-રોમ ગજબ મધુરપનું ઝીણું જંતર બજી ઊઠવું, હરખના ઊછળતા ઓઘમાં મીઠું મીઠું ગૂંગળાઈ જવું, અને બીજી ક્ષણે, સહેજ અમસ્તી વાતથી હૈયે ચીરાઈ જવું, લોહીલુહાણ થઈ જવું. ને વેદનાથી તરફડી ઊઠવું— પ્રેમમાં એવું કેમ થઈ જતું હશે?

પૂર્વીની લાગણીઓ જાણે બેહોશ થઈને ઢળી પડી હતી. હૃદય વેદનાથી કણસતું હતું. કંઈ જ, કંઈ જ હવે ગમતું નહોતું. તેણે

પોતાના નવા પોશાક સામે જોયું. તેના લાવણ્યને અજબ નિખાર આપતો એ પોષાક જ હવે ચીંથરા જેવો લાગતો હતો. આંખને ઠારે તેવો તેનો રંગ એકાએક જાણે ઊડી ગયો હતો. પૂર્વીને તેમાં ઊડી ગયેલા રંગનાં ઝાંખાં બેહૂદાં ધાબાં દેખાવા લાગ્યાં.

મન તદ્દન ક્ષુબ્ધ થઈ ચૂક્યું હતું. ક્યાંય લાગે તે હવે શક્ય નહોતું. હવે સૌની સાથે તેનું સન્માન થાય તો પણ, જે ભયાનક અવમાન થઈ ચૂક્યું હતું, તેમાં કંઈ ફરક પડી શકે તેમ નહોતો. જહન્નમમાં જાય એ સન્માન!

હવે એક જ ઇચ્છા હતી. પોતે કોઈની નજરે ન ચડે, કોઈ પોતાની નજરે ન ચડે. એવા કોઈક દૂરના ખૂણે જઈને બેસી જવાની, ઊંધમૂંધ બેસી જ રહેવાની.

પ્રેક્ષાગાર છોડીને તે બહારની નીકળી ગઈ. સ્ટેજના પાછલા દરવાજેથી અંદર દાખલ થઈ ગઈ. અને છેવાડે એક ખૂણામાં પડેલા સોફામાં બેસી ગઈ.

મનમાં હજી કંઈક બળતું હતું. મન એકધારું ચચરતું હતું. ઊંધું ઘાલીને તે બેસી રહી. સ્ટેજ પર ઓરકેસ્ટ્રાએ સૂરો છેડવા માંડયાં હતા. દૂર દૂરથી આવતો હોય તેવો સંગીતનો એ અવાજ અનાયાસ તેના કાનમાં પ્રવેશતો રહ્યો, અંતરમાં ઊતરતો રહ્યો. સમય વીતતો રહ્યો. ધીરે ધીરે દર્દ ઓછું થતું ગયું. મન હોશમાં આવતું ગયું.

અને એકાએક શ્યામનો મોટો અવાજ તેના કાનમાં પેસી ગયો! 'લો, તું અહીં બેસી રહી છે? માયા ગોડ! કેટલી શોધી તને! આજે કેમ ઓખાના પાત્રમાં આવી ગઈ છે? આમ એકદંડિયા મહેલમાં પુરાઈ બેઠી છે? બીજાનો કંઈ વિચાર જ નહિ કરવાનો?'

પૂર્વીએ તેની સામે જોયું—લુખ્ખી નજરે તે બોલી, 'ઓખાના પાત્રમાં જ રહેવાનું છે ને હવે તો! એટલે થયું કે કોઈ એક-

દંડિયો મહેલ જેટલો વહેલો શોધી લઉં એટલું વધારે સારું.' અને પરાણે સ્મિત કરતાં પૂછ્યું, 'આ બધું ક્યાં સુધી ચાલવાનું છે ?'

'હવે બહુ વાર નહિ લાગે. સમારંભ શરૂ થઈ જ રહ્યો છે,' કહેતો શ્યામ વધારે નજીક આવ્યો અને બન્ને હાથનો ટેકો દઈ સોફા પર ઝૂકતાં પૂછ્યું, 'બહુ થાકી ગઈ, ડાર્લિંગ ?'

'ડાર્લિંગ !'...એ લાખેણો શબ્દ આજે અનેક મુખે અનેક વાર ચવાઈ ચૂક્યો હતો. સૌ કોઈ વાતવાતમાં સૌ કોઈને એ શબ્દથી જ નવાજતા હતા. પચાસેક વખત તો તેણે પોતાને માટે ય એ શબ્દ વપરાતો સાંભળ્યો હતો. ખુશાલીની અભિવ્યક્તિથી વધારે એ શબ્દનો કંઈ અર્થ રહ્યો નહોતો. પણ શ્યામે જરા જુદા અવાજે એ શબ્દ ઉચ્ચાર્યો, કોઈક ખાસ અર્થ તેમાં ભેળવીને ઉચ્ચાર્યો; પણ એટલે જ એ શબ્દ તેના કાળજે જઈને વાગ્યો. તે સમસમી ગઈ, ધૂંધવાઈ ઊઠી; હવે તેને પૂરેપૂરી ખબર હતી કે તેને 'ડાર્લિંગ' કહીને છળ કરી રહેલો શ્યામ પ્રેમાનો હતો.

ક્રોધની એક કંપારી તેના શરીરમાં ફરી વળી. તે બોલી, 'હા, થાકી ગઈ છું. (સારાસર જૂઠા ખાલી દેખાડાથી હસતો !) પણ તમે જ એક વાર કહ્યું'તું ને કે, હું દેખાઉં છું તેના કરતાં વધારે કઠણ છું ?...સહન કરી લઈશ !'

'ગુડહેવન્સ ! મેં એવું પણ કહ્યું'તું ? તને ? કોઈ કોઈ વાર હું કેટલો અસહ્ય બની જાઉં છું !...પણ તારે એ વખતે મારા મોં પર તમાચો જ મારી દેવો જોઈતો હતો !' તેની સામે જોતાં થોડી વાર થોભીને તેણે આગળ કહ્યું, 'તેને બદલે તેં તેને અંદર ઉતારી લઈ; મનમાં સંઘર્યું, નહિ ?...એ તો ઊલટું વધારે ખતરનાક !'

'તમારે કહેવાનું શું છે ? હું સમજતી નથી.'

'મારી પણ એ જ મુશ્કેલી છે. હું પણ સમજતો નથી.' કહીને હસી પડતાં તે એકદમ આગળ આવી ગયો અને સોફામાં

પૂર્વીની લગોલગ બેસતાં બોલ્યો, 'ક્યારેક કોઈના વિષે કંઈ રિમાર્ક કરી લેવી, કે કોઈના વિષે અંદાજ બાંધી લેવો સહેલો છે, પૂર્વી, પણ તારો અંદાજ બાંધવો અઘરો છે.'

'તમે કલ્પનાઓ ખૂબ કરી શકો છો !'

'પણ સાંજે શો પૂરો થયા પછી સ્ટેજ પાછળ આપણું જે બની ગયું તેની કલ્પના તો મેં પણ કરી નહોતી, ખરેખર.' અને પછી તેનું આગવું મોહક સ્મિત રેલાવતો તે પૂર્વી સામે જોઈ રહ્યો. એવી અજબ રીતે જોઈ રહ્યો કે, એકાદ કલાક પહેલાં એમ જોયું હોત તો પૂર્વીના દિલમાં લાગણીઓનું એક તોફાન જાગી ઊઠ્યું હોત; વિહ્વળ અને વિવશ બનીને દોટ મૂકી હોત તેનામાં સમાઈ જવા.

પણ અત્યારે તો તેનામાં ક્રોધ જ જાગ્યો, અણગમો અને તિરસ્કાર ભભુક્યા. અને તે સદંતર ચૂપ રહી—તેની અને તેની વાતની બન્નેની ઉપેક્ષા કરી.

વધારે નજીક ઝૂકતાં શ્યામ ભાવપૂર્ણ અવાજે બોલ્યો, 'પૂર્વી...' એ સંબોધનમાં અર્ધી પૃચ્છા હતી, અર્ધી તેને મનાવી લેવાની તાલાવેલી હતી.

પણ પૂર્વીને એક ખતરનાક ઝાંઝ ચડી ગઈ હતી. એકદમ તે છણકાઈ ઊઠી, 'બસ, બસ ! એવી રીતે ફરી વાર એવી રીતે મને કદી ન બોલાવશો !'

અને ઝટકા સાથે તે ઊભી થઈ ગઈ. તેની સાથે જ શ્યામ પણ ઊભો થઈ ગયો; અને તેનું બાવડું પકડી હળવા ઝટકા સાથે તેનું મોં પોતાની તરફ ફેરવી નાખ્યું. તેની સાથે નજર મેળવ્યા વિના જ પૂર્વી ચૂપ ઊભી રહી.

'શું કરી રહી છે આ ? આવા છણકાનું કારણ ?'—હજી તે હસતો હસતો કહી રહ્યો હતો. આંખોમાં નવી જ ચમક આવી

ગઈ હતી, 'સાંજે સ્ટેજ પાછળ તેં મને ચુંબન કર્યું ત્યારે–'

'ઓહ! ભગવાનને ખાતર બંધ કરો એ વાત!' જે ભારોભાર તિરસ્કાર અને અણગમો લઈને એ શબ્દો આવ્યા તે ખુદ તેની યે કલ્પના બહારનું હતું–તે ખુદ પણ માની ન શકે કે એવી રીતે તે કદી બોલી શકે–શ્યામની સામે! તે આગળ બોલી, સોનાએ તમને જે કડવો બોધપાઠ આપ્યો, કે...કે પ્રેમા...તેનો ભોગ મને શા માટે બનાવો છો?'

· અને જાણે ધગધગતો સળિયો હાથમાં પકડાઈ ગયો હોય તેમ એક તીવ્ર ઝટકા સાથે શ્યામે તેનું બાવડું છોડી દીધું. પૂર્વીએ જોયું, તેનો ચહેરો એકાએક સફેદ પૂણી જેવો બની ગયો હતો– બીક લાગે તેવો!

'આઈ એમ સોરી,' એક વાર પૂર્વી સામે જોઈને નજર ઢાળી દેતાં તે બોલ્યો. એટલો કઠોર, એટલો ઠંડો ને ભાવહીન અવાજ પૂર્વીએ પહેલાં ક્યારેય સાંભળ્યો નહોતો. 'મને એ ભાન જ નહોતું કે તું તેને આવી રીતે સમજી છે. હવે–હવે ફરી વાર એવું નહિ બને.'

ઝટકા સાથે પીઠ ફેરવી અને તે ચાલ્યો ગયો.

બે–ત્રણ–ચાર મિનિટો વીતી ગઈ. પૂતળાની જેમ પૂર્વી ત્યાં જ ચોંટી ગઈ. આંખો નીચી; અંદર–બહાર એક બોજલ સન્નાટો ફરી વળ્યો.

હવે? હવે એ અશક્ય હતું કે પોતે એક જ મકાનમાં શ્યામ સાથે ઘડીભર પણ રહી શકે? અશક્ય હતું કે હવે તે શ્યામની સેક્રેટરી તરીકે ઘડીભર પણ ચાલુ રહી શકે...હવે એક હૃદયવિદારક જાણ તેને થઈ ગઈ હતી–શ્યામ છૂપી રીતે પ્રેમા સાથે જોડાઈ ગયો હતો! અને છતાં પોતાની સાથે પ્રેમની આવી પ્રપંચભરી ચેષ્ટાઓ પણ કરી શકતો હતો!

અશક્ય હતું! અસહ્ય હતું!...

[૧૬]

ઘેનની દવાની અસર પૂરેપૂરી ઊતરી ન હોય તેવી ભારે ભારે આંખો અને ધીમાં અસ્થિર ડગલાં માંડતી પૂર્વી સ્ટેજના પાછળના બારણા તરફ ચાલવા ગઈ; પણ ત્યાં જ બારણામાંથી હેમંત દેસાઈ અંદર આવતા દેખાયા. તેમનાં પગલાંમાં ઉતાવળ હતી, મુખ પર આછી અધીરાઈ હતી. પૂર્વીને જોતાં તે બોલી ઊઠચા:

'લે, તું છેક અહીં છે, પૂર્વી? બીજે બધે જ તને શોધી વળ્યો—'

'મને? કેમ?' માથું ઊંચું કરી તેમની સામે જોતાં પૂર્વીએ પૂછ્યું. અવાજ નબળો હતો.

એક ક્ષણ બરાબર તેની સામે તાકી રહીને હેમંત દેસાઈએ પૂછ્યું: 'મને તું નબળી કેમ દેખાય છે? કંઈ થયું છે?'

'જી—તબિયત જરા બગડી છે.'

'એ તો નહિ ચાલે,' હેમંત દેસાઈએ કહ્યું, 'તબિયત તારે સુધારી લેવી પડશે.' અધીં એક પળ થોભીને પૂર્વીના મુખ સામે સચિંતભાવે જોતાં તેમણે કહ્યું: 'તને એક અગત્યની વાત કહેવાની છે— હમણાં જ. સાંજે મારા રૂમમાં એક બહુ જ મોટી ભયજનક બાબત બની ગઈ એ તો તેં જોયું'તું ને?'

'ભયજનક બાબત? એ કઈ?' પૂર્વીના પીડાતા હૃદયમાં–ઘડીભર પીડાને ભુલાવી દેતી– એક નવી ઉત્કંઠા જન્મી.

'ઓફ કોર્સ!' પૂર્વીની નબળી ગ્રહણ શક્તિથી જરા અધીરા થઈ જતા હોય તેમ હેમંત દેસાઈ બોલ્યા: 'સાંજે સુચિત્રા જે એકડાઈપૂર્વક રૂમમાંથી ચાલી ગઈ એ તારા ધ્યાનમાં આવ્યું જ

નથી? અને એ કરતાંય વધારે તો જતાં જતાં તેણે જે શબ્દો કહ્યા તેનો મર્મ તને ન સમજાયો? યાદ કર જતાં જતાં તે એમ કહેતી ગઈ કે, આખા ફેસ્ટિવલમાં જે જોવાનું હતું એ બધું તેણે જોઈ લીધું છે– ખુદ તેનો પોતાનો ગઝલોનો કાર્યક્રમ પણ!' વાત પૂર્વીના મનમાં ઊતરે તે માટે ઘડીક થોભીને તેમણે કહ્યું, 'તેના એ શબ્દોમાં ભયની ઘંટડી સંભળાતી નહોતી?'

'પણ,' ઘડીક પહેલાંની મનની મૂર્છિત દશા જાણે પશ્ચાદ્ભૂમાં સરકી જતી હોય તેમ પૂર્વીને હેમંત દેસાઈની આ ચોંકાવી દેતી વાતમાં રસ પડવા લાગ્યો, 'પણ દેસાઈજી, તે માત્ર આવેશમાં એવું બોલી ગઈ હોય– ખરેખર એમ કહેવા માગતી ન હોય—'

'શક્ય છે,' હેમંત દેસાઈએ કહ્યું, 'તું કહે છે એ શક્ય છે. પણ તેમ છતાં, બહુ આછી પણ, એવી એ શક્યતા છે કે તે ગર્ભિત ધમકી તેણે ગંભીરતાપૂર્વક પણ ઉચ્ચારી હોય. ને એવું હોય તો એ જોખમ સામે અગમચેતી ન રાખવી એ મૂર્ખતા સાબિત થાય.'

હેમંત દેસાઈ નિર્દેશતા હતા તેવી એક દહેશત પૂર્વીના દિલમાં પણ સ્પષ્ટ થવા લાગી. ઠંડા હિમ જેવા ગાલ પર તેણે બેય હાથની આંગળીઓ દબાવી. પણ આંગળીઓ ગાલ કરતાંય વધારે ઠંડી હતી.

હેમંત દેસાઈ આગળ બોલ્યા, 'કંઈ અજુગતું બનવાની કોઈ નક્કર શક્યતા અત્યારે દેખાતી નથી– બરાબર છે, પણ આપણે સાવ નચિંત રહી શકીએ તેમ પણ નથી. સુચિત્રાનો કોઈ વિકલ્પ તૈયાર રાખવો તે– ભલે બહુ દૂરથી, બહુ ઝાંખી– એક આવશ્યકતા તો ગણાય.'

'માફ કરજો, દેસાઈજી,' બની શકે તેટલા વિનયપૂર્વક પૂર્વીએ કહ્યું, 'પણ તેમાં હું શું કરી શકું? અત્યારે તો હું આપને કોઈ રીતે મદદરૂપ થઈ શકું તેમ—'

'અત્યારે નહિ,' હેમંત દેસાઈ વચ્ચે જ બોલી ઊઠ્યા, 'પણ તારે મદદગાર તો બનવાનું છે. કાલે સવારે મારા રૂમમાં હું તારી રાહ જોઈશ.'

'મારી રાહ?' આશ્ચર્યનો અણધાર્યો ચાબુક વાગ્યો હોય તેમ ચમકીને પૂર્વી બોલી ઊઠી, 'મારી રાહ શા માટે?'

'ગઝલની ગાયકીમાં ખરાખરીના ખેલ જેવી બે–ચાર જગ્યાઓ હોય છે, જાણે છે ને?' હેમંત દેસાઈએ કહ્યું, 'એ બધી જગ્યાએથી હું તને ફરી ફરીને પસાર કરવા માગું છું. હું એ વાતની આખરી ચોકસાઈ કરી લેવા માગું છું કે, જે થોડો સમય હાથમાં છે તે સમયમાં તારા વડે હું શું અને કેટલું નિપજાવી શકું તેમ છું.'

સખત સ્તબ્ધતાની એક ભારે ક્ષણ પૂર્વીના સમગ્ર અસ્તિત્વ પર જાણે ભીંસાઈ રહી. હોઠ પર જીભ ફેરવતી, ગળા નીચે ફરી ફરીને કંઈક ઉતારતી, આંખો પટપટાવીને તે હેમંત દેસાઈ સામે જોઈ રહી. પછી બોલી :

'આપ—આપ એમ કહેવા માગો છો કે, સુચિત્રા છેક છેલ્લી ઘડીએ કાર્યક્રમ આપવાનો ઇન્કાર કરી દેશે? અને...એવું બને તો તેનું સ્થાન હું—'

'લગભગ એવું, પૂર્વી,' હેમંત દેસાઈએ કહ્યું, 'અલબત્ત, અત્યારે તો તે એક વિચાર જ ગણાય.'

'પણ હું તો—હું તો સપનામાંય એવો વિચાર શી રીતે કરી શકું, દેસાઈજી? જિંદગીમાં કદી મેં વ્યવસાયી ગાયિકા તરીકે કોઈ સામાન્ય મંચ પર પગ પણ મૂક્યો નથી. ત્યારે આટલા જબરજસ્ત ફેસ્ટિવલમાં મને મૂકવાનો વિચાર પણ આપ શી રીતે કરી શકો, અને તે પણ સુચિત્રા જેવી મહાન ગાયિકાના વિકલ્પ તરીકે?'

'ના, વિકલ્પ તરીકે નહિ,' હેમંત દેસાઈએ કહ્યું,' પ્રામા-

ણિકપણે કહીએ તો સુચિત્રાનો કોઈ વિકલ્પ નથી. પણ પરિસ્થિતિની બીજી માંગ એ પણ છે કે, રખેને તે છેલ્લી ઘડીએ ફરી બેસે તો તે ખાલી પડનાર જગ્યા કશાકથી તો આપણે પૂરવી જ પડશે. ને ત્યારે હું તને એક તદ્દન નવી જ શોધ તરીકે રજૂ કરી દઈશ. એવા સંજોગોમાં એ માર્ગ જ શ્રેષ્ઠ બની રહે. લોકોને જેટલો રસ સ્થાપિત અને લબ્ધપ્રતિષ્ઠ કલાકારોમાં હોય તેટલો જ રસ નવી સનસનાટીમાં પણ હોય છે. તું સુચિત્રાના વિકલ્પરૂપે નહિ, એક નવી સનસનાટી રૂપે આવશે !'

'પણ—પણ સનસનાટી બની શકું એવું મારામાં કંઈ—'

'તારામાં જે કંઈ છે તેને સનસનાટી બનાવી દેવાનું કામ મારું છે, પૂર્વી. જોકે હું શું કરી શકીશ, કેટલું કરી શકીશ એ તો મારે પણ હજી જોવાનું રહે છે. પણ ગમે તેમ, એ બધું તું મારા પર છોડી દે. તારી મૂળ ધાતુ ઊંચી કિંમતની છે–એટલે કે તારો કંઠ. જોકે બહારથી દેખાતી તારી નરમાશ અને અંદર ધગધગતા એક આતશ વચ્ચે મોટો વિરોધાભાસ તો છે. પણ '—

'આતશ ? મારામાં કોઈ આતશ આપે વળી ક્યારે જોયો ?'

'છોડ, એ બધી વાત જવા દે, પૂર્વી,' હેમંત દેસાઈએ કહ્યું, 'એવી ચીજો જોવાનો ને પારખવાનો મારો ધંધો છે. તને તે સમજાવી ન શકાય. કલાકારની અસલિયત બતાવી આપનાર કેટલીક અફર બાબતો હોય છે. ને તેના પરથી હું અસલિયત ન પારખી શકું તો આ ધંધામાં રહેવાનો કોઈ અર્થ જ નથી. મેં તને એકથી વધારે વાર ગાતી સાંભળેલી છે. અને તેટલા ઉપરથી હું એમ કહી શકું છું કે તારી અંદર કલાકારનો એ દિવ્ય આતશ પ્રજ્વળે છે જે તને એક નોંધપાત્ર કલાકાર બનાવી શકે !'

સહેજ થોભીને, ભવાં અદ્ધર ખેંચતાં ગંભીર અવાજે તેમણે આગળ કહ્યું, 'મને જો પૂરતો સમય મળી જાય તો બતાવું કે તું

ખુદ એક જબરજસ્ત સનસનાટી બની શકે તેમ છે. પણ અત્યારે સમય જ આપણી પાસે નથી. એટલે હવે મારે આધાર રહે છે માત્ર કુનેહનો ને કાબેલિયતનો. તે બન્ને પણ મારી પાસે છે– ફિકર નહિ... તો કાલે સવારે હું તારી રાહ જોઈશ બરાબર— ?'

'ના, પ્લીઝ, હું નહિ આવી શકું !'

'તું નહિ આવી શકે ?' ભવાં આશ્ચર્યથી અદ્ધર ખેંચતાં હેમંત દેસાઈએ પૂછ્યું, 'વૉટ ડુ યુ મીન— '

'કાલે,' અચકાતા અવાજે પૂર્વીએ કહ્યું, 'કાલે સવારે જ હું ચાલી જવાની છું અહીંથી !'

'ધૅટ્સ રીડીક્યુલસ !' એકદમ ઉશ્કેરાઈ જતાં હેમંત દેસાઈ બોલી ઊઠ્યા, 'તું નહિ જઈ શકે ! ન જ જઈ શકે તું ! જ્યારે તારી આટલી બધી જરૂર મારે હોય ત્યારે જ તું ચાલી જાય–હેં ?' ઘડીક ચૂપ રહીને પૂર્વીની ઢળેલી આંખો સામે જોતાં તેમણે પૂછ્યું, 'એટલું ખરાબ શું બન્યું છે, પૂર્વી ? શ્યામ સાથે લડાઈ ?'

પૂર્વીએ ઊંચું ન જોયું. નીચેનો હોઠ દાંત વચ્ચે દબાવ્યો. સમજી જવા માટે એટલું પૂરતું હોય તેમ હેમંત દેસાઈ બોલ્યા, 'એવા પ્રસંગો પર કાબૂ લઈ લેતાં શીખવું જરૂરી હોય છે, હારી જવું નહિ. કારણ કે, એવા પ્રસંગોનું મહત્ત્વ આખરે તો કંઈ જ નથી હોતું. મહત્ત્વની ચીજ તો— '

'આપ શી રીતે કહી શકો દેસાઈજી, કે એ બાબતોનું કોઈ મહત્ત્વ જ નથી હોતું ?' કોણ જાણે કેમ પૂર્વી એકાએક અકળાઈ ગઈ, ઊકળી ઊઠી, 'એ બાબતોનું જ જો જીવનમાં મહત્ત્વ ન હોય તો પછી બીજી કઈ બાબત મહત્ત્વની રહે છે ? ગઝલના જલસા ? ...અને તેમાં પણ હું ઊણી ઊતરી તો ખુદ આપને કેટલું નુકસાન થાય એ વિચાર્યું છે આપે ?'

'એવું નથી, પૂર્વી. મારા આગ્રહમાં માત્ર ગઝલના જલસા જ મહત્ત્વની ચીજ નથી,' હેમંત દેસાઈએ ભારે પણ સ્પષ્ટ

અવાજે કહ્યું, ‘ જલસા ઉપરાંત પણ બીજું અગત્યનું કંઈક તેમાં સંડોવાયેલું છે. તને એ સમજાવવું પડશે ?’

પૂર્વીએ એક વાર તેમની સામે જોયું અને નીચું જોઈ ગઈ. માથું હલાવીને હા કહી.

‘ એ કહીને સમજાવવું પડે તે મને ગમતી બાબત નથી જ,’ ગંભીર સ્મિત કરતાં હેમંત દેસાઈએ કહ્યું, ‘ પણ ખેર, તેં તેને જ અનિવાર્ય બનાવી દીધું છે તો ભલે.’ યોગ્ય શબ્દો શોધતા હોય, શબ્દોને મનમાં ગોઠવતા હોય તેમ ક્ષણેક વાર ચૂપ રહીને તે બોલ્યા, ‘ સાંજે સુચિત્રા અમારા રૂમમાં આવી ત્યારે તેણે મારી અને રોહિણીની વચ્ચે એક કડવાશ મૂકવા સખત પ્રયાસ કર્યો હતો—તેં જોયું ’તું તે ? અમારો ભૂતકાળ તેના લાભમાં ઊતરી શકે તેમ હતો. અમારો ભૂતકાળ એટલેતેના અને મારા સહિયારા વિજય ઉપર વિજય. એકએક વિજય પ્રચંડ; અને એક એક વિજય સાથે અમારાં નામ અવિભાજ્ય રીતે જોડાયેલાં. લંડનમાં અમે ભજવેલા ‘ઓથેલો’નો ઉલ્લેખ તેણે બદઈરાદાપૂર્વક જ કર્યો હતો કારણ કે એ નાટકમાં તેણે હિરોઈનનું જે પાત્ર ભજવ્યું હતું તે રોહિણીના જીવનનું સૌથી યાદગાર પાત્ર હતું. એ પાત્રે જ મને રોહિણીની આટલો નજીક લાવી મૂક્યો. એ પાત્રને પોતે પણ એટલું જ ચાહે છે એવો આડકતરો ઉલ્લેખ કરીને તે રોહિણીના મનમાં ભય પેદા કરવા માગતી હતી.

‘હા,’ પૂર્વી ગણગણી, ‘ રોહિણીબહેનને ત્યારે એવું જ કંઈક લાગ્યું હતું, મને યાદ છે.’

ગરવાઈભર્યું હસી પડતાં હેમંત દેસાઈએ કહ્યું, ‘ રોહિણીએ એવો ભય પામવાની જરૂર જ નથી. તેના સુખને સુરક્ષિત રાખવા માટે હું માત્ર સુચિત્રાનો જ નહિ, બીજા કોઈનો પણ ભોગ આપી દેવા તૈયાર હોઉં છું.’

આટલી નિખાલસતા, આટલી આત્મીયતાપૂર્વક, આટલી અંગત વાતો હેમંત દેસાઈ તેને કહી રહ્યા હતા ! ‘ કલાજગતના સૌથી અક્કડ આદમી તરીકે મશહૂર હેમંત દેસાઈ, તેમનું દિલ આટલું બધું ખોલી રહ્યા હતા — તેની પાસે ? આનંદ અને આશ્ચર્યની સામટી છોળોએ પૂર્વીને એકાદ કલાક પહેલાંના ભૂતકાળથી પણ અલગ પાડી દીધી.

હેમંત દેસાઈ આગળ બોલ્યા, ‘ પણ રોહિણી સ્વભાવે જરા ઢીલી છે, ડરપોક છે. સુચિત્રાના ગણતરીપૂર્વકના અભિનય અને સંવાદોની અસરમાં તે આવી જશે એવી દહેશત મને લાગી; અને એટલે જ મારે સુચિત્રાના ઉત્સાહને એક ઝટકે કાપી નાખવો પડ્યો.’

‘ આપે બહુ અસરકારક રીતે એ કરી બતાવ્યું.’

‘હા,’ હેમંત દેસાઈએ કહ્યું, ‘ હવે સમજ. સુચિત્રા મને વળતો ફટકો મારવા તો છેક છેલ્લી ઘડીએ તેનો કાર્યક્રમ રદ કરીને મને અત્યંત કઢંગી સ્થિતિમાં મૂકી દે. તેથી તે એક કાંકરે બે પક્ષી મારી શકે—મારું માથું નીચું નમાવી શકે અને રોહિણીને બરાબર બતાવી આપી શકે કે હજી આજે પણ મારે માટે તેનું મહત્ત્વ રોહિણી કરતાં ઊંચું છે જ.’ વાત પૂર્વીને સમજાય તે માટે સમય આપતા હોય તેમ થોડી વાર અટકીને પછી બોલ્યા, ‘ તેની સામે, જો હું તેને બતાવી આપી શકું કે હું તેના પર રજમાત્ર પણ આધારિત નથી—કલાક્ષેત્રે કે અંગત જીવનમાં—તો તેને એવો બોધપાઠ મળી જાય કે, એ હથિયારનો ઉપયોગ ફરી વાર કરવાની તે કદીયે હિંમત ન કરે.’

પરિસ્થિતિના એકેએક પાસાને એટલી સ્પષ્ટ રીતે, એટલી અસરકારક રીતે હેમંત દેસાઈએ પૂર્વીની સામે ધરી બતાવ્યું કે તેની દલીલશક્તિ નિ:શસ્ત્ર થઈ ગઈ. એક વિચિત્ર, કઠણ મનોસ્થિતિમાં તે મુકાઈ ગઈ. દેસાઈજીની વાત સામે દલીલ કરવી—આનાકાની કરવી એ હવે બાલિશતા હતી, તો તેમની માગણી સાથે સંમત

થવું એ તેની હિંમત બહારની વાત હતી. મૂંઝવણમાં તે ચૂપ બેસી રહી. એકાદ મિનિટ એમ વીતી ગઈ.

પછી હેમંત દેસાઈ બોલ્યા. અવાજનો રણકો ખૂબ બદલાઈ ગયેલો હતો : 'પૂર્વી, અત્યારની આ ઘડી મારે માટે કટોકટીની ઘડી છે. અત્યારની ઘડીએ મને તારી અનિવાર્ય જરૂર છે. મારી માગણી સ્વીકારી જ લે. મારા એકલાને ખાતર મેં તારી પાસે કંઈ માંગ્યું ન હોત, અત્યારે હું રોહિણીને ખાતર પણ તારી પાસે આ માગું છું.'

* * *

પળ, બે પળ, ચાર પળ પૂર્વી ભાવુકતાપૂર્વક હેમંત દેસાઈના મુખ સામે તાકી રહી. ગરમ, ગરમ આગને સાવ પાસે લાવી દેવામાં આવે અને ઘી પીગળવા લાગે તેમ પૂર્વીના દિલમાં કંઈક પીગળવા લાગ્યું હતું. એક વિરાટ પ્રતિભાસંપન્ન કલાસ્વામી, હેમંત દેસાઈ, તેની પાસે મદદ માગી રહ્યા હતા, માત્ર તેમની જ નહિ રોહિણીની દુહાઈ દઈ રહ્યા હતા. તેમને ના કહેવી, અરે, જરા આનાકાની કરવી પણ અશક્ય હતી; તે જે માગે તે તત્ક્ષણ હાજર કરવું એ જ કર્તવ્ય હતું, એ જ સ્વાભાવિક હતું, શાણપણભર્યું હતું.

પૂર્વીની નજર સામે રોહિણીનો માસુમ ચહેરો તરી રહ્યો. સુચિત્રાએ જે ઝેરભરી યાદ તાજી કરવા પ્રયાસ કર્યો હતો તેનાથી રોહિણીના શરીરમાં ફરી વળેલી ધ્રુજારી યાદ આવી ગઈ. સુચિત્રાનો ઘમંડથી લેપાયેલો તોરભર્યો ચહેરો યાદ આવી ગયો...બસ, આ ક્ષણે જ તેણે હા કહી દેવી જોઈએ. હેમંત દેસાઈ અને રોહિણી બન્નેને આમ જબરજસ્ત મદદ કરી છૂટવાની તક કુદરત જ તેની સામે ધરી રહી હતી. તે ચૂકી જવી એ માત્ર મૂર્ખતા જ ગણાય—મહામૂર્ખતા.

પણ...પોતે એ બધું કરી શકશે ? હેમંત દેસાઈ તો કહે છે. પણ તે તો કહે જ. આવી પડનાર સંભવિત કટોકટીથી તે કદાચ ગભરાઈ ઊઠ્યા હોય, ઉત્તેજિત થઈ ગયા હોય—બનવાજોગ છે. એટલે તે તો એમ કહે જ. પણ પોતે એ ખાલી પડનાર જગ્યા પૂરી શકે ? સુચિત્રા શોધન જેવી નંબર વન ગાયિકા—અભિનેત્રીની જગ્યા ? અશક્ય. તેટલી ઊંચાઈને તે ન આંબી શકે. ફિયાસ્કો જ થઈ જાય તો ?

અચકાતાં અચકાતાં તેણે કહ્યું, 'દેસાઈજી, આપની માગણી મારે મન તો આજ્ઞા જ છે. ને તે મારે ઉઠાવવી જ જોઈએ તે હું સમજું પણ છું. છતાં...મારા કરતાં કોઈ વધારે લાયક કલાકાર આપના ધ્યાનમાં નથી ?

'છે,' સ્મિત કરતાં હેમંત દેસાઈએ કહ્યું, 'ઘણા છે, પૂર્વી. પણ એ બધા તેમની કારકિર્દી અને પ્રસિદ્ધિમાં ખાસ્સી ઊંચાઈ પ્રાપ્ત કરી ચૂકેલા છે ને એટલે જ આ કામ તેમની પાસેથી લઈ શકાય નહિ. માની લો કે, એવા કોઈ કલાકારને હું આ કામ માટે તૈયાર કરી લઉં, અને પછી આપણે ધારી છે એવી કટોકટી પેદા થાય જ નહિ, સુચિત્રા તેનો કાર્યક્રમ રદ કરે જ નહિ. તો ? તો પેલા કલાકારને કઈ રીતે ખસેડી શકાય ? તેને ખસી જવાનું કહેવું એ જ એક જોખમ બની જાય. તેને માટે તો તે તેના અપમાન, અને અભિમાનનો પણ, પ્રશ્ન બની જાય. ને આખરે તો મારો એક નવો દુશ્મન ઊભો થાય.' વાત પૂર્વીના મનમાં ઊતરે તે માટે સમય આપતા તે ઘડી વાર થંભ્યા અને પછી આગળ બોલ્યા :

'આ કામ માટે તો તું જ લાયક છે. બધી રીતે—તું આ ક્ષેત્રમાં તદ્દન નવી છે, અજાણી છે. એટલે તને લેવામાં બન્ને રીતે

લાભ છે. જો તને મંચ પર મૂકવાનું જ બને તો તું એક નવી, સનસનાટી ફેલાવનાર શોધ બની જાય; અને ખસેડી લેવી પડે તો મારે માટે કોઈ સમસ્યા પેદા ન થાય. સમજાય છે તને ?'

કહેતાં તેમણે એક હાથ પૂર્વી તરફ લંબાવ્યો અને સ્મિત કર્યું–તેમનું પ્રખ્યાત, મહાત કરી દેનારું સ્મિત. ધીરેથી પૂર્વીએ પણ હાથ લંબાવ્યો અને હેમંત દેસાઈના હાથમાં મૂકી દીધો. હેમંત દેસાઈના મુખ પર પ્રસન્નતા ખીલી ઊઠી તેમણે કહ્યું, 'તો પછી કાલે સવારે અગિયાર વાગે —'

'જો હું કામ આટોપી લઈશ તો.' પૂર્વીએ કહ્યું.

'કામ આટોપી લેવાનું જ,' હેમંત દેસાઈએ કહ્યું, 'જેટલું ન આટોપી શકાય તેટલું મૂકી રાખવાનું, આપણું કામ હવે બીજાં બધાં જ કામો કરતાં વધારે અગત્યનું છે. શ્યામને કહી દેજે કે મારે તારી જરૂર છે.'

'પણ હું બહાનું કયું બતાવીશ ?'

'કોઈ બહાનું નહિ, તેને સાચેસાચું જ કહી દેજે. હવે પરિસ્થિતિ પલટાઈ ગઈ છે, જો કટોકટી આવી પડે તો જેટલું નુકસાન મને થાય તેટલું જ નુકસાન શ્યામને પણ થાય જ. એ પણ તે સમજી શકે તેમ છે. આ ફેસ્ટિવલ, આટલા જોરશોરથી જાહેરાત કર્યા પછી, એક ભોપાળું બની રહે એવું તો તે પણ ન જ ઇચ્છે ને ?'

'પણ હું આટલું ગાઈ શકું છું તેની તેને ખબર જ નથી.'

'તો હવે ખબર પડવા દે. ભલે પડે ખબર,' દેખાઈ આવતું હતું કે હેમંત દેસાઈની ધીરજ ઝડપથી ખૂટી રહી હતી, 'કોઈ અત્યંત મહત્ત્વની બાબત સંભાળી લેવાનો પ્રશ્ન હોય ત્યાં એવી બાલિશ ગુપ્તતાનો વિચાર કરવો તેનો શો અર્થ છે ?'

'એ—એ બાલિશ ગુપ્તતા નથી, દેસાઈજી.' પૂર્વી બોલી, પણ શા માટે બોલી તેની જાણે તેને ખબર જ નહોતી. પ્રથમ નજરે જ, હેમંત દેસાઈને બાલિશ લાગતી એ ગુપ્તતા જાળવી રાખવાનો એવો આગ્રહ રાખીને તે પ્રેમાનું રક્ષણ કરવા માગતી હતી ? કે શ્યામનું ધ્યાન ફરીથી પોતાની તરફ આકર્ષાય તેવી સ્થિતિને ટાળવા માગતી હતી ?...તેને ખબર નહોતી.

તેણે કહ્યું, 'આપને મેં કહેલું જ છે કે, સમય પાક્યા પહેલાં એ વાત શ્યામ પાસે ખુલ્લી પડી જાય તેમ અમે—હું નથી ઇચ્છતી.'

'તો પછી તને ઠીક લાગે તે બહાનું બતાવી દેજે.' હેમંત દેસાઈએ કહ્યું, 'તેમાં પણ વાંધો નથી. કટોકટી ઊભી થાય જ તો પણ શ્યામ આ વાત છેક છેલ્લી ઘડી સુધી ન જાણે તેમાં પણ વાંધો નથી.' કંઈક વિચારવા માટે થોભતા હોય તેમ ક્ષણેક અટકીને તેમણે કહ્યું, 'કટોકટી આવી પડશે તો શ્યામ તેની રીતે ઉકેલ બતાવશે. એ ઉકેલ આપણી આ ગોઠવણ જેવો સંપૂર્ણ અને સચોટ નહિ જ હોય... બરાબર છે. આપણે આ ઉકેલ છેક છેલ્લી ઘડીએ રજૂ કરીને તેને પણ સ્તબ્ધ કરી દેવાશે. બરાબર છે !'

થોડી વાર ફરીથી કંઈક વિચારતા હોય તેમ થોભીને તેમણે કહ્યું, 'તેને કહેજે કે થોડાક ખૂબ અગત્યના પત્રો ટાઈપ કરવા માટે તારી જરૂર છે. એટલે બેએક કલાક તને મુક્ત કરવા મેં વિનંતી કરી છે, ઓકે ?'

'સારું,' પૂર્વી સંમત થઈ. પણ આવતી કાલ સુધીમાંય તેના મનની હાલત આ ભગીરથ કાર્ય માથે લેવા જેવી થઈ ગઈ હશે ? તેને શંકા હતી.

'હવે આપણે જવાનો સમય પણ થઈ ગયો છે,' હેમંત દેસાઈએ મુખ મરકાવતાં કહ્યું, 'અમારી સાથે જ તારે પાછી ઘેર

આવવાનું છે. ચાલ, અને જો બરાબર સમજી લે. આજની રાત તારે વધુમાં વધુ અને સારામાં સારો આરામ લેવો અનિવાર્ય છે. કાલે સવારે તારી તમામ શક્તિ અને સ્ફૂર્તિની મારે જરૂર પડશે.

* * *

એ ચમત્કાર હેમંત દેસાઈના શબ્દોએ કર્યો હોય કે ગમે તેમ, પણ પૂર્વી આખી રાત ઘસઘસાટ ઊંઘી શકી. કોઈ ખલેલ નહિ, સપનાં પણ નહિ !

પણ સવારે જાગી તે સાથે જ મનનું ચેન ડહોળાવા લાગ્યું. ગઈ સાંજે સોનાએ કરેલા રહસ્યસ્ફોટની ધ્રુજારી ધરતીકંપની માફક તેના ચિત્તને ખળભળાવી રહી. અને તેથી ય ભયાનક, શ્યામ સાથે ખેલાઈ ગયેલા રીતસરના–સંગ્રામનું હૃદયવિદારક દશ્ય વળી વળીને ચિત્તમાં ઉપસતું રહ્યું.

રાતભરના સરસ આરામ પછી સવારમાં જ ઊલટી, અશક્તિ અને સુસ્તી ઘેરી વળવા લાગી. એવી સ્થિતિમાં તો તે તેના રોજીંદા કામને ય પૂરી પહોંચી વળી ન શકે; હેમંત દેસાઈના કામને પહોંચી વળવાની તો વાત જ...

એટલું જ નહિ, હમણાં થોડી વારમાં જ તેણે શ્યામ સાથે વાત કરવી પડશે, તેને મળવું પડશે, તેની સામે જ ઊભી રહેવું પડશે, દેસાઈજી પાસે જવાની પરવાનગી માગવી પડશે... ઓહ !...

પણ એટલું કામ તો તદ્દન આસાનીથી પતી ગયું–તેણે ધાર્યું ય નહોતું તેવી રીતે ! નાસ્તા માટે શ્યામ ભોજનખંડમાં આવ્યો ત્યારે તે પણ ત્યાં હતી. પળવાર શ્યામ તેની પાસે થોભ્યો અને ટાઢાબોળ અવાજે બોલ્યો, 'દસ મિનિટ પહેલાં દેસાઈજીએ ઇન્ટરકોમ પર મને કહ્યું કે આજે બેએક કલાક તેમને તારી જરૂર છે. કંઈક અગત્યના પત્રો ટાઈપ કરાવવા છે. જવામાં તને વાંધો નથી ને ?'

'ના, મને શાનો વાંધો હોય ?' પૂર્વી બોલી ગઈ. એક ગભરામણભરી પરિસ્થિતિમાંથી હેમંત દેસાઈએ તેને એકદમ મુક્ત કરી દીધી હતી તેની જબ્બર રાહત તે અનુભવી રહી. એ રાહતનો રણકો તેના અવાજમાં ભળી ગયો હતો. અવાજ એવો લાગ્યો, જાણે જવા માટે તે ખૂબ આતુર હોય, શ્યામનાં ભવાં કપાળમાં અદ્ધર ખેંચાયાં.

'મારાથી દૂર જવા તું બહુ આતુર છે, નહિ ?' તેણે પૂછ્યું. અવાજમાં એ જ ઠંડક હતી.

તરત જ તે ત્યાંથી આગળ ચાલ્યો અને બારી પાસેના ટેબલ પર બેસી ગયો. ત્રણેક મિનિટ ચૂપચાપ વીતી, અને પવનની નાનકડી ધૂમરીની જેમ પ્રેમા અંદર ધસી આવી.

'આજનાં છાપાં જોયાં, ડાર્લિંગ ?' બારણામાં જ પ્રેમા ટહુકી ઊઠી. પૂર્વીએ સ્મિત કર્યું અને તેની સામે જોયું. તેના હાથમાં છાપાંનો આખો ઢગલો હતો.

પણ પ્રેમાની નજર તો બારી તરફ શ્યામ પર મંડાયેલી હતી. પલકારામાં વાત સ્પષ્ટ થઈ ગઈ. પ્રેમાના ટહુકામાં રણકેલો 'ડાર્લિંગ' શ્યામ હતો–પોતે નહિ.

શ્યામના ટેબલ સુધી ધસી જઈને પ્રેમા તેની સામેની ખુરશીમાં બેસી ગઈ. અને પછી જે જબરજસ્ત રસ અને આતુરતાભેર બન્ને જણાં છાપાં પર ઝળુંબી રહ્યાં એ દશ્ય......ઓહ ! એ ભીષણ દશ્ય સોનાએ કહેલી એકેએક વાતને સાચી ઠેરવતું હતું.

ચરડ, ચરડ, છાતીમાં કંઈક બળવા માંડ્યું. બહુ અળખામણું, બહુ દુઃખદાયક હતું એ દશ્ય. જોઈ શકાય તેમ જ નહોતું; પણ આંખો ત્યાં જ ચોંટી ગઈ હતી. તરત જ ઝટકા સાથે તે ઊભી થઈ ગઈ. ચાલ, ઑફિસમાં. આમે ય ત્યાં થોડુંક કામ એવું હતું જ, જે હેમંત દેસાઈ પાસે જતાં પહેલાં કરી નંખાય તો સારું !

ઑફિસમાં જઈને તે પોતાના ટેબલ પાસે ગઈ અને ટેબલ પર પડેલી ચીજો સામે શૂન્યમનસ્ક જોઈ રહી. એકાએક તેને લાગ્યું કે તેના શ્વાસ નિયમિત નહોતા. ટૂંકા ટૂંકા ચાલતા હતા. તે ખુરશીમાં બેસી ગઈ અને એક લાંબો, ઊંડો શ્વાસ લીધો અને ઉચ્છ્વાસ બહાર કાઢ્યો. અંદર જરાક શાંતિ વળી, એકાદ-બે ફાઈલો હાથમાં લીધી. પાછી મૂકી, અને ફરી વાર ટેબલ સામે તાકી રહી. અહીં જ કામ હતું, આ ટેબલ પર જ. એ ક્યાં ગયું?

ચેન ન પડ્યું એટલે તે ઊભી થઈ. ઊઠીને પાછી બહાર નીકળવા બારણાં તરફ ડગ માંડ્યાં. ત્યાં જ નજર શ્યામના ટેબલ પર પડી. એક તોલદાર ધ્રાસકો પેટના પોલાણમાં ફરી વળ્યો.

ઓ—ઓહ! પેલી દેવદૂત, પેલી ખંડિત મૂર્તિ ત્યાં નહોતી...

ઝડપથી તે છેક શ્યામના ટેબલ સુધી ગઈ. ટેબલ પર મૂર્તિ ખરેખર નહોતી! ટેબલ પરની ચીજો આઘી-પાછી કરી જોઈ. ઊંચી નીચી કરી જોઈ. મૂર્તિ ખરેખર નહોતી. કંઈ સમજાતું નહોતું. મૂર્તિનું ત્યાં ન હોવું એ કોઈ હોનારત જેવી ઘટના પણ નહોતી, પૂર્વી પોતે ય તે સમજી શકતી હતી. પણ છતાં—છતાં એક ઠંડું લખલખું માથાથી પગ સુધી ભરાવા લાગ્યું. અકારણ કશીક હતાશા વાદળું બનીને મન પર ઓછાયો પાડી રહી. એવું કંઈ ન થવું જોઈએ. બાલિશ હતું એ બધું. લાકડામાં કોતરાયેલી એ મૂર્તિ સાથે પોતાની જાતને સાંકળી દેવી એ હાસ્યાસ્પદ હતું. પણ... પણ એ મૂર્તિ ક્યાં ગઈ? ત્યાં કેમ નહોતી?

બનવાજોગ છે કે શ્યામ જ પોતાની સાથે થિયેટરમાં લઈ ગયો હોય—પોતાની સફળતાની પ્રેરક તેને માને છે ને? અથવા ફરી વાર કંઈક અકસ્માત થયો હોય, અથવા......

મગજ ઘૂમરાતું હતું, ચકરાતુ હતું, અકળાઈ ઊઠતું હતું. ગમે ત્યાં ગઈ, ભલે ગઈ! મારે તેમાં શું? હું કરીયે શું શકું?

તેમાં?......મૂર્તિ શ્યામની છે. તે જાણે ને શ્યામ જાણે! શ્યામને હવે તે ન ગમતી હોય, ન જોઈતી હોય અને તેને ટેબલ પર રાખવા પણ ઇચ્છતો ન હોય તો તે તેની મુનસફી છે! મારે શું?.....

પણ તોય તેનું મન એ આઘાતજનક સત્ય સ્વીકારવા તૈયાર થતું નહોતું કે, મૂર્તિને તેના કાયમી સ્થાન પરથી ખસેડી લેવામાં આવી હતી. ધમધમાટ દોડતા તર્કવિતર્કો વચ્ચે અટવાતી તે જડ બનીને ત્યાં ઊભી રહી ગઈ અને શ્યામ અંદર આવ્યો.

અવાક્ તો તે હતી જ. અને એવી હાલતમાં ત્યાં જડ થઈ ગયેલી તેને શ્યામ જુએ તેથી વધારે અવાક્ થઈ જવી જોઈતી હતી. પણ કોણ જાણે કેમ, તેની જીભ સળવળી ઊઠી, અને સીધું જ પૂછ્યું: 'અહીંથી મૂર્તિ ક્યાં ગઈ?'

'મેં હટાવી લીધી છે'.

'શા....શા માટે?'

રસ્તો ચાતરીને શ્યામ પોતાના ટેબલ પાસે ગયો, હળવેથી બેઠો, અને બોલ્યો, 'તું હેમંત દેસાઈ પાસે જવાની હતી ને?'

'હા, જવાની છું. પણ પહેલાં હું એ જાણવા માગું છું કે, મૂર્તિને તમે હટાવી શા માટે?'

'વેરી વેલ', શ્યામ શાંત, ઠંડા અવાજે બોલ્યો, 'એનો જવાબ તારે જોઈતો જ હોય તો જવાબ તને મળશે.' અધીં એક પળ થોભીને આગળ બોલ્યો, 'એ મૂર્તિને અને તને મેં મનોમન જોડી દીધી'તી. બાલિશ લાગશે કદાચ, પણ એ હકીકત છે. પણ ગઈ રાતે એક સખત નિર્દય તમાચો જે મારા મોં પર પડ્યો તે મને એટલો જ સખત વાગ્યો. ત્યારથી તમારા બેમાંથી એકેયની

જરૂર મને નથી રહી. છતાં ફેસ્ટિવલ અત્યંત મહત્ત્વની બાબત છે. તેમાં અધવચ્ચે તારા વિના ચલાવી લેવાનું મને પોસાય તેમ નથી, પણ એ મૂર્તિ વિના બેશક, ચલાવી શકાશે.' સહેજ થોભી પૂર્વી પર એક તીખી નજર ફેંકતાં તેણે ઉમેર્યું, 'એટલા માટે તેને હટાવી લીધી છે.'

પૂર્વીના ચહેરા પરથી બધું લોહી જાણે સામટું ઊડી ગયું. સફેદ પૂણી જેવા એ ચહેરામાં તેની આંખો ઘણી વધારે મોટી, વધારે કાળી લાગતી હતી, તે બોલી, 'એ મૂર્તિ મને આપી દેશો ?......તમારે હવે ન જોઈતી હોય તો ?'

'ચોક્કસ', કહેતાં શ્યામે ટેબલનું ખાનું જોરથી ખેંચ્યું. તેમાંથી મૂર્તિ બહાર કાઢી અને તદ્દન નીરસભાવે પૂર્વીના હાથમાં મૂકી. પછી તેની સામે જોયા વિના બોલ્યો :

'હવે જા. હેમંત દેસાઈ તારી રાહ જોતા હશે. હવે તે તારી પાસે પાંચ–સાત બાહોશીભર્યા પત્રો લખાવવા માગતા હશે. પાંચ–સાત પ્રખ્યાત કલાકારોને મનાવી લેવા માગતા હશે...... મનાવી લેવા જ પડશે ને ! મને સાંભળવા મળ્યું છે કે કાલે સાંજે જ તેમણે સુચિત્રા સાથે ગરમાગરમી કરી નાખી છે; ઝાટકી નાખી છે તેને ! એટલે તો સુચિત્રા સન્માનસમારંભમાં પણ હાજર ન રહી. ખેર, બહુ સારું કરી રહ્યા છે તે ! સુચિત્રાને છંછેડીને એક બહુ જ સરસ કટોકટીની સ્થિતિ આપણા માટે તૈયાર કરી રહ્યા છે !'

નીચું ઘાલીને ચૂપચાપ પૂર્વી તે સાંભળી રહી. તેનું બોલવાનું પૂરું થયું એટલે ચૂપચાપ ત્યાંથી બહાર નીકળી ગઈ – ખંડિત દેવદૂતમૂર્તિ હાથમાં ચુસ્ત પકડેલી હતી.

હેમંત દેસાઈના રૂમમાં પહોંચી ત્યાં સુધી એ જ દશા રહી તેની. તેના પર નજર પડતાં જ હેમંત દેસાઈ ગમ્મતભર્યા અવાજે બોલી ઊઠ્યા : 'અરે, વાહ ! તારું પ્રતીક પણ સાથે જ લઈ આવી !'

ત્યારે જ એ લાકડાની મૂર્તિ તેને યાદ આવી. તેણે પોતાના હાથ સામે જોયું. એ હાથમાં તે સુંદર મૂર્તિ કસોકસ પકડાઈ ગયેલી હતી.

વીલું વીલું હસવાનો પ્રયત્ન કરતાં તે બોલી, 'હા.' પછી સહેજ અટકી ગઈ. ફરી બોલી, 'હા, શ્યામને હવે તેની જરૂર રહી નથી ! જ—જરા પણ જરૂર રહી નથી......'

અને એકાએક જાણે બંધ તૂટ્યા હોય તેમ આંખોમાંથી આંસુની જોશભરી ધાર છૂટી.

[૧૭]

બે-ત્રણ મિનિટ હેમંત દેસાઈ મૌન રહ્યા. ચૂપચાપ પૂર્વીને રડવા દીધી. પછી તેની વધારે નજીક ગયા અને ખભા પર ધીરેથી હાથ મૂકતાં કહ્યું :

'બસ, આટલું રડવું પૂરતું છે. તું જાણે છે ને કે ગાવું અને રડવું એ એક સાથે કરવાનાં કામ નથી ? રડવાનું હવે પૂરું. ગાવાની તૈયારી કર. સિદ્ધિનો જે ચાંદ તારા માથે પહેરેલો જોવાનો મારો ઇરાદો છે, તે ઝાઝાં આંસુથી ખરાબ થઈ જશે. આંસુ હવે એવી ચીજ બની જાય છે જે તને પોસાય નહિ.' અને ક્ષણેક વાર થોભીને પૂછ્યું, 'આટલું બધું શું છે, પૂર્વી ? શ્યામ સાથે ઝઘડો થયો ?'

પૂર્વીએ હકારમાં માથું હલાવ્યું. બીજું શું કરે ?

'તેથી શું !' હેમંત દેસાઈએ કહ્યું, 'એવા ઝઘડા લાખે એકાદ જ હોય છે જે સુધારી ન શકાય. જોકે એ વાત અત્યારે તને સાચી નહિ લાગે. ઝઘડો તાજો હોય ત્યારે કોઈનેય સાચી ન લાગે એવી વાત છે. પણ આ સાચી વાત છે. હવે ધ્યાનથી સાંભળ, બરાબર સમજ. આ ઝઘડાને સુધારી લેવા શ્યામ જ સામેથી આવે તો ? એ તદ્દન શક્ય છે. તું જ તે કરી શકે, પણ તે માટે તારે બીજું બધું જ ભૂલી જઈને આપણા આ સાહસમાં ગળાડૂબ થઈ જવું પડશે—પુટ યોર હાર્ટ એન્ડ સોલ ઇનટુ ઇટ ! શ્યામ સામે સફળ થવા માટે સફળતા જ શ્રેષ્ઠ હથિયાર છે. તેને હું જ કદાચ, સૌથી વધારે ઓળખું છું. કલાકારની 'સ્ટાર ક્વૉલિટી' જોયા પછી દિલોજાનથી તેની કદર કર્યા વિના

તે કદી રહી ન શકે; ને એ જોઈ લેવાની સૂઝ પણ તેનામાં છે. તારામાં પણ એક સૂઝ હોવી ખૂબ જ જરૂરી છે—આ ફેસ્ટિવલના શિરમોર જેવા સુચિત્રાના કાર્યક્રમને બચાવી લેવા માટે જોઈતી સૂઝ. કટોકટી ખરેખર આવી પડે અને ફેસ્ટિવલનું નાક કપાતું તું જ બચાવી લે, તો હું તને લખી આપવા તૈયાર છું કે, શ્યામ બધું જ, બધું જ ભૂલી જશે. ભારોભાર પ્રશંસા અને કદર જ તેની પાસે બાકી રહેશે !'

કેટલું આહ્‌લાદક ! કેટલું આશ્વાસક ! પણ પૂર્વીના હૃદયને વાગેલી ચોટ કારમી હતી. દેસાઈજીના શબ્દો તેને એકદમ રુઝવી શકે તેમ નહોતા. શ્યામ પાસે ભારોભાર પ્રશંસા અને કદર ભલે હોય, પણ પ્રેમાગ્ર હોય જ ને ?

છતાં તેમના એ શબ્દો સાવ બેઅસર પણ નહોતા. પૂર્વીના દિલને કળ વળવામાં સહાયભૂત જરૂર થતા હતા. મનને થોડોક આનંદ જરૂર આપતા હતા. મનમાં હિંમત આવવા લાગી, શાતા વળવા લાગી, દેસાઈજી દૂરથી દેખાડતા હતા એ સફળતા ભલે શ્યામ સાથેના વણસેલા સંબંધમાં ચમત્કાર ન સર્જી શકે; છતાં તેનો અદ્દભુત કંઠ સાંભળીને ઝૂમી ઊઠતા, અંતરના ઊંડાણથી વાહ પોકારી ઊઠતા શ્યામની કલ્પના પણ ખાસ્સું આશ્વાસન હતી.

રૂમાલ વડે આંખોની ભીનાશ લૂછતાં તે બોલી, 'હું દિલગીર છું, મારે આવી મૂર્ખતા કરવી જોઈતી નહોતી. હું માફી માગું છું.'

'નેવર માઈન્ડ, પૂર્વી,' હેમંત દેસાઈએ ખુશ થતાં કહ્યું, 'કોઈને કોઈ પ્રસંગે મૂર્ખ તો આપણે સૌ હોઈએ છીએ. ભૂલી જા એ બધું. હવે પાણી પી લે. તારી જાતને જગાડી લે અને ગાવા માટે તૈયાર થઈ જા: તને ખબર છે ? મારી પાસે ગાનારમાંથી ભાગ્યે જ કોઈ શરૂઆતમાં રડે છે,' અને પછી સહેજ અટકી જઈને મુખ મરકાવતાં બોલ્યા, 'પણ હા, અંતમાં ઘણા રડે છે.'

પૂર્વીથી હસી જવાયું. તરત જ તેણે હેમંત દેસાઈની સૂચનાનું પાલન કર્યું. ગાવા માટે તૈયાર થઈ.

આરંભમાં તેનો અવાજ સહેજ લથડી ગયો, ભાર નીચે દબાતો રહ્યો અને હેમંત દેસાઈનાં ભવાં પ્રશ્નાર્થમાં અદ્ધર ખેંચાયાં. પણ ધીમે ધીમે અવાજ સ્વસ્થ થઈ ગયો, મુક્ત થઈને નિર્બંધ ઝરણાની માફક વહેવા લાગ્યો. જેમ જેમ તે ગાતી ગઈ તેમ તેમ સંગીતનો અવર્ણનીય આનંદ તેના અસ્તિત્વમાં ફેલાતો ગયો, લોહીમાં ઘૂમી રહ્યો, હૈયામાં ધબકી રહ્યો. ગીતના એક એક સૂર અને કંઠની એક એક ખૂબીને ખૂબ પિછાણી જાણનાર, કદર કરી જાણનાર ઝવેરી પાસે ગાવાનો આનંદ તેના જુસ્સાને ઉન્નત અને ઉન્નત બનાવતો ગયો, આત્મવિશ્વાસને પળે પળે દૃઢ બનાવતો ગયો અને તેના અવાજનું અસલ જાદુ પ્રગટતું ગયું. હેમંત દેસાઈ ડોલી ઊઠ્યા. તેમના એક એક ઇશારે પૂર્વી સૂરોની અજબ હલચલ મચાવતી રહી.

હેમંત દેસાઈ વચ્ચે વચ્ચે બોલી ઊઠતા રહ્યા: 'શાબાશ! ...' 'ધેટ્સ નાઈસ, વેરી નાઈસ!' અને એક વાર પૂછી બેઠા: 'આવા પલટા લેતાં તું ક્યાં શીખી, પૂર્વી? જાતે જ?'

અને પૂર્વીએ જ્યારે માથું હલાવીને હા કહી ત્યારે બોલી ઊઠ્યા: 'ગળાનું ગજબ સાહસ ખેડી જાણે છે તું!'

પૂર્વીનાં તનબદન આહ્‌લાદપૂર્ણ રોમાંચથી છલકાઈ ઊઠ્યાં.

ત્યાં જ રોહિણી દબાતે પગલે અંદર આવી, અને હેમંત દેસાઈએ સંમતિસૂચક માથું હલાવ્યું એટલે ચૂપચાપ ખૂણામાં બેસી ગઈ.

આખરે હેમંત દેસાઈએ એક કઠિન ચીજ ગાવાનો પૂર્વીને આદેશ આપ્યો અને પૂર્વીએ જે આસાનીથી તેની અદ્ભુતતાને જીવંત કરી તે જોઈને રોહિણી હર્ષથી ઊછળી પડી. વિવશ થઈને જોરથી ચિત્કારી ઊઠી: 'દેસાઈજી, શી ઈઝ ટૅરીફિક!'

'શી ઇઝ વેરી પ્રોમીસીંગ,' હેમંત દેસાઈએ રોહિણીના ઉદ્‌ગારની તીવ્રતાને ઓછી કરી નાખી, પણ ત્યારેય તેમનું મુખ મરકતું હતું.

એક પળ આંખો મીંચીને, એક ઊંડો શ્વાસ લઈને સ્વસ્થ થતાં પૂર્વીએ હેમંત દેસાઈને પૂછ્યું, 'આપને એમ નથી લાગતું કે, સુચિત્રાના કાર્યક્રમ માટે નક્કી થયેલી રચનાઓ જ હું ગાઉં તે કરતાં, બીજી જ કોઈ રચનાઓ ગાઉં એ મારા માટે ડહાપણભર્યું ગણાય? અને પછી સહેજ અચકાતાં કહ્યું, 'એટલે હું એમ કહું છું કે જે રચનાઓ સુચિત્રાએ ગાવાની હતી એ જ જો હું ગાઉં તો તે મારો ઘમંડ ન ગણાય?'

'એવા પણ પ્રસંગો હોય છે, પૂર્વી, કે જ્યારે ઘમંડ પણ જરૂરી બની જાય છે,' હેમંત દેસાઈએ ખચકાટ વિના કહ્યું, 'આ એવો જ એક પ્રયોગ છે. છતાં તને એવું લાગતું હોય તો શાસ્ત્રીય આધારવાળી રચનાઓના રાગ તું બદલી શકશે. ઈઝ ધેટ ઑલરાઈટ?'

હોઠ મરકાવીને પૂર્વીએ સંમતિ આપી.

'તો પછી થોડીક નવી ગઝલો પણ અજમાવી લઈએ.' હેમંત દેસાઈએ પાસે પડેલી ફાઈલ લેતાં કહ્યું, 'સ્વરલિપિ તો તું વાંચી શકે છે, ખરું?'

'હાજી, ઠીક ઠીક.' પૂર્વીએ કહ્યું.

'સરસ,' ફાઈલ ખોલીને તેના હાથમાં આપતાં હેમંત દેસાઈએ કહ્યું, 'પહેલાં એ ગઝલો ગાવી નથી. માત્ર તેના શબ્દો વાંચીને બોલી બતાવ.'

પૂર્વીએ વાંચવા માંડ્યું. ખૂબ શાંતિપૂર્વક અને અર્થની તીવ્ર અભિવ્યક્તિ સહિત તે ગઝલના શબ્દો બોલતી ગઈ. શુદ્ધ ઉર્દૂમાં લખાયેલી એ ગઝલોના શુદ્ધ ઉર્દૂ ઉચ્ચારો, જ્યાં હેમંત દેસાઈએ સુધાર્યા ત્યાં સુધારતી ગઈ. એક જ વાર ઉચ્ચારાયેલા શબ્દોનું

એવું તો આબેહૂબ અને સંપૂર્ણ અનુકરણ કરતી રહી કે એક વાર તો હેમંત દેસાઈ રોહિણી સામે મોં મરકાવીને બોલી ગયા : 'આના કાન પણ સંપૂર્ણ છે,'

એ હકીકત હતી કે પૂર્વી ખૂબ કુશળ સ્વરલિપિ વાંચનાર હતી. એ કુશળતા તેને કુદરતે બક્ષેલી હતી; અને સતત ઊંડા અભ્યાસે તેને ઝગઝગાટ ઓપ આપેલો જ હતો. તેમાંયે વળી અત્યારે તો હેમંત દેસાઈ જેવા પ્રકાંડ નિષ્ણાતનું માર્ગદર્શન તેને મળી રહ્યું હતું. સ્વરરચનામાં તે સાંગોપાંગ પાર ઊતરી. કદાચ, હેમંત દેસાઈની ધારણા કરતાં પણ વિશેષ.

વાચન પૂરું થયું એટલે હેમંત દેસાઈએ ખુશ થતાં કહ્યું, 'વેરી નાઈસ! હવે આ રચનાઓ તારે ગાવાની નક્કી! પણ હજી તેમાં વધારે ઊંડી ઊતરજે. અત્યારે તે તારી સાથે લઈ જા. એકેએકની તર્જ અને બંદીશનો સંપૂર્ણ અભ્યાસ કર. સાંજે ફરી પાછી આવજે. ત્યારે તેના પરનું ખરું કામ હાથ પર લઈશું. આવતી કાલ સુધીમાં આ બધી રચનાઓ તને મોઢે હોય એ જોવાનું છે.'

'પણ—' જરા અચકાઈ જતાં પૂર્વી બોલી, 'પણ આજે સાંજ સુધી મને ખાસ ફુરસદ મળે તેમ હું માનતી નથી, દેસાઈજી. આજે સવારથી જ હું અહીં આવતી રહી છું. બપોર પછી શ્યામે મારા માટે ઘણું કામ તૈયાર રાખ્યું હશે.'

'શ્યામ સાથે નિપટી લેવાનો રસ્તો તારે જ શોધી કાઢવો પડશે,' એકાએક થોડાક કઠોર બની જતાં તે બોલ્યા, 'પત્રો લખવા કે ટાઈપ કરવા કરતાં આ કામ હજારગણું વધારે અગત્યનું છે—સમજતી નથી તું?...અને જો ફેસ્ટિવલમાં મારે તને જ મૂકવી પડે તો તેનું મહત્ત્વ તે કરતાં પણ વધી જશે. આપણા હાથમાં હવે દસ જ દિવસ છે—માત્ર દસ!'

'સારું,' નીચું જોઈને પૂર્વીએ કહ્યું. તેને હવે બરાબર

સમજાઈ ગયું હતું કે આવનાર દસ દિવસ દરમ્યાન હેમંત દેસાઈ જ તેને આદેશો આપતા રહેશે, અને તેનું પાલન કરવાની અનુકૂળતા તેણે જાતે જ કરી લેવી પડશે—ગમે તે મુશ્કેલી, ગમે ત્યારે આવે, રસ્તો તેણે જ શોધી લેવાનો રહેશે.

પણ તેમ છતાં તેણે જોયું કે ફેસ્ટિવલની આખરી તૈયારીઓ હવે પૂરજોશમાં શરૂ થઈ ગઈ હતી અને તેથી તેનું કામ તેને ડર હતો તે કરતાં ઘણું સરળ બની ગયું હતું. આમ જુઓ તો બીજાં બધાં કામનું તેને શું મહત્ત્વ હતું? જે હતું તે માત્ર શ્યામનું જ મહત્ત્વ હતું. ને શ્યામ તો હવે, પૂર્વીની જેમ જ, શક્ય હોય ત્યાં સુધી પૂર્વીને મળવાનું ટાળતો હતો. ક્યારેક મળી જવું પડતું'તું, ને ત્યારે મળતાં પણ ખરાં; ત્યારે પૂર્વી, શ્યામની જેમ જ, નજર મેળવવાનું ટાળતી હતી.

દિવસને અંતે કામના બધા કાગળો તૈયાર થઈને ટેબલ પર તેની સહી માટે આવી ગયા હોય તો પછી શ્યામ તેને પૂછતો નહોતો કે દિવસના અમુક સમયે તે ક્યાં હતી અને શું કરતી હતી. મોટા ભાગે, સવારે અને સાંજના સમયે તે પૂર્વીને ઑફિસમાં જોતો નહોતો તો પણ ગમે તેમ, તેની સાથે પ્રશ્નોત્તરીમાં ઊતરતો નહોતો.

ચાલો, એ પણ એક રીતે તો સારું જ થાય છે—પૂર્વીએ પોતાની જાતને આશ્વાસન આપવા પ્રયાસ કર્યો. પોતાની ગતિવિધિ પ્રત્યેનું શ્યામનું એવું નીરસપણું આખરે તો મદદરૂપ જ નીવડતું હતું. હેમંત દેસાઈ સાથેની પોતાની બેઠકો વિના વિઘ્ને સરસ ગોઠવાઈ શકતી હતી. પોતાનું તેથી સારું થાય છે. જે બની રહ્યું તે ભલે બને.

પણ તેમ છતાં, આશ્વાસનની સાથોસાથ હૃદયમાં જાણે બરફનું ચોસલું ઠાંસી દીધું હોય તેવા ટાઢાબોળ શેરડા દિવસભર પડતા જ રહેતા.

* * *

એક દિવસ સાંજે અચાનક પ્રેમા તેના રૂમમાં દોડી આવી. 'મને તારો નેઈલ-પૉલીશ આપને પૂર્વી', ' કહેતી તે આંખો પટ-પટાવતી થોડી વાર પૂર્વી સામે જોઈ રહી. 'અરે, તું કેમ આવી લેવાઈ ગઈ લાગે છે? તબિયત સારી નથી?'

'ના રે,' પૂર્વીએ પરાણે હસતાં કહ્યું, 'તબિયત તો એકદમ ફર્સ્ટ કલાસ છે! પણ મને લાગે છે કે, આટલા મહિનાઓના કામનો થાક હવે જણાવા લાગ્યો છે. આ ફેસ્ટિવલે તો કમર તોડી નાખી, ખરેખર! પણ પરિણામ એટલું જ સુંદર આવ્યું. ખેર!"

'ખરેખર, ખૂબ જ સુંદર!' પ્રેમા ઉમળકાથી બોલી ઊઠી. એ સુંદર પરિણામમાં તેનો પોતાનો હિસ્સો જ તેની નજર સામે હોય ને? તેને તે કેવડો મોટો દેખાય? 'તને ખબર છે, પૂર્વી? છેલ્લા શોમાં મારું પાત્ર ભલે 'નંબર ટુ'નું હતું, પણ સફળતા જોવા જાવ તો?' અને નસકોરાં જરાક ફુલાવતાં ઉમેર્યું, 'નંબર વનની યે બરોબરી કરી ગયું, નહિ?...કદાચ, આગળ પણ નીકળી ગયું હોય. કેવું ટેરીફિક રિસ્પેક્ટ મળ્યું'તું મને! યાદ છે?"

પછી થોડી વાર ચૂપ રહી એકાએક ગંભીર બની જતાં તે બોલી, 'પૂર્વી, મને પહેલાં કલ્પના પણ નહોતી કે આ પ્રકારના કામમાં આટલો જબરજસ્ત સંતોષ અને ગર્વ મળતો હશે! પણ હવે મેં જાતે તે અનુભવી લીધું. એટલે દિલ્હી પહોંચતાંની સાથે જ હું હવે વધારે પ્રેક્ટિસ શરૂ કરી દેવાની છું-દિવસ ને રાત... જોકે તારા જેવો અદ્ભુત કંઠ મારો નથી. પણ હવે તો ખુદ્દ હેમંત દેસાઈ પણ કહે છે કે મારામાં 'સ્ટેજ ટેલન્ટ' પૂરતી છે. એટલે આવડા મોટા નહિ તો મધ્યમ કદના કાર્યક્રમોમાં તો ઊંચુ સ્થાન બનાવી શકું, નહિ?......ઓહ! હું એટલી ખુશ છું, પૂર્વી, એટલી ખુશ છું—'

એક ઝબકારામાં પૂર્વીને સોના યાદ આવી ગઈ. તેણે આપેલી

સલાહ યાદ આવી ગઈ. તે સાથે જ મનમાં કંઈક ઊછળી આવ્યું. અને તેને રોકે તે પહેલાં બોલાઈ ગયું, 'એક વાત પૂછું, પ્રેમા? માન કે તારાં લગ્ન થાય, તે પછી પણ તું આ વ્યવસાયમાં રહેશે?'

પ્રેમાને જાણે ઝટકો લાગ્યો હોય તેમ એ અરીસા તરફથી પાછળ ફરી: 'આ સવાલ-અત્યારે શા માટે પૂછે છે તું?'

'ખાસ કંઈ નહિ,' પૂર્વીએ કહ્યું, 'અત્યારે મેં એટલા માટે પૂછ્યું કે, આ પ્રકારની કારકિર્દી બનાવવાની બાબતમાં, અગાઉ ક્યારેય નહોતી એટલી ઉત્સુક તું અત્યારે દેખાય છે......પૂછવામાં મેં કંઈ ખોટું કર્યું?'

'ના, રે ના!' કહીને પ્રેમા હસી. એવું મધુર અને મનોમન હસી જાણે કોઈ છૂપો આનંદ મનમાં મમળાવી રહી હોય. અને પછી બોલી: 'નવાઈ ન પામીશ પૂર્વી, હું લગ્ન કરી લઉં અને આ કારકિર્દી પણ જાળવી રાખું એ બન્ને શક્ય છે.'

"નવાઈ શા માટે પામું?' પૂર્વી બોલી તો ખરી, પણ હૃદયમાં એક ઠંડો દાહ થઈ રહ્યો. વીલું વીલું સ્મિત કરતાં તેણે કહ્યું, 'નિરીક્ષણ કરવાની થોડીક શક્તિ મારામાં છે.'

'ગુડ ગોડ! નિરીક્ષણ તેં ખરેખર કર્યું છે, કબૂલ કરું છું.' પૂર્વી સામે કૌતુકભરી નજરે જોતાં પ્રેમા બોલી અને હસી પડી. થોડી વાર ફરીથી પૂર્વી સામે જોઈ રહીને એકાએક જરા ધ્રૂજતા અવાજે પૂછ્યું: 'તને શ્યામ પસંદ છે, પૂર્વી?'

'હ-હાસ્તો!' પૂર્વી બોલી. બીજું શું બોલે?

'હં...' પ્રેમા બોલી, 'આ ફેસ્ટિવલ સંપૂર્ણપણે પૂરો ન થઈ જાય ત્યાં સુધી ખુલ્લેખુલ્લું કંઈ જ કોઈને કહેવાનું નથી; ખબર છે? અછડતો ઇશારો પણ નહિ!'

સણણણણણ કરતું કશુંક પૂર્વીની છાતીમાં ખૂપી ગયું. છેદીને આરપાર નીકળી ગયું. માંડમાંડ સ્વસ્થતા ટકાવી રાખતાં તેણે કહ્યું: 'હું શા માટે કોઈનેય કંઈ કહું? સપનામાં ય?'

'કેવું વિચિત્ર કહેવાય, નહિ પૂર્વી ?' પ્રેમા તેના જ વેગમાં હતી, 'એક માણસ સાથે કામ કરવાનું શરૂ કરો ત્યારે તમારા મનમાં તમારી કારકિર્દીના સ્વાર્થ સિવાય કશું જ ન હોય, પણ પછી એકાએક કંઈક અજબગજબનું બની જાય–'

બોલતી એકદમ અટકી જઈને પ્રેમાએ પૂર્વી સામે મંદ-મધુર સ્મિત કર્યું. પૂર્વીને લાગ્યું, પ્રેમા એકાએક ઘણી રૂપાળી બની ગઈ હતી, ઘણી નાની અને નાજુક દેખાતી હતી !

'તારી ખુશી જોઈ મને પણ ખુશી થાય છે, પ્રેમા !' કહીને તે ઊભી થઈ ગઈ.

અને સાંજે મોડી હેમંત દેસાઈના રૂમ તરફ જવા માટે, રોજનો રસ્તો ચાતરીને, બગીચાને વીંધીને ચાલી ત્યારે બગીચાની કુમળી લોન તેનાં ઊનાં ઊનાં આંસુથી ભીની થઈ.

[૧૮]

બારણામાં ઊભેલી રોહિણીએ પૂર્વીને બગીચા તરફથી આવતી જોઈ અને આવકારતું સ્મિત કર્યું, 'આવ, પૂર્વી. આજે કેમ આ બાજુથી આવી ?'

તેની સામે સ્મિત કરવાનો પ્રયાસ કરતાં પૂર્વીએ કહ્યું, 'ખાલી ભમરતી. આજે હવામાં જરા વધારે ઉકળાટ લાગે છે ને, એટલે બગીચામાં થઈને આવી. તાજી હવાની મને જરૂર હતી.'

'ઓહ, એમ ?' કહીને હસી પડતાં રોહિણીએ કહ્યું, 'અરે, ભાઈ, અમે તો બીજી ઉલ્ઝનોમાં એવાં પડી ગયાં છીએ કે હવામાં શું છે ને શું નથી તેની ખબરેય નથી પડતી.' અને પછી જરા ગંભીર થઈ, પૂર્વીને અંદર લઈ જતાં કહ્યું, 'આજનું છાપું જોયું ?'

'ના, કેમ ?'

તરત જ રોહિણી એક છાપું લઈ આવી અને તેને ટેબલ પર પાથરતાં ઉત્તેજિત અવાજે બોલી, 'આ જો.'

સહેજ નીચી નમીને પૂર્વીએ છાપામાં જોયું, અને તેનાં ભવાં કપાળમાં સહેજ અદ્ધર ખેંચાયાં : 'અરે, આ તો સુચિત્રાની તસ્વીર ! બેધીંગ સ્યુટમાં દરિયાકિનારે આરામથી લંબાવ્યું છે ને શું... ક્યાં પહોંચી ગઈ છે અત્યારે ?'

'ઇંગ્લૅન્ડ' રોહિણીએ ભારે અવાજે કહ્યું, અને પછી છાપાના અર્ધા પાનામાં ફેલાયેલી, સુચિત્રાની મદમસ્ત તસ્વીર નીચેનું લખાણ બતાવતાં બોલી, 'અત્યારે ત્યાં વેકેશન માણી રહી છે ! અખબારોને તેણે જણાવ્યું છે કે, લાગલગાટ વીસ દિવસ સુધી ત્રણ ત્રણ દેશોમાં કાર્યક્રમો આપીને હવે તે ખૂબ થાકી ગઈ છે.

તે એ થાક ઉતારવા હવે લાંબું વેકેશન લઈ લેવા માગે છે !' સહેજ થોભીને પૂર્વીની સાથે નજર મેળવતાં તેણે કહ્યું, 'તેં કંઈ નોંધ્યું ? ફેસ્ટિવલ ઓફ ઇન્ડિયાનું તે નામ પણ નથી બોલી !'

'અરે, હા !' પૂર્વી બોલી ઊઠી. અને ત્યારે જ તેની કરોડરજ્જુમાં ઝણઝણાટી ઊઠી અને પેટમાં ફરી વળી—શું હતું એ ? ધ્રાસકો ? આનંદ ? શી ખબર ! 'તો તેનો અર્થ એ કે ફેસ્ટિવલમાં તે આવવા માગતી નથી ?'

'આ પળે છેક એવું ન માનીએ તો પણ એટલું તો માનવું જ પડે કે તેણે આપણા માટે એક જબરજસ્ત અનિશ્ચિતતા તો ખડી કરી દીધી છે...આ તસ્વીર ઓછામાં ઓછા બે દિવસ પહેલાં તો લેવાયેલી હશે. આજે તે છપાઈ છે. આજે હવે ફેસ્ટિવલને આડા ચાર દિવસ રહે છે...અને માની લઈએ કે કાર્યક્રમના આગલા દિવસે રિહર્સલ માટે તે હાજર ન થાય, અને સીધી કાર્યક્રમના દિવસે સવારે આવી પહોંચે તો પણ પાંચથી વધારે દિવસ હવે હાથમાં નથી રહેતા.' અને કંઈક વિચારવા માટે સહેજ થોભીને તસ્વીર નીચેના લખાણ પર આંગળીથી ટકોરા મારતાં બોલી, 'પણ આ લખાણમાંથી તો એવો સૂર નીકળે છે કે, તે ઘણા વધારે દિવસ વેકેશન પર રહેવા માગે છે !'

પીઠમાં અને પેટમાં ઘૂમી રહેલી પેલી ઝણઝણાટીથી અસ્તવ્યસ્ત થઈ જતા શ્વાસને ઠેકાણે રાખવા મથતી પૂર્વી બોલી, 'પણ એવી રીતે તે કાર્યક્રમ રદ કેમ કરી શકે ? એ માટે તેણે સિવિલ સર્જનનું મેડિકલ સર્ટિફિકેટ રજૂ કરવું ન પડે ?'

'કરવું પડે,' માથું ધુણાવતાં રોહિણીએ કહ્યું, 'પણ તેને માટે એ અઘરું નથી. તે કહી શકે કે લાગલગાટ કાર્યક્રમો આવવાથી તેને એટલો થાક લાગ્યો છે કે આરામ ન કરે તો તબિયત બગડી જાય તેમ છે. મોટા કલાકારો પ્રસંગોપાત્ત એવા નર્વસ બ્રેકડાઉનનો ભોગ બનતા હોય છે. કાઢવું હોય તો એ બહાનું જ તે કાઢે;

બાકી આ તસ્વીરમાં તો તેનું એક રુંવાડું ય થાકેલું દેખાતું નથી—ઘોડા જેવી છે !'

મનની ગડમથલમાં થોડી વાર ચૂપ રહીને તે ફરી બોલી, 'મને ચિંતા થાય છે, પૂર્વી. મને ખાતરી જ છે કે દેસાઈજીને છેક છેલ્લી ઘડી સુધી સોયની અણી ઉપર બેસાડી રાખીને તે બદલો લેશે જ. છેક સુધી આપણને ચિંતામાં ઊંધા માથે ડુબાડી રાખશે, નાલાયક !'

સાંભળીને કંઈક ગડમથલમાં, કંઈક ચિંતામાં, ને કંઈક ઉત્તેજનામાં પૂર્વી હોઠ પર જીભ ફેરવતી રહી. પણ ત્યારે જ હેમંત દેસાઈ ઝડપી પગલે રૂમમાં આવ્યા, અને તેમની વાતો અટકી ગઈ. આંખો એક-બે વાર પલકારીને પૂર્વી હેમંત દેસાઈ સામે જોઈ રહી. તેમને પહેલવહેલા જોયા ત્યારથી માંડીને અત્યાર સુધી સ્ફુર્તિ, ચપળતા, ઉત્સાહ અને શક્તિથી તરબતર જ જોયા હતા. થાકેલા, કંટાળેલા, ચિંતિત તો માત્ર આજે જ દેખાતા હતા.

પણ તે જોઈને પૂર્વીના મનમાં કંઈક અજબગજબનાં ભરતી-ઓટ શરૂ થયાં. પળ, બે પળ, ચાર પળ ભારે ઊથલપાથલ ચાલતી રહી. પછી જાણે કંઈક ચમત્કાર થયો. ઓટ ચાલી ગઈ. માત્ર ભરતી જ રહી. અદ્ધર ને અદ્ધર ચડતી રહી. આ એ જ હેમંત દેસાઈ હતા—સંગીતની દુનિયાના આંજી નાખતા સૂર્ય, જેમણે તેને ધૂળમાંથી અદ્ધર ઊંચકી લીધી હતી. રગદોળાતા રતન જેવા તેના કંઠને લૂછીપોંછીને ઝળહળતો કર્યો હતો. પગની ખોડને કારણે પાતાળ સુધી ઊતરી ગયેલા આત્મવિશ્વાસને ખેંચીને બહાર કાઢ્યો હતો. તેને નક્કર, રણકતો અને બુલંદ બનાવ્યો હતો. ક્ષુલ્લક સેક્રેટરીમાંથી જબરજસ્ત કલાકાર બનવા સુધીની કેડી કંડારી આપી હતી. સાવ નોંધારી હતી, ત્યારે હેતથી તેનો હાથ ઝાલ્યો હતો...

એ હેમંત દેસાઈને આમ પડી જતા પોતે જોઈ રહી ન શકે—હરગીઝ ન જોઈ રહે. હવે મનની બધી ક્ષુલ્લકતા, બધી લઘુતા તે ખંખેરી નાખશે. આત્મવિશ્વાસને જે બુલંદી હેમંત દેસાઈએ બક્ષી

હતી. તેના જોરે તે જીવ પર આવીને ઝઝૂમશે. હવે તે તદ્દન, તદ્દન ભૂલી જશે કે પોતે અપંગ છે, સેક્રેટરી છે, પૂર્વી છે...હવે તે માત્ર ગાયિકા છે, એક અદ્દ્ભુત, અજોડ કંઠની સ્વામિની !...તેની અંદર જાણે એક નવી ‘પૂર્વી’નો જન્મ થઈ રહ્યો.

તે દિવસે સાંજે તેણે જે ગાયું તે ખુદ તેનીયે ધારણા બહારનું હતું—ચમત્કાર જ જોઈ લો ! બેહદ માધુર્ય અને અણુબૂઝ તલસાટની બે ઘૂઘવતી નદીઓ જાણે તેના કંઠમાં સંગમ સાધી રહી. અને એક ગઝલ પૂરી કરીને જેવી તે બીજી ગઝલમાં પ્રવેશી ત્યારે તો હેમંત દેસાઈ અને રોહિણી બન્ને સ્તબ્ધ થઈને અપલક તેને તાકી રહ્યાં.

તેનું ગીત આટલું અસરદાર, આટલું બેજોડ અગાઉ ક્યારેય નહોતું. બીજી ગઝલ પૂરી થઈ કે તરત જ હેમંત દેસાઈ મુક્તકંઠે કિલકારી ઊઠયા : ‘ચાલુ રાખ, પૂર્વી. ચાલુ રાખ. આમ ને આમ ગાતી રહે, બસ. તું જો આમ જ ગાતી રહે તો એક તો શું, સો સુચિત્રાનીયે ફિકર નથી !’

અર્ધપાર્થિવ વાતાવરણમાં ઘેરાયેલા એ રૂમની હવામાં ડોરબેલનું બઝર ગૂંજી ઊઠયું. તેનો બોદો અવાજ કાનમાં જાણે કાંકરાની જેમ ખૂંચ્યો હોય તેમ ત્રણેના ચહેરા પર આછો અણગમાનો ભાવ તરી આવ્યો. ક-મને ઊઠતી હોય તેમ રોહિણી ઊઠી અને બારણું ખોલવા ગઈ. બેએક સેકંડમાં તે પાછી આવી—ચહેરા પર કંઈક આછી મૂંઝવણ હતી, તેની પાછળ શ્યામ આવી રહ્યો હતો. હાથમાં છાપું હતું; ચહેરા પર ચિંતાભરી ગંભીરતા.

એક પલકારા જેટલી વાર પૂર્વી સામે જોઈને તરત જ જોયું ન જોયું કરતાં તેણે હેમંત દેસાઈ સામે છાપું ધરતાં કહ્યું, ‘આ જોયું તમે ?’

‘હા’, હેમંત દેસાઈએ સ્વસ્થ ચહેરે કહ્યું, ‘ઓછામાં ઓછા ત્રણેક માણસો અહીં એવા છે જેને હું બિલકુલ ગમતો નથી. એ

ત્રણે જણા ખાસ વહેલા ઊઠીને મને છાપું બતાવી ગયા છે.’

‘તો હવે તમે શું માનો છો ? આનો અર્થ શું કરો છો ?’

‘એ જ કે સુચિત્રા છેક છેલ્લી ઘડી સુધી આપણને ભઠ્ઠીની ટોચ ઉપર બેસાડી રાખવાનો આનંદ માણશે ! અને પછી, ઘણું કરીને, આવી પહોંચશે !’

‘અને તમારી એ ધારણા ખોટી પડે તો ? તો શું કરશો ?’ ઊછળવા જતા પિત્તાને માંડ કાબૂમાં રાખતો હોય તેમ હોઠ કરડતો તે બોલ્યો, ‘મેં તમને કેટલાં અઠવાડિયાં પહેલાં કહી રાખ્યું હતું કે, સુચિત્રાની બાબતમાં તમે વધારે પડતા નચિંત રહો છો. યાદ છે ?’

‘બરાબર યાદ છે, શ્યામ,’ હેમંત દેસાઈનો અવાજ શાંત હતો, પણ એટલાં અઠવાડિયાં પહેલાં આપણે બીજું કંઈ કરી શકીએ એવી હાલતમાં જ્યાં ક્યાં હતા ? ચિંતાનું ભારણ ત્યારથી જ માથા પર રાખવાથી આપણને ઊલટું નુકસાન જ થયું હોત !’

‘અને અત્યારે, આ છેલ્લી ઘડીએ પણ કયો ફરક પડી શક્યો છે આપણી હાલતમાં—કહેશો જરા ? ભગવાનને ખાતર એ કહેશો કે અત્યારે આપણે આપણું કયું ભલું કરી શકીએ તેમ છીએ ?’ પૂર્વીએ જોયું કે જે ખુરશીને પકડીને શ્યામ ઊભો હતો તેના પર તેની પકડ સખત ચુસ્ત બની ગઈ હતી. ખુરસી જરા જરા હલીને ખસી રહી હતી. તે બોલ્યો, ‘હવે તમે એ કહી શકવાની હાલતમાં છો કે સુચિત્રા દગો દઈ જાય તો આપણે શું કરીશું ?’

‘બેશક, કહી શકું છું !’ ખુરસીમાં સહેજ ઢળીને બેસતાં હેમંત દેસાઈએ તેની સામે મુખ મરકાવ્યું અને કહ્યું, ‘તેની જગ્યાએ હું પૂર્વીને રજૂ કરીશ !’

‘ધબ્બાક્’—અમથું અમથું પૂર્વીના મનમાં કંઈક એવું જોરથી અથડાયું; અમથી અમથી તે એટલી ઓઝપાઈ ગઈ કે,

તેની નજર સામે આશ્ચર્યના પ્રચંડ આંચકાથી જડ થઈ જતો શ્યામનો ચહેરો પણ સ્પષ્ટ ન દેખાયો, રેળાઈ જવા લાગ્યો.

બીજી પળે શ્યામ બોલતો સંભળાયો, 'દેસાઈજી, પ્લીઝ ડોન્ટ ટેઈક ઈટ સો લાઈટલી! ધીસ ઈઝન્ટ ધ ટાઇમ ફોર જોકીંગ!'

'માય ડીયર શ્યામ, આઈ એમ નોટ જોકીંગ,' હેમંત દેસાઈ સસ્મિત બોલ્યા. શ્યામ જે અણધારી પરિસ્થિતિમાં મુકાઈ ગયો હતો તેમાંથી જાણે તેમને આનંદ આવતો હતો. તેમણે આગળ કહ્યું, 'હું તને ખાતરી આપું છું, શ્યામ – હું એક ખાસ્સો અનુભવી કલાકાર–શોધક, હેંમત દેસાઈ તને ખાતરી આપું છું કે, જેને તું માત્ર તારી સેક્રેટરી તરીકે જ ઓળખે છે તે દેશના પ્રથમ પંક્તિના ગાયકોની હરોળમાં બેસવાની તમામ ક્ષમતા ધરાવે છે! આ ફેસ્ટિવલના કદના કોઈ પણ મંચ ઉપર ચારેબાજુ સનસનાટી મચાવી દેવા જેટલું દૈવત તેનામાં છે, લોકો આજ સુધી તેનું નામ પણ જાણતા નથી. અને એટલે જ એક નવી, એકાએક ઊગી નીકળેલી મહાન કલાકાર તરીકે તે લોકોને કેટલું આશ્ચર્ય અને આનંદ આપી જશે તે મારા જેટલું જ તું પણ જાણે છે!...પૂર્વી આપણી એવી જ અચાનક દેખા દેનાર તારલી છે.'

'હું–હું એ માનવા તૈયાર નથી,' આંખો પટપટાવતાં તેણે હેમંત દેસાઈ સામે જોયું, જેને પકડીને અત્યાર સુધી ઊભો હતો તે ખુરસી ખેંચી અને તેના પર બેસી ગયો. હજી તેના ચહેરા પર નવી નવી રેખાઓ ઝડપથી દોરાતી અને ભૂંસાતી હતી. હોઠ પર જીભ ફેરવતાં, ઊંધી હથેળી વડે કપાળ લૂછતાં તે બોલ્યો, 'આ–આ ખરેખર કોઈ ઇરાદાપૂર્વકની મજાક તો નથી...?'

'પૂર્વી–' કહેતાં તેણે પૂર્વી તરફ જોયું. અજાણપણે પૂર્વીનું શરીર સંકોચાયું. ઢળી જતી આંખોને એક વાર ઊંચી કરીને તેણે શ્યામ સામે જોયું. શ્યામની આંખોમાં અત્યારે પેલી ઠંડી ઉપેક્ષા અને દુશ્મની નહોતી; અત્યારે એ આંખોમાં સખત ગૂંચવાડાભરી,

સખત અકળામણભરી અપીલ હતી. જે સીધી પૂર્વીના હૃદયને જઈને અડી.

અકળામણમાં શ્યામે પૂછ્યું, 'આમાં સાચું શું છે, પૂર્વી?'

'સાચું એ છે,' ધીમા અવાજે, માફી માગતી હોય તેવી મુદ્રાપૂર્વક પૂર્વીએ કહ્યું, 'કે હું ગાઈ શકું છું અને દેસાઈજી મારા પ્રત્યે એટલા માયાળુ છે કે, તેઓ કહે છે કે હું સારું ગાઉં છું.'

એક હાથ ઊંચો કરીને હેમંત દેસાઈ કૃત્રિમ વિરોધ કરતા બોલી ઊઠ્યા: 'સંગીતની બાબતમાં દેસાઈજી કદી કોઈના પ્રત્યે માયાળુ બનવાની ભૂલ કરતા નથી. ઊલટું, ઘણા લોકોને એવો અનુભવ છે કે, દેસાઈજી અત્યંત કઠોર માણસ છે! એટલે જ્યારે હું કહું કે, કોઈક સારું ગાય છે ત્યારે તેનો અર્થ એ થાય કે તે ઘણું, ઘણું સારું ગાય છે.' અને તરત જ શ્યામ સામે ફરતાં પૂછ્યું, 'તું તેને સાંભળવા માગે છે, શ્યામ?'

'અં...હા, બેશક!' શ્યામ બોલ્યો, પણ તેના ચહેરા પર હજી અગાઉ વાગેલા આશ્ચર્યના ચાબુકના સોળ પડેલા હતા. તેણે પૂછ્યું, 'અહીં? અત્યારે?'

'અત્યારે જ,' હેમંત દેસાઈએ કહ્યું, 'પણ અહીં નહિ. તેને ખરેખર સાંભળવી હોય તો રિહર્સલ થિયેટર જેવી વિશાળ જગ્યા જોઈએ. ચાલ ઊઠ, ત્યાં જઈએ.' કહેતાં તે ઊભા થઈ ગયા.

શ્યામ પણ ખુરસીમાંથી ઊભો થયો–હેમંત દેસાઈ જેટલી ત્વરા તેના ઊઠવામાં નહોતી. જાણે મન હજી મોટી ગડમથલમાં ફસાયેલું હતું. હેમંત દેસાઈની સાથે ડગલું માંડતાં તેણે પૂછ્યું, 'આ રીતે તમે તેને ક્યારથી ઓળખો છો?'

'થોડા દિવસ પહેલાંથી જ,' હેમંત દેસાઈએ કહ્યું, 'થોડા દિવસ પહેલાં મેં તેને ગાવાની ફરજ પાડી ત્યારથી. પણ શંકા તો અને ઘણા દિવસ પહેલાં પડી ચૂકી હતી.'

'શંકા ?' ચાલતો ક્ષણેક થંભી જતાં શ્યામ બોલી ઊઠ્યો, 'તમને શંકા પડી હતી ? શાથી ?'

એક ઝબકારામાં પૂર્વીની નજર હેમંત દેસાઈ પર મંડાઈ ગઈ. સહેજ ખેંચાઈને પહોળી થઈ, તાતી ચેતવણી ઉચ્ચારતી એ નજરનો મર્મ હેમંત દેસાઈ સમજી ગયા. હોઠમાં હસીને તેમણે શ્યામને જવાબ આપ્યો, 'શ્યામ, મારી અંદર એક ખાસ પ્રકારનું રડાર કુદરતે ગોઠવેલું છે. તેના પર આવા સંકેતો તો વાતવાતમાં ઝિલાઈ જતા હોય છે.' અને તે મોટેથી હસી પડ્યા.

પૂર્વીએ રાહતનો એક શ્વાસ મૂક્યો.

બગીચો ઓળંગીને બધાં કામચલાઉ થિયેટર તરફ ઉપડ્યાં. ત્યારે શ્યામ, જાણેઅજાણે, જરાક તરીને, પૂર્વીથી ચાર ડગલાં દૂર ચાલતો હતો. પૂર્વીએ તે નોંધ્યું. પણ કંઈક અજબ રીતે, તેની કોઈ અસર તેના મન પર ન થઈ. આજે મન જાણે અચાનક મુક્ત થઈ ગયું હતું, પળેપળે દબાવતી કોઈ પ્રચંડ નાગચૂડ જાણે અનાયાસ છૂટી ગઈ હતી; એક આનંદભરી હળવાશ મનના ખૂણે ખૂણાને પંપાળી રહી હતી.

થિયેટરમાં જઈને શ્યામ અને રોહિણી કામે લાગી ગયાં. બત્તીઓની સ્વીચ શોધી શોધીને તેમણે સ્ટેજ પરની બધી બત્તીઓ ચાલુ કરી દીધી. ઓડીટોરિયમમાં અંધકાર રહેવા દીધો. પૂર્વી અને હેમંત દેસાઈ સ્ટેજનાં પગથિયાં ચડીને ઉપર ગયાં. શ્યામ અને રોહિણી ઓડીટોરિયમના અંધકારમાં ક્યાંક બેસી ગયાં.

'મનને સહેજ પણ ખળભળવા દઈશ નહિ, પૂર્વી', સ્ટેજ પર પહોંચ્યાં એટલે હેમંત દેસાઈએ ધીમા અવાજે કહ્યું, 'એવી કોઈ જ જરૂર નથી. સ્વસ્થ અને સ્થિર જ રહેજે. શ્યામ આજે તારે વીંધવાનું નિશાન બનીને બેસશે–સ્થિર નિશાન ! અત્યારે તેનું મન ગૂંચવાડામાં પડેલું છે. સુચિત્રા તરફથી કોઈ કટોકટી આવી પડે તો તેની સામે ધરવા જેવી કોઈ સંગીન ઢાલ આપણી પાસે

છે એ ભાન તેને થાય એટલું જ તારે કરવાનું છે. પછી શું બને છે એ મારે કહેવાની જરૂર નથી, તું જાતે જ જોઈ લેજે. તેના વિષે એક વાત તો હું ચોક્કસપણે કહી શકું છું—તારા ખરેખરા મૂલ્યને સમજવા જેટલી સૂઝ તો તેનામાં છે. વધારામાં, સ્વભાવે તે જરા રોમેન્ટિક પણ ખરો; એટલે અત્યારે જે પરિસ્થિતિ ઊભી થઈ છે તેની અસર તેના પર જબરજસ્ત થશે !'

'એ—એ રોમેન્ટિક હોવાની વાત હું માની શકતી નથી.' પૂર્વીએ એટલા જ ધીમા અવાજે કહ્યું.

સાંભળીને હેમંત દેસાઈ માત્ર હસ્યા. તેમણે કહ્યું, 'પહેલાં તું અંતર ખોલીને ગા. તેની કેવી અસર તેના પર થાય છે તે નજરે જો. પછી એ વાત મને ફરી વાર કહેજે.' ફરી વાર હસીને તેમણે કહ્યું, 'ચાલ, જરા દૂર પેલી તરફ જઈને ઊભી રહે. તારી નજર મારા પર રાખજે જેથી હું તને જરૂરી સૂચન કરી શકું. અને મોં ઓડીટોરિયમ તરફ રાખીને ગાજે જેથી ત્યાં બેઠેલો તે તને બરાબર સાંભળી શકે.'

પૂર્વી બરાબર એ રીતે ઊભી રહી અને એક ઊંડો શ્વાસ લીધો. અને એવા જ ઊંડા ઉચ્છ્વાસ સાથે મનમાં જાણે સ્વસ્થતા-પૂર્ણ શાંતિ પથરાઈ ગઈ. નચિંતતા અને નિર્ભિકતા ફેલાઈ ગઈ–આખરે અત્યારે તે હેમંત દેસાઈના સશક્ત હાથમાં હતી; ફિકર શાની ? આંખો પલકારીને તેણે નજરને આગળની દિશામાં દોડાવી. સ્ટેજની ધાર પાસે પ્રકાશની હદ પૂરી થતી હતી. ત્યાંથી આગળ અંધકારમાં ક્યાંક શ્યામ બેઠેલો હતો–જેને તેણે દિલોજાનથી ચાહ્યો હતો એ શ્યામ. પણ પોતાની ચાહતની એ વાત તે તેને કદી કહી શકી નહોતી; હવે કહી શકવાની પણ નહોતી; પ્રેમાના બની ચૂકેલા શ્યામ અંગે તે બીજું કંઈ જ કહી શકે તેમ નહોતી–માત્ર તેની સામે, તેને સંભળાવવા ગાઈ શકે તેમ હતી.

હેમંત દેસાઈએ સિતાર પર તર્જ છેડીને ગીતના પ્રારંભના

સૂર હવામાં રમતા કર્યા. અર્ધી એક પળ આંખો મીંચીને એ સૂરોને પૂર્વીએ અંતરમાં ઊતરવા દીધા. અને પછી હેમંત દેસાઈની ઇશારત થતાં જ સહસા, એ જ સૂરોને અજબ સહેલાઈથી પકડીને અચાનક આલાપ છેડ્યો. હવાને જાણે એક નાજુક ધક્કો લાગ્યો. મધુર, અત્યંત મધુર સૂરો હવાના કણેકણને જાણે ગૂંજતો કરી રહ્યા. એ અદ્ભુત સૂરો ક્યાંથી ઊઠતા હતા–કંઠમાંથી કે સિતારમાંથી એ કળવુંય કઠિન બની ગયું.

એકાએક ગેબમાંથી ધસી આવતી વીજળીની ઝડપે સૂરોને વહેતા મૂકી દેવાની પૂર્વીની કુદરતી બક્ષીસ જાણે ચમત્કાર સર્જી રહી. પોતાના જ અવાજમાંથી જે શુદ્ધતા, માર્દવ અને ઉષ્મા નીતરતાં હતાં તેનાથી ખુદ પૂર્વી પણ ચકિત થઈ ગઈ. એ અસાધારણ અવાજ સ્ટેજ પરથી પ્રેક્ષાગારમાં વહેતો રહ્યો, ધોધમાર ધસમસતો રહ્યો. અને થોડીક વાર પછી તો એક એક તાન અને એક એક પલટો જાણે પ્રકાશનો ઝબકરો બનીને પ્રેક્ષાગારના અંધ-કારમાં ફેંકાતો ગયો. અને એ ઝબકારામાં, સ્તબ્ધ થઈને પૂતળાની જેમ ખુરસીમાં બેસી રહેલો સ્યામ જાણે પળે પળે દેખાઈ રહ્યો.

આજે દિવસો પછી ફરી એક વાર જાણે એક ખૂબ શુકનિયાળ દિવસ પાછો ઊગ્યો હતો. ક્યાંય, કશીયે કસર વિના પૂર્વી આખું ગીત સાંગોપાંગ ગાઈ શકી હતી. હૈયાના અંતિમ ઊંડાણમાંથી ઊઠતી હોય તેવી એક આખરી તાન જાણે હૈયાને ચીરીને બહાર નીકળી, સ્ટેજ અને પ્રેક્ષાગારની હવાને હચમચાવીને છેક ઊંચે છત સુધી જઈને અથડાઈ. પછી ધીમે ધીમે શમી ગઈ.

બન્ને હાથના અંકોડા ભીડીને પૂર્વી થોડી વાર એમ ને એમ ઊભી રહી. અંધારામાંથી આવતો બૂટનો ખટ્, ખટ્ અવાજ સંભળાયો. અને પછી સ્ટેજની ધાર પાસે, પ્રકાશની લકીર પાસે

શ્યામ ઊભેલો દેખાયો, નીચે ઊભો રહીને તે સ્ટેજ પર પૂર્વીની સામે આંખો ખોડીને જોઈ રહ્યો.

અર્ધી પળ, એક પળ, બેય એકબીજાને તાકી રહ્યાં. પળ બે પળ હેમંત દેસાઈ અને રોહિણીને ભૂલી ગયાં. ધીમા, થરકતા અવાજે શ્યામ બોલ્યો, 'યુ ઈન્ક્રેડીબલ અંગ ! આ વાત—આ વાત અત્યાર સુધી તેં મારાથી કેમ છુપાવી રાખી ?'

'તમને એ કહી શકાય તેમ નહોતું,' પૂર્વીએ મોં મરકાવ્યું અને ધીમેથી કહ્યું, 'પ્રેમાને ફેસ્ટિવલમાં સ્થાન મેળવવું બહુ જરૂરી હતું.'

'પ્રેમા ?' જાણે હવે જ પ્રેમા યાદ આવી હોય તેમ, આટલી પળ પોતાની એ વાગ્દત્તા જાણે વિસરાઈ ગઈ હોય તેમ શ્યામ બોલ્યો.

'દિલ્હીમાં,' પૂર્વીએ યાદ દેવડાવી, 'પહેલી વાર તમે તેને સાંભળી ત્યારની વાત છે.'

અને તરત જ, મગજમાં જાણે ઝબકારો થયો હોય તેમ તે બોલી ઊઠ્યો : 'એટલે—એટલે તું એમ કહેવા માગે છે કે રૂમની બહાર અમે જે સાંભળ્યો હતો તે અવાજ તારો હતો ?!'

પૂર્વીએ હકારમાં માથું હલાવ્યું અને કહ્યું : 'ત્યારે તમારી સાથે અમે એક નાનકડી છેતરપીંડી કરી હતી. એ બદલ હું દિલ-ગીર છું, માફી માગું છું— અમે બન્ને માફી માગીએ છીએ. પણ ત્યારે તો પ્રેમા માટે એ ખૂબ જ મહત્ત્વનું હતું કે તમારા પર તે અનુકૂળ છાપ પાડી શકે અને ફેસ્ટિવલમાં તક મેળવી શકે. અને એક વાર તેને તક મળે પછી તો તે પોતાની શક્તિ પુરવાર કરી શકે તેમ હતી. હવે તેણે તે પુરવાર કરી પણ આપી છે અને તેનો ખૂબ ખૂબ આનંદ પણ તેને છે— તેનો અને બીજી પણ ઘણી બાબતોનો ! ... પ્લીઝ, ગુસ્સે ન થશો.'

'હું ગુસ્સે થયો નથી.'

'ના રે, ના ! ના રે, ના ! આજની આ કીમતી રાત્રે ગુસ્સે થઈ શકાય જ નહિ, કોઈથી પણ !' હેમંત દેસાઈ વચ્ચે જ બોલી ઊઠ્યા : 'હવે શ્યામ, તારે પૂર્વી પાસેથી એ ગઝલો સાંભળવી છે જે અત્યાર સુધી માત્ર સુચિત્રા જ ગાઈ શકી છે ?'

—પહોળી થઈ ગયેલી આંખોને પલકારતાં શ્યામે કહ્યું, 'હં ? હા, હા !' અને પછી આંખો પરથી કોઈ અદૃશ્ય પડને લૂછી નાખતો હોય તેમ રૂમાલ વડે લૂછતાં કહ્યું, 'સાંભળવું જ છે. હકીકતે તે જે જે ગાઈ શકતી હોય તે બધું અત્યારે જ સાંભળવું છે !'

[૧૯]

સુચિત્રાના એકચક્રી સામ્રાજ્ય પર અજબ કૌશલ્યભેર છાપો મારતી હોય તેવી પૂર્વી શ્યામને લાગી. જે મર્મસ્પર્શી માર્દવ અને હૃદય ચીરતી આરતભેર પૂર્વીએ એક પછી બીજી, પછી ત્રીજી ગઝલો...ગાવા માંડી તે સાંભળતો, પળે પળે જાણે ઊંડા ને ઊંડા હેરતમાં ગરકાવ થતો જતો હોય, ઊંચાને ઊંચા અહોભાવમાં જકડાતો જતો હોય, તેમ શ્યામ બેસી રહ્યો. આ વખતે તે અજવાળામાં પહેલી હરોળમાં જ બેઠો હતો. પંક્તિએ પંક્તિએ હચમચી ઊઠતા શ્યામને પૂર્વી પોતાની જ આંખો વડે જોઈ શકતી હતી. એક અજબ પ્રકારનો આનંદ અને એક અર્ધપ્રીછ્યા વિજયનો નશો દિલના તારેતા-રને બહેલાવી જતો હતો. જીવનની કદાચ, એ સૌથી ધન્ય ક્ષણ હતી—કમસેકમ, આ એક રીતે તો તે શ્યામને સંપૂર્ણ મુગ્ધ કરી શકી હતી !

અંતિમ ગઝલની અંતિમ તાન અજબ સલુકાઈપૂર્વક હવામાં લહેરાઈ ઊઠી અને ધીમે રહીને, સાવ અચનાક શમી ગઈ.

કોઈ અપાર્થિવ અનુભવની આરપાર નીકળ્યો હોય તેમ આંખો પટપટાવતા શ્યામના ખભા પર ટપલી મારતાં હેમંત દેસાઈએ એ કહ્યું, 'વારુ, શ્યામ; કેમ લાગે છે ? જરૂર પડે તો સુચિત્રાને બદલે આને મૂકવાનું સાહસ આપણે કરી શકીએ ?'

'હવે જે થવાનું હોય તે થાય, દેસાઈજી !' હેમંત દેસાઈનો હાથ પોતાના હાથમાં સજ્જડ પકડી લેતાં શ્યામ બોલી ઊઠ્યો, 'હવે સુચિત્રાને બધી જ છૂટ છે. ઇંગ્લૅન્ડના કિનારે જિંદગીભર સૂઈ રહેવું હોય તો પણ તેને છૂટ છે ! તેના ચહેરા પર નિશાળિયા બાળક જેવો બેફિકર આનંદ છલકાતો હતો.

'ના, એમ નહિ, શ્યામ,' હેમંત દેસાઈએ અસંમતિનો સૂર કાઢયો, 'સુચિત્રાને ગુમાવવાનું આપણને તો શું, સંગીતની આ દુનિયાને પોસાય તેમ નથી! સંગીતની દુનિયામાં સુચિત્રાઓ વીરલ ચીજો છે, શ્યામ!' સહેજ થોભીને તેમણે આગળ કહ્યું, 'હા, આપણે હવે એટલું કહી શકીએ તેમ છીએ કે, સુચિત્રા જો આપણી સામે દુષ્ટતાનું હથિયાર વાપરે તો સામે ધરવા જેવી ઢાલ આપણે હાથવગી કરી લીધી છે.' અને પૂર્વી તરફ ફરતાં ઉમેર્યું, 'થેંક્યુ, પૂર્વી.'

અને પછી રોહિણી અને શ્યામ પગથિયાં ચઢીને સ્ટેજ પર આવ્યાં કે તરત જ હેમંત દેસાઈએ પૂર્વીનો હાથ પોતાના હાથમાં લીધો અને ચૂમી લીધો. રોહિણી પણ તેમને અનુસરી. ડઘાઈ જઈને શ્યામ અચલ ઊભો રહ્યો. પૂર્વીની દૃષ્ટિ એક પલકારા જેટલી વાર શ્યામ તરફ ફરી અને નીચી ઢળી ગઈ. હોઠ હળવું મરકી ગયા.

'હું પણ—' શ્યામ બોલ્યો, 'હું પણ તારો આભાર માની લઉં તો મારા મોં પર વાજબી તમાચો પડી ગયો ગણાશે, પૂર્વી?...કમસેકમ, આ ફેસ્ટિવલના દિગ્દર્શક તરીકે—'

'ડોન્ટ બી સીલી, શ્યામ!' રોહિણી વચ્ચે બોલી ઊઠી, 'કિસ હર!'

પૂર્વી ચૂપ ઊભી રહી. ધીમેથી એક ડગલું આગળ મૂકીને શ્યામ તેની નજીક આવ્યો. જાણે આપોઆપ પૂર્વીનો હાથ ઊંચો થયો, શ્યામના હાથમાં ઝલાયો અને હોઠને સ્પર્શી રહ્યો.

'હવે બધું જ બરાબર છે,' હેમંત દેસાઈ બોલી ઊઠયા, 'હવે મને આશા છે કે મારે વધારે આંસુ જોવાં નહિ પડે. ગાયક માટે આંસુ બહુ બૂરી ચીજ છે!'

'આંસુ?' કંઈ સમજી નહિ શકતાં શ્યામ બોલ્યો, 'આંસુ શાનાં?'

'કંઈ નહિ,' પૂર્વી વચ્ચે બોલી, 'ખાલી, અમસ્તું.'

'તો હવે આજનું કામ પૂરું થાય છે,' હેમંત દેસાઈએ કહ્યું,

'અને શ્યામ; હાલ તુરત પૂરતી આપણી આ નવી શોધ વિષે આપણે કોઈને કશું જાણવા દેતા નથી; બરાબર? સુચિત્રા હજીયે કદાચ આવી પહોંચે એ વાત ભૂલવા જેવી નથી.'

ભવાં અદ્ધર ચઢાવતાં શ્યામે પૂછ્યું, 'એટલે તમે ક્યાં સુધી તેની રાહ જોવા ધારો છો? આજે સવારે જ મેં તેના સેક્રેટરીને ફોન કર્યો તો તેણે એમ કહ્યું કે, સુચિત્રાનો સંપર્ક અત્યારે થઈ શકે તેમ જ નથી. અત્યારે તે ક્યાં છે એ જ તેને ખબર નથી!'

'કાર્યક્રમના દિવસની સવાર સુધી હું તેની રાહ જોવા ધારું છું, સવારના ફાઇનલ રિહર્સલમાં પણ તે નહિ આવે તો પછી પૂર્વી સ્ટેજ સંભાળી લેશે.'

શ્યામના મુખ પર એક હાસ્ય ફરી વળ્યું—મસ્તીખોર કિશોર જેવું હાસ્ય.

બગીચો વીંધીને બધાં ઘર તરફ પાછાં વળ્યાં. ઘર નજીક રસ્તો ફંટાતો હતો ત્યાંથી હેમંત દેસાઈ અને રોહિણી છૂટાં પડયાં. બે-ત્રણ પળ પૂર્વી અને શ્યામ ચૂપચાપ ચાલતાં રહ્યાં. પછી એકાએક શ્યામ બોલી ઊઠયો:

'તને હું ઓળખી ન શકયો, પૂર્વી—તારે બેવડાં રૂપ છે!'

'તો શું બેવડાં રૂપ બીજા બધાને પણ નથી હોતાં?' પૂર્વીએ વળતો સવાલ કર્યો.

'બીજાની ખબર મને નથી,' શ્યામે કહ્યું, 'પણ જો બધાને બે રૂપ હોય તો તારે ત્રણ છે!' અને પછી હસી પડયો, પહેલું રૂપ એક કહ્યાગરી, મૂંગી, કામઢી સેક્રેટરી. બીજું રૂપ, એક ઠંડી પણ એટલી જ મજબૂત હસ્તી જેનાં વેણ પણ ભય પમાડે તેવાં હોય છે— હોય છે જ, તેમાં કંઈ શંકા નથી. અને કદી માન્યામાં પણ ન આવે તેવું, ભલભલાના હાથે પણ ન પકડાય તેવું ત્રીજું રૂપ, કલાજગતના સર્વોચ્ચ શિખરને લગભગ આંબી જતી ગાયિકાનું!'

બોલતાં બોલતાં તેણે બંગીચાની ઝાંપલી ઉઘાડી અને એક બાજુ ઊભો રહ્યો. પૂર્વી તેમાંથી પસાર થઈ એટલે બોલ્યો, 'તારો ખરેખર મને ડર લાગે છે.'

પૂર્વીના હોઠ સુધી શબ્દો આવી ગયા: 'ડરશો નહિ. હું તમારી સંપૂર્ણ નિરુપદ્રવી સાળી બની રહીશ.' પણ તેને મનમાં જ ગોપવીને તે ચૂપ રહી. તેના મનની હાલત વિચિત્ર બની ગઈ. માત્ર એટલું જ બોલી શકી, 'મારામાં ડરવા જેવું શું છે? કંઈ જ નહિ વળી જો સુચિત્રા સમયે આવી પહોંચશે તો પછી મારામાં અંજાવા જેવુંયે શું રહેશે? કંઈ જ નહિ. પછી તો ચૂપચાપ મારે પાછા વળી જવાનું જ રહેશેને, મારા રૂમ નંબર એક તરફ?'

'નોનસેન્સ!' શ્યામ ભારપૂર્વક બોલ્યો, 'તું કહેવા શું માગે છે? આવું અદ્ભુત ગાઈ શકવું અને તેમાંથી કોઈ કારકિર્દી ન બનાવી લેવી એમ? એ ન બની શકે!'

'કારકિર્દી?' પૂર્વીએ કહ્યું, 'એની તો મને હજી કંઈ ગમ નથી. પણ એક કુટુંબમાં એક ગાયિકા હોય તો એ પૂરતું છે. તમે શું માનો છો?'

'હું એવું નથી માનતો. પ્રેમા ભલે અત્યારે ઝળકી ઊઠી, તારી નિપુણતા સામે તેની ગણતરી થઈ શકે તેમ નથી.' સહેજ અટકીને એકાએક હસી જતાં તે બોલ્યો, 'ગમે તેમ, પણ મને લાગે છે કે તે પરણી જશે પછી કારકિર્દીની વાત છોડી દેશે.'

'એવું હું માની શકતી નથી,' પૂર્વીએ તક સાધીને કહ્યું (કેટલો મીંઢો છે હજી સાચી વાત કહી દેવા જેટલો નિખાલસ પણ બનતો નથી!) 'હું તો માનું છું કે તે પરણી પણ જશે અને કારકિર્દી પણ નહિ છોડે!'

'સમય જ તેનો જવાબ આપશે,' શ્યામે જવાબ આપ્યો, અને દાદરના કઠેરા પર ઝૂકતાં કહ્યું, 'હવે પછી જે મને સ્પર્શી

જશે તે અવાજ પ્રેમાનો નહિ હોય!'

ધબાક પૂર્વીનું હૃદય જોરથી ઊછળ્યું. પણ તેને પ્રયાસપૂર્વક કાબૂમાં લેતાં તેણે કહ્યું, 'કદાચ, પણ સાથે સાથે એ પણ સાચું જ છે કે જિંદગીમાં અવાજ સિવાયની પણ ચીજો હોય છે જે આપણને સ્પર્શી જાય, નહિ?'

હોઠ આછેરા મરકાવીને તેણે ઠંડકભેર શ્યામ સામે માથું હલાવ્યું અને દાદરનાં પગથિયાં ચડવા માંડ્યાં. અને અનેક વિચારો, અનેક અવળસવળ ભાવો મનમાં અત્યંત વેગથી દોડાદોડી કરવા લાગ્યા. એ ધમાચકડી વચ્ચે તે બે ભાગમાં વહેંચાઈ ગઈ. એક ભાગ આનંદની લહેરો પર હિલોળાઈ રહ્યો, બીજો ભાગ અમથી અમથી જબરજસ્ત શરમીંદગી અનુભવી રહ્યો. શ્યામે આજે દિલ ખોલીને તેનાં વખાણ કરી નાખ્યાં હતાં. તેણે એ પણ કહી દીધું હતું તે સાચેસાચ તેના અંતરતમને સ્પર્શી ગઈ છે, ખેંચી ગઈ છે તેને! અને પ્રેમાનો તો તેણે વાતવાતમાં જ છેદ ઉડાડી દીધો!

તેને પ્રેમા યાદ આવી ગઈ. એક માણસ, નામે શ્યામ, સાથે કામ કરવાનું તેણે શરૂ કર્યું ત્યારે તેના મનમાં શું હતું? કારકિર્દી બનાવી લેવાની સ્વાર્થી ગણતરી જ—હાસ્તો, પ્રેમાએ પોતે જ કહ્યું હતું એવું. પણ પછી બધું કેવું અજબ બની ગયું હતું! પ્રેમાએ તે પણ કહ્યું જ હતું ને તેને? અને એ કહેતી વખતે કેવી ફૂલગુલાબી બનીને ખીલી ગઈ હતી તે! કેવી રૂપાળી અને નાજુકડી બની ગઈ હતી!

અને હવે પાછું વહેણ દિશા બદલવા લાગ્યું હતું? કે તેના મનનો ખાલી વહેમ હતો? ગમે તેમ, પણ પ્રેમાથી એ છુપાવવું ન જોઈએ. કમસેકમ આજે સાંજે શું શું વીત્યું હતું એ તો તેને કહી દેવું જોઈએ?

અને પોતાના રૂમ તરફથી તેનાં પગલાં પ્રેમાના રૂમ તરફ વળ્યાં. બારણે ટકોરા મારતાં અંદરથી સુરતીભર્યો અવાજ સંભ-

જાયો, 'કમ ઈન !'

અંદર પલંગમાં પડેલી પ્રેમા કોઈ મેગેઝીનનાં પાનાં ફેરવી રહી હતી.

'હલ્લો !' અંદર આવેલી પૂર્વી સામે જોતાં પ્રેમાએ ટહુકો કર્યો, 'અરે, આજે આ શું થઈ ગયું છે તને ? તારો ચહેરો જોતાં તો એવું લાગે છે જાણે સ્ટેજ પર કોઈ સફળ અદાકારી કરીને તું અત્યારે જ નીચે ઊતરી હો, અને હજી આ વાસ્તવિક દુનિયામાં 'એડજસ્ટ' ન થતી હો ! આખરે બન્યું છે શું ?'

'તું જાદુગરણી છે, પ્રેમા !' સહેજ હસતાં પૂર્વીએ કહ્યું, 'તારી વાત લગભગ સાચી છે. કમસેકમ, હું તો એવું જ અનુભવી રહી છું.'

'ચાલ, વાત કર.' પ્રેમાએ પડખું ફેરવ્યું અને એ વધારે ઓશીકાં માથા નીચે ગોઠવી અધૂકડી સૂતી, 'અત્યારે તું કંઈ પ્રેમબ્રેમમાં પડીને તો નથી આવીને, હેં ?

'બિલકુલ નહિ,' પૂર્વીએ ઝટપટ કહી નાખ્યું, 'થોડી વાર પહેલાં— થોડી વાર પહેલાં હું ગાતી હતી, હેમંત દેસાઈ પાસે.'

'હેં ? પૂર્વી !' એક ક્ષણ પ્રેમાનો ચહેરો અણધારી ચમકથી ભરાઈ ગયો, પણ પછી જાણે એ સાંભળીને થોડુંક જ આશ્ચર્ય થતું હોય તેમ બોલી, 'ઓહ ! પણ મને લાગે છે કે તેનો હવે ખાસ વાંધો નથી.'

'એ સાચું છે. અત્યાર સુધી તેથી કંઈ વાંધો આવ્યો નથી. દેસાઈજી અમુક સમય પહેલાં જ આ વાત જાણી ગયા હતા. પણ —પણ હું તને તે કહી શકતી નહોતી. તેમણે મને ગાવા માટે એટલું બધું દબાણ કર્યું—ફરજ પાડી એમ જ કહેવાય. અને મારે કબૂલ કરવું પડ્યું કે, દિલ્હીમાં સ્ટુડિયોમાં બંધ બારણે ગાનાર હું જ હતી. તું નહિ માને પ્રેમા, પણ તે દિવસે જ તેમણે ધારી લીધું હતું કે, ત્યારે ખરેખરી ગાનાર હું જ હતી !

'એ તે કેવી રીતે ધારી શકે ?' પ્રેમાએ પૂછ્યું.

'તેમણે મને કહ્યું કે, તે ચોક્કસ પણે જાણી ગયા હતા કે, બારણાની બહાર તેમણે સાંભળેલો અવાજ એ નહોતો જ જે તેમણે અંદર આવ્યા પછી સાંભળ્યો. એટલે ધારી લેવાનું તેમને માટે આસાન હતું —રૂમમાં બીજી વ્યક્તિ માત્ર હું જ હતી.'

'તેમનામાં શેતાની શક્તિ લાગે છે !' પ્રેમા બોલી, પણ તેમાં તિરસ્કાર નહોતો, પ્રશંસા હતી.

'અમુક રીતે તારી એ વાત સાચી છે,' પૂર્વી સંમત થઈ, 'પણ મારા પ્રત્યે તો તે ખૂબ ખૂબ માયાળુ રહ્યા છે. છેક આજના દિવસ સુધી તેમણે મને સતત રિયાઝ કરતી રાખી છે.'

'રિયાઝ ?' જરા ચમકતાં પ્રેમાએ પૂછ્યું, 'રિયાઝ શા માટે ?'

'વાત તને કહીશ તો વાર્તા જેવી લાગશે, પ્રેમા,' પૂર્વીએ કહ્યું, 'જાદુઈ વાર્તા જેવી, પણ ખરેખર એવું જ બની ગયું છે. 'દેસાઈજીને શક પડી ગયો હતો કે સુચિત્રા તેમને આફતમાં ઉતારવા જેવું કંઈક કરશે. એટલે એવું કંઈ બને તો તેને બદલે મને મૂકી દેવા તે મને અનામત રાખવા માગતા હતા.'

આકાશમાંથી એક પ્રચંડ કડાકા સાથે વીજળી પગ પાસે જ પડી હોય તેમ સ્તબ્ધ થઈને પ્રેમા પૂર્વી સામે તાકી રહી. ફાટી આંખે તેને નીરખી રહી. અને પછી જાણે એકાએક આનંદિત થઈ ઊઠી હોય તેમ બોલી ઊઠી, 'શું વાત કરે છે, પૂર્વી ! આવી અકલ્પ્ય વાત મેં કદી સાંભળી નથી !...તો તો તું ક્યાં પહોંચી ગઈ ગણાય, પૂર્વી ! મેં તો શું કોઈએ ય કલ્પ્યું ન હોય તેટલે ઊંચે ! માય ગોડ, વૉટ અ સેન્સેશન ! પૂર્વી, મારી બહેન પૂર્વી— મહાન સુચિત્રાની જગ્યાએ, હેં !'

'ના, પ્રેમા. સુચિત્રાની જગ્યાએ નહિ,' પૂર્વીએ કહ્યું, 'દેસાઈજી સાચું જ કહેતા હતા કે, સુચિત્રાનો કોઈ વિકલ્પ છે જ નહિ. પણ જો સુચિત્રા છેહ દઈ જાય તો તેને બદલે મને એક

નવી શોધ તરીકે તે મૂકી દઈ શકે.'

અને પછી એ બધું કેવી રીતે શરૂ થયું અને હેમંત દેસાઈ કેવી રીતે એ નિર્ણય પર આવ્યા તે આખી વાત વિગતવાર પ્રેમાને કહી સંભળાવી. સાંભળીને પ્રેમા બોલી ઊઠી :

'મારી જિંદગીમાં આના કરતાં વધારે ઉત્તેજનાભરી વાત મેં કદી સાંભળી નથી, ખરેખર!......અને હા, શ્યામ એ બાબતમાં શું કહે છે?'

'હં......' સહેજ અચકાતાં પૂર્વીએ કહ્યું, 'એ પણ એમ જ કહે છે, આ વાત અત્યાર સુધી તેનાથી છૂપી હતી, પણ સુચિત્રાની વાતે એકાએક એવો ચિંતાજનક વળાંક લીધો કે આજે સાંજે અમારે તેને વાત કહેવી પડી. હમણાં થોડી વાર પહેલાં જ દેસાઈએ તેની સામે મારી પાસે ગવરાવ્યું.'

'શ્યામ રોમાંચિત થઈ ગયા હતા?'

'હેં? હા......' પૂર્વીએ કહ્યું, 'લગભગ એવું જ. પણ પ્રેમા, તેનો એક અર્થ એ પણ થયો કે દિલ્હીમાં આપણે તેની સાથે કરેલી છેતરપીંડીની ખબર હવે તેને પડી ગઈ! એ ભૂલ મારાથી જ થઈ ગણાય. જોકે તે વિના મારો છૂટકો જ નહોતો. તો પણ તને કંઈ ખરાબ લાગશે? તને એવું તો નહિ લાગે ને કે મેં તારી સાથે બેવફાઈ કરી? એટલા માટે જ હું અત્યારે તારી પાસે આવી છું.'

'પૂર્વી', પ્રેમાએ મોં મરકાવતાં કહ્યું, 'તેનું હવે કંઈ મહત્ત્વ જ રહ્યું નથી, તું સમજતી કેમ નથી? સ્ટેજ પર હું ઝળહળતી સફળતા હાંસલ કરી ચૂકી છું. એ સફળતાની કેડી તૈયાર કરવામાં આપણે કોઈ નાનકડી છલનાનો આશ્રય લીધો હતો કે નહિ તેની હવે કોઈનેય પડી નથી.'

'ના, મને બીજા કોઈનો ડર નહોતો', પૂર્વીએ કહ્યું, 'મને તો એ ડર હતો કે, શ્યામ તારા વિષે એવું જાણે કે તેં તેની સાથે નાનકડી પણ છેતરપીંડી કરી હતી તો એ તેને નહિ ગમે.'

'હવે તેની પણ ફિકર નથી, પૂર્વી,' પ્રેમાએ ફરીથી ભારપૂર્વક કહ્યું, 'તેને છેતરપીંડી ગણીએ તો પણ તે બહુ જૂની વાત બની ગઈ. ત્યાર પછી તો ઘણાં પાણી વહી ગયાં છે. ઘણું વધારે મહત્ત્વનું બની ગયું છે એ પણ જોવાનું ને? હું નથી માનતી કે આવી ક્ષુલ્લક વાતને શ્યામ હવે મારી સામેના પલ્લામાં મૂકે. અને માની લો કે કદાચ મૂકે તો પણ —' સહેજ અટકીને આછું હસતાં તેણે ઉમેર્યું, 'તો શું કરવું તેની મને ખબર છે.'

આશ્ચર્યનો કે એવી જ કોઈ અજાણી ચીજનો એક સજ્જડ આંચકો ખાઈને પૂર્વી સ્તબ્ધપણે પ્રેમાને નિહાળી રહી.

[૨૦]

બાપ રે ! શ્યામ વિષે, હરણિયા પારા જેવા ચંચલ મૂડવાળા શ્યામ વિષે, આટલી બધી ખાતરીપૂર્વક કંઈ પણ માનતા હોવું એ જ એક અચરજ; બહુ બહુ મોટું અચરજ ! એ અચરજને દેહ ધરીને પોતાની સામે બેઠેલું નિહાળતી હોય તેમ પૂર્વી પ્રેમા સામે જોઈ રહી. ઈર્ષાનો, ઈર્ષામાં ભારોભાર ભળી ગયેલી વેદનાનો એક તીણો સણકો મનમાં ઊઠયો. તેને પ્રયાસપૂર્વક દબાવી રાખતાં તે જરાક હસી. 'હમણાં હમણાં તું બહુ ખુશ છે, નહિ પ્રેમા ? ખુશ અને ખુદ્દાર ! હવે જાણે તને કોઈ બીતિ કે કોઈ દહેશત ડરાવતી નથી. નહિ ?'

'બિલકુલ નહિ,' પ્રેમાએ ગરદનને હળવો ઝટકો આપતાં કહ્યું, 'તું તો સમજી શકશે, પૂર્વી, કે જે ચીજ સૌથી વધારે મહત્ત્વની હોય તે એક ચીજ વિષે જ્યારે તમે નચિંત બની જાવ ત્યારે બાકીની બધી ભીતિઓ અને દહેશતો આપોઆપ ઊડી જતી હોય છે. તેની પછી કોઈ ગણતરી જ રહેતી નથી.' કહીને તે સહેજ અટકી અને પછી એકાએક પૂછયું, 'હં, પણ પૂર્વી, પછી તારા આ નવા જ સ્વરૂપને જોઈને શ્યામને શું શું થયું ? વિગતવાર કહે ને મને !'

'એ હું તને કહેવાની જ હતી, પણ તું જરા આડી વાતે ચઢી ગઈ એટલે હું થોભી ગઈ હતી. શ્યામે તેનો પ્રત્યાઘાત બહુ સ્વસ્થ રીતે જ આપ્યો હતો. તને કદાચ ડર હશે એમ, તે અસ્ત-વ્યસ્ત થઈ ગયા નહોતા...તેમણે એટલું તો ખાસ ભારપૂર્વક કહ્યું કે, બધું ઘણા સમય સુધી તેનાથી છુપાવી રાખવામાં આવ્યું તેથી

પણ તેને ગુસ્સો આવ્યો નહોતો ! મને લાગે છે કે, તેમની એ વાત સાચી જ હશે. કારણ કે ચહેરા ઉપરથી તે ગુસ્સે થયેલા લાગતા નહોતા; ગૂંચવાઈ ગયેલા, ચકિત થઈ ગયેલા વધારે લાગતા હતા.' કહીને તેણે નાનકડું સ્મિત કર્યું.

'એટલું જ નહિ,' પ્રેમાએ પૂર્તિ કરી, 'મને તો ખાતરી છે કે, તેણે રાહતનો ઊંડો દમ પણ લીધો હશે.'

પૂર્વીનાં ભવાં કપાળમાં સહેજ અદ્ધર ખેંચાયાં : 'રાહત ?... શાની રાહત ? સુચિત્રાએ ખડી કરેલી ધમકીભરી પરિસ્થિતિમાંથી પણ એ રાહત હોઈ શકે; અથવા આ બે બહેનોએ મળીને એક બહુ મોટી હકીકત—અસલમાં ગાનાર પૂર્વી હતી, પ્રેમા નહિ—વિષે તેને અંધારામાં રાખ્યો, પણ આખરે તો અંત સારો જ આવ્યો હતો, પ્રેમાએ તેના અંતર સુધીનું અંતર કાપી નાખ્યું હતું ને ઘીના ઠામમાં ઘી પડી ચૂકયું હતું—એ પણ એક રાહત હોઈ શકે પ્રેમાની વાતમાં કઈ રાહતનો સંકેત હતો ?

પણ પ્રેમા આગળ બોલી, 'સુચિત્રા છેક છેલ્લી ઘડીએ તેમનો ફજેતો કરી નાખશે એવા ડરથી શ્યામ એકલા જ નહિ, હેમંત દેસાઈ પણ અંદરખાને તો હચમચી ઊઠ્યા હશે જ ! તું તેમને માટે અણીને સમયે રાહત બની ગઈ !'

'શ્યામની તો મને ખબર નથી, પણ દેસાઈજીને તો હું રોજરોજ મળતી હતી એટલે કહી શકું કે, તે બહારથી કે અંદરથી બિલકુલ હચમચ્યા નહોતા.' પૂર્વીએ કહ્યું, 'પણ એમ કહી શકાય કે, જ્યાં સુધી તે મને પટાવી, સમજાવીને તેમની અપેક્ષા મુજબ તૈયાર ન કરી શકયા ત્યાં સુધી જરા ચિંતાતુર જણાતા હતા.'

'પટાવી–સમજાવીને ?' ભવાં અદ્ધર ખેંચતાં પ્રેમા બોલી ઊઠી; 'બિલકુલ માની ન શકાય તેવી વાત, પૂર્વી ! હેમંત દેસાઈ અને તે વળી કોઈને પટાવે–સમજાવે એમ ? અરે ગાંડી, એમની ડિક્શનરીમાં એ બે શબ્દો નથી ! એમના શબ્દો તો છે આદેશ અને આજ્ઞા, બસ ! હંમેશાં તે આજ્ઞા કરે અને તમારે તેનું પાલન

કરવાનું; ને પાલન કરતાં કરતાં મરી જવું પડે તો મરી જવાનું!... આના કરતાં જુદા કોઈ રંગમાં હેમંત દેસાઈનું ચિત્ર હું કલ્પી શકતી જ નથી! પૂર્વીના ઉત્તર માટે થોભતી હોય તેમ ઘડીક થોભીને તે આગળ બોલી, 'ખેર, જવા દે એ વાત. હવે મૂળ વાત કર. ફેસ્ટિવલની રાત્રે તું શું ગાવાની છે!'

અને પૂર્વીએ જે કહ્યું તે સાંભળીને પ્રેમા ખરેખર કૂદીને ઊભી થઈ ગઈ. હર્ષ, તાજ્જુબી, ઉત્તેજનાની એક ચીસ તેના ગળામાંથી નીકળી ગઈ: 'હેં, પૂર્વી ખરેખર?...માય ગોડ! તું એ જ ગઝલો ગાઈશ, જે સુચિત્રાએ ગાવાની હતી?' અને જોરથી માથું ધુણાવ્યું જાણે મગજમાં કોઈ તોફાન પેસી ગયું હોય!

હોઠના ખૂણાને સહેજ ફરકાવીને મર્માળું સ્મિત રમાડતાં પૂર્વીએ કહ્યું; 'દેસાઈજીએ આજ્ઞા આપી છે, પાલન મારે કરવું જ પડે!'

પ્રેમા પણ હસી પડી. બોલી ઊઠી: 'અને તેમાં જો તું સોએ સો ટકા સફળ થઈને પૂર્વી, તો સુચિત્રા તારું ગળું જ દાબી દેશે!' અને ફરી હસી પડતાં કહ્યું, 'કમસે કમ, દાબી દેવાની ઇચ્છા તો કરશે જ!'

'એવી કોઈ ઇચ્છા તેને ન થાય તેવી આશા રાખીએ,' હસીને પૂર્વીએ કહ્યું અને જવા માટે ઊઠી.

પોતાના રૂમમાં જઈને સૂવા માટે કપડાં બદલતાં પૂર્વીના મનમાં પ્રેમાના છેલ્લા શબ્દો પડઘાઈ રહ્યા, પ્રેમા ભલે માત્ર મજાકમાં બોલી હતી એ શબ્દો, છતાં તે વળી વળીને મનમાં પાછા ઊઠી આવતા રહ્યા; અને કંઈક અગમ્ય રીતે એ શબ્દોમાં તેને એક વિચિત્ર શકયતાનો અહેસાસ થવા લાગ્યો.

પોતાનો એ સ્વભાવ નહોતો જ. એવો મિજાજ કુદરતે તેને આપેલો જ નહોતો કે, સુચિત્રાની દુશ્મનીને આહ્વાન આપવાની કલ્પના પણ તે કરે...કે સંગીતની આ વ્યવસાયી દુનિયામાં કોઈની

ચે સાથે, તણખા ઝરે એવી સ્થિતિની ઇચ્છા કરે. ના, એ એક બાબત જ તેનામાં નહોતી. પણ આ તો અકસ્માત આટલું બધું બની ગયું હતું. તેણે કંઈ કર્યું નહોતું. ને છતાં બધું બની ગયું હતું. સંગીતની એ જ વ્યવસાયી દુનિયામાં એક ખૂબ ખૂબ મહત્ત્વપૂર્ણ સ્થિતિમાં તેને ધકેલી દેવાઈ હતી, તેથી તે પોતે જ ડઘાઈ ગઈ હતી, ચકિત થઈ ગઈ હતી—એટલી બધી કે, પોતે જ પોતાની મૂક પ્રેક્ષક બની ગઈ હતી.

એમ બનવું જ સ્વાભાવિક હતું. જીવનભર તેણે એક પ્રેક્ષકની ભૂમિકા જ ભજવેલી હતી. ખૂબ ઊંચે ઝગઝગતા સિતારાઓની કલાની ભાવવિભોર થઈને પ્રશંસા જ કરતી રહી હતી. પણ હવે અચાનક તે ખુદ એક ઝળહળતો સિતારો બની રહી હતી—ખરેખરા અર્થમાં કલાજગતનો એક તેજસ્વી તારક! અને એ કલ્પના તેના તનમનમાં હિમ જેવું ઠંડું લખલખું ભરી દેતી હતી. તેનાં અંગો ખરેખર એક પળ ધ્રૂજી ઊઠયાં. પણ પછી તેની નજર સામે જાણે એક લાંબી ફિલ્મપટ્ટી ઉખળવા લાગી. અનેક અનેક દૃશ્યો લગાતાર સડસડાટ પસાર થવા લાગ્યાં. અને એક દૃશ્ય આવીને તેની નજર સામે થંભી ગયું—આગલી સાંજે જ રિહર્સલ થિયેટરમાં ભજવાઈ ગયેલું અનુપમ દૃશ્ય, તેના જીવનને એક તિલસ્મી મરોડ પર મૂકી દેનાર દૃશ્ય, એક કહ્યાગરી, આજ્ઞાધીન સેક્રેટરીમાંથી સામ્રાજ્ઞીના સિંહાસન પર બેસાડી દેતું અદ્‌ભુત દૃશ્ય.

અને દૃશ્યમાંથી જાણે પ્રેરણા, આત્મવિશ્વાસ અને ચેતનાના બળુકા ફૂવારા ઊડવા લાગ્યા; ચિત્તને હિલોળા લેતી એક અવનવીન ભરતીથી ઊભરાવા લાગ્યા.

છતાં તે અજબ રીતે શાંત હતી. અન્ય કોઈને ઊંચકીને અદ્ધર આકાશ સુધી ફંગોળી દે એવી દે—માર ભાવભરતી વચ્ચે પણ તેનામાં કોઈ મહત્ત્વાકાંક્ષા માથું ઊંચકતી નહોતી. માત્ર એક ઇચ્છા તરફડી ઊઠતી હતી—તેના 'શેઠ'ના મન પરથી એક ક્ષુલ્લક

સેક્રેટરી તરીકેની પોતાની છાપ ભૂંસી નાખવાની ઇચ્છા. અને તેની જગ્યાએ એક પ્રચંડ સફળતાની નવી છાપ મૂકી જવાની ઇચ્છા... એવી સફળતાનો જ શ્યામ પ્રશંસક હતો, પૂજારી હતો...

પ્રેમા ! હા, પ્રેમા હવે ખુશ હતી, ખુશખુશાલ હતી. તેની ખુશીનો રંગ રેલાઈ જવાની દહેશતે તે અત્યાર સુધી અચકાઈ જતી હતી, ચૂપ બની જતી હતી. પણ હવે એ દહેશત અસ્થાને હતી. જે જોઈતું હતું તે હવે પ્રેમાએ ચોક્કસ, ચોક્કસપણે મેળવી લીધું હતું. શ્યામના પ્રેમની બાબતમાં હવે તે બધી દિશાએથી સુરક્ષિત હતી—એટલે જ તેને પેલો છેતરપીંડીનો ભાંડો ફૂટી જવાનોય ડર લાગતો નહોતો ને ? નહિતર, એ છેતરપીંડીના સહારે જ તે શ્યામને આંબવા સુધીની સીડી ચડી ગઈ હતી. પણ ખેર, જે થયું તે ભલે થયું. ભલે પોતે શ્યામનો પ્રેમ કદી પામી ન શકે, આખા જીવનમાં એક પળ પણ ભલે પામી ન શકે; એક વાર તો પોતે એ જ શ્યામને પોતાના તેજથી એવો તો આંજી નાખશે કે થોડી વાર તો દુનિયામાં બીજું કંઈ તે દેખી નહિ શકે...પ્રશંસાના જેટલા શબ્દો તેને આવડતા હશે તે બધા જ તેણે પોતાને માટે વાપરી નાખવા પડશે; હા, પોતાને એકલીને માટે !...

પછી સમય વીતતો રહ્યો. સમયના વીતવાની એક રીત હોય છે. પોતાના એક એક પગલાને તે ભૂંસતો જાય છે. ગઈ કાલને રહેવા દેતો જ નથી. આવતી કાલને તે પકડી લે છે. તેને આજ બનાવી દે છે. આજને વળી છોડી દે છે; ગઈકાલ બનાવી દે છે. ને પછી તેને ભૂંસી નાખે છે. એમ સમય વીતતો રહ્યો.

દરમ્યાન શ્યામ બે વાર પૂર્વીને સાંભળવા આવ્યો, સાંભળી, અને ગયો. પૂર્વીએ તે જોયું, અનુભવ્યું, પણ તેનું ચિત્ત જાણે કોઈક નવા જ મુકામ પર પહોંચી ગયું હતું. સંગીત, સૂર, ગઝલો અને હેમંત દેસાઈની અજબ સૂઝભરી સૂચનાઓ જ જાણે સર્વેસર્વા બની બેઠી હતી. હર્ષ અને શોક બન્ને જાણે હાથના આંકડા ભરીને

મનના તળિયે ઊતરી ગયા હતા. ઉપર, સપાટી ઉપર સ્વસ્થતાભરી શાંતિ હતી. બન્ને વખત શ્યામ તેને સાંભળવા આવ્યો અને ચૂપચાપ બેસી રહ્યો. બેઠો બેઠો તેના ગીતના પ્રભાવમાં ઊંડો ને ઊંડો ખૂંપતો ગયો. પૂર્વી તે જોઈ શકતી હતી. તેના અંતરમાં એકાએક હર્ષની જબરજસ્ત છોળ ઊડતી હતી. પણ બન્ને વખત, ગીત સાંભળી લીધા પછી, એક શબ્દ પણ બોલ્યા વિના, શ્યામ ચૂપચાપ ત્યાંથી ચાલ્યો ગયો હતો. ને તે સાથે જ એક અજાણી, ન સમજાતી વેદના ચિત્તની સપાટી પર પાછી તરી આવી હતી. નવા, ઊંચા મુકામ પરથી ચિત્ત એટલી પળ પાછું નીચે શ્યામ સુધી ઊતરી આવ્યું હતું, પાછું બેચેન–વિહ્વળ થઈ ઊઠ્યું હતું.

બીજી વાર પણ એવું થયું ત્યારે તે અસ્થિર થઈ ઊઠી. રડમસ અવાજે રોહિણીને કહી બેઠી, 'તમે જોયું ? મારી સાથે એક શબ્દ પણ બોલવાનું તેણે બંધ કરી દીધું છે, તે ?'

પણ રોહિણી તે સાંભળીને હસી પડી. તેણે કહ્યું, 'અરે, ગાંડી. તેનું કારણ એ છે કે તે, તદ્દન સ્તબ્ધ બની ગયો છે, હતબુદ્ધ બની ગયો છે. તને એક સામાન્ય સેક્રેટરીના રૂપમાંથી એક આંજી નાખતા સિતારાના રૂપમાં અકલ્પ્ય પલટો લેતી જોવી એ જેવો તેવો આંચકો નથી, પૂર્વી.'

'એ ગમે તે હોય,' પૂર્વી રઢપૂર્વક બોલી, 'મારે બીજું કંઈ કામ નથી, પણ તેણે મને કંઈક કહેવું તો પડે જ—ગમે તે કંઈક !' થોડી વારે ફરી તેણે કહ્યું, 'તમે કહો છો તે સાચું હોય તો–તો ઊલટો તેથી તો અમારા વચ્ચે નવેસરથી સંબંધ સ્થપાવો જોઈએ. ત્યારે અહીં તો અમે એકમેકથી વધુ ને વધુ દૂર થતાં જતાં લાગીએ છીએ. એ વિચિત્ર નથી ?'

'એ તારા પ્રેમમાં પડી રહ્યો છે એવું તો તને નથી લાગતું ને ? લાગે છે ?' રોહિણીએ સહેજ ગંભીર થતાં પૂછી નાખ્યું.

'હેં ? ના, ના !' ઝબકીને પૂર્વી બોલી ઊઠી, 'એવું—એવું

કંઈ છે જ નહિ. એવું તો બની જ ન શકે ને ?'

'બની કેમ ન શકે ?' રોહિણીને જાણે રસ પડતો હતો, 'કલ્પનામાં પણ સંભવિત ન લાગે એવા લોકો હકીકતમાં પ્રેમમાં પડ્યાના દાખલા છે. એક દાખલો હું પોતે–હું અને દેસાઈ !'

'પણ—' પૂર્વીથી બોલાઈ ગયું, જાણે અવશપણે, 'પણ આમાં તો વચ્ચે બીજું જણ છે.'

'એટલે ? તારી સાથે કે તેની સાથે ?'

'તેની સાથે.'

'તું પેલી સોનાની વાત કરે છે ? તો મારે કહેવું જોઈએ કે એ પૂરનાં પાણી તો વર્ષો થયાં વહી ગયાં છે, ને દરિયામાં ઠલવાઈ પણ ગયાં છે. હવે તેનું શું છે ? હવે તો શ્યામ તેમાંથી તદ્દન બહાર નીકળી ગયો છે; કદાચ હવે તેને જ નવાઈ લાગતી હશે કે એવું તે શું જોયું હતું તેણે સોનામાં ?' અને પછી અચાનક યાદ આવતું હોય તેમ બોલી, 'અરે હા, તે દિવસે નાગરિક સન્માનની સાંજે તેને મેં તારી સાથે હસી હસીને વાતો કરતી જોઈ હતી. શું કહેતી હતી તે ?'

'એ મને પ્રેમા માનતી હતી. હું પ્રેમા છું એમ માનીને તેણે મને કહ્યું કે, શ્યામે મારી સાથે લગ્ન કરવાનો નિર્ણય કરી લીધો છે.' કહેતાં કહેતાં તેનો અવાજ દબાઈ ગયો, 'એટલે તેણે મને થોડીક સલાહ પણ આપી. શ્યામને પોતે બરાબર ઓળખતી હોવાનો દાવો કર્યો અને લગ્ન પછી મારી સ્ટેજની કારકિર્દી છોડી નહિ દેવાની ચેતવણી પણ આપી. અને અંતે અભિનંદન આપ્યાં. સાથે સાથે એમ પણ કહ્યું કે, ફેસ્ટિવલ પૂરો થઈ જાય ત્યાં સુધી આ જાહેરાત ન કરવાની મારી ઇચ્છા યોગ્ય જ છે !'

'અરે, ભગવાન ! એમ વાત છે ?' સાચેસાચો આંચકો લાગ્યો હોય તેમ સંકોરાઈ જતાં રોહિણી બોલી ઊઠી, 'અને એ સાચી વાત છે, એમ ? પછી—પછી તેં પ્રેમા પાસે એ વાત કાઢીને ખરી

સ્થિતિનો ક્યાસ કાઢી ન જોયો ?'

'સીધેસીધી તો એ વાત હું તેની પાસે કાઢી શકી નહિ,' પૂર્વીએ નબળા અવાજે કહ્યું, 'સોના પોતાની ભૂલથી પોતે જ હેબતાઈ ગઈ હતી. ગભરાટમાં તેણે મને કહ્યું કે, મહેરબાની કરીને આ વાત હું કોઈને ન કરું તો સારું. એ વાત ગુપ્ત રાખવાનું તેણે શ્યામને વચન આપેલું હતું. એટલે પ્રેમાને હું સીધેસીધું તો કેમ પૂછી શકું ? તે તેની મેળે જ એ વાત કાઢે તો જ કંઈક જાણી શકું. જોકે ત્યાર પછી થોડા દિવસે એ વાત આડકતરી રીતે પ્રેમા બોલી હતી પણ ખરી. પોતાની સંગીન સ્થિતિ વિશે પૂરો આત્મવિશ્વાસ તેની વાતમાં દેખાઈ આવતો હતો. અને ફેસ્ટિવલ પૂરો ન થઈ જાય ત્યાં સુધી તેની કોઈ જાહેરાત નહિ કરવાની તેની ઇચ્છા પણ દેખાઈ આવતી હતી. અને એ તો સમજી શકાય તેવું છે કે, આ ક્ષેત્રના ટોચના માણસોના જીવનની એવી અંગત બાબતો અખબારોમાં તરત જ હેડલાઈન બની જતી હોય છે.'

'હા, એ સાચું છે,' રોહિણીએ સંમત થતાં કહ્યું, 'દેસાઈ તો હંમેશાં કહે છે કે, તમારી કોઈ સિદ્ધિ કરતાં તમારા હાથે થયેલી કોઈ મૂર્ખતાને હંમેશાં બમણી પ્રસિદ્ધિ મળવાની !' અને જરા અટકી જતાં ઉમેર્યું, 'આ તેમના શબ્દો છે, હો, મારા નહિ !'

પૂર્વીએ એક ભારે નિઃશ્વાસ મૂક્યો અને કહ્યું, 'હં...... એટલા માટે જ તેઓ અત્યારે જાહેરાત રોકી રહ્યાં હશે. અને હવે તો તેમણે બહુ રાહ પણ ક્યાં જોવી પડે તેમ છે ? એક કે બે અઠવાડિયાં...'...

'અને એ બે અઠવાડિયાંમાં તું શ્યામ પર સાવ જુદા જ પ્રકારની છાપ પાડવા માંગે છે, ખરું ?'

'હા, હું ઇચ્છું છું કે, એક વાર, ફક્ત એક જ વાર હું એમ કરી શકું !' ભાવવિવશ અવાજે પૂર્વી બોલી, 'આ તક મને મળી છે એ સાચું, પણ તે મેળવવા હું કદી મથી નહોતી. સામે ચાલીને

મળી ગઈ છે. પણ તક મળી જ છે તો હવે તેનો ઉપયોગ પણ કરવા માંગું છું. હું ખૂબ ખૂબ ઇચ્છું છું કે, ફેસ્ટિવલને ભારેમાં ભારે સફળતા મળે. એ સફળતા દેસાઈજીની સફળતા ગણાશે. મને સાંભળીને લોકોને જેટલો સંતોષ થશે તેટલો મને પણ થશે. પણ હું ઝંખું છું કે એકવાર, આ અને આના પછીની અનેક જિંદગીઓમાં માત્ર એક વાર, શ્યામ મને સંગીતના ગગનમાં ઝળહળતી જુએ...'

'સમજી,' એક ભારે ઉચ્છ્વાસ મૂકતાં રોહિણીએ કહ્યું. તેના અવાજની ગંભીરતા જોતાં પૂર્વીને ડર લાગ્યો કે, પોતે કહેવા માગતી હતી તેના કરતાં ઘણું વધારે રોહિણી 'સમજી' હતી. રોહિણી આગળ બોલી :

'મને ખાતરી છે કે, જો સુચિત્રા ન આવે તો તું બરાબર સંગીતના ગગનની વચ્ચે ઝળહળતી હશે જ.'

એક અકથ્ય ઊભરો પૂર્વીના ચિત્તને જોરપૂર્વક ઊંચું કરી ગયો. અવાજને માંડ સ્થિર રાખતાં તેણે કહ્યું, 'હવે—હવે તે આવે ખરી? ખરેખર, તમને શું લાગે છે?'

'ના,' રોહિણીએ કહ્યું, 'મને એવું લાગતું નથી, કે નથી લાગતું દેસાઈને. હજી એક-દોઢ કલાક પહેલાં જ તેમણે લંડન કૉલ કરી જોયો. ત્યાં તેનો પત્તો લાગી શક્યો નથી. ઇંગ્લેંડમાં કયા સ્થળે અત્યારે તે છે તે તેની સેક્રેટરી પણ કહી શકી નથી. માટે ધરપત રાખ. ફાઈનલ રિહર્સલ વેળાએ, સવારે દસ વાગ્યે પણ જો તે ન પહોંચે તો પછી તે દિવસની રાત તારી હશે, પૂર્વી; સાવેસાવ તારી—બધાં અરમાન પૂરાં કરી લેજે.'

અજબ અને અકથ્ય ભાવોની પ્રચંડ ભીંસ વચ્ચે આંખો મીંચીને પૂર્વી ઘડીભર મૂર્તિવત્ બેસી રહી. કંઈ જ જાણી ન શકતી, કંઈ જ સમજી ન શકતી, માત્ર અનુભવતી અને તરબોળ ભીંજાતી માત્ર બેસી રહી.

[૨૧]

'તો પછી તે દિવસની રાત તારી હશે, પૂર્વી—સાવેસાવ તારી!......બધાં અરમાન પૂરાં કરી લેજે!' રોહિણીના એ અજબ અસરદાર શબ્દો દર સેકંડે ઘડિયાળની ટિક્-ટિક્‌ની જેમ પૂર્વીના અંતરમાં દોહરાતા રહ્યા, પડઘાતા રહ્યા. અકથ્ય ઉષ્મા ઉભરાઈ ઊઠતી હતી અસ્તિત્વના કણેકણમાં. અનંત ક્ષિતિજો સુધી હવાનો અણુએ અણુ એક અજબ, મદીલી સુગંધથી મઘમઘી ઊઠતો હતો. શ્વાસે શ્વાસે જાણે તૃપ્તિ અને આનંદની ઘેનપ્યાલી રેડાતી હતી.

ને એમ દિવસો વીતી ગયા. હિંદુસ્તાન દૂર દૂર પાછળ રહી ગયું. અમેરિકાની ધરતી પર લોસએન્જલસ શહેરની રળિયામણી સડકો પર શ્વાસ લેતાંય પૂર્વીના તનબદનમાં હજી એ જ ઘેન ઘૂંટાતું જતું'તું.

રાત્રે સૂતાં સૂતાં ફરી પાછા રોહિણીના શબ્દો ઊડી આવ્યા. એક સમય હતો, એક વાર પૂર્વી માટે એવો સમય હતો જ્યારે એ શબ્દો તેના તનમનમાં ભયની કાતિલ કંપારી ફેલાવી દઈ શક્યા હોત. પણ હવે બધું પલટાઈ ગયું હતું—સમય પણ! હવે એ શબ્દો તેને માટે એક આવાહ્‌ન બની જતા'તા; કુદરતે બક્ષેલી એક અણમોલ શક્તિ માટે હવે એ શબ્દો એક પડકાર બની જતા હતા. ને એ પડકાર ઝીલી લેવા હવે તે તૈયાર હતી!...કદાચ એટલે જ તે આખી રાત ઘસઘસાટ ઊંઘી શકી, એકાદ સ્વપ્ન પણ જોયા વિના.

સવાર જાણે એક દબાયેલી પણ પ્રચંડ ઉત્તેજના લઈને જ આવી. હવે આસપાસ ફેલાઈ ગઈ હતી એ ઉત્તેજના. સૌના ચહેરા, સૌની આંખો, સૌનાં પગલાં. સૌના શબ્દોમાં તે છતી થઈ જતી હતી—દબાવી રાખેલી, તોય દેખાઈ જતી'તી. આજની સવાર પૂર્વીના

જીવનની એક અવર્ણનીય સવાર બની રહેવાની હતી. એક સામાન્ય, લજ્જાળુ, અપંગ સેક્રેટરી આજે દસ વાગ્યે જ એકાએક અલોપ થઈ જવાની હતી. ને પછી પ્રગટવાની હતી ભલભલા ધૂરંધરોના મુખમાંથી પણ 'વાહ !' પોકારાવી દેનાર એક વિરલ ગાયિકા !

પ્રેમા રૂમમાં ધસી આવી ત્યારે પૂર્વી થિયેટર પર જવા તૈયાર થઈ રહી હતી. મીઠું મીઠું મરકતી પ્રેમા છેક તેની પાસે દોડી આવી, તેને બાથમાં લઈને અને ગાલ પર ઝડપથી એક ચૂમી ભરી લીધી.

'હું થિયેટર જવા નીકળું છું, પૂર્વી', તેણે કહ્યું 'મારી સાથે પાત્ર ભજવતો આશુતોષ ચેટરજી મને તેની સાથે કારમાં લઈ જવાનો છે.' અને થોડી વાર ચૂપચાપ તેની સામે જોઈ ફરીથી મીઠું હસી પડતાં પૂછ્યું, 'તને તો હેમંત દેસાઈ તેમની કારમાં જ લઈ જવાના હશે ને ?...એમ જ હશે. શ્યામ પણ હવે એમ જ ઇચ્છશે કારણ કે, તેને હવે જ ખરી બીક લાગતી હશે—રસ્તામાંથી તું કયાંક હવામાં અદ્દશ્ય થઈ જાય તો ?' અને ખડખડાટ હસી પડતાં ઉમેર્યું, 'તો પછી તારો વિકલ્પ આ દુનિયામાંથી તો ન જ જડે ને ?'

'ચલ હટ', ઔપચારિક સ્મિત કરતાં પૂર્વીએ કહ્યું, 'ખોટી ખોટી વાતો ન કર. તું કહે છે એવું મને કંઈ જ લાગતું નથી.'

પણ ગમે તેમ, આખરે પ્રેમાની વાત સાચી પડી. હેમંત દેસાઈ અને રોહિણી સાથે પૂર્વી કારમાં બેઠી, અને કાર સ્ટાર્ટ થઈ ત્યાં જ શ્યામ લગભગ દોડતો આવ્યો અને કારમાં બેસી ગયો.

કાર થિયેટરે પહોંચી ત્યાં સુધી રસ્તામાં કોઈ ખાસ કંઈ બોલ્યું નહિ—બોલી શક્યું નહિ. જાણે હળવાશથી વાતો કરવા માટેનો એ સમય જ નહોતો. બધાંના દિમાગ પર એક તંગદિલી તોળાઈ રહી હોય, ગણતરીના કલાકોમાં જ આકાર લેનાર એક જબરજસ્ત ઘટનાનો ખ્યાલ જાણે તનાવભરી ચૂપકીદી લાદી દેતો હોય તેમ બધાં લગભગ ચૂપ હતાં. થિયેટરમાં પ્રવેશ્યા પછી પણ પૂર્વીને લાગ્યું કે ત્યાંની સમગ્ર હવામાં જાણે કોઈ અદ્દશ્ય નાટ્યાત્મક

તત્ત્વ ઘૂમી રહ્યું હતું. રિહર્સલમાં સામાન્ય રીતે હોય તેના કરતાં અનેકગણા વધારે લોકો ત્યાં એકઠા થયા હતા—અદ્ધર શ્વાસે જાણે કશાકની રાહ જોઈ રહ્યા હતા.

રિહર્સલમાં આટલા બધા લોકોની હાજરી કદીયે ન સાંખી લેનાર હેમંત દેસાઈએ આ કેમ ચલાવી લીધું હશે ? શી ખબર ! આજની હવા જ એવી છે. હેમંત દેસાઈ પણ બદલાઈ ગયા હોય !

સ્ટેજ પર હેમંત દેસાઈની વિશ્વ વિખ્યાત ઓરકેસ્ટ્રા ગોઠવાઈ ચૂકેલી હતી. પૂર્વીએ તે બધા પર એક નજર ફેરવી. એમાંના કેટલા બધાને હવે તે ઓળખતી હતી ! સ્ટેજની ધાર પાસે તેણે પ્રેમા અને આશુતોષને પણ જોયાં. બેય લળીલળીને કંઈક મજાની વાતો કરી રહ્યાં હતાં. ખૂલી ખૂલીને હસી રહ્યાં હતા. હસી હસીને ગુલાબી થઈ જતાં હતાં.

'પૂર્વીને તમે સીધી જ સ્ટેજ પર લઈ જવા માગો છો ?' શ્યામનો અવાજ સંભળાયો.

'ના', હેમંત દેસાઈનો જવાબ સંભળાયો, 'હમણાં તેને તારી સાથે રાખજે. તેને અને રોહિણીને લઈને તું બીજી હરોળમાં બેસજે. પહેલાં હું નાટકનું રિહર્સલ લઈશ. ત્યાર પછી હું ઓડિયન્સની સામે સુચિત્રાની ગેરહાજરી જાહેર કરીશ અને તેનાથી ઊભી થયેલી કટોકટીની સમજણ આપીશ. અને ત્યાર પછી તેનું સ્થાન લેવા હું પૂર્વીને વિધિપૂર્વક આમંત્રણ આપીશ. ત્યારે જ તેણે તેની બેઠકમાંથી તેના લાક્ષણિક વિનયભેર ઊભા થવાનું છે !' કહીને તેમણે પૂર્વી સામે પ્રોત્સાહક સ્મિત ફરકાવ્યું.

શ્યામ પૂર્વી અને રોહિણીને લઈને આગળ બીજી હરોળમાં જઈને બેઠો. તેની બાજુમાં પૂર્વી બેઠી. બહારથી ખૂબ શાંત, ખૂબ સ્વસ્થ દેખાતી હોવા છતાં તેનું હૃદય હવે જોર જોરથી ધબકારા કરવા લાગ્યું હતું. સામે સ્ટેજ પર મીટ મંડાયેલી હતી. હેમંત દેસાઈએ નાટકનો પ્રારંભ કરાવી દીધો.

'બધું બરાબર થઈ જશે!' એકદમ ઓચિંતો શ્યામનો અવાજ પૂર્વીના કાનમાં અથડાયો અને એક હાથ શ્યામના હાથમાં દબાયો; 'જરાયે નર્વસ ન થઈશ. મારી સેક્રેટરીને આજે એક વિશ્વકક્ષાની કલાકારમાં રૂપાંતર પામતી જોવી એ મારો જીવનભરનો યાદગાર અનુભવ બની રહેવાનો છે.'

શ્યામના હાથમાં પકડાયેલા હાથમાં એક અવર્ણનીય કંપારી શરૂ થઈ. અને એક પલકારામાં તો આખા દેહમાં ફરી વળી. હૃદયના ખૂણેખૂણાને હલબલાવવા લાગી. ધબક્–ધબ્, ધબક્–ધબ્...... ધબકારાએ જાણે પાગલ દોટ મૂકી. હર્ષ, હર્ષ, હર્ષનું એક પ્રચંડ મોજું જાણે આકાશે અડયું! ઓહ! આનંદની છેલ્લી હદ આવી ગઈ. આનાથી વધારે આનંદ સંભવી ન શકે. આનાથી વધારે આનંદ સહન ન થઈ શકે—એ આનંદ તેને રુંવેરુંવે વીંધી નાખે, પોતે ટુકડેટુકડા થઈ જાય અને દૂર અનંતમાં ફેંકાઈ જાય!......એ અદ્‌ભુત ક્ષણે તે ઊભી થઈ જવા તલપાપડ થઈ ઊઠી; સ્ટેજ પર દોડી જઈને બેઠેલા એકેએક જણને વીજળી જેવો સજજડ આંચકો આપવા થનગની ઊઠી—ઓહ! સૌથી મોટો આંચકો શ્યામને જ લાગે તો કેવું સારું! ઓહ, ભગવાન!...

પછી નાટક પૂરું થયું. હેમંત દેસાઈએ હાથમાંની 'ડાયરેકટર્સ સ્ટીક' ખૂબ છટાપૂર્વક નીચે મૂકી. અને ઓરકેસ્ટ્રા પર પ્રસન્ન નજર દોડાવી. પૂર્વી તેની બેઠકમાં અનાયાસ સળવળી ઊઠી. તેના પગ એક ક્ષણાર્ધમાં ખડા થઈ જવા તૈયાર બન્યા. હાથ શ્યામના હાથમાં રહ્યો.

એ પળે જ સ્ટેજનું બાજુનું બારણું જોરથી ખૂલ્યું અને ચહેરા પર ચળકતા સાપોલિયા જેવું સ્મિત રમાડતી સુચિત્રા અદા-પૂર્વક સ્ટેજ પર હાજર થઈ.

તેનો પોષાક ઝળાંહળાં હતો. ચાલમાં જબરજસ્ત આત્મવિશ્વાસ અને ગર્વ હતા. ઓડિયન્સ સામે નજાકતભેર માથું નમાવીને તે

ધીમી ચાલે સ્ટેજની વચ્ચોવચ્ચ આવી અને હેમંત દેસાઈ સામે મુખ મરકાવતાં બોલી, 'ક્ષમા માગું છું, દેસાઈજી. એટલું વળી સારું થયું કે આપને મારી રાહ જોવી ન પડી. બરાબર સમયે હું પહોંચી શકી એટલું મારું સદ્‌ભાગ્ય!' અને પછી સહેજ ખભા ઉલાળતાં ઉમેર્યું, 'શું કરું? ગઈ કાલનું પ્લેન હું સહેજ માટે જ ચૂકી ગઈ! આખરે આજે બીજું પ્લેન માંડ માંડ મેળવી શકી!' ફરી-વાર ઓડિયન્સ સામે માથું નમાવતાં તેણે હેમંત દેસાઈને પૂછયું, 'હવે તમે મારી ગઝલો જ લેશોને?'

કોઈથી પણ કળાઈ જનારું તત્ત્વ હેમંત દેસાઈના બંધારણમાં હતું જ નહિ—સુચિત્રા શોધનથી પણ નહિ. છતાં તે ખાસ્સી લાંબી વાર સુધી ચૂપ રહ્યા.

ઓડિયન્સમાંથી માત્ર ગણ્યા ગાંઠયા જણને જ ખબર હતી કે જે બની ગયું હતું તે કેટલું જબરજસ્ત હતું, કેટલું ભયાનક હતું, કેટલું વિઘાતક હતું. છતાં હેમંત દેસાઈની અસાધારણ ચૂપકીદીએ સૌને અણસાર તો આપી દીધો કે ભીતરમાં કંઈક ભારે નાટકીય ઊથલપાથલ ચાલુ થઈ ગઈ હતી.

આખરે સૂરોના એ સમ્રાટે મોં ખોલ્યું. અત્યંત ઠંડકભરી વિનમ્રતાપૂર્વક તે બોલ્યા, 'તમારું આજનું પ્લેન ફક્ત દસ જ મિનિટ મોડું ન પડયું એ તમારું સદ્‌ભાગ્ય, મેડમ! નહીંતર, ફેસ્ટિવલમાંથી તમે સ્થાન ગુમાવ્યું જ હોત!'

'હેં? સ્થાન ગુમાવ્યું હોત? મેં?' ભોળપણભર્યા આશ્ચર્યને મોં પર ફેલાવતાં સુચિત્રાએ કહ્યું, 'પણ હું આવી તો ગઈ છું. હવે બધું બરાબર?'

'સૌને માટે એક સમયમર્યાદા અંકાયેલી છે જ,' હેમંત દેસાઈએ ઘેરા અવાજે કહ્યું, 'પછી ભલે તે સૌથી મહાન કલાકાર કેમ ન હોય? તમારા સ્થાન પર બીજા કોઈને મૂકવાની મને ફરજ

પડી હોત. અને જો એક વાર મેં બીજા કોઈને મૂકી દીધું હોત તો પછી તેમાં કોઈ ફેરફાર કદી પણ થઈ શક્યો ન હોત.'

'તમે કોને મૂકી શકો—મારા સ્થાન પર ?' પૂછીને સુચિત્રાએ હોઠ વંકાવીને સ્મિત કર્યું—અભિમાનના ઊંચા ડુંગર પરથી ગબડી આવતા પથ્થર જેવું.

'આ ફેસ્ટિવલમાં ઘણાં રસપ્રદ પ્રશ્નાર્થો સર્જાઈ ચૂક્યાં છે, મેડમ. તમારો પ્રશ્ન પણ એવો જ એક પ્રશ્નાર્થ છે,' કહેતાં હેમંત દેસાઈએ પોતાની સ્ટીક હાથમાં લીધી, 'પણ હું મારી જાતને જેટલી ઓળખું છું તેટલા પરથી કહી શકું કે, મારા પ્રેક્ષકોને મેં નિરાશ તો ન જ થવા દીધા હોત—મારા અને તમારા પ્રેક્ષકોને પણ!...ચાલો, હવે તૈયાર ?'

જગતના લોકલોકની જીભે ચડી ચૂકેલી ગાયિકા ગાવા માટે વળી કઈ ક્ષણે તૈયાર ન હોય?

અને રિહર્સલ શરૂ થયું. હેમંત દેસાઈની સુચિત્રા પ્રત્યેની ખૂબ જ સખ્તાઈ દેખાઈ આવતી હતી. વારંવાર તે કઠોરતાપૂર્વક તેને અટપટા માર્ગે દોરી રહ્યા હતા. ધ્યાનથી જોનારને તેમની એ કઠોરતા ક્યારેક નિર્દયતાની હદ સુધી પહોંચી જતી દેખાઈ જતી.

પણ સુચિત્રા, સુચિત્રા હતી. દેસાઈજીના એવા વર્તાવની અપેક્ષા રાખીને જ જાણે તે આવી હતી. આખરે તે ફરી ફરીને ઘડાઈ ચૂકેલી ગાયિકા હતી. ઉપરાંત રીઢી લડાયક પણ હતી. હેમંત દેસાઈની કપરામાં કપરી સૂચનાને પણ તે આસાનીભેર અવાજમાં મૂર્ત કરી આપતી હતી. જે ભીતરની વાત જાણતા નહોતા તેમને માટે તે દૃશ્ય એક અત્યંત રસપ્રદ અને જે જાણતા હતા તેમને માટે તે એક અત્યંત ઉત્તેજનાપૂર્ણ, દ્વંદ્વયુદ્ધ બની રહ્યું. પણ પૂર્વી માટે તે દૃશ્ય એક બીજા જ ગંજાવર દૃશ્યની પશ્ચાદ્ભૂ જેવું બની ગયું. તેની અંદર એક બીજું ભયાનક હોનારતનું દૃશ્ય ભજવાઈ રહ્યું

હતું. એક અત્યંત, અત્યંત ઊંચી ઇમારત પાયામાંથી આખેઆખી ડોલી રહી હતી. આભને ચૂમતા તેના મજલા એક પછી એક તૂટી તૂટીને નીચે જમીન પર પછડાતા હતા. ઝીણી ઝીણી ધૂળ ચારે બાજુ હવામાં ઘૂમરાઈ રહી હતી, સૂરજ ઢંકાઈ જતો હતો.

હતાશા, હતાશા, હતાશામાં ચોપાસથી ભીંસાતી તે અક્કડ બેસી રહી હતી. પોતાની જાત તેને વધુ ને વધુ વામણી લાગી રહી હતી. આ સુચિત્રાની સામે, આ અજોડ ગાયિકાની સામે મેદાનમાં ઊતરવાનું મૂર્ખ સાહસ કરવા પોતે—હેમંત દેસાઈના પીઠબળ સાથે પણ—શી રીતે તૈયાર થઈ ગઈ હતી ?......

બધો આત્મવિશ્વાસ, બધો ઉત્સાહ, બધી શક્તિ જાણે મીણની જેમ ઓગળવા લાગી. જૂની લઘુતા પાછી મનનો કબજો લેવા લાગી. હતાશ અને નિર્બળ તે જડ બનીને બેસી રહી. ખોળામાં હાથના ભીડાઈ ગયેલા આંકડા સામે નજર જાણે ખીલો માર્યો હોય તેમ ખોડાઈ રહી. સામે સ્ટેજ પર સુચિત્રા ગાઈ રહી હતી. જે ગઝલો તેણે પોતે ગાઈ હોત એ ગઝલો એક પછી એક આલાપી રહી હતી. ઊંચું ઉપાડીને તેની સામે જોવાનું સાહસ તેનામાં ન રહ્યું.

આખરે, રોહિણી જ્યારે તેના કાન પાસે ધીમેથી બોલી, 'પૂર્વી, તું આના કરતાં ઘણું સારું ગાઈ શકે!' ત્યારે પળવાર તે ગુસ્સે ભરાઈ ગઈ.

બીજી જ પળે તેને લાગ્યું, કેવી કમનસીબ હતી પોતે? રોહિણીના સચ્ચાઈભર્યા શબ્દો પણ તેના હૈયાને જાણે છોલી નાખતા હતા!

જોર કરીને તેણે મોં શ્યામની દિશામાં ફેરવ્યું. પણ ઓહ! ક્યાં હતો તે? ખુરસી તો ખાલી હતી!

તો તે ચાલ્યો ગયો એમ જ ને? હતાશા અને વૈફલ્યની આ દારુણ ઘડીએ રોકાઈને બે શબ્દો બોલવાય પાસે ન રહ્યો એમ જ

ને ?...ચૂપચાપ સરકી ગયો. હવે પહોંચી જશે, સ્ટેજની પાછળ ગ્રીનરૂમમાં જ્યાં સુચિત્રા આવે ત્યારે તેને ખૂબ ખૂબ અભિનંદન આપી શકે !...અભિનંદન આપે જ ને ? આ સુચિત્રા પણ જુઓને, ઓછી માયા છે ?

અને પછી ઇન્ટરવલ પડ્યો. ઓરકેસ્ટ્રાના સાજીંદાઓ સાજ હેઠાં મૂકીને વીંગમાં વીખેરાવા લાગ્યા. પાછળ દૂરથી કોઈએ રોહિણીને સાદ પાડ્યો. રોહિણી ઊઠીને તે તરફ ગઈ. એકાએક પૂર્વી સાવ એકલી થઈ ગઈ. આ જ ઇન્ટરવલ, જો તેની પોતાની ગઝલો પછી પડ્યો હોત તો, વિજય અને ઉલ્લાસનું ઊંચું શિખર બની ગયો હોત. હવે તે હતાશાની ઊંડી, અંધારી ખીણ બની ગયો.

ઝટકા સાથે તે ઊભી થઈ ગઈ. હરોળના છેડે ઊભેલા ચાર-પાંચ માણસોના ઝૂમખાને ઘસાઈને તે આગળ ચાલી અને બહાર નીકળવાના સૌથી નજીકના દરવાજા તરફ પગ ઉપાડ્યા. ત્યારે જ પ્રેમા આવી ચડી.

'પૂર્વી, પૂર્વી, આઈ એમ સો સૉરી !' પ્રેમા બોલી ઊઠી, 'કેવું કરપીણ બની ગયું !' પૂર્વીએ જોયું કે પ્રેમાની આંખો ખરેખર ઝળઝળિયે ભરાઈ ગઈ હતી.

'ન બોલીશ, પ્રેમા. એ વિષે કંઈ જ ન બોલીશ, પ્લીઝ. મારાથી તે સહન થઈ શકે તેમ નથી.' તેણે પ્રેમાનો હાથ હાથમાં લઈને જોરથી દબાવ્યો અને બોલી, 'હું જઉં છું, પ્રેમા.'

'ક્યાં જાય છે ? હું સાથે આવું ?'

'ના. જરૂર નથી.'

'પણ અત્યારે તું ક્યાં જશે ?'

'ક્યાંય નહિ...એવું થાય છે કે હોટેલમાં પાછી જતી રહું.'

'આશુતોષને કહું, તને મૂકી જાય ?'

'ના. એની પણ જરૂર નથી. હું ટેકસી કરી લઈશ. અહીંથી ટેકસીસ્ટેન્ડ સુધી ચાલી જઈશ.'

અને પછી તે ટેકસીસ્ટેન્ડ સુધી ચાલતી પહોંચી ગઈ. તેને પૂરી ખબર નહોતી કે ટેકસીસ્ટેન્ડ ખરેખર ક્યાં આવેલું હતું. પણ ગમેતેમ, તે પહોંચી ગઈ. તેને ખબર પણ ન રહી ને પહોંચી ગઈ. ટેકસીની બારી પાસે બેસીને તે સડસડાટ પસાર થતા વિશાળ રસ્તાને તાકી રહી. આખો રસ્તો ભરીને સુચિત્રાનો ગર્વિષ્ઠ ચહેરો પથરાઈ પડ્યો હતો.

એ ચહેરો સ્ટેજ પર પણ એવો જ પથરાઈ પડ્યો હતો. અરે, આખા થિયેટરને ભરી દઈને પથરાઈ ગયો હતો એ જ ચહેરો. પણ તેમાં કોઈનો શો વાંક ? હેમંત દેસાઈએ તો પ્રથમથી જ કહેલું હતું. જે બનવાનું હતું તેની શક્યતા સૌથી પહેલી તેમણે જ જોઈ હતી. તેમણે કહી મૂકેલું હતું જ કે, કદાચ સુચિત્રા છેક છેલ્લી ઘડીએ જ આવશે. ત્યાં સુધી તે સૌને જેટલાં તાવી શકાય તેટલાં તાવશે...દેસાઈજીએ એ કહેલું જ હતું. પોતે તે યાદ રાખવું જોઈતું હતું. પણ તે તો એને સાવ જ ભૂલી ગઈ હતી. માત્ર તે જ શા માટે ? બાકીના બધા પણ છેલ્લા એક-બે દિવસમાં તો એવડી મોટી વાત ભૂલી જ ગયા હતા ! નિરર્થક ઉત્તેજના ને ઉત્સાહમાં ફોગટ તણાઈ ગયા હતા !...પણ બીજાની વાત શા માટે કરવી ? ખુદ પોતે પણ એ ભૂલી ગઈ નહોતી ? બીજાનો એમાં શો વાંક ?

અને બીજાએ કોઈએ આમાં શું ગુમાવ્યું ? ફેસ્ટિવલની સફળતાની જવાબદારી જેના શિરે હતી તેમનો ભાર ઊતર્યો. સુચિત્રા છેલ્લી ઘડીએ આવી બધું ઊલટસૂલટ કરી ગઈ તેનો રોષ હેમંત દેસાઈને હશે. પણ તેથી યે શું ? છેલ્લી, કટોકટીની પળે સુચિત્રાને બદલે એક નવી જ જાજ્વલ્યમાન તારિકા રજૂ થવાની હતી, હેં ? બધા અભરખા પર પળમાં મીંડું મુકાઈ ગયું......

આ પરિસ્થિતિ માટે તેણે પહેલેથી તૈયાર રહેવું જોઈતું હતું–મનને તૈયાર કરી રાખવું જોઈતું હતું. પણ મનને તેણે તૈયાર

કર્યું જ નહોતું – કોઈ પણ પરિસ્થિતિ માટે. અને હવે નોંધારી થઈ ગઈ હતી, રક્ષણવિહોણી બની ગઈ હતી, જે કરપીણ ફટકો તેના પર અણધાર્યો પડ્યો હતો તે ખાઈ લીધે જ છૂટકો હતો. તેનો પોતાનો જ એ વાંક હતો. બીજો કોઈ વિચાર તેણે કર્યો નહોતો. માત્ર એક જ વિચારમાં મશગૂલ રહી હતી–પોતાની અદ્ભુત સફળતા જોઈ શ્યામ કેવો થઈ જશે ? કેવો ઝૂમી ઊઠશે ?

ખેર ! એક મઝાનું સપનું આવ્યું અને ઊડી ગયું.

ટેક્સી થોભી અને તે પોતાની અંદરથી બહાર આવી ગઈ. ભાડું ચૂકવીને તેણે હોટેલના આંગણામાં ડગલાં માંડ્યાં.

મસ્તીભરી સવાર હતી. આંખને ઠારે એવા સુંદર બગીચાની લૉન પર દૂરનાં ઝાડવાં લાંબા પડછાયા ફેંકતાં હતાં. હલકી હલકી હવા સ્પર્શમધુર હતી. પણ પૂર્વીને તેની અર્ધીયે ખબર નહોતી. હોટેલનાં પગથિયાંથી થોડે દૂર રહી ત્યાં તેના મનમાં એક ઝબકારો થયો. તે સાથે જ એક ધ્રાસકો પડ્યો : ' અંદર તો અનુપમાદેવી રાહ જોતાં બેઠેલાં જ હશે ! તેની સફળતાની વાત વિગતે સાંભળવા... સવાલોની ઝડી વરસાવશે તેના ઉપર !...ને આ ભયાનક નિષ્ફળતા પછી તેમની સામેય શી રીતે ઊભી રહી શકાશે તેનાથી ? '

તેના પગ જમીન પર ચોંટી ગયા : ' ના, ના, પોતે નહિ જઈ શકે તેમની પાસે...તેમને જોઈને જ સાવ ભાંગી પડશે પોતે, છાતીફાટ રડી પડશે. ના, અંદર નથી જવું...' અને જડ બનીને તે ત્યાં જ ઊભી રહી ગઈ. એક ધગધગતી લાગણી મનને ચરડ, ચરડ બાળતી રહી– એકેય જગ્યા નહોતી જ્યાં જઈને તે......

અમદાવાદનું અનુપમાદેવીનું ઘર તેને યાદ આવ્યું. એ ઘરની પાસે ઊભું કરેલું રિહર્સલ થિયેટર યાદ આવ્યું. ડાબી બાજુ એવું જ એક અલાયદું ને એકલવાયું મકાન દેખાતું હતું. કેવું સ્વર્ગ જેવું હતું અમદાવાદનું એ રિહર્સલ થિયેટર ! એ સ્થળ, જ્યાં તેને પોતાની અજેય શક્તિનો પ્રથમ સ્વાદ ચાખવા મળ્યો

હતો. એ સ્થળ જ્યાં હેમંત દેસાઈએ પ્રથમ વાર એ શક્તિનો તેને સાક્ષાત્કાર કરાવ્યો હતો. એ સ્થળ જ્યાં બેસીને શ્યામ તન્મય બનીને તેનાં ગીત સાંભળી રહ્યો હતો ને અપલક તેને નીરખી રહ્યો હતો...

એકાએક તેને લાગ્યું કે તે થાકી ગઈ હતી. પગ દુખવા લાગ્યા હતા. અર્ધમીંચેલી આંખે તેણે પેલા અટૂલા ઊભેલા મકાન તરફ ડગલાં માંડ્યાં. અંદર જઈને તેણે જોયું કે તે એક નાનકડું પ્રેક્ષાગાર જ હતું ! બેઠકો હતી, સ્ટેજ હતું, સ્ટેજ પર વાજિંત્રો પણ હતાં. એક પળ, તે ભ્રમણામાં પડી ગઈ. અમદાવાદના પેલા સ્વર્ગના ટુકડા જેવા રિહર્સલ થિયેટરમાં પહોંચી ગઈ.

બસ, આ જ, આ જ એ સ્થળ હતું જ્યાં તે સુખી હતી. જીવનના પહેલા અને સૌથી ઊંચા સુખને તેણે ત્યાં જ અનુભવ્યું હતું. ત્યાં જ હેમંત દેસાઈએ તેની કાયાપલટ કરી હતી. ત્યાં જ શ્યામ તેનાથી સ્તબ્ધ થઈ ગયો હતો...જીવનમાં સૌથી વધારે સુખી તે એ સ્થળે જ થઈ હતી......

શું કરી રહી છે તેનું પણ પૂરું ભાન ન હોય તેમ હૉલ વીંધીને ચાલતી તે સ્ટેજ પર પહોંચી. ટેબલ પર પડેલું હાર્મોનિયમ લીધું અને આપોઆપ જાણે ગળામાં દર્દના બંધ તૂટ્યા. એક, બે, ત્રણ, ગઝલ પછી ગઝલ સ્વયંભૂ ગવાતી ગઈ. હૉલની હવામાં હૃદયવિદારક દર્દ અફાટ ફેલાઈ ગયું. ધીમે ધીમે તેનો કંઠ વધુ ને વધુ મુક્ત બનતો ગયો. ને આખરે સમગ્ર હવાને હચમચાવી નાખતી તારસ્વરમાં એક તાન લઈને તેણે ગાયન પૂરું કર્યું.

અદ્ભુત હતી એ તાન. એટલી ચોટદાર હતી કે તે પૂરી થતાં જ ઑડિયન્સમાંથી તાળીઓનો પ્રચંડ ગડગડાટ ઊઠ્યો હોત અને ખૂબ ખૂબ વારેય શમ્યો ન હોત. પણ અહીં તો સામે એક ભેંકાર, તોલદાર નીરવતા ઝળુંબી રહી હતી, ઝેરી તીરની જેમ કાળજામાં ખૂંપી જતી હતી. જોરથી માથું ધુણાવીને તેણે માથું હાર્મોનિયમ પર ઢાળી દીધું.

[૨૨]

પછી ઘણી લાંબી લાંબી મિનિટો સુધી પૂર્વી એમ જ બેસી રહી— ઊંધમૂંધ. પછી આંસુ અટકી ગયાં, ધ્રૂસકાં ઓસરી ગયાં.

પછી એકાએક તેને લાગ્યું કે ત્યાં તે એકલી જ નહોતી—બીજું કોઈક પણ હતું, કદાચ, ! પણ ના... બીજું કોણ હોઈ શકે એ એકલવાયા, સૂનકાર હોલમાં ? ...તો તેને કેમ એવો ભણકારો લાગ્યો ? ... ખરેખર કોઈ હતું ત્યાં ?

મનને ચડી ગયેલી ના—ઉમ્મીદી અને માયુસીની ધૂળ ખરરર કરતી ખરી જવા લાગી અને જરા સચેત થતાં તેણે માથું ઊંચું કરી આસપાસ નજર ફેરવી. અને એ નજર નીચે જઈને સ્ટેજ પાસે ચોંટી ગઈ. સ્ટેજની પાસે જ ડોક ઊંચી કરીને તેની સામે તાકી રહેલો શ્યામ ઊભો હતો ! ઓ...ઓહ, ભગવાન !...

અચાનક ખેંચાઈને એકદમ પહોળી થઈ ગયેલી પૂર્વીની આંખો જોઈને જાણે ભડકી ગયો હોય, પોતે જ ચૂપચાપ અહીં આવીને તેને આટલી બધી ગભરાવી દીધી હોય તેવો અપરાધી ભાવ શ્યામના ચહેરા પર તરી આવ્યો તે બોલી ઊઠ્યો: 'ડરીશ નહિ, પૂર્વી. હું છું.'

પૂર્વીને લાગ્યું, શ્યામના ગળામાંથી એટલો નરમ, એટલો દબાતો અવાજ નીકળતો તેણે પહેલી જ વાર સાંભળ્યો હતો.

'તમે—' પૂર્વીનો અવાજ હજી ધૂંધળો હતો, 'અહીં શું કરો છો તમે ? મને તો એમ કે તમે સ્ટેજ પાછળ ગ્રીન રૂમમાં—'

'ત્યાંથી નીકળી જવા માટે જે પહેલી ક્ષણ મળી એ ક્ષણે જ ત્યાંથી ભાગી નીકળ્યો છું,' શ્યામે કહ્યું. પૂર્વીને લાગ્યું, તેના શ્વાસ કંઈક જોરથી ચાલતા હતા અને તેને કાબૂમાં રાખવા તે

મથી રહ્યો હતો. 'પ્રેમાએ મને કહ્યું કે તું હોટેલમાં પાછી ગઈ છે એટલે તારી પાછળ દોડ્યો.'

પૂર્વી તેના ચહેરા પર તાકી રહી, અને ચૂપ રહી. શ્યામ પગથિયાં ચડીને સ્ટેજ પર આવ્યો, એક ખુરશી ખેંચી અને પૂર્વીની લગોલગ બેઠો. પૂર્વીએ જોયું કે, તેને કંઈક કહેવું હતું પણ બોલતાં અચકાઈ જતો હતો. અને મનમાં એક તાજ્જુબીભર્યો પ્રશ્ન છવાઈ ગયો : 'શું ? શું શ્યામ, કહેવાતું કહીયે ન શકે એટલો નર્વસ પણ થઈ શકે ? શ્યામ ? !...'

'મારી પાછળ શા માટે આવ્યા ?' તેણે પૂછ્યું. શબ્દો અવાજ વિનાના હતા.

'મારે તારી સાથે વાત કરવી છે.'

'મારા માટે, મારી આ હાલત માટે સહાનુભૂતિ બતાવવી છે ? પ્લીઝ, એવું કંઈ જ ન કરશો. કે— કે મને એવું પણ ન કહેશો કે, હકીકતમાં સુચિત્રા કરતાં હું વધારે સારું ગાઉં છું !'

'ના. હું એમ કહેવાનો નથી. હું હજીયે કહું છું કે સુચિત્રા બેમિસાલ હતી. પણ તેની વાત આપણે શા માટે કરવી જોઈએ ? મારે તો બીજી જ વાત કહેવાની છે. એક એકરાર કરવાનો છે.'

તે બોલતો થોભ્યો. પૂર્વી ખુરશીમાં સહેજ સળવળી અને પૂછ્યું, 'હં ?'

'પૂર્વી, જો હું એમ કહું કે તારી સફળતા હું મારા લોહીના કણેકણથી ઝંખતો હતો; તારી સફળતાના આનંદનો પડઘો તારા કરતાં પહેલાં મારા હૃદયમાં જ પડ્યો હોત—તો તું સાચું માનીશ ?'

સહેજ થોભીને તેણે કહ્યું, 'એ સાચું છે, પૂર્વી. એ જ સાચું છે. સાચું માન, પૂર્વી. પણ તેમ છતાં આજે સવારના પહોરમાં આવી પડેલા હતાશાના પ્રચંડ આઘાત પછી મને પહેલી લાગણી જબરજસ્ત રાહતની થઈ હતી !'

'રાહત ?' કંઈક અકલ્પ્ય સાંભળ્યું હોય તેમ આંખો ફાડીને

તેની સામે તાકી રહેતાં પૂર્વી બોલી ઊઠી, 'તમને રાહત થઈ ?' અને પછી જાણે એકાએક સમજાયું હોય તેમ બોલી, 'અરે, હા. સુચિત્રા આવી ગઈ અને તેનું સ્થાન સંભાળી લીધું એટલે બરાબર છે, તમારી ચિંતા ટળી ગઈ.'

'એવું નથી. એવું બિલકુલ નથી, પૂર્વી, તું ખોટું સમજે છે. અને સાચું કેમ સમજાવવું એ મને સૂઝતું નથી; મારી જાતને અનુદાર અને અપાત્ર અનુભવ્યા વિના તને સાચું શી રીતે સમજાવવું એ ખરેખર મને સૂઝતું નથી.' અને પછી ક્ષણેક થોભીને વીલું હસતાં ઉમેર્યું, 'મારી જાતને હું એવો જ લાગી રહ્યો છું— અનુદાર ને અપાત્ર !'

તે ચૂપ થઈ ગયો. પૂર્વીના હોઠના ખૂણા સહેજ હલ્યા, ખસ્યા, ઊંચકાયા અને એક અસ્પષ્ટ, અધૂરું સ્મિત આવીને ઊડી ગયું. 'પણ એ વાત કહેવા માટે તમે અત્યારે અહીં આવ્યા નથી.'

'ના. બરાબર છે,' શ્યામ બોલ્યો અને બન્ને હાથનાં આંગળાં માથાના વાળમાં ભરાવીને પસવાર્યાં. 'જે કરવાનું છે તે કદાચ, હું બહુ કઢંગી રીતે કરી રહ્યો છું. પણ એટલું સાચું છે, પૂર્વી કે તું સફળ થાય એવું હું શ્વાસે શ્વાસે ઇચ્છી રહ્યો હતો. તારી સફળતાની કલ્પના માત્ર પણ મને ઊંચે આકાશમાં ઊડાડી જતી'તી. પણ તે સાથે જ મને ધ્રાસકો પડતો હતો કે તું ખૂબ ઊંચે, મારાથી ખૂબ દૂર જઈ રહી હતી. એક વાર મેં તને એ કહ્યું'તું પણ ખરું. યાદ છે ? મેં કહ્યું'તું કે તારો મને ડર લાગે છે ! એ ડર જેનો લાગતો હતો તે તું—નહોતી, તારામાં જે નવી, અકલ્પ્ય પૂર્વી આકાર લઈ રહી હતી, તે હતી !'

'હું—હું કંઈ સમજી નથી,' ગૂંચવાઈ જઈને, અધીર થઈ ઊઠતાં પૂર્વી બોલી, 'હું એવું જ માનતી આવી છું કે, તમે માત્ર સફળતાના જ પૂજારી છો. સફળતા જ એક ચીજ છે જે તમને પ્રભાવિત કરી શકે. ને એટલે જ હું ચાહતી હતી કે—', તરત જ

તે થંભી ગઈ. તે ક્ષણે જ તેને ભાન થઈ આવ્યું કે જેની સામે તે બોલી રહી હતી તે— તે તો તેની બહેનને પરણવાનો હતો.

શ્યામની આંખોમાં આતુરતા તરી આવી. તેણે પૂછ્યું, 'હં...હં...પછી ?'

એક પળ, કદાચ અર્ધી પળ પૂર્વી તેની એ આતુર—આતુર આંખોમાં તાકી રહી. અને પછી જાણે મન પર અત્યાર સુધી રાખેલા કાબૂના બંધ બધાય તૂટી ગયા હોય તેમ બોલવા લાગી :

'તે દિવસે— હેમંત દેસાઈએ મને તમારી સામે ગાવા ફરજ પાડી તે દિવસે તમે ત્યાં ઊભા હતા,'— સ્ટેજની નીચે તેણે આંગળી ચીંધી— 'અને મને તાકી રહ્યા હતા. યાદ છે ? તમે મને એવી રીતે તાકી રહ્યા હતા જાણે—જાણે—'

'હું તને એવી રીતે તાકી રહ્યો હતો જાણે મારી જિંદગીમાં મેં જોયેલી સૌથી અજાયબ ચીજ તું હોય, એમ જ ને ?' શ્યામે કહ્યું, 'એવી જ હતી તું.'

'તમારાથી હવે એમ ન કહી શકાય.'

'પણ એ સત્ય છે. સત્ય જ રહેવાનું છે. એવું, સગી આંખ પરથી ભરોસો ઊઠી જાય તેવું કોઈનુંય રૂપાન્તર મેં કદી જોયું નથી— કલ્પ્યું પણ નથી ! એકાએક જાણે તું એ બધું જ બની ગઈ જેનો હું સાચે જ પૂજારી છું. જાણે એક અત્યંત વિચિત્ર અને એટલો જ ભવ્ય ચમત્કાર બની રહ્યો હતો.'

'જો એ સાચું હોય, જો હું સફળતાને એટલી હદે પામી ગઈ હોઉં, તો તે એ જ ચીજ ન ગણાય જેના તમે નખશીખ ચાહક છો ?'

'એ વાત તને લાગુ ન પડાય ત્યાં સુધી સાચી છે.' શ્યામે કહ્યું, 'પણ ત્યારે તો હું એ જોઈ રહ્યો હતો કે, નવી, જાજરમાન અતિભાવંત પૂર્વી જેમ જેમ આકાર લઈ રહી હતી તેમ તેમ

એ પૂર્વીને હું ગુમાવતો જતો હતો જેને હું–' સહેજ અટકીને તે બોલ્યો, 'જેને હું ચાહતો હતો.'

પૂર્વીના ગળામાંથી એક વિચિત્ર અવાજ નીકળી ગયો. પણ શ્યામ બોલતો રહ્યો–જાણે બોલવાનું તેની અંદર જ અદમ્ય દબાણ થઈ રહ્યું હતું. 'જે મારે જોઈતી હતી એ તો હતી. મારી નાજુક, ગંભીર સેક્રેટરી. મારી ઈમ્પર્ફેક્ટ એન્જલ, જે મને ઠપકો ય આપતી હતી. કદીક ધમકાવીયે નાખતી હતી, મારી સંભાળ લેતી હતી, મારી ખરાબીને સુધારતી હતી, અકળામણને શાંત કરતી હતી, હું ખરો હોઉં કે ખોટો–મારે ખાતર લડી લેતી હતી.— અરે, અરે! રડે છે, પૂર્વી? નહિ. રડ નહિ, પૂર્વી, પ્લીઝ!' પૂર્વીને અચાનક રડી પડતી જોઈને તેને પકડી લેવા હાથ લંબાવતાં શ્યામ બોલ્યો.

શ્યામના હાથમાં ઢળી પડીને તે ધ્રૂસકે ધ્રૂસકે રડી પડી.

કંપતા અવાજે શ્યામે કહ્યું, 'હું જાણું છું, પૂર્વી, કે હવે આ સાંભળવું તને જરાય નહિ ગમે—'

'ગમે છે,' રડતી પૂર્વી બોલી ઊઠી, 'એ સાંભળવું જ મને ગમે છે. જગતના બીજા કોઈ પણ શબ્દો કરતાં મને એ જ વધારે ગમે છે, પણ–પણ હવે એ શબ્દો તમે શી રીતે બોલી શકો?'

'શા માટે ના બોલી શકું? એવો કયો શેતાન રોકી શકે મને?' બોલતો તે ઊભો થયો. ખુરસીને લાત મારીને બાજુ પર ફેંકી દીધી અને પૂર્વીને બન્ને ખભેથી પકડતાં પૂછ્યું, 'શા માટે?'

'તે તમે જાણો છો,' પૂર્વીએ રોષમાં કહ્યું, 'તેનું કારણ બરાબર જાણો છો તમે! પ્રેમાને કેમ ભૂલી જાવ છો?'

'પ્રેમા?' સાહજિક આશ્ચર્યમાં ભવાં અધ્ધર ખેંચતાં તે બોલ્યો, 'પ્રેમા આમાં ક્યાં આવી?'

ખભા પર દબાયેલી શ્યામની આંગળીઓ પૂર્વીને જાણે ખીલાની જેમ વાગી–આ માણસ! કેટલો દંભી, કેટલો જુઠ્ઠો. આ

માણસ! તે બોલી ઊઠી, 'તમે એમ માનો છો કે હું કંઈ જાણતી નથી? હવે જાણી લો કે, હું બધું જ જાણું છું. હું જાણું છું કે તેનો અને તમારો સંબંધ બંધાઈને પાકો બની ચૂક્યો છે!'

'માયા ગોડ! નો!' શ્યામ તાજજુબીપૂર્વક બોલી ઊઠ્યો, 'કયા પ્રકારનો સંબંધ કહે છે તું?'

પૂર્વી એક ધક્કો ખાઈ ગઈ. તેનો અવાજ લથડી ગયો, 'તમે–તમે તેની સાથે લગ્ન કરવાના નથી?'

'લગ્ન? પ્રેમા સાથે? હું?...' તંગ આશ્ચર્ય અને ગમ્મત એક સાથે અનુભવતો શ્યામ બોલ્યો, 'મને જો મારી ખબર હોય તો, અને ખાસ તો આશુતોષને તેની ખબર હોય તો પ્રેમા સાથે લગ્ન હું કરવાનો નથી!' જરા થોભીને તેણે પૂર્વીને પૂછ્યું, 'પ્રેમા સાથે હું શી રીતે લગ્ન કરવાનો હોઉં? એ તો આશુતોષના પ્રેમમાં ગળાડૂબ છે. તને ખબર નથી?'

'આશુતોષના...પ્રેમમાં!' પૂર્વીએ શ્યામના શબ્દો ફરી ઉચ્ચાર્યા, અને તેની નજર સામે જાણે ફિલમપટ્ટી ઉખળતી હોય તેમ થિયેટરમાં જોયેલું પેલું રંગભીનું દૃશ્ય પાછું ઊડી આવ્યું. પ્રેમા અને આશુતોષ સેંકડો લોકોની ભીડ વચ્ચેય જાણે દુનિયાની બહાર સાવ એકલાં હોય તેમ હળીમળીને વાતો કરી રહ્યાં હતાં. મોંને મોં અડાડીને હસી રહ્યાં હતાં. હસીહસીને ફૂલગુલાબી થઈ જતાં હતાં. ને આશુતોષ કેવો સોહામણો હતો!

'પણ મેં એવી તો મેં કદી કલ્પના પણ–' તે કહેવા ગઈ.

'મારે કલ્પના કરવાની તો કંઈ જરૂર જ નહોતી પડી,' શ્યામ વચ્ચે બોલ્યો, 'હું તો બધું નજરોનજર જોતો હતો. સાફસાફ સમજતો હતો...પ્રેમાએ તને કદી કંઈ કહ્યું જ નથી?'

'તેણે મને એટલું કહ્યું 'તું કે, તેનું લગ્ન નક્કી જ છે,' પ્રેમાએ તેને શું કહ્યું હતું અને બરાબર કયા શબ્દોમાં કહ્યું હતું તે યાદ કરવા મથતી પૂર્વી બોલી, 'અને તેની જાહેરાત ફેસ્ટિવલ

પૂરો ન થાય ત્યાં સુધી ન કરવા આગ્રહી હતી કારણ કે, તેથી તેની કલાની સિદ્ધિ ગૌણ બની જાય.'

'વાત તો સાચી છે,' શ્યામે કહ્યું, 'અને કલાક્ષેત્રે સિદ્ધિ મેળવવા માટે જોઈતી સજ્જતા તેની છે પણ ખરી. પણ તેણે તને એ ન કહ્યું કે તેનાં લગ્ન જે નક્કી છે, તે કોની સાથે?'

'ન...ના,' થોથવાઈ જતાં પૂર્વીએ કહ્યું, 'મેં અનુમાન જ કરી લીધું કે તમારી સાથે જ હશે.'

'કયા આધાર પર એવું અનુમાન કર્યું તેં? પરિચયના આરંભના દિવસોમાં હું તેને હોટલમાં ચા–નાસ્તા માટે લઈ ગયો અથવા દિલ્હીથી તેને પ્લેઈનમાં મારી સાથે અમદાવાદ લઈ આવ્યો તેના પર?' માન્યામાં ન આવે તેવી કોઈ વાત સામે દલીલ કરતો હોય તેમ શ્યામે કહ્યું, 'મારી બુદ્ધિમાન સેક્રેટરીને એવું વાહિયાત અનુમાન છાજે?'

'એટલું જ નહોતું,' પૂર્વી હજી સાશંક હતી. મક્કમ હતી, 'તમે સોનાને પણ કહ્યું હતું કે તમે પ્રેમા સાથે લગ્ન કરવાના છો!'

'હેં?' શ્યામના ચહેરા પર ખરેખરું આશ્ચર્ય તરી આવ્યું, 'મેં કહ્યું'તું? અને પછી નકારમાં માથું ધુણાવતાં કહ્યું ત્યારે એક નવીન સભાનતા તેના અવાજમાં ભળેલી હતી, 'સોના પાસે મેં એવો એક ધડાકો કર્યો હતો–કબૂલ. પણ ત્યારે નામ તો મેં તારું આપ્યું હતું. અને તે માટે કારણ પણ હતું. તે દિવસે સાંજે જ તું એક જોરાવર ઊભરો બનીને તારી જાતમાંથી બહાર છલકાઈ આવી'તી. મારા ઉપર ઢોળાઈ ગઈ'તી, પછી મેં તને સોના સાથે ખૂબ વાર સુધી ગંભીરપણે વાતો કરતી જોઈ હતી. અને પછી હું તારી પાસે આવ્યો હતો–આશાભર્યો અને ઉમળકો લઈને. પણ તેં જે રીતે મને ધક્કો મારી દીધો એ જોઈને મેં માની લીધું કે મેં સોનાને કહેલી વાત તેણે તને કહી. અને તેનો જવાબ

મને આ રીતે તિરસ્કારી દઈને તું આપી રહી છે–મારે તારી આશા છોડી દેવી જ રહી!'

'ઊભા રહો,' તેને અટકાવતાં પૂર્વીએ કહ્યું, 'મારા મગજમાં બધું બરાબર ગોઠવી લેવા દો.' અને પછી થોડી વારે કહ્યું, 'મને બધું પૂરેપૂરું કહો. તે દિવસે સ્ટેજ પાછળ તે તમને મળી ત્યારે શી વાતો થઈ હતી?'

'ત્યારે તે મને મળવા કે અભિનંદન આપવા તો આવી જ નહોતી ને! એ તો તેના 'જગતશ્રેષ્ઠ પતિ'ને મારી સામે ખડો કરીને મને એ દેખાડવા આવી હતી કે તેને પરણીને તે ખૂબ ખૂબ સુખી થઈ ગઈ છે! મારા અભિમાન પર ઘા કરવા આવી હતી તે! પણ ત્યારે હું પણ વળતો એવો જ ઘા કરી શકું તેમ હતો–કમસેકમ, હું એવું માનતો હતો. તે દિવસે જ, સ્ટેજ પાછળ, તેં મને જે અદ્‌ભુત ચુંબન કર્યું હતું તેણે મને અજેય આત્મવિશ્વાસ આપી દીધો હતો! અને એના જોર પર મેં સોનાને કહી દીધું કે, હું પણ બહુ થોડા સમયમાં એવું જ સુખદાયક લગ્ન કરવાનો છું.'

'ખરેખર? ખરેખર તમે એ સાચું બોલ્યા'તા?'

'બેશક, સાચું. તારા ચુંબન પછી મારા મનમાં કોઈ શંકા રહી જ નહોતી.'

'પછી?'

'એ મારી વાત માનવા તૈયાર નહોતી–મને એવું લાગ્યું. અને એ સ્વાભાવિક પણ હતું કારણ કે મારા મનની ઊંચી ઊંચી આશાઓની ખબર મારા સિવાય કોઈનેય નહોતી.' સહેજ અટકીને વધારે નજીક ઝૂકતાં તેણે કહ્યું, 'એટલે તેણે મર્મમાં હોઠ બીડ્યા અને મને છોકરીનું નામ પૂછ્યું. હું તો તે દિવસે રાત્રે જ્યારે પણ તક મળે ત્યારે લગ્નનો પ્રસ્તાવ તારી પાસે મૂકવાનું મનમાં નક્કી કરીને બેઠેલો હતો. ફેસ્ટિવલની પહેલી નાઈટની ઝળહળતી સફળતાના આનંદમાં એવી જ એક બીજી

સફળતા ઉમેરીને એવડાવી દેવા માગતો હતો. એટલે તેને મેં તારું નામ આપી દીધું.

'મ—મારું નામ? પ્રેમાનું નહિ? તમે શું કહ્યું'તું? 'પૂર્વી' નાયક એવું?'

'હા, પૂર્વી નાયક એવું!'

'પછી? પછી સોના શું બોલી?' પૂર્વીએ પોતાનો હાથ શ્યામના ખભાથી લઈને આખા હાથ પર ફેરવ્યો—કદાચ, શ્યામને એક વાર આપેલા આત્મવિશ્વાસને ફરી તાજો કરાવવા માટે, અથવા કદાચ, એ ખાતરી કરવા માટે કે, પોતે કોઈ સપનામાં નહોતી, શ્યામ ખરેખર સદેહે ત્યાં બેઠેલો હતો અને...અને આ અજબ શાતાદાયક વાત કહી રહ્યો હતો.

'પછી તરત જ તેણે હાથમાંના કાર્યક્રમના પેમ્ફલેટમાં જોયું. અને પછી બોલી કે, ' 'ખરેખર નસીબદાર છો તમે! છોકરી ભારે મોહક છે!'...જો કે મને એ ન સમજાયું કે એ તને કેવી રીતે ઓળખે?'

'એ મને બિલકુલ ઓળખતી નહોતી. ક્યાંથી ઓળખતી હોય? મેં તો પહેલાં તેને જોઈ પણ નહોતી.' અને પછી મનમાં જાણે એકાએક ઝબકારો થયો. તે બોલી ઊઠી, 'તમે હમણાં શું કહ્યું? તેણે કાર્યક્રમના પેમ્ફલેટમાં કંઈક વાંચ્યું, એમને? બસ, ત્યાં જ તેણે ગરબડ કરી નાખી. પેમ્ફલેટમાં 'પ્રેમા નાયક'નું નામ હતું. આમેય અમારાં નામ ભેળસેળ થઈ જાય એવાં છે, અથવા તેણે એમ માન્યું હોય કે એ મારું સ્ટેજ માટેનું ઉપનામ હશે. ગમે તેમ, પણ તેણે એમ માની લીધું કે જે છોકરી સ્ટેજ પર પાત્ર ભજવી ગઈ તેની જ વાત તમે કરી રહ્યા હતા...એટલે તો તેણે મને સલાહ પણ આપી કે લગ્ન પછી મારે કારકિર્દી તો ન જ છોડવી.'

'હેં?...અને તેં શું કહ્યું?'

'હું તો હતાશ થઈને ભાંગી પડી હતી. શું કહું? મારે તો પછી એ જ કહેવાનું રહેતું હતું કે તેની ભૂલ થતી હતી. તે જેની

વાત કરતી હતી તે હું નહિ પણ પ્રેમા હશે...પછીથી પ્રેમાએ પોતે જ્યારે મને કહ્યું કે, તેણે ખાનગીમાં લગ્ન નક્કી કરી લીધું છે. ત્યારે મારા મનમાં બધો તાળો મળી ગયો.'

'તું તારા મનમાં ઊંધો તાળો મેળવતી રહી, અને હું મારા મનમાં, તેં ચુંબન કરીને બતાવેલી લીલી ઝંડીના કેફમાં રાચતો રહ્યો.'

એક પલકારામાં પૂર્વીના હૃદયમાં એક અકથ્ય ઊભરો ચડ્યો. અસંખ્ય ભાવોની પ્રચંડ આંધી ઊઠી. મોં લાલચોળ થઈ ગયું. રુંવાડાં ખડાં થઈને ફરકી ઊઠ્યાં, ને તે ઢળી પડી શ્યામના હાથમાં. ઓહ, શ્યામ! તેનો શ્યામ—સદાય તેનો જ હતો, ને પોતે કેટલી બધી મૂર્ખ હતી કે પ્રેમા જ્યારે તેની અને આશુતોષની વાત કરતી ત્યારે પોતે તેને પ્રેમાની અને શ્યામની વાત માની લેતી હતી!

પણ તેમાં પોતે શું કરે? સંજોગો બધા એવા જ ગોઠવાતા નહોતા? અને પ્રેમા ય બધું એવું જ મોઘમ બોલતી નહોતી?

પણ પ્રેમાય તેમાં શું કરે? તેને ક્યાં ખબર હતી કે તેની વાતોને તે કેવી રીતે સમજી રહી છે? શ્યામમાં તેનો સ્વાર્થ હતો એટલે તેને રાજી રાખવા ને પ્રભાવિત કરવા તે મથતી રહેતી. અને આશુતોષના તે પ્રેમમાં હતી. પણ ફેસ્ટિવલ પૂરો થઈ જાય ત્યાં સુધી તે વાત ગુપ્ત રાખવાનું એટલું જ જરૂરી હતું...પ્રેમાય તેમાં શું કરે?

તેના કાન પાસે શ્યામ બોલતો સંભળાયો, 'ઇન્કાર ન કર, ડાર્લિંગ, એ ચુંબન મારા જીવનભરનો સૌથી મનગમતો ચમત્કાર હતો. તેણે મારા ભાગ્ય પર એક અમીટ મહોર લગાવી દીધી'તી. હું તને ગમતો હોઉં કે ન ગમતો હોઉં, મારે માટે એ ભાગ્યનો ફેંસલો હતો.'

ઘણી પળો ચૂપચાપ વહી ગઈ. ચૂપચાપ આંખો મીંચીને પૂર્વી એક અવર્ણનીય હાલતમાં ગરક થઈ ગઈ. શ્યામનો અવાજ ફરી

સંભળાયો, 'હું તને ગમતો હોઉં કે ન ગમતો હોઉં'—

'ગમો છો,' અનાયાસ પૂર્વી, બોલી ગઈ, 'તમે જ મ... ગમો છો–ખૂબ, ખૂબ, ખૂબ...'

'જેવો છું તેવો જ ગમું છું? અધૂરો, અધીરો, ક્યારે વળી નિર્દય, હૃદયહીન, સ્વાર્થી—'

'ચૂપ!' તેના હોઠ પર હથેળી મૂકી દેતાં પૂર્વી બોલી, 'મા પ્રિયતમ માટે આવા શબ્દો હું કદી સહન નહિ કરી શકું! જે છો તેવા તમે મારા છો, મને ગમો છો!'

ઝબકારામાં તે શ્યામના હાથમાં ભીંસાઈ ગઈ. છાતી સા દબાઈ ગઈ. બબ્બે હૈયાના બેકાબૂ ધબકારાએ પાગલ દોટ મૂકી.

'પૂર્વી,' શ્યામનો ધીમો અવાજ સંભળાયો, 'આ બધું-આ બધું સાચું છે? આવી રીતે આટલી વારમાં બની જ આ બધું?'

'મનેય એવું લાગે છે.'

'તો પછી ચાલ, દેસાઈજીને કે રોહિણીને કે ગમે તેને આપ આ કહી દઈએ.'

'કેમ?'

'એટલે આપણને ખાતરી થાય કે, આ બધું સાચેસાચ બ ગયું છે, સપનું નથી.'

શ્યામના ખભાનો ટેકો લઈને પૂર્વી હૉલમાંથી બહાર નીકળ ત્યારે હૉટેલના વિશાળ પ્રાંગણમાં સૂરજનું ભરપૂર અજવાળું આળો રહ્યું હતું. બગીચાની લીલીછમ્મ લૉન ધરતીના રુંવાડાની જે ખડી થઈ ગઈ હતી, લીલું લીલું આનંદી રહી હતી.

હવે સુચિત્રા ભલે ગમે તેવડી સફળતા લઈ જાય– વિસાત છે તેની?